ISSN 2454-7697

RNI NO. MAHBIL/2013/50453

# પ્રબુદ્ધ જીવન

YEAR : 5 ISSUE : 8 • NOVEMBER 2017 • PAGES 60 • PRICE 30/-

ગુજરાતી-અંગ્રેજી વર્ષ – ૫ (કુલ વર્ષ ૬૫) અંક-૮ • નવેમ્બર ૨૦૧૭ • પાનાં ૬૦ • કિંમત રૂા. ૩૦/-



## જિન-વચન

One does not become a monk only by shaving one's head; one does not become a Brahmana only by chanting Aum; one does not become an ascetic only by living in the woods and one does not become a Tapasa only by wearing bark-garments.

मात्र शिरमुंडन से कोई श्रमण नहीं होता। सिर्फ ॐ का जाप करने से कोई ब्राह्मण नहीं होता। केवल अरण्य में रहने से कोई मुनि नहीं होता। और कुश का वस्त्र पहनने मात्र से कोई तापस नहीं होता.

ફક્ત મસ્તક મુંડાવવાથી શ્રમણ થવાતું નથી; ફક્ત ૐકાર બોલવાથી બ્રાહ્મણ થવાતું નથી; ફક્ત અરણ્યમાં રહેવાથી મુનિ થવાતું નથી અને ફક્ત કુશનું વસ્ત્ર ધારણ કરવાથી તાપસ થવાતું નથી.

ડૉ. રમણલાલ ચી. શાહ 'જિન વચન' ગ્રંથિત માંથી

## 'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા
   ૧૯૨૯ થી ૧૯૩૨
૨. પ્રબુદ્ધ જૈન
   ૧૯૩૨ થી ૧૯૩૩
   બ્રિટિશ સરકાર સામે ન ઝૂક્યું એટલે નવા નામે
૩. તરૂણ જૈન
   ૧૯૩૪ થી ૧૯૩૭
૪. પુનઃ પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશન
   ૧૯૩૯-૧૯૫૩
૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન'
   ૧૯૫૩ થી

- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯ થી, એટલે ૮૫ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક
- ૨૦૧૭માં 'પ્રબુદ્ધ જીવન'નો ૬૫માં વર્ષમાં પ્રવેશ
- ૨૦૧૩ એપ્રિલથી સરકારી મંજૂરી સાથે 'પ્રબુદ્ધ જીવન' અંક સંયુક્ત ગુજરાતી-અંગ્રેજીમાં, એટલે ૨૦૧૩ એપ્રિલથી ગુજરાતી-અંગ્રેજી 'પ્રબુદ્ધ જીવન' વર્ષ-૫.
- કુલ ૬૫મું વર્ષ.
- ૨૦૦૮ ઑગસ્ટથી 'પ્રબુદ્ધ જીવન' અને પર્યુષણ વ્યાખ્યાનમાળા સંસ્થાની વેબસાઈટ ઉપરથી જોઈ સાંભળી શકશો.
- **'પ્રબુદ્ધ જીવન'માં પ્રકાશિત લેખોના વિચારો જે તે લેખકોના પોતાના છે, જેની સાથે તંત્રી કે સંસ્થા સંમત છે તેમ માનવું નહીં.**

પ્રબુદ્ધ વાચકોને પ્રણામ


## પૂર્વ તંત્રી મહાશયો

| | |
|---|---|
| જમનાદાસ અમરચંદ ગાંધી | (૧૯૨૯ થી ૧૯૩૨) |
| ચંદ્રકાંત સુતરિયા | (૧૯૩૨ થી ૧૯૩૭) |
| રતિલાલ સી. કોઠારી | (૧૯૩૩ થી ૧૯૩૩) |
| તારાચંદ કોઠારી | (૧૯૩૫ થી ૧૯૩૬) |
| મણિલાલ મોકમચંદ શાહ | (૧૯૩૯ થી ૧૯૫૧) |
| પરમાણંદ કુંવરજી કાપડિયા | (૧૯૫૧ થી ૧૯૭૧) |
| જટુભાઈ મહેતા | |
| ચીમનલાલ ચકુભાઈ શાહ | (૧૯૭૧ થી ૧૯૮૧) |
| ડૉ. રમણલાલ ચી. શાહ | (૧૯૮૨ થી ૨૦૦૫) |
| ડૉ. ધનવંત તિલકરાય શાહ | (૨૦૦૫ થી ૨૦૧૬) |

## સર્જન-સૂચિ


| ક્રમ | કૃતિ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | આ પ્રશ્ન વિવાદનો નથી, રાષ્ટ્રભાવનો છે! | ડૉ. સેજલ શાહ | ૩ |
| ૨. | મહાત્મા ગાંધીજી, માતૃભાષા અને સાંપ્રત સમય | ડૉ. નરેશ વેદ | ૮ |
| ૩. | ભુતાન પ્રવાસના સંસ્મરણો | કિશોરસિંહ સોલંકી | ૧૨ |
| ૪. | સ્વાસ્થ્ય મિત્ર - ''અલ-ફુલ-ફા, AlFalfa, રજકો'' કુદરતની અનમોલ - અદ્‌ભુત ભેટ | હિંમતલાલ શાંતીલાલ ગાંધી | ૧૪ |
| ૫. | ઉપાધ્યાય યશોવિજયજીના સાહિત્યમાં માનવમૂલ્યો | ડૉ. રમજાન હસણિયા | ૧૭ |
| ૬. | જૈન સિદ્ધાંતોમાં વૈજ્ઞાનિક વલણ | ડૉ. ગીતા મહેતા | ૨૧ |
| ૭. | શ્રી રામ વિજય રચિત મહાવીર સ્વામી પંચ કલ્યાણક સ્તવન | શ્વેતલ શાહ | ૨૪ |
| ૮. | દાન | નટવરભાઈ દેસાઈ | ૨૬ |
| ૯. | વિશ્વ ઉત્પત્તિ - ષડદ્રવ્ય | સેવંતિલાલ શાંતીલાલ પટણી | ૨૮ |
| ૧૦. | પંથે પંથે પાથેય : સંસ્કૃતિ અને સંસ્કાર જીવાય છે, ગોખાતા નથી | ડૉ સેજલ શાહ અને મનીષ શાહ | ૩૫ |
| ૧૧. | એક શ્રીમત્ અને ઊર્જિત કાર્ય | ડૉ. નરેશ વેદ | ૩૮ |
| ૧૨. | અભ્યંતર તપ - સ્વાધ્યાય - ધ્યાન - કાયોત્સર્ગ | સુબોધીબેન મસાલીયા | ૪૧ |
| ૧૩. | પંજાબ કેસરી વલ્લભસૂરિજી મહારાજ : ક્રાંતિની મહાન મિશાલ | આચાર્યશ્રી વાત્સલ્યદીપસૂરીશ્વરજી | ૪૩ |
| ૧૪. | 'મા'સ્તરે મને ય બનાવ્યો માસ્તર | ડૉ. ભદ્રાયુ વછરાજાની | ૪૪ |
| ૧૫. | ૧૯૪૨ : જ્વાળામુખીની ટોચે બેઠેલો દેશ | સોનલ પરીખ | ૪૫ |
| ૧૬. | જ્ઞાન-સંવાદ | મનહર પારેખ | ૪૭ |
| ૧૭ | સર્જન-સ્વાગત | ડૉ. કલા શાહ | ૪૮ |
| ૧૮. | ભાવ-પ્રતિભાવ | — | ૫૧ |
| ૧૯. | Glazed your spirit with the sheen of Acumen?....A bright Diwali! | Prachi Dhanvant Shah | ૫૨ |
| ૨૦. | Jainism Through Ages | Dr. Kamini Gogri | ૫૪ |
| ૨૧. | પ્રબુદ્ધ જીવન...વધુ એક સિદ્ધિ પ્રાપ્તિના ઊંબરે.... | બકુલ નં. ગાંધી | ૫૭ |
| ૨૨. | 'જો હોય મારો અંતિમ પત્ર તો...' | ડૉ. સર્વેશ વોરા | ૬૦ |


## મુખપૃષ્ઠ



વિક્રમના લગભગ છઠ્ઠા શતકમાં થનારા જૈન આચાર્યશ્રી બપ્પભટ્ટિ સૂરિ આમ રાજાના - પ્રતિબોધક હતા.'' સિદ્ધ-સારસ્વતાચાર્યનું બિરૂદ મળ્યુ હતું. તેમની એક રચના આજે ઉપલબ્ધ છે અને પ્રકાશિત પણ છે.

સ્તોત્રનું નામ છે - ''અનુભૂત સિદ્ધ - સારસ્વત-સ્તોત્ર'' તેમાં ૧૩ શ્લોકો છે. અને તે ૧૦ માં શ્લોકમાં સરસ્વતી દેવીનો મંત્ર છે. કિંવદન્તી મુજબ અગાઉ ૧૪ સૂક્ત હતા. પણ આજે લુપ્ત છે.

પ્રસ્તુત સ્તોત્રના શ્લોક ક્રમાંક ૧,૨,૫, અને ૧૦ મુજબ એટલે તેના વર્ણન મુજબ આ ચિત્ર-તૈલચિત્રનું રેખાંકન બંધુત્રિપુટી-શ્રી કીર્તિચંદ્રજી મ.ના માર્ગદર્શન મુજબ થયું છે.

આ ચિત્ર તીથલ(જિ. વલસાડ) મુકામે શાંતિ નિકેતન આશ્રમના કલા મંદિર મ્યુઝિયમમાં સુરક્ષિત છે જે દર્શનીય છે.

પ્રવર્તક મુનિશ્રી મૃગેન્દ્ર વિજય મ.
(મોકલાવનાર)

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા

(પ્રારંભ સન ૧૯૨૯ થી)

# પ્રબુદ્ધ જીવન

વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦/-     વિક્રમ સંવત ૨૦૭૪ • વીર સંવત ૨૫૪૪ • કારતક વદ તિથિ -૧૩

માનદ તંત્રી : ડૉ. સેજલ શાહ

તંત્રી સ્થાનેથી...

## આ પ્રશ્ન વિવાદનો નથી રાષ્ટ્રભાવનો છે, its non-debateable issue, just implement it !

ભારતનું રાષ્ટ્રગીત પ્રથમવાર ૨૭ ડીસેમ્બર, ૧૯૧૧માં ઇન્ડિયન નેશનલ કોંગ્રેસની સભામાં કલકત્તામાં ગવાયું હતું. ૨૪મી જાન્યુઆરી ૧૯૫૦ના દિવસે ભારતીય સંવિધાને રાષ્ટ્રગીત તરીકે સ્વીકાર્યું. મૂળ બંગાળી તત્સમ ભાષામાં રવીન્દ્રનાથ ટાગોરની આ રચના છે. ૨૦૧૪ ઓગસ્ટમાં સુપ્રીમ કોર્ટે સિનેમાઘરોમાં રાષ્ટ્રગીતનું ગાન ફરજીયાત બનાવ્યું. અને હાલમાં રાષ્ટ્રગીત વખતે ઊભા રહેવું જોઈએ કે નહીં, એ અંગે વિવાદ ચાલે છે. જાપાનમાં રાષ્ટ્રગીત વિવાદમાં રહ્યું છે અને એના જાહેરવિરોધ સામે લોકોએ નોકરી ગુમાવવાનો વારો આવ્યો હતો. ગયા વર્ષે પણ ૯ શિક્ષકોએ રાષ્ટ્રગીત દરમ્યાન ન ઉભા રહેવાને કારણે શિક્ષા સહન કરવી પડી હતી. મેક્સિકોમાં પણ રાષ્ટ્રગીત, ધ્વજ અને રાષ્ટ્રપ્રતિજ્ઞાને માન આપવું ફરજીયાત છે. એક મહિલાએ જ્યારે રાષ્ટ્રગીત ગાતા શબ્દોમાં ગરબડ કરી ત્યારે તેને ૪૦ ડોલરનો દંડ થતો હોય. આ બધી જગ્યાએ રાષ્ટ્રગીત સ્કુલમાં ગવાય છે. જ્યારે ઇટલીમાં સ્પોર્ટ્સના કાર્યક્રમોમાં અથવા રાષ્ટ્રપતિની ઉપસ્થિતિમાં ગવાય છે, ત્યાં આ માટે કોઈ નિયમ ન હોવા છતાં પ્રજાએ માન દર્શાવાના, પ્રતીકરૂપે ઉભા રહેવું આવશ્યક છે. થાયલેન્ડમાં રાષ્ટ્રગીત પ્રત્યેનો પ્રેમ જુદી જ રીતે જોવા મળે છે. રોજ ટીવી પર સવારે ૮ અને સાંજે ૬ વાગે રાષ્ટ્રગીત વગાડવામાં આવે છે. સવારે સ્કુલમાં બાળકોએ રાષ્ટ્રધ્વજ પાસે ઉભા રહી સવારે ૮ વાગે રાષ્ટ્રગીત ગાવું આવશ્યક છે, એ ઉપરાંત સરકારી ઓફીસ, સિનેમાઘરોમાં પણ એ વગાડાય છે. આ અંગેનો કોઈ જ નિયમ ન હોવાં છતાં પ્રજા આને એક પરંપરા માનીને ચાલે છે. અમેરિકામાં આ અંગેની સ્પષ્ટતા એવી છે કે જો રાષ્ટ્રગીત વાગતું હોય ત્યારે દરેકે જમણો હાથ હૃદય પર મુકીને ધ્વજની દિશામાં મોં કરી ઉભા રહેવું અને ધ્વજ ન હોય તો જે દિશામાંથી ગીત વાગતું હોય એ તરફ મો રાખવું.

આ અંકના સૌજન્યદાતા

સેવન્તીલાલ કાન્તિલાલ ટ્રસ્ટ

સુપ્રીમ કોર્ટે હાલમાં આપેલા નિવેદન અનુસાર સિનેમાઘરોમાં રાષ્ટ્રગાનના સમયે ઉભા રહેવું આવશ્યક નથી. આની સામે દેશભરમાંથી વિવિધ નિવેદનો આવી રહ્યાં છે. એક તરફ રાષ્ટ્રીયતા કે દેશભક્તિ એ દેખાડવાની બાબત નથી એવું કહેવાય છે બીજી તરફ કેટલાક કટ્ટર નિવેદનો પણ બહાર પડી રહ્યાં છે.

મને એ સમય યાદ આવે છે કે પહેલાં વર્ગમાં શિક્ષકો આવતાં ત્યારે બાળકો ઉભા થઈને 'નમસ્તે બહેન' કે 'સર' કહી મોટેથી બોલતાં, પછી આપણે 'ગુડમોર્નીંગ' કહેતા થઇ ગયાં. હવે મોટેથી 'હાય' પણ કહીએ છીએ અને ઘણી સ્કુલોમાં આ ઉભા થવાની પ્રથા પણ નથી રહી. કોલેજમાંથી તો એને ક્યારની વિદાય લીધી છે. યુરોપ અને અમેરિકાના અનુકરણ કરતાં વર્ગમાં કોક/કૉફી

• શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટેલિફોન :૨૩૮૨૦૨૯૬
• ઑફિસ સ્થળ સૌજન્ય : શ્રી પનીષભાઈ દોશી • શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો બૅન્ક A/c. No. 0039201 000 20260, બેન્ક ઓફ ઇન્ડિયા IFSC:BKID0000039
• Website : www.mumbai-jainyuvaksangh.com email : shrimjys@gmail.com Web Editor : Hitesh Mayani-9820347990

પીતાં ભણવું કે ખાતાં ખાતાં ભણવું એ સહજ છે. ઊભાં થવાથી કોઈ માન નથી અપાતું, એ તો અંદરથી હોય, એમ એક વર્ગ કહી રહ્યો છે.

આ ઉભા થવાની સાયકોલોજી સમજીએ તો માત્ર એટલી છે કે આપણે આપણું કામ બાજુ પર મુકીને, એ ક્ષણ પુરતી આવનારી વ્યક્તિની નોંધ લઈએ. ગાનારા રાષ્ટ્રગીત પ્રત્યે ધ્યાન આપીએ. એ ધ્યાન આપવું એ માત્ર સન્માન નથી પણ આપણા સમયમાંથી આપણે જે સમય ફાળવ્યો તે દર્શાવે છે કે આપણને એની કદર છે. પોપકોર્ન ખાતાં-ખાતા પણ સાંભળી જ શકાય અને હાલતાં-ચાલતાં પણ સાંભળી જ શકાય પણ એમાં માન નથી જ. આ પ્રશ્ન જ એક ખોટા વિવાદનું સ્વરૂપ પકડી રહ્યો છે. જરૂરી નથી કે જે ઉભા થશે તે બહુ મહાન દેશપ્રેમી બની જવાના પરંતુ કેટલીક બાબતો પ્રતીકાત્મક હોય અને તે જાળવવી જોઈએ. કેળવણીનો પ્રશ્ન છે. જે રાષ્ટ્રમાં રહેતા હોઈએ, તે પ્રત્યેનો ભાવ દરેકમાં આરોપી ન જ શકાય પરંતુ એમાંથી એને મુક્ત કરી દેવાની રીત પણ ખોટી છે. આમ તો મહેમાન ઘરે આવે ત્યારે 'આવો' નહીં કહેતા, એમ કહેજો કે 'તમારા માટે આટલું સારું ભોજન બનાવ્યું છે, એમાં જ તમને અમારો ભાવ જોવા મળશે, સમજી જજો', કેવું લાગશે ? આવું 'વેલેન્ટાઈન ડે'ના દિવસે પેલાં જાતજાતના ફુગ્ગા નહીં ઉડાવતાં, પરંતુ સમજી જજો. આજે પરિસ્થિતિ એવી છે કે રેશનલ થીંકીંગના નામે આપણે સગવડિયા બની ગયા છીએ, એક તરફ કેટલાક પ્રતીકો જાળવી રાખવા છે કારણ એમાં તમને મઝા આવે છે પણ, જે તમારા કામમાં વચ્ચે આવે તેને તમે બાજુ પર હડસેલી દો છો, સિનેમા ઘરમાં તમને ઉભા થવામાં જે તકલીફ પડે છે તેની સામે વિરોધ કરી તાર્કિક કારણો આપી મુક્ત થવા ઈચ્છો છો અને કહો છો કે આ દેખાડો જ છે. જીવનમાં અનેક બાબતો દેખાડો અને દંભ છે. દિવાળીમાં ફૂટતા ફટાકડા, લગ્ન વખતના નાચો, પાર્ટીમાં થતાં નાચો અને એવું બીજું કઈ કેટલુંયે!!

આપણને કોઈએ કાન પકડીને શીખવાડ્યું નથી અને જેને પોતાનું જીવન સમર્પિત કર્યું, તેને વિષે આપણે કઈ જાણતા નથી, કારણ આપણે, આપણી સંસ્કૃતિ કરતાં અન્યની સમૃદ્ધિને જોઇને ઉછર્યા છીએ. હવે એ 'પર' સેકંડ પણ ઉભા રહેવાનું નહીં, વાગ્યા કરે આપણે તો સ્વતંત્ર છીએ જે કરવું હોય તે કરવા. હમણાં જ એક યુવા ભાઈને પૂછ્યું અને તેઓ આ નિર્ણયથી બહુ ખુશ હતાં અને કહેતા હતાં કે 'હાથમાં બાળકો હોય, એમને નીચે મુકવાના પછી એમને ઉભા રાખવાના અને પછી ઊભા રહેવાનું, ખાતાં હોઈએ અને એ બાજુ પર મુકવાનું અને પછી ઊભા રહેવાનું'. એટલે મેં પૂછ્યું, 'ભાઈ ફોન આવે ત્યારે શું કરો છો ?' તો કહે કે 'એ તો કામનો હોય ને!' દરેક ફોન કામના નથી પણ હોતા પણ એ સામાજિક સંપર્ક બનાવી રાખવા માટે જરૂરી છે, તેમ જ આ ઊભા રહેવાનું **રાષ્ટ્રીયતાના સંસ્કાર જાળવી રાખવા માટે જરૂરી છે.** નહીં તો આપણે એક પછી એક દરેક વસ્તુમાં બાંધછોડ કરતાં થઇ જઈશું. **આમ પણ અરધી** ઓળખ ગુમાવીને કોલાજ જેવા થઇ ગયા છે, હજી કેટલું ગુમાવવું છે ?

# આતમ્ ભણી....

**થો**ડા દિવસોમાં પાનખર ઋતુ આવશે, વૃક્ષ પોતાનો નવો અવતાર ધારણ કરતાં પહેલાં જૂનાં પર્ણનો ત્યાગ કરશે. થોડો સમય વૃક્ષ પોતાના દેખાવથી વિપરીત લાગશે. પોતાના સ્વભાવથી જુદું કાર્ય કરશે. જીવન સતત કોઈ નવાં દ્વાર ખોલે છે, આનંદ અને હતાશાનો હીંચકો આવ-જા કરે છે, આ ઉપર અને નીચેની અવસ્થા પછી એક મહત્વની જગ્યા આવતી હોય છે તે છે મૂળ જગ્યા, જ્યાંથી આ પ્રવાસ શરૂ થયો અને જ્યાં આ પ્રવાસ પૂરો થશે. એ મૂળ સ્થિર જગ્યા, જ્યાં પગ જમીનને અડી શકે અને સહજતાથી હીંચકા પરથી ઉતારી શકાય અને એના પર બેસી શકાય. પરંતુ આપણા માટે મહત્વનું એ છે કે જેવા બેસીએ તેવી જ ઠેસ મારવાની આપણને આદત પડી ગઈ છે. સ્થિર બેસીને એ અવસ્થાને જોવાની, સમજવાની અને એની પાર જવાની યાત્રાનો આરમ્ભ કરવાનો સમય હવે આવી ગયો છે.

કોઈ અગમ્ય કારણો મને ઓગાળી રહ્યાં છે, તમે હવે આવો અને મને લઇ જાઓ. હું આખેઆખી ઓગળી ગઈ છું. મને મારી બાહ્ય વૃત્તિઓ હજીયે કનડે છે. જેમાંથી મુક્ત થવાનો રસ્તો મારે જ શોધવાનો છે. માથે મુકીને ચાલુ છું આ સફળતાનો નશો. તેને હું જ હવે નીચે ઉતારી દઈશ. કોઈ એવી વૃતિ નથી, જે તારી ખેવનાથી વધુ હોય. કોઈ લોભ એવો નથી, જે મને, તારાથી વેગળી કરી શકે, હું ધીરે ધીરે તારામાં સમાઈ જાઉં કે હું મને જ જોઈ મારામાં તારો અંશ જોઉં, એ બંને વચ્ચેનો ભેદ મને હજી નથી સમજાતો. મને ખબર છે કે આ પ્રેમનો રસ્તો કેટલાકને નાદાન લાગશે. પણ મારે તો આ સમજણનું આવરણ પણ ઉતારીને ફેકી દેવું છે, મારા ઊઘાડા પગ દોડી રહ્યાં છે, એની સમજણમાંથી મને મુક્ત કર. મને મારા તરફ વાળ. મને મારામાં રહેલા તારા અંશનો પરિચય કરાવ. જો તું મારામાં નથી, તો તું ક્યાંય નથી. તું નથી એ પણ કેટલું બાલિશ વિધાન છે. મેં ક્યારેક થોડા અંતરે રહી, તો ક્યારેક મારામાં તને બંને રૂપે જોયો છે. આ સમગ્ર વિશ્વમાં બધા જ મારા છે, એ ભાવ તારી પાસેથી મારામાં અવતર્યો છે. બધાનો જ સ્વીકાર કર્યો, પણ મારી આરત તો એક જ છે, તને સમજવાની અને તને મારામાં સ્થિર કરવાની. મારે મારા રચિત કેદખાનામાંથી બહાર આવવું છે અને એ 'freedom' સાથે 'honest inquiry' કરવી છે. ફારસી સાહિત્યના લોકપ્રિય રૂમી-મૌલાના જલાલુદ્દીન મુહંમદની કવિતા અહીં યાદ આવે છે,

Are you searching for your soul ?
Then come out of your prison.
Leave the stream and join the river
That flows into the ocean.
Absorbed in this world
you've made it your burden.
Rise above this world.
There is another vision...

જીવનના પ્રવાસને સમજવાનો છે, પણ દરેકને ઉતાવળ છે પ્રાપ્તિની, ઉપલબ્ધિની. હાર-જીત મહત્વની નથી. **ખુબ મહત્વનો છે પ્રવાસ.** એ પ્રવાસનું ભાથું શીખવે છે, એ પ્રવાસ જ પરિચય કરાવે છે, જીવનના વિધ-વિધ રંગોનો. કેટકેટલા અનુભવો અને કથાઓ, દુર અને નજીકના ભ્રમોનું નિરસન. ગમતાં-નાગમતાં, વાસ્તવો અને રમણીય કલ્પનાના ટેકાઓ. આ રાચરચીલાને માંજવાનો વખત આવી ગયો છે. આ રાચરચીલાથી મુક્ત થવાનો અને મોહ છોડવાનો વખત આવી ગયો છે. જીવનના સત્યોની બહુ વાતો કરી, પરંતુ છેવટે અપેક્ષા અને બંધન અવરોધક બને છે. જીવનમાં ઘણીવાર ઉમાશંકર જોશીની આ કાવ્ય પંક્તિ બળ દે છે,

*મોટાની અલ્પતા જોઈ થાક્યો છું.*
*નાનાની મોટાઈ જોઈને જીવું છુ.*

કોઈ પાસે કંઈ અપેક્ષા નથી. દરેક બાહ્ય મોટાઈની પોકળતા જોયાં, પછી હવે એનો મોહ અને ચળકાટ સમજાય છે. પણ આ સત્ય પામ્યા પછીનો મારો પથ તો **પરમભણી**નો છે, એટલે હવે

*હું આ બાહ્યભાવથી પણ મુક્ત થતી જાઉં...*
*મારી યાત્રા તો જાતભણીની જ છે...*
*કોઈ અન્યના હૃદયને મૂલવતા પહેલાં*
*મારા હૃદયને મૂલવું છું. ...*
*પહેલાં જે બહારથી મને કોતરતું હતું અને*
*મારા બાહ્ય આકારને ઘડતું હતું...*

તે મન હવે બાહ્ય પરથી ઉઠી ગયું છે. હવે કોઈ સાદ અંદરથી બોલાવે છે, બાહ્ય ઘોંઘાટ મને ન સ્પર્શે અને હું મારા વીણાનાં સંગીતમાં મસ્ત હોઉં.

*આ સૂરના સપ્તસૂર મારી આંતરિક*
*આરત અને મારા પરમ પ્રેરિત છે.*
*મને એ સુર સાથે મારા શબ્દોનો લય ગોઠવતાં*
*આવડી જશે. હું એ સંગીત સમાધિમાં સ્થિર થાઉં...*

એ સંગીત મારા માંહ્યલાને વહેવા દે, શુદ્ધ નિર્મળ જળ માફક. રૂમીની જ પંક્તિ મારા હૃદયનો પડઘો પાડે છે,

*તારા હૃદયથી*
*મારા હૃદય સુધીનો એક રસ્તો છે*
*અને મારું હૃદય એ જાણે છે,*
*કારણ કે એ જળ જેવું સ્વચ્છ અને શુદ્ધ છે*
*જ્યારે જળ દર્પણ જેવું સ્થિર હોય*
*ત્યારે જ એ ચંદ્રને જોઈ શકે ઝીલી શકે.*

હું આ પંક્તિના શબ્દેશબ્દમાં રસાનુભવનો અનુભવ કરું છે. સાહિત્ય, ભાષાચેતના, પરમ–જે જે મને સંવેદનશીલ રાખે, મારી આરતને જીવતી રાખે, મારી સમજને સચેત રાખે, મને સૂઝ આપે એ મારા આધારો છે. કાર્યની નિષ્ઠા મને એ કાર્યના સાચા સંતોષનો અનુભવ કરાવે છે. હું તૃપ્તિનો અર્થ અનુભવી શકું છું. મારી પાસે જે નથી તેને ઓળખી શકું છું મારી નબળાઈઓને ખુલ્લી આંખે જોઈ શકું છું, એથી વધુ શું જોઈએ! બસ, હવે આ પ્રવાસને સમજવાનો અને સ્થિર કરવાનો છે, રઝળપાટથી મુક્ત થવાનો સમય આવી ગયો છે. રૂમીને પાછા યાદ કરીએ,

*હે પ્રિય!*
*પ્રેમ એકલો જ તમામ દલીલબાજીને છેદી નાખે છે,*
*કારણ કે*
*જ્યારે દ્વિધા - વિવાદ ને સંકટ સમયે*
*તું મદદ માટે પોકારી ઉઠે છે,*
*ત્યારે કેવળ પ્રેમ જ એકલો તને ઉગારે છે.*
*પ્રેમની સામે મુખરતા થાય છે સ્તબ્ધ!*

ત્યાં વાચાળ બનવાનું સાહસ થઈ શકે નહીં.
કારણ કે -

*પ્રિયતમને લાગે છે ડર*
*કે જો આપીશ હું ઉત્તર*
*તો અંતરનિગૂઢ પ્રેમાનુભૂતિનું મોતી*
*મોંમાંથી બહાર ફેંકાઈ જશે,*
*વેડફાઈ જશે.*

રૂમી કવિ નહોતા-નખશિખ સૂફી હતા......એ જે બોલતા તે કવિતા થઈ જતી! એણે હજારોની સંખ્યામાં ગદ્ય-પદ્ય રચનાઓ લખી છે. સરળ વાણીમાં ભારોભાર ગૂઢાર્થ સંતાયેલા હોય છે તેમની રચનાઓમાં.

કોઈને કોઈ કારણ વગર પ્રેમ કરી શકાય, હા કરી શકાય. મારી શોધ છે એ પ્રેમની. આ સકલ જગતને બાંધતી આ કડી, એ નિર્મળ પ્રેમથી બધાને બાંધવા છે. વૈશ્વિકતા, માનવતાની એ માંગ છે.

*આપણે મશીનોના પ્રદેશોમાં નહીં,*
*માનવોના વનમાં રહેવાનું છે.*
*ભેદ-અભેદની સાથે રહેવાનું છે,*
*સામ્યતા-વિષમતાની વચ્ચે રહેવાનું છે,*
*બસ-આ સ્વીકાર અને સમજની ક્ષણ એ જ મારી પ્રાપ્તિ છે.*
*હવે વંટોળ મને છેતરી નહીં શકે!!*

જ્યાં કોઈ શરત ન હોય, કોઈ તાર્કિકતાનો ભાર ના હોય, કોઈ કારણોના આવરણ ન હોય, બસ તે હોય..સહજ રૂપે, સરળ રૂપે. એમાં સમર્પણ હોય, આદર હોય, એમાં દલીલ ન હોય, એમાં આત્માની તરસનો ટહુકાર હોય, એમાં મીરાંની અરજ હોય, એમાં પ્રેમલક્ષણા ભક્તિનો નશો હોય, એમાં કબીરની સમજ હોય, એમાં નરસિંહનો ભાવ હોય, આત્મા સમજે આત્માને, મારા આત્માને હું સમજુ અને એમાં જ તને પામું, રૂમીની પંક્તિ દ્વારા મારી વાત કહું,

*તે અપ્રતિમનાં કાર્યોને કોણ વર્ણવી શકે?*
*હું તો એટલું જ કહી શકું*
*જેટલું મારું મર્યાદિત મન પામી શકે*
*છે તેની અકળ ગતિ.*
*ક્યારેક વર્તે એક રીતે તો*
*ક્યારેક તેનાથી સાવ વિપરીત.*
*તેનો તાગ ક્યાંથી લઈ શકે*
*આપણી મતિ?*
*ઈમાન કે મજહબનું સાચું રહસ્ય છે*
*સતત પ્રગટતું આશ્ચર્ય!*
*પણ એનો અર્થ એવો નથી*
*કે એ આશ્ચર્યમાં અંજાઈને*
*તમે તેનાથી ભાગો દૂર*
*તેનો અર્થ તો એ છે કે*
*તે ચકાચોંધ આનંદમાં ચકનાચૂર*
*થઇ તમે ખુદમાં ડૂબી જાઓ*
*અને નશા-એ-ઇશ્કમાં ખોવાઈ જાઓ.*

મને પીડાને પ્રેમ કરતાં શીખવ્યો, એ આરત પણ ગજબની છે. આ પીડા મને નિર્ભેળ કરે, નિભ્રાંત કરે છે.

મારા ઘરના બધા જ દરવાજા ખુલ્લા છે, બધી વૃત્તિઓ-તને હું અલવિદા કહું છું. મારે સાવ હલકાફૂલ થઇ, હવે ગતિ કરવી છે. મારા ઘરના દરવાજાની આડે કશું ના આવશો, હમણાં આ બધા કાંપને બહાર નીકળી જવા દો. કોઈ માયા મને રોકવા-રોકાવાનો પ્રયત્ન કરે, તો તેને પણ ઊખેડીને દૂર થવા દો. કાંચળી ઊતરે ત્યારે પીડા તો થાય, પણ નવા આકાર પ્રત્યેની ગતિ હવે કોઈ રોકશો મા. મારા ઘરની ખુલ્લી બારીમાંથી અંદર આવવા દેજો, ભાવ અને અભાવને, હું એને ઓગાળી દઈશ, મારી ચેતનાનો પ્રકાશ એને ઓગાળી દેશે, એવી શ્રધ્ધા મને તારામાં છે. તું જ્યારે મારામાં હોય, ત્યારે મારે એ બીજા કોઈથી ડર પામવાની કે કોઇથી દોરિત થવાની જરૂર છે ખરી? બાહ્ય પીડા ક્ષણિક અને વેદનામય હોય છે, જ્યારે આંતરિક પીડા પડકારજનક હોય છે. બાહ્ય પીડા બધું જ ઉપર નીચે કરાવી દે છે, તમારા અસ્તિત્વને ખળભળાવવાનો પ્રયત્ન કરે છે, પરંતુ જે એને પાર કરી દે છે, એ ક્ષણિક તોફાનને પાર કરી દે છે, તેને માટે આ પીડા વરદાનરૂપ છે, જે એને આંતરિક પીડા તરફ વાળે છે અને આંતરિક આરત હવે બાહ્ય પીડાનો અનુભવ જ નથી કરવા દેતી.

હું હવે મારા મારગ પર ચાલુ છે, જ્યાં મને બધે જ સુખ વર્તાઈ રહ્યું છે. જ્યારે જે મળે તેનો તે રૂપે સ્વીકાર, કારણ એ મારા માટે જ સર્જાયું હશે, અને એ મારા નિર્મિતનો ભાગ છે, તો ખોટી છટપટાહટ શા માટે? હવે આંતરિક પ્રવાસની વાત, જે ખરેખર પડકારજનક છે, રૂમીના શબ્દો જ જોઈએ,

*હીરાના તેજને નિખારવા માટે*
*તેને ખૂબ ઘસવો પડે છે*
*એમ આત્માની શુદ્ધિ માટે*
*કષ્ટોમાંથી ગુજારવું પડે છે*
*પણ એ કષ્ટની સાધક*
*જો ફરિયાદ કરે છે*
*તો મને નવાઈ લાગે છે કે એ*
*શુદ્ધિનો આગ્રહ જ*
*કેમ રાખે છે?*

## પ્રબુદ્ધ જીવનના વાચકોને એક વિનંતી

**'દરેક જૈન વાંચે પ્રબુદ્ધ જીવન'**

**એવી આ યોજનાનો આરંભ કરવાની ઈચ્છા છે.**

**આપના સ્નેહી-સંબંધીને પ્રબુદ્ધ જીવન આપો. આપ કોઈપણ ૧૦ સરનામાં અમને આપો, જેમાંથી પાંચ સભ્યો વાર્ષિક લવાજમ ભરે અને પાંચને આપણે નિ:શુલ્ક આપીએ. પ્રબુદ્ધ જીવનનો ફેલાવો વધારવાનું આ એક પગલું છે. આપણાં શ્રુતપ્રેમી વાચકોની સહાયથી આ સામાયિક આજ સુધી અનેક અડચણોને ઓળંગી આગળ આવ્યું છે. એટલે અહીં લવાજમ મહત્વનું નથી. પરંતુ બસ, સહુ વાંચે અને સાથે વાંચે, એવા આ કાર્યમાં આપ જોડાઓ. આ સુવિધા હાલ પુરતી માત્ર ભારતના વાચકો સુધી સીમિત છે.**

**વધુ માહિતી માટે સંપર્ક કરો.**

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ : ૦૨૨-૨૩૮૨૦૨૯૬**

સમગ્ર અસ્તિત્વના ધ્વંસ માટે હવે તૈયાર રહેવું પડશે. અસ્તિત્વ પણ મારા અહંકારનો ભાગ છે તેને વિખરાઈ જવા દો, મારા પ્રેમથી, મારી શ્રધ્ધાથી તેનો નવો ઉછેર થશે. સંકુચિત કરવું અને વિસ્તાર કરવો, પણ આ બન્નેનો ભેદ ખબર હોવો જોઈએ, આટલાં-વર્ષોના સ્મરણો, ઢાંચાઓ, સલામતીની વ્યવસ્થાઓ, અનુકુળ વર્તુળો, કહેવાતા ભ્રમો વગેરેથી મુક્ત થવું, સાંભળવામાં જેટલું સરળ છે એટલું કરવું અઘરું છે- હું જાણું છું આ અઘરું કાર્ય છે અને હું એમાં પાર નથી પડતી, એટલે અજંપો મને જંપવા નથી દેતો, આ પ્રવાસ અત્યંત અઘરો છે, હિમાલય પર જેમ જેમ ઉપર ચઢતા જઈએ, તેમ તેમ ચઢાણ અઘરું બનતું જાય અને ત્યારે બે જ વિચાર આવે કે પાછી વળી જાઉં કે પછી બીજીવાર નહીં જ આવું. પણ ત્યાં પહોંચ્યા પછી બધી જ પીડા સાવ ઓગળી જાય અને જે પ્રાપ્તિનો આનંદ હોય તેમાં મન મસ્ત બની જાય અને બધું જ ભૂલી જવાય છે. પણ મોટે ભાગે થતું હોય તેમ, અહીંથી ઝડપથી નીચે ઉતરી જવાનું નથી, એ સ્થિતિ જાળવી રાખવી છે. ઉપલબ્ધિને કાયમી બનાવવાની છે, ટકાવી રાખવું અને તાકી રહેવું, એ પણ પડકાર છે. એક દિવસનો ઉપવાસ સરળ છે પણ રોજનો ચોવિયાર અઘરો લાગે છે કે પછી કોઈ પણ રોજિંદો નિયમ અઘરો લાગે, તેમ જ આ ટકી રહેવાની પરિસ્થિતિ અઘરી છે પણ એને જ નિત્ય અવસ્થા સમજી કે એ જ નિત્ય અવસ્થા સ્વીકારી લેવાય, પછી આ આત્માના મિલન સામે કોઈ અવરોધ રહેતા નથી. એ રુહાની આનંદમાં મગ્ન થઇ જવાય.

आश्चर्यवत पश्यति कश्चित् एनम
आश्चर्यवत वदति तथैव चान्यः
आश्चर्यवत च एनम अन्यः श्रुणोति
श्रुत्वा अपि एनम न चैव कश्चित्
- ભગવદ ગીતા અધ્યાય ૨ શ્લોક ૨૯

કોઈ વિરલ મહાપુરુષ જ આ આત્માને આશ્ચર્યની જેમ જુએ છે તેમ જ બીજો કોઈ મહાપુરુષ જ આત્મતત્વને આશ્ચર્યની જેમ વર્ણવે છે તથા બીજો કોઈ અધિકારી પુરુષ જ આને આશ્ચર્યની પેઠે સાંભળે છે કોઈ તો સાંભળીને પણ આને જાણતો નથી. આથી વધુ શું પ્રમાણ હોઈ શકે કે તમામ ધર્મ, તમામ ફિલસુફી એક જ વાત કહે છે!

પ્રવાસ આરંભાઈ ગયો છે ક્યારનીયે રાહ જોવાઈ રહી છે યોગ્ય અંતરતમ્ પ્રબુદ્ધ પ્રવાસીજનો ચાલો.........

❑ **સેજલ શાહ**
sejalshah702@gmail.com
Mobile : +91 9821533702

## વર્ષા અડાલજાને દર્શક ફાઉન્ડેશનનો એવોર્ડ એનાયત

# મેં સાહિત્યને નહીં, સાહિત્યએ મને સમૃદ્ધ કરી : વર્ષા અડાલજા

મનુભાઈ પંચોળી દર્શક ફાઉન્ડેશન એવોર્ડ અને ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે શનિવારે ગુજરાત વિશ્વકોશ ભવનમાં લેખિકા વર્ષા અડાલજાને દર્શક ફાઉન્ડેશનનો વર્ષ ૨૦૧૬નો એવોર્ડ એનાયત કરાયો હતો. સામાજિક-રાષ્ટ્રીય પરિસ્થિતિ અને પરિવર્તનનું કલાત્મક નિરૂપણ કરનાર દીર્ઘ નવલકથા 'ક્રોસરોડ' માટે વર્ષા અડાલજાને આ એવોર્ડ અપાયો છે. એવોર્ડ સ્વીકારતાં તેમણે કહ્યું કે, આપણી પહેલાં અનેક લોકો ઉત્તમ સર્જન કરી ગયા છે અને આવનારા સમયમાં પણ કરશે. એટલે હું એવું કહીશ કે, મેં સાહિત્યને નહીં પણ સાહિત્યએ મને સમૃદ્ધ બનાવી છે. પાત્રોની સંવેદના અનુભવીને હું એક ઉમદા વ્યક્તિ બનવા તરફની સફર ખેડી શકી.

જ્યારે ક્રોસરોડ નવલકથા અંગે વાત કરતાં તેમણે જણાવ્યું કે, મહેન્દ્ર (વર્ષા અડાલજાના પતિ) આઈસીયુમાં હતા, ત્યારે વેઈટિંગરૂમમાં બેઠા બેઠા મૃત્યુદંડ તો લખી નાખી હતી, પણ ત્યારે મનમાં અનેક સંસ્મરણો ચાલતા અને વિચાર આવ્યો કે, વહી ગયેલા સમયને ફ્રીઝ કરી લઈએ તો? અને મેં એક તારીખ લખી ૧૯૨૨, આમ, તારીખોની યાદી બનાવતી ગઈ ત્યારે મારું પાત્ર કયાં કયાં શું શું કરે શું પહેરે એ વિચારતી ગઈ. મારે ઈતિહાસની તિરાડોમાં પુરાયેલી વાર્તાઓને બહાર લાવીને મારા પરિવારની કથા લખવી હતી. જો કે, સમયમાં ફ્રીઝ કરી લેવામાં પણ ભયસ્થાન છે, લેખક ફોટોગ્રાફર નથી, એ એક ચિત્રકાર છે, ફોટોગ્રાફરે કેદ કરેલા સૂર્યમાં ચિત્રકાર પોતાના રંગો પૂરે છે, ત્યારે એ એક સર્જન બને છે.

આ પ્રસંગે ધીરુબેન પટેલે જણાવ્યું કે, મારો અને વર્ષાનો સંબંધ સંબંધમાં અંગત અને જાહેર વચ્ચેની સમતુલા જાળવવી અઘરી થઈ જાય એવો છે. વર્ષા લેખિકા ન થઈ હોત, સફળ અભિનેત્રી જરૂર બની હોત. આ પ્રસંગે રઘુવીર ચૌધરી, કુમારપાળ દેસાઈ અને પ્રકાશ ન. શાહે પ્રસંગોચિત વાત કરી હતી, જ્યારે મહેન્દ્રસિંહ પરમારે ક્રોસરોડ નવલકથા વિશે વિગતે વાત કરી હતી.

# મહાત્મા ગાંધીજી, માતૃભાષા અને સાંપ્રત સમય

ડૉ. નરેશ વેદ

આપણા દેશમાં સાંપ્રત સમયમાં લોકોના જીવનમાં માતૃભાષા કરતાં અંગ્રેજી ભાષાનું ચલણ અને વર્ચસ્વ વધતું જાય છે. ગુજરાતી, હિન્દી, મરાઠી, બંગાળી, તમિળ, તેલુગુ, મલયાલમ વગેરે જેવી પ્રાંતીય ભાષાઓની શાળાઓમાં વિદ્યાર્થી સંખ્યા ઘટતી જાય છે અને અંગ્રેજી ભાષાના માધ્યમથી શિક્ષણ આપતી શાળાઓ વધતી જાય છે. વિદ્યાર્થીઓમાં તો શિક્ષણના માધ્યમની બહુ સભાનતા નથી હોતી, પરંતુ એમના વાલીઓને અંગ્રેજી ભાષાના માધ્યમનું ઘેલું લાગ્યું છે. પોતાના બાળકોને અંગ્રેજી માધ્યમની શાળાઓમાં શિક્ષણ અપાવવાનો તેઓ આગ્રહ રાખે છે અને એમ કરવામાં ગૌરવ અનુભવે છે. આજકાલ દેશમાં અંગ્રેજી ભાષા રોજિંદા જીવનવ્યવહારની ભાષા બનતી જાય છે. ગામડાંઓ અને નાના નગરોમાં તો હજુ માતૃભાષામાં જીવન વ્યવહાર અને શિક્ષણ-પ્રશિક્ષણ ચાલે છે, પરંતુ મુંબઈ, મદ્રાસ, દિલ્હી, કલકત્તા, બેંગલોર, પૂના, હૈદ્રાબાદ જેવાં મહાનગરોમાં લોકોની ઘરની, કુટુંબની ભાષા પણ અંગ્રેજી થવા લાગી છે. ત્યાં પણ છાપાં, સામાયિકો, પત્રિકાઓ માતૃભાષામાં પ્રગટ થતાં રહે છે, પરંતુ માતૃભાષા મરી રહી છે એવો ગોકીરો પણ થતો રહે છે. જેમ ઘર-કુટુંબની તેમ સમાજ, વ્યવસાય, શિક્ષણની ભાષા અંગ્રેજી બનવા લાગી છે. શાળા, મહાશાળા, વિશ્વવિદ્યાલયો, બેંક, પોસ્ટઓફિસ, રેલ્વેસ્ટેશન, એરપોર્ટ, બોર્ડઝ, નિગમો, સંઘો કમીશનો, કોર્પોરેશન્સ, કોર્પોરેટ વર્લ્ડ - સર્વત્ર અંગ્રેજી ભાષાનો માહોલ છે. સર્વત્ર અંગ્રેજી ભાષાની બોલબાલા છે. ઈન્ટરનેટ, ફોન, ફેક્સ, ફેસબુક, વોટ્સએપ જેવાં સોશ્યલ મીડિયામાં પણ અંગ્રેજી ભાષાનો વધુ વ્યવહાર છે. જે તે પ્રાંતના લોકોની માતૃભાષાનો અનાદર થતો જાય છે. આજકાલ લોકો પોતાની માતૃભાષા છોડી પર-ભાષાનો વ્યવહાર વધુ કરવા લાગ્યા છે, એ તો ઠીક, પરંતુ હવે તો એ માતૃભાષાને તરછોડવા લાગ્યા છે!

અંગ્રેજી ભાષાનો આટલો બધા મહિમા અને સ્વીકાર કેમ થયો છે અને થઈ રહ્યો છે, એનાં કારણો વિશે પૃચ્છા કરતાં લોકો દ્વારા એમ જણાવાય છે કે -

આપણી માતૃભાષાઓ આપણા ભાવો, વિચારો, ઊર્મિઓ અને સંવેદનોને અભિવ્યક્ત કરી શકે, એવી સક્ષમ અને સમૃદ્ધ નથી.

આપણો જમાનો વિજ્ઞાન અને ટેકનોલોજીનો છે. પરંતુ વિજ્ઞાન અને ટેકનોલોજીના સંપ્રત્યયો (concepts) માતૃભાષામાં બરાબર સમજાવી શકતા નથી.

અંગ્રેજી ભાષામાં જ્ઞાન-વિજ્ઞાન, તત્ત્વદર્શન - જીવનદર્શન, કળા અને ધર્મના શાસ્ત્રગ્રંથોના ભંડારો છે. એનો લાભ અંગ્રેજી ભાષા વિના લઈ શકાય નહીં.

શિક્ષણ, સંશોધન, વ્યાપારવણજ, ઔદ્યોગિક વિકાસ માટે અંગ્રેજી ભાષાની જાણકારી જરૂરી છે. ગ્લોબલાયઝેશન અને લિબરલાયઝેશનનો લાભ તો જ લઈ શકાય છે.

ભારતીય પ્રજા પ્રવાસશોખીન છે. દુનિયાભરમાં એ ફરતી રહે છે. ભલે દુનિયાના બધા દેશોમાં અંગ્રેજી ભાષાનું ચલણ નથી. પરંતુ અંગ્રેજી કડીરૂપ ભાષા (link language) હોવાથી આ પ્રવાસીઓને વિદેશોમાં આપ-લે વ્યવહારમાં મુશ્કેલી પડતી નથી. માટે અંગ્રેજી ભણવું, બોલવું, લખવું અને વાંચવું જરૂરી છે.

સાંપ્રત સમયમાં આપણા દેશમાં ભાષાના મુદ્દે આવી સ્થિતિ છે. એનાં ઉપર જણાવ્યાં એ કારણો ખરાં છે કે પછી બીજાં પણ કારણો છે? આપણી પ્રજા ઉપર અંગ્રેજોએ બે સદી સુધી શાસન કર્યું, અંગ્રેજી શિક્ષણપ્રણાલી મુજબ અંગ્રેજી ભાષાના માધ્યમથી શિક્ષણ આપ્યું, એ શિક્ષણ વડે કાળા કારકૂનો પેદા કરી પ્રશાસન સંભાળ્યું, એ કારણે આપણે પરપ્રત્યનેય બુદ્ધિ (derivative mind) વાળા ગુલામો બની ગયા? મતલબ કે અંગ્રેજી ભાષાની ભક્તિ અને આસક્તિ પાછળ આપણી પરોપજીવી માનસિકતા જવાબદાર છે? એ વિશે પણ વિચારવું જરૂરી છે.

મહાત્મા ગાંધીજીએ એ વિશે વિચાર્યું હતું, કહો કે એમને વિચારવું પડ્યું હતું. એમનું ધ્યેય પ્રજાના સર્વોદયનું હતું એટલે માત્ર રાજકારણ વિશે જ વિચારવાને બદલે સમાજકારણ, અર્થકારણ, ધર્મકારણ, શિક્ષણ, આરોગ્ય - એમ જીવનનાં અનેક ક્ષેત્રો વિશે એમણે વિચારણા કરી હતી. પશ્ચિમી જીવનશૈલી અને દૃષ્ટિના પ્રભાવ હેઠળ આપણી પ્રજા આપણી અસલિયત ન ભૂલે, પોતાનું નિજત્વ ન ગુમાવે, પોતાની અસ્મિતા અકબંધ રાખે એવું એમણે ઈચ્છ્યું હતું. તેથી શિક્ષણ અને એમાં માતૃભાષા દ્વારા શિક્ષણ વિશે પણ એમણે ગંભીરતાથી વિચાર્યું હતું. સમય સંદર્ભ ભલે ત્યારનો અને આજનો જુદો છે, પણ એમણે દર્શાવેલા વિચારો તત્કાળ પૂરતા ઉપયોગી હતા એવું નથી, આજે પણ એટલા જ પ્રસ્તુત છે.

માતૃભાષા, એનો વિકાસ, એનો અમલ, એની મહત્તા, એના ફાયદા, એનો અનાદર, શિક્ષણના માધ્યમ તરીકે અંગ્રેજી ભાષા, શિક્ષણપ્રણાલીમાં અંગ્રેજીનું મહત્ત્વ, એ શિક્ષણનો અભિશાપ, એનાથી થતું નુકશાન, અંગ્રેજી ભાષાના જ્ઞાનની આવશ્યકતા કોને,

શિક્ષણમાં એનું સ્થાન ક્યાં હોવું જોઈએ - વગેરે મુદ્દાઓ વિશે ગાંધીજીએ પોતાના વિચારો વ્યક્ત કર્યા છે. ઉપર્યુક્ત મુદ્દાઓના સંદર્ભમાં એ વિચારોનું અવલોકન કરીએ.

કોઈપણ વ્યક્તિના જીવનમાં ત્રણ હસ્તીઓ ખૂબ અગત્યની છે, એ છે : મા (mother), માતૃભૂમિ (motherland) અને માતૃભાષા (mothertongue). આ ત્રણ માત્ર સંજ્ઞાઓ નથી, સંપ્રત્યયો (concepts) પણ છે. એટલું જ નહીં, એ આપણી ઓળખ (identity) પણ છે. જે માની કૂખેથી જન્મ લીધો, જે માતાએ સ્તનપાન કરાવ્યું, જે માટીના કણમાંથી પેદા થયા અને જ્યાંના જળવાયુથી આપણો ભાવકોશ પરિપોષાયો એ માતૃભૂમિ, જે જન્મતાં જ માના દૂધ સાથે મા દ્વારા મળી; જેમાં આપણા વિચારો, ભાવો, ભાવનાઓ, ઊર્મિઓ અને સંવેદનોને સહેલાઈથી વ્યક્ત કરી શકીએ છીએ; જેમાં આપણે સપનાઓ જોઈએ છીએ તે આપણી માતૃભાષા - આપણી હયાતીના અભિન્ન અંગો છે. આપણે એનાથી વિખૂટા ન પડી શકીએ. જો છૂટા પડીએ તો આપણે આપણું આપોપું (નિજત્વ), આપણી અસલિયત, આપણી ઓળખ ગુમાવતા જઈએ. ઉમાશંકર જોષી, હરિવંશરાય બચ્ચન કે સચ્ચિદાનંદ વાત્સાયન 'અજ્ઞેય' વિશ્વના કોઈપણ દેશના સાહિત્ય સમારોહમાં જતાં ત્યારે પોતાની ઓળખ 'હું એક ભારતીય સર્જક છું, ગુજરાતી કે હિન્દી ભાષામાં લખું છું.'

આજે સમય સંજોગો એવા છે કે આપણે મા, માતૃભૂમિ અને માતૃભાષા એ ત્રણેયથી દૂર થતાં જઈએ છીએ. પરિણામે આપણી ઓળખ (identity) ગુમાવતા જઈએ છીએ. એ ત્રણેય આપણું મૂળ (root) છે. એનાથી વિખૂટા પડતાં આપણા આ જગતમાંથી પણ ઊન્મૂલિન (uprooted) થઈ જઈએ છીએ. કહેવાનો મતલબ એ છે કે મા અને માતૃભૂમિ જેટલું જ મહત્ત્વ માતૃભાષાનું છે. મા અને માતૃભૂમિની જેમ માતૃભાષા સાથે આપણો નાળસંબંધ છે. ગાંધીજી આ વાત બરાબર જાણતા હતા. એટલે એમણે લખ્યું છે કે ''બાળકના દેહના વિકાસ માટે માતાનું દૂધ જેમ સ્વાભાવિક છે તેમ તેના મગજના વિકાસ માટે માતૃભાષા સ્વાભાવિક છે, એ વિશે મને લેશ પણ શંકા નથી. એથી બીજું હોઈ જ શી રીતે શકે? બાળક શિક્ષણની શરૂઆત મા પાસેથી કરે છે. આથી બાળકોના માનસિક વિકાસ માટે તેમની માતૃભાષા કરતાં જુદી ભાષા લાદવી એને હું માતૃભૂમિ સામેનો અપરાધ ગણું છું.''૧ વળી તેઓ કહે છે : ''કોઈપણ સ્ત્રી કે પુરુષ કેવળ માતૃભાષા દ્વારા જ પોતાના ચિત્તનો પૂરેપૂરો વિકાસ સાધી શકે છે, અને જેઓ આ વિચાર સાથે સંમત નથી થતા તેઓ પોતાની માતૃભાષાનો દ્રોહ કરી રહ્યા છે એમ હું માનું છું. સર વેંકટ રામન પણ જો એમ કહે કે હું મારાં સંશોધનો મારી માતૃભાષામાં સમજાવી શકતો નથી તો હું તેમને કહીશ તમારું નોબેલ પારિતોષિક અને તમારો સરનો ઈલકાબ તમારી પાસે જ રાખો.''૨ તેઓ માનતા અને કહેતાં કે આપણી ભાષા આપણું પોતાનું પ્રતિબિંબ છે.

આપણી માતૃભાષાઓ વિશે આપણા લોકો જેટલા શાશંક છે, એટલા જ જવાબદાર છે એવું ગાંધીજી સ્પષ્ટ માનતા હતા. તેથી તેવા લોકોનો ઉધડો લેવાનું તેઓ ચૂક્યા નથી. જુઓ તેઓ શું કહે છે : ''કદી તમે એમ કહેશો કે આપણી ભાષાઓ સર્વોત્તમ વિચાર પ્રગટ કરવા માટે બહુ કંગાળ છે, તો હું કહીશ કે આપણો નાશ જેમ જલ્દી થાય તેમ આપણા માટે વધુ સારું છે. હિંદની રાષ્ટ્રીય ભાષા અંગ્રેજી બને, એવું સ્વપ્ન જોનાર કોઈ છે? પ્રજા ઉપર આ બોજો શા સારું જોઈએ? ઘડીભર વિચારી જુઓ કે કેવી વિષમ શરત આપણાં બાળકોને એક અંગ્રેજી બાળક સાથે દોડવી પડે છે... દરેક હિંદી યુવક, અંગ્રેજી ભાષા દ્વારા પોતાનું જ્ઞાન મેળવતો હોવાથી, પોતાના જીવનનાં ઓછામાં ઓછાં છ અમૂલ્ય વર્ષો ગુમાવે છે. આપણી શાળાઓ અને કોલેજોમાંથી બહાર પડતાં વિદ્યાર્થીઓની સંખ્યા સાથે તેને ગુણી નાખશો તો તમને જણાશે કે પ્રજાને કેટલાં હજારો વર્ષોનું નુકશાન થયું છે... જો આપણને છેલ્લાં પચાસ વર્ષ દરમિયાન આપણી દેશી ભાષાઓ મારફત શિક્ષણ આપવામાં આવ્યું હોત તો આજે આપણી પાસે એક સ્વતંત્ર હિંદ હોત, આપણી પાસે આપણા શિક્ષિત માણસો હોત, જેઓ પોતાની જ ભૂમિમાં વિદેશી જેવા ન રહ્યા હોત, પણ જેઓનું બોલવું પ્રજાના અંતર ઉપર અસર કરી રહ્યું હોત.''૩

જો આપણી માતૃભાષા અક્ષમ અને નબળી જણાતી હોય તો આપણી ભાષાને ઘડવી એ આપણું કર્તવ્ય છે, એમ તેઓ માનતા હતાં. તેથી તેઓ કહે છે : ''ઘણા લોકો આમ કહેતાં સંભળાય છે કે 'આપણી ભાષામાં આપણા ઊંચા વિચારો દર્શાવી શકાય એવા શબ્દો નથી.' સજ્જનો, આ કંઈ ભાષાનો દોષ નથી. ભાષાને ઘડવી અને વધારવી એ આપણું પોતાનું જ કર્તવ્ય છે. એક સમય એવો હતો કે જ્યારે અંગ્રેજી ભાષાની પણ તેવી જ દશા હતી. અંગ્રેજી ખીલી શકી, કારણકે અંગ્રેજો આગળ વધ્યા, અને ભાષાની ઉન્નતિ કરી. જો આપણે માતૃભાષાની ઉન્નતિ ન કરી શકીએ અને આપણો આ સિદ્ધાંત હોય કે અંગ્રેજી દ્વારા જ આપણા ઊંચા વિચારો દર્શાવી શકાય અને ખીલવી શકાય તો આપણે હંમેશને માટે ગુલામ બની રહેવાના એમાં જરા પણ શંકા નથી. જ્યાં સુધી આપણી માતૃભાષામાં આપણા બધા વિચારો દર્શાવવાની શક્તિ નહીં આવે અને જ્યાં સુધી વૈજ્ઞાનિક શાસ્ત્રો માતૃભાષામાં નહીં સમજાવી શકાય ત્યાં સુધી કોમને નવા જ્ઞાનની પ્રાપ્તિ થઈ શકશે નહીં.''૪ પોતાની આ વાતને સમર્થિત કરવા તેઓ તુલસીદાસજી અને પંડિત મદનમોહન માલવિયાજીનાં દૃષ્ટાંતો આપે છે. પછી તેઓ રવીન્દ્રનાથ ટાગોર, સ્વામી શ્રદ્ધાનંદજી, સ્વામી દયાનંદજી, તુકારામ, રામદાસજી, પ્રેમાનંદ, શામળ અને દલપતરામનાં

ઉદાહરણો આપીને સમજાવે છે કે માતૃભાષાના વિકાસ સારુ અંગ્રેજી ભાષાના જ્ઞાન કરતાં માતૃભાષા ઉપરના પ્રેમની - તેની ઉપરની શ્રદ્ધાની - જરૂર છે. આગળ જતાં તેઓ એક બહુ મહત્ત્વની વાત રજૂ કરે છે. તેઓ કહે છે : ''આખા પ્રશ્નને સમગ્ર રીતે વિચારી જોઈએ. ચૈતન્ય, નાનક, કબીર, તુલસીદાસ અને બીજા અનેક સુધારકોને જો બાળપણથી સારામાં સારી અંગ્રેજી શાળામાં મૂકવામાં આવ્યા હોત તો શું તેમણે વધારે કામ કર્યું હોત?''[૫] પ્રશ્નમાં જ ઉત્તર સમાવ્યો છે.

અંગ્રેજી ભાષાની લાલસા અત્યારના યુવાવર્ગને હોય તે સમજાય, પણ એમના કરતાં એમના વાલીઓને વધારે ઘેલછા છે. ગાંધીજી એને દુઃખનો દાવાનળ ગણીને કહે છે : ''મેં સાંભળ્યું કે માબાપ આપણા શિક્ષણક્રમથી કાયર થયાં છે. છોકરાંને માતૃભાષા દ્વારા શિક્ષણ અપાય છે, તે તેમને સાલે છે!... મને થયું કે આ કેટલી બધી અધોગતિ! માબાપોને ભય છે કે છોકરાં અંગ્રેજી સારું ન બોલી શકે, ખરાબ ગુજરાતી બોલશે તે તેમને નથી સાલતું. ગુજરાતી ભણશે તો કેળવણી કાંઈક ઘરમાં પણ લાવશે એનો વિચાર શેનો હોય?''[૬] એમાંય પ્રાથમિક શિક્ષણથી અંગ્રેજી શીખવું એ ગાંધીજીને બિનજરૂરી બોજા સમાન લાગે છે. તેઓ કહે છે : ''બાળકો ઉપર અંગ્રેજી લાદવું એ તો એમના સ્વાભાવિક વિકાસને ડામવા બરાબર છે. ભાષા શીખવી એ મૂળે તો સ્મરણશક્તિ કેળવવાની જ તાલીમ છે. શરૂથી જ અંગ્રેજી શીખવું એ બાળક ઉપર એક સાવ બિનજરૂરી બોજો છે. બાળક માતૃભાષાને ભોગે જ તે શીખી શકે. હું તો માનું છું કે, ગામડાંના બાળક જેટલું જ શહેરી બાળકને માટે પણ એ જરૂરી છે કે તેના વિકાસનું ચણતર માતૃભાષાના સંગીન ખડક પર જ રચાય. આવી દેખીતી અને ખુલ્લી વાત કેવળ હિંદુસ્તાન જેવા દુર્ભાગી દેશમાં જ સાબિત કરવી પડે છે.''[૭] તેઓ વાલીઓને સ્પષ્ટ શબ્દોમાં કહે છે : ''છોકરાંનાં માતાપિતાએ પણ જમાનાનાં પૂરમાં તણાતાં જરા સાવધ રહેવું જોઈએ. અંગ્રેજી ભાષા આપણને જોઈએ છે, પણ તે આપણી સ્વભાષાનો નાશ કરવા માટે નહીં. આપણા જનસમાજની સુધારણા આપણી સ્વભાષા દ્વારા જ થશે. આપણા વ્યવહારની સરળતા અને ઉચ્ચતા એ પણ આપણી સ્વભાષા દ્વારા જ થશે. સ્વભાષાના વિશાળ જ્ઞાનની અપેક્ષા વિદ્યાર્થીઓ અને તેમનાં માતાપિતા સર્વેએ રાખવી જોઈએ.''[૮] તેઓ આથી આગળ વધીને એમ પણ કહે છે કે ''હું માનું છું કે જ્યાં સુધી આપણા મનમાંથી અંગ્રેજી ભણવાનો મોહ દૂર નહીં થાય ત્યાં સુધી આપણામાં સાચા સ્વરાજ્યની ભાવના આવી શકવાની નથી.''[૯]

ગાંધીજીને લાગે છે કે અંગ્રેજી ભાષા અને શિક્ષણપ્રણાલીની લાલસા અને ઘેલછાને કારણે આપણે આપણી માતૃભાષાનો અનાદર કરવાનું મોટું પાપ કર્યું છે. તેઓ કહે છે : ''આપણે માતૃભાષાનો અનાદર કર્યો છે. આ પાપનું ફળ આપણે અવશ્ય ભોગવવું પડશે. આપણી આપણા ઘરના માણસોની વચ્ચે કેટલો બધો અંતરાય પડ્યો છે... માતૃભાષાનો અનાદર માતાના અનાદર સમાન છે. જે માતૃભાષાનો અનાદર કરે છે તે પોતાને સ્વદેશભક્ત કહેવડાવાને લાયક નથી.''[૧૦] તેઓ માને છે કે માતૃભાષાનો અનાદર સુપુત્રને છાજે નહીં. તેઓ કહે છે : ''જે યુવાનો એમ કહેતા હોય કે અમારા વિચારો અમે સ્વભાષા દ્વારા બરાબર બહાર પાડી શકતા નથી, તે જુવાનો માટે હું તો એટલું કહું કે તેઓ માતૃભૂમિને ભારરૂપ છે. માતૃભાષામાં અપૂર્ણતા હોય તે દૂર કરવાને બદલે તેનો અનાદર કરવો, તેનાથી મોં ફેરવી બેસવું, એ કોઈપણ સુપુત્રને છાજતું ગણાય નહીં. હાલની પ્રજા જો પોતાની માતૃભાષા માટે બેદરકાર રહેશે તો ભાવિ પ્રજાને તેમને માટે અફસોસ કરવો પડશે. ભાવિ પ્રજાના ઠપકામાંથી તેઓ કદી બચી શકશે નહીં.''[૧૧]

આપણા દેશની માતૃભાષાઓ નબળી છે એવું આપણે માનતા થયા છીએ તે તેમના મતે અંગ્રેજી શિક્ષણનું દુષ્પરિણામ છે. તેઓ લખે છેઃ ''ગુજરાતી ભાષા બાપડી એવું વાક્ય હું સાંભળું છું, ત્યારે મને ક્રોધ છૂટે છે. આ સંસ્કૃતની એક વહાલી દીકરી એ બાપડી હોય તો દોષ કંઈ ભાષાનો નથી, પણ આપણે કે જે ભાષાના વાલી છીએ તેનો છે. આપણે તેને તરછોડી છે. તેને વિસારે પાડી છે. પછી તેનામાં જે તેજ, શૌર્ય વગેરે હોવાં જોઈએ તે ક્યાંથી હોય?''[૧૨]

ત્યારબાદ તેઓ શિક્ષણના માધ્યમ તરીકે અંગ્રેજી જેવી પરભાષા સ્વીકારવાથી આપણને જે નુકશાન થયું છે તેની વાત કરે છે. તેઓ કહે છે : ''માતાના ધાવણ સાથે જે સંસ્કાર મળે છે ને જે મધુર શબ્દો મળે છે તેની અને શાળાની વચ્ચે જે અનુસંધાન હોવું જોઈએ તે પરભાષા મારફતે કેળવણી લેવામાં તૂટે છે. તે તોડનારના હેતુ પવિત્ર હો, છતાં તે પ્રજાના દુશ્મન છે. આપણે તેવા શિક્ષણના ભોગ થવામાં માતૃદોહ કરીએ છીએ. પરભાષા દ્વારા મળતા શિક્ષણમાં નુકશાન એટલે જ નથી અટક્યું. શિક્ષિતવર્ગ અને પ્રજાવર્ગ વચ્ચે અંતર પડી ગયું છે.''[૧૩] આ મુદ્દા ઉપર વળી તેઓ જણાવે છે કે ''અંગ્રેજી શિક્ષણની આવશ્યકતાની માન્યતાએ આપણને ગુલામ બનાવ્યા છે. તેણે આપણને ખરી રાષ્ટ્રીય સેવા માટે નાલાયક કરી મૂક્યા છે. પડી ગયેલી ટેવને લીધે, આપણે જોઈ શકતા નથી કે શિક્ષણનું વાહન અંગ્રેજી થવાથી, આપણામાં બુદ્ધિભેદ ઉત્પન્ન થયો છે. આપણે જનસમૂહથી છૂટા પડી ગયા છીએ, રાષ્ટ્રનાં ઉત્તમ મગજો પાંજરામાં પુરાઈ ગયાં છે, અને જે નવા વિચારો આપણે પ્રાપ્ત કર્યા છે તેનો લાભ જનસમૂહને મળ્યો નથી.''[૧૪] શિક્ષણનું વાહન અંગ્રેજી ભાષાને બનાવવાથી આપણને આટલું બધું નુકશાન થયું છે એ વાત સ્પષ્ટ કર્યા પછી બહુ મહત્ત્વની

વાત રજૂ કરતાં તેઓ જણાવે છે : ''આજે દલીલો કરીને ઊજળી દીવા જેવી વાત સિદ્ધ કરવી પડે છે કે કોઈપણ પ્રજાના યુવકવર્ગમાં પ્રજાત્વ કાયમ રાખવું હોય તો તેમને ઊતરતી કે ચડતી બધી કેળવણી તેમની ભાષા દ્વારા જ મળવી જોઈએ. પ્રજાના યુવાનવર્ગને જ્યાં સુધી લોકો સમજે એવી ભાષા મારફતે જ્ઞાન મળતું અને પચતું ન હોય ત્યાં સુધી તેઓ પ્રજા સાથે જીવંત સંબંધ જોડી શકતા નથી કે સ્થાયી રાખી નથી શકતા, એ સ્વયંસિદ્ધ વાત છે.''૧૫ ''અમુક ભાષા તો ખીલી શકે જ નહીં અથવા અમુક ભાષામાં અટપટા અથવા વિવિધ વિજ્ઞાનના વિચારો દર્શાવી શકાય જ નહીં, એમ માનવા કરતાં વધારે ભૂંડો વહેમ મેં જાણ્યો નથી.''૧૬

શિક્ષણનું માધ્યમ અંગ્રેજી એ મોટામાં મોટું રાષ્ટ્રીય અનિષ્ટ છે એવું માનતા ગાંધીજી સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે કે ''પરદેશી રાજ્યનાં અનેક અનિષ્ટોમાં દેશના યુવાનો ઉપર પરભાષાના વાહનનો આ ઘાતક બોજો નખાયો એ એક મોટામાં મોટા અનિષ્ટ તરીકે ઈતિહાસમાં ગણાશે. એ વાહને પ્રજાની શક્તિ હણી લીધી છે, વિદ્યાર્થીઓનાં જીવન ટૂંકાં કર્યાં છે, તેમને આમવર્ગથી અલગ કર્યા છે, અને કેળવણીને નાહક ખર્ચાળ કરી મૂકી છે. જો આ પ્રથા હજી ચાલુ રહેશે તો તેથી પ્રજાના આત્માનો હ્રાસ થવાની વકી છે. એટલે કેળવાયેલા હિંદીઓ પરભાષાના વાહનની ભયંકર મોહિનીનો જેટલો જલ્દી ત્યાગ કરે તેટલું તેમને માટે અને પ્રજાને માટે સારું છે.''૧૭

તેમનો અભિપ્રાય જ નહીં આગ્રહ પણ છે કે ''આપણી દેશી ભાષાઓ તરફ પાછા ફરવું, હિંદીને રાષ્ટ્રીય ભાષા તરીકેના તેના પદ ઉપર ફરીથી સ્થાપવી, અને આપણા સર્વે પ્રાંતિક સમારંભો આપણી પોતપોતાની ભાષાઓમાં ચલાવવા અને રાષ્ટ્રીય સમારંભો હિંદીમાં ચલાવવા શરૂ કરવું, એ સૌથી પહેલી અને મોટામાં મોટી સમાજસેવા આપણે કરી શકીએ. જ્યાં સુધી આપણી શાળાઓ અને કોલેજો આપણને દેશી ભાષા દ્વારા શિક્ષણ ન આપે, ત્યાં સુધી આપણે જંપીને બેસવું ન જોઈએ.''૧૮

શિક્ષણમાં માતૃભાષાનું સ્થાન મહત્ત્વનું હોવું જોઈએ એટલું સ્પષ્ટ કર્યા પછી અંગ્રેજી ભાષાનું સ્થાન આપણી શિક્ષણ વ્યવસ્થામાં ક્યાં અને કેટલું હોવું જોઈએ તે વાતની સ્પષ્ટતા કરતાં તેઓ કહે છે : ''મારી માતૃભાષા ગમે તેવી અધૂરી હોય તોયે, માની છાતીએથી હું અળગો ન થાઉં તેમ માતૃભાષાથી પણ ન થાઉં. મારા જીવનને ઘડનારું દૂધ મને તેના સિવાય બીજે ક્યાંથી મળે? એને સ્થાને અંગ્રેજી બોલીનો હું આશીક છું; પણ જે સ્થાન તેનું નથી તે પડાવી લેવા તે નીકળે, તો હું તેનો કટ્ટર વિરોધી થાઉં. સૌ કોઈ સ્વીકારે છે કે, અંગ્રેજી આજે આખી દુનિયાની ભાષા બની છે. તેથી હું તેને નિશાળના નહીં, પણ વિદ્યાર્થીના અભ્યાસક્રમમાં મરજિયાત શીખવાના વિષય તરીકે બીજી ભાષાનું સ્થાન આપું. અને તે પણ પસંદગીના થોડા લોકો માટે હોય; કરોડોને માટે તો ક્યાંથી હોય?''૧૯

માતૃભાષા વિશેના આ છે ગાંધીજીના વિચારો. સાંપ્રત સમયમાં તેની પ્રસ્તુતતા અને ઉપયોગીતા કેટલી છે એ વિશે બૌદ્ધિકોએ પુનઃવિચાર કરવો જોઈએ.

❑❑❑

'કદમ્બ' બંગલો, ૩૫ પ્રોફેસર્સ સોસાયટી,
મોટા બજાર, વલ્લભ વિદ્યાનગર (૩૮૮૧૨૦)
ફોન નં. ૦૨૬૯૨૨૩૩૭૫૦
મો. ૦૯૭૨૭૩૩૩૦૦૦

**સંદર્ભ નોંધ :**

આ લેખમાં મહાત્મા ગાંધીજીનાં ઉદાહરણો 'ગાંધીજીનું શિક્ષણદર્શન-એમના જ શબ્દોમાં' – સંપાદક : મગનભાઈ જો. પટેલ, પ્રકાશક : નવજીવન, અમદાવાદ, માંથી લીધાં છે.

૧. ઉપર્યુક્ત પુસ્તકનાં પૃષ્ઠ નં. ૧૫૫
૨. ઉપર્યુક્ત પુસ્તકનાં પૃષ્ઠ નં. ૧૫૪
૩. ઉપર્યુક્ત પુસ્તકનાં પૃષ્ઠ નં. ૧૪૧
૪. ઉપર્યુક્ત પુસ્તકનાં પૃષ્ઠ નં. ૧૪૫
૫. ઉપર્યુક્ત પુસ્તકનાં પૃષ્ઠ નં. ૧૫૩
૬. ઉપર્યુક્ત પુસ્તકનાં પૃષ્ઠ નં. ૧૫૨
૭. ઉપર્યુક્ત પુસ્તકનાં પૃષ્ઠ નં. ૧૫૫
૮. ઉપર્યુક્ત પુસ્તકનાં પૃષ્ઠ નં. ૧૪૩
૯. ઉપર્યુક્ત પુસ્તકનાં પૃષ્ઠ નં. ૧૪૪
૧૦. ઉપર્યુક્ત પુસ્તકનાં પૃષ્ઠ નં. ૧૪૪
૧૧. ઉપર્યુક્ત પુસ્તકનાં પૃષ્ઠ નં. ૧૪૨
૧૨. ઉપર્યુક્ત પુસ્તકનાં પૃષ્ઠ નં. ૧૪૩
૧૩. ઉપર્યુક્ત પુસ્તકનાં પૃષ્ઠ નં. ૧૫૨
૧૪. ઉપર્યુક્ત પુસ્તકનાં પૃષ્ઠ નં. ૧૫૧
૧૫. ઉપર્યુક્ત પુસ્તકનાં પૃષ્ઠ નં. ૧૫૩
૧૬. ઉપર્યુક્ત પુસ્તકનાં પૃષ્ઠ નં. ૧૫૪
૧૭. ઉપર્યુક્ત પુસ્તકનાં પૃષ્ઠ નં. ૧૫૪
૧૮. ઉપર્યુક્ત પુસ્તકનાં પૃષ્ઠ નં. ૧૫૧
૧૯. ઉપર્યુક્ત પુસ્તકનાં પૃષ્ઠ નં. ૧૫૬

# ભુતાન પ્રવાસના સંસ્મરણો : ૨

કિશોરસિંહ સોલંકી

*(આ લેખનો પહેલો મણકો સપ્ટેમ્બર-૨૦૧૭માં પ્રગટ થયો હતો.)*

## ૨. ફુસ્તોલિંગની સવાર

હંમેશની ટેવ મુજબ વહેલો ઊઠ્યો, બારીનો પડદો ઊંચક્યો તો, બાપ રે! ત્રમઝટ વરસાદ! ભુતાનમાં સવારે સવારે વરસાદે મારું સ્વાગત કર્યું. મનમાં થયુંઃ વરસાદ પ્રવાસનો આનંદ લેવા દેશે કે નહિ? મને હતું કે, વહેલા ઊઠીને એકાદ આંટો મારી આવીએ પણ આ તો ચોમાસાને શરમાવે એવો વરસાદ.

માણસ જે સ્થળે રહેતો હોય એના વાતાવરણને ધ્યાનમાં રાખીને જ વિચારતો હોય છે. આપણે તો ત્રણ ઋતુથી ટેવાયેલા છીએ. આપણે ત્યાં વરસાદ આવે કે ન આવે! પણ આવે ત્યારે ક્યારેક બે-ત્રણ દિવસની હેલી કરી બેસે, આપણું આખું જ તંત્ર ખોરવાઈ જાય, એ જ વિચાર મારા મનમાં દોડધામ કરી રહ્યો હતો, તેથી થોડી નિરાશા પણ થઈ.

પલંગમાં બેઠો. ગઈકાલની મુસાફરીએ થકવી નાંખ્યા હતા. આવ્યા એવા જ પથારીની સાથે દોસ્તી કરી લીધી હતી. આ રૂમ નહોતો, સ્યૂટ હતો. સાથી પ્રવાસીઓને રૂમની ફાળવણી, દરેકમાં બે જણની વ્યવસ્થા, મારા એકલા માટે આટલો મોટો સ્યૂટ! કોઈને પણ ઈર્ષ્યા થાય એવો માહોલ...પણ બધા જ સમજુ અને સારા છે, મજા આવી ગઈ.

બાથરૂમમાંથી બહાર નીકળ્યો. બારીઓ પરના પડદા ખસેડ્યા તો આકાશમાંથી વાદળોએ વિદાય લીધી હતી. ફુસ્તોલિંગના રસ્તા સાફ હતા. માણસોની ખાસ અવરજવર નહોતી. મારે બહાર આંટો મારવો હતો પણ હોટલ-મેનેજરે કહ્યું કે, 'કૂતરાંનો ત્રાસ થશે.' તમે સવારે નીકળો તો તમારે બિસ્કીટ કે અન્ય ખાદ્ય વસ્તુ સાથે રાખવી જ પડે. નહિતર કૂતરાં ટોળે વળીને તમને ખાય, એવી ભીતિ!

રાત્રે નિયોન લાઈટના પ્રકાશમાં - આછા અંધારામાં જે નગર વિશે જાણકારી નહોતી, તે દેખાવા લાગી. ચોખ્ખા રસ્તા, ગંદા પાણીનો અભાવ, કોઈ જ દુર્ગંધ નહિ, નાના-મોટા ઢોળાવ, જતા-આવતા લોકોની ધીરજ એમની ચાલમાં જણાતી હતી.

હોટેલમાં ચા-નાસ્તો પતાવ્યો. ભુતાનમાં પ્રવેશ માટે રજિસ્ટ્રેશન ફરજીયાત છે. ભારત, બાંગ્લાદેશ અને માલદીવ સિવાયના દેશોના પ્રવાસીઓને વીઝા લેવા પડે છે. અમારા ટૂર ઓપરેટર સંજયભાઈએ સૌને સૂચના આપી : અત્યારે ૯.૩૦ કલાકે રજિ. ની ઓફીસે પહોંચવાનું છે. તે અમારા નિવાસની પાસે જ હતી.

અમારી પાસે સમય હતો. ફુસ્તોલિંગના દર્શન કરવાની ઈચ્છાથી આંટો મારવા નીકળ્યા. ભુતાનનું આ સરહદી નગર છે. અહીં જુદી જુદી પ્રજાનો વસવાટ છે. એમાં જોઈએ તો ભુતાનની છાપ કરતાં વિશેષ તો ભારતની છાપ ઉપસી આવે છે. આ શહેર ભારતની નજીક છે, એનો અહેસાસ સતત થતો રહે છે. નગરમાં ફરતી ગાડીઓ, ટ્રક્સ, કાર વગેરે જોઈ આપણને લાગે કે આપણે ભારતમાં છીએ પણ મહત્વની બાબત એ છે કે, ક્યાંય રીક્ષા-સાઈકલ જોવા મળતી નથી. શહેર વચ્ચે બજાર છે, પણ હજી એ ખૂલ્યું નથી.

ભુતાનનું પ્રવેશ દ્વાર એની સંસ્કૃતિનો આબેહૂબ નમૂનો છે. દરવાજાની બહાર નીકળો તો જયગાંવ આપણું નાનકડું નગર છે. દસ ફૂટના અંતરે આ બે દેશની સ્થિતિનો આપણે તાગ મેળવી શકીએ છીએ.

અહીં ૧૯૮૨ માં એક મંદિર બનાવેલું છે. જન્દોપેલરી એ એમના ગુરૂ રિંપોચેનું પ્રતિનિધિત્વ કરે છે. નીચેના ભાગમાં ગુરૂ રિંપોચેના આઠ અવતાર, જીવનવૃક્ષ અને બુદ્ધના જીવનનાં ચિત્રો આવેલાં છે.

બીજા માળે આઠ બોધિસત્વ અને મૂર્તિઓ આવેલી છે, સહસ્ત્ર ભુજાઓ જોઈ શકાય છે. પણ આ તો ભુતાનના પ્રવેશ ટાણે થયેલી ઝાંખી માત્ર છે, ભુતાન તો હજી બાકી છે.

અમે રજિ. ઓફીસે પહોંચી ગયા. ઓહોહો! આખું કમ્પાઉન્ડ લોકોથી ઊભરાતું હતું. લાઈનો લાગેલી. ન કોઈ ઊહાપોહ, ન દોડધામ, લોકો શાંતિથી આંટા મારતા હતા. સૂરજે પોતાનું સ્વરૂપ બતાવવાની શરૂઆત કરી હતી. કદાચ, નંબર આવતાં પહેલાં સાંજ પડી જાય એવી સ્થિતિ હતી, શું કરવું?

જૂના સમયમાં એક તાજ છાપ સીગરેટની જાહેરાત આવતી હતી : 'ધીમે બળે છે અને વધુ લિજ્જત આપે છે.' એવો જ ભુતાનના કર્મચારીઓનો અનુભવ થયો. 'શાંતિથી આવે છે અને ધીમેથી કામ કરે છે.' આ પ્રજાને કોઈ જ ઉતાવળ નથી. કોઈજ હાયવલુરા નથી. એકદમ સંતોષી પ્રજા છે. 'થાય છે' એવી ઢીલી નીતિ! મને તો આખા દેશની પ્રજા સ્થિતપ્રજ્ઞ જેવી લાગી છે.

એક મોટા હોલમાં આઠ-દસ કાઉન્ટરો બનાવેલાં છે. એમાં કામ કરનાર તો માત્ર બહેનો જ છે. ભાઈઓને તો બિલાડી મૂકીને શોધવા પડે. હોય તો ક્યાંક ખૂણામાં પાન ચાવતા હોય. અહીં જુદી જુદી ટૂર કંપનીઓ આવતી હોય છે. તેમાં ૩૦-૧૦ કે તેથી વધારે પ્રવાસીઓ હોય! દરેક ટૂરવાળાએ અહીં એક સ્થાનિક મદદનીશ રાખેલ હોય છે. મોટા ભાગે તો બહેનો જ છે. એ બધી જ વિધિ કરી આપે. બપોરના સાડા બાર વાગી ગયા. નંબર લાગ્યો. ફોર્મ-ફોટા-ફિંગર પ્રિન્ટ આપી આવ્યા. બપોરનું જમણ હોટલમાં

પતાવ્યું. સામાન ગાડીઓ ઉપર ગોઠવાઈ ગયો. થિમ્ફુ (Thimphu) ની વાટ પકડી.

અહીંથી થિમ્ફુ ૧૭૦ કિ.મી. ના અંતરે આવેલું છે અને ત્યાં પહોંચવા માટે છ કલાક જેટલો સમય થાય છે.

### ૩. થિમ્ફુ તરફ પ્રયાણ

ભારત ગામડાઓનો દેશ છે, તો ભુતાન પહાડોનો. ભુતાને સ્વૈચ્છિક રીતે આધુનિક દુનિયાથી અળગા રહેવાનું સ્વીકારેલું છે. છતાંય પોતાનું આગવું નાવિન્ય પ્રાપ્ત કર્યું છે. પોતાની આવક કરતાં લોકોની સુખાકારીને મહત્વ આપ્યું છે. Gross National Happiness.

ભુતાનમાં રોડ માર્ગે પ્રવેશવાના ત્રણ રસ્તા છે. ફુસ્તોલિંગ (Phuentsholiing), જે પશ્ચિમ-દક્ષિણે આવેલું છે. જ્યાં થિમ્ફુ ૧૭૦ કિ.મી. દૂર છે. એને લગભગ છ કલાક જટેલો સમય થાય છે. બીજો માર્ગ દક્ષિણ-મધ્યમાં ગેલેફુ (Gelephu) છે, જ્યાંથી થિમ્ફુ ૨૫૦ કિ.મી. જેટલું છે. જે ત્રણેક જિલ્લાઓમાં થઈને દસ કલાક જેટલો સમય લે છે અને ત્રીજો માર્ગ સમદ્રુપ જોન્ગખાર (Sumdrup Jongkhar) જે દક્ષિણ-પૂર્વથી પ્રવેશ કરાય છે. જ્યાંથી ગૌહત્તી માત્ર ૧૫૦ કિ.મી. થાય છે અને ત્યાંથી થિમ્ફુ ૭૦૦ કિ.મી. છે. જ્યાંથી આવતાં ઓછામાં ઓછા ત્રણ દિવસ થાય છે.

અમે ફુસ્તોલિંગથી થિમ્ફુનો રસ્તો પકડ્યો છે. ધીમે ધીમે પણ મક્કમ ગતિએ એક પછી એક પડ ઉખડતાં જાય છે. પર્વતો છે, પ્રકૃતિ છે અને એમાંથી પસાર થતો આ રોડ છે. પર્વતોને તોડીને, એની ખીણ તરફના રસ્તાને બાંધવામાં આવ્યા છે. આ શંકુદ્રુમના જંગલો છે. સરકાર સભાનતાપૂર્વક એનું જતન કરતી હોય, એવું સ્પષ્ટ દેખાય છે. કોઈ વૃક્ષને કાપવાની મંજુરી નથી. ઊંચા ઊંચા દેવદાર, પાઈન, ઑક પર્વતોના ઢોળાવો ઉપર અડીખમ ઊભાં છે. વાદળોને પોતાની ડાળીઓ ઉપર બેસાડીને વિસામો કરાવે છે. પર્વતોનાં શિખરો ઉપર પણ વાદળોની દોડાદોડી થઈ રહી છે. અરે! આ તે કેવું? ધુમ્મસના ગોટેગોટા, સામે જોતાં રસ્તો ગાયબ થયેલો છે. એક ક્ષણ ખરાબ વિચાર આવે છે. ધારો કે, ક્યાંક ગબડ્યા તો! બુદ્ધમ્ શરણમ્ ગચ્છામિ...

પહાડોની હારમાળાઓ ખડકાયેલી છે, એકની પાછળ એક, દૂર દૂર ઝાંખા ઝાંખા દેખાય છે. ઢોળાવો ઉપર ક્યાંક ક્યાંક મકાનોની હયાતી આપણા મનમાં અનેક પ્રશ્નો ઊભા કરે છે. આ લોકોએ આટલે ઊંચે શા માટે મકાનો બનાવ્યાં હશે? આખા ભુતાનમાં એક સરખાં, એક જ પેટર્ન પર મકાનો જોવા મળે છે.

અમારો ડ્રાઈવર કમ માર્ગદર્શક કહે છે, આ ભુતાનનો પશ્ચિમ ભાગ છે. મધ્ય અને પૂર્વ ભુતાન કરતાં અહીં વસ્તી પ્રમાણમાં સારી છે. અમે જોઈએ છીએ કે, પગથિયા આકારનાં ખેતરો, એમાં કામ કરતાં લોકો, આજુબાજુ ચરતી ગાયો-બકરાં અને રખડતાં કૂતરાં! આ વિસ્તાર ડાંગર અને બાગાયતિ ખેતીનો છે. આપણે જેને 'સ્ટેપ ફાર્મીંગ' કહીએ છીએ તે અહીં જોવા મળે છે. આખો ભુતાન જાણે એક સીડી હોય એવો લાગે છે. નીચે એકદમ સાંકડો અને ઉપર જતાં પહોળો લાગે છે. દરિયાની સપાટીથી નીચેનો ભાગ આશરે ૯૮૫ ફૂટ છે તો ઉપર જતાં ૨૩૦૦ ફૂટની ઊંચાઈ પ્રાપ્ત કરે છે. આ દેશની ભૌગોલિકતા વિશિષ્ટ પ્રકારની છે.

આજે પણ કેટલીક જગ્યાએ રોડનું સમારકામ થઈ રહ્યું છે. અહીં પ્રકૃતિની સાથે પશુ-પ્રાણી-પંખી અને માણસની પણ કાળજી લેવાય છે. આટલા વળાંકવાળા રસ્તા હોવા છતાં ક્યાંય હોર્નનો અવાજ સંભળાતો નથી. કોઈ વચ્ચે રસ્તો ક્રોસ કરતું હોય તો, ગાડી થોભી જાય. આપણે તો ઘરનો દરવાજો ખોલાવવો હોય, કોઈને બોલાવવા હોય, કોઈ રોડ ક્રોસ કરતું હોય તો હોર્નના અવાજો કાનના પડદાને ફાડી નાખે એવા આવતા હોય છે. અહીં એવું ક્યાંય જોવા મળતું નથી. ક્યાંય બમ્પ પણ નહિ, છતાંય અમે જેટલા દિવસ ફર્યા એમાં ક્યાંય કોઈ અકસ્માત થયેલો જોવા મળ્યો નહિ, ક્યાંય કારણ વગર કોઈ પોલીસ ન મળી. થિમ્ફુ કે પારો જેવાં નગરોમાં ક્યાંય કોઈ લાલ-લીલી લાઈટ દેખાણી નહિ! આ જ આ પ્રજાની શિસ્ત છે, સલામ છે એમને!

લીલાંછમ્મ ગાઢ જંગલોમાં, પર્વતોની ટોચ તરફથી નીચે પડતાં ઝરણાં જાણે આપણને આમંત્રણ આપતાં ન હોય! ઊભા ઊભા એ દૃશ્યને કેમેરામાં મઢી લેવામાં આવે અથવા કેટલાક મિત્રો તો એનો વીડિયો લઈ લે છે! ફુસ્તોલિંગથી શરૂ થયેલો રસ્તો અમને ક્યારે થિમ્ફુ પહોંચાડશે એ કરતાં વિશેષ તો વચ્ચે અંધારું થઈ જશે એની ચિંતા હતી. ૪૬ કિ.મી.ના અંતરે ગેડુ (Gedu) આવ્યું ત્યાં સુધી અજવાળાએ સાથ આપ્યો. આ ગામમાં શૈક્ષણિક સંસ્થાઓ આવેલી છે. અહીં સ્કૂલ-એન્જીનીયર કૉલેજ પણ ખરી! રડ્યા-ખડ્યા વિદ્યાર્થીઓ રસ્તામાં ચાલતા જોવા મળ્યા!

આકાશમાં વાદળોનું આક્રમણ શરૂ થયું. પર્વતોનાં દર્શન અદૃશ્ય થવા લાગ્યાં. ઝરમર ઝરમર વરસાદનું આગમન પણ થયું. ગેડુથી ૪૨ કિ.મી. અંતરે આવેલા ચુખા (Chukha) આવતાં સુધીમાં તો અંધકાર અને વરસાદે અમને બરાબર જકડી લીધા. પણ ડ્રાઈવરને એની કોઈ જ તમા નહોતી! એતો એની મસ્તીમાં મસ્ત હતો. હસતો વાતો કરતો ગાડીને ધીમે ધીમે હંકારી રહ્યો હતો. અમને ફડક હતી, એને આનંદ હતો. એનું કારણ એ છે કે, એને તો આ કાયમી હતું. તમને જો ટ્રાફિક સેન્સ અને શિસ્ત હોય તો પ્રશ્નો ઊભા થતા નથી. ચુખાની ખીણમાં ૩૩૬ એમડબલ્યુ પાવરસ્ટેશન આવેલું છે. ડ્રાઈવરે કહ્યું: 'આપણે પાછા આ જ રસ્તે આવવાનું છે. દિવસનો સમય હશે એટલે બધુ જોવા મળશે.'

આ વૉન્ગ ચુ (wong Chhu) છે. ચુ એટલે નદી. જો કે, ચુઝોન પાસે વૉન્ગ ચુ અને પારો ચુ નો સંગમ થાય છે. છતાં આ વૉન્ગ

*(વધુ માટે જુઓ અનુસંધાન પાનું ...૧૬)*

# સ્વાસ્થ્ય મિત્ર - ''અલ-ફુલ-ફા, AlFalfa, રજકો''
# કુદરતની અનમોલ - અદ્દ્ભુત ભેટ

હિંમતલાલ શાંતીલાલ ગાંધી

અલ-ફુલ-ફા'એ એરેબીયન શબ્દ છે, જેનો અર્થ થાય છે - 'તમામ ખોરાકનો પિતામહ'. આજથી ૧૬૦૦ વર્ષ પહેલા આ શ્રેષ્ઠતમ ઔષધ - સુપરફુડને આરબોએ પારખ્યું અને તેને નામ આપ્યું અલ-ફુલ-ફા - સમસ્ત ખોરાકનો પિતામહ. કાળક્રમે આ ઔષધ દુનિયાભરમાં 'આલ્ફાલ્ફા' તરીકે સ્વીકૃતિ પામ્યું. જો કે ગુજરાતમાં ઘોડા તથા ગાયનાં ખોરાક તરીકે તેને રજકો કહેવામાં આવે છે.

આ છોડ તો દોઢ બે ફુટનો જ થાય છે, પરંતુ તેના મૂળીયા ૨૦ થી ૩૦ ફુટ ઉંડે જમીનમાં જઈને કિંમતી દ્રવ્યો -વિટામીન્સ, મીનરલ્સ, એન્જાઈમ્સ અને અગણિત પોષક દ્રવ્યો ખેંચી લાવે છે જે બીજી વનસ્પતિ મેળવી શકતી નથી કારણ કે તેના મૂળીયા ચાર થી પાંચ ફુટ જ જઈ શકે છે. એટલે જ માનવજાત છેલ્લા લગભગ ૧૬ વર્ષથી એક સુપરફુડ તરીકે તેનો ઉપયોગ કરતી રહી છે. સદીઓ અગાઉ આરબોએ આ વનસ્પતિના ચમત્કારિક ગુણોને પારખ્યા. તેમણે અનુભવ્યું કે આ વનસ્પતિ ખાઈને અરબી અશ્વો ખડતલ રહે છે અને હવાથી વાતો કરતાં હોય તેમ ભાગી શકે છે. પછી અરબસ્તાનમાં તેના ઉપર અનેક પ્રયોગો થયા. માનવજાતની વિવિધ બિમારી પર તેનો કેવી રીતે ઉપયોગ થઈ શકે તે અંગે વિસ્તૃત અભ્યાસ કરાયો. પશ્ચિમના વૈજ્ઞાનિકોએ પણ પ્રયોગો હાથ ધર્યા. જેનાથી તેની રોગપ્રતિકારક શક્તિ, અલગ અલગ બિમારીમાં અસરકારક પરિણામો અને સ્વાસ્થ્યવર્ધક સુપરફુડ તરીકે માન્યતા મળી.

કેટલાક અતિ મહત્વના વિટામીન્સ છે જે ભાગ્યે જ અન્ય કોઈ ફુડમાં મળે - જેમકે વિટામીન D, K, U, રજકામાં નેચરલી મળે છે. તદ્ઉપરાંત તેમાં ઉંચી માત્રામાં ક્લોરોફીલ (chlorophyll) છે. જેને ગ્રીન બ્લડ પણ કહેવામાં આવે છે. એની અદ્ભુત-unique ન્યુટ્રીશનલ અને મેડીકલ વેલ્યુ છે. તદ્ઉપરાંત તેમાં ઉંચી માત્રામાં વિટામીન 'A' અને વિટામીન 'B-12' પણ છે. તે ફાયબરનો પણ ખજાનો છે. તેમાં પ્રોટીન પણ ભરપૂર માત્રામાં છે. તેમાં મહત્ત્વના એનજાઈમ્સ છે, જે ચારે પ્રકારના ખોરાક-પ્રોટીન્સ, ફેટ્સ, સ્ટાર્ચ અને શુગરનાં પાચનમાં ખુબ જ જરૂરી છે.

ગ્રીક અને ચાઈનીઝ વૈદકમાં તેનો ઉપયોગ આર્થરાઈટીસ અથવા 'વા'નો ઈલાજ કરવા માટે થતો આવ્યો છે. આ માટે આલ્ફાલ્ફાથી વિશેષ કોઈ દેશી દવા જ નથી. 'વા' અને ગંઠિયો વાનો એલોપથી પાસે કોઈ કાયમી ઈલાજ નથી. આયુર્વેદની દવાઓ પણ તમાં કામચલાઉ રાહત આપે છે. ચાર થી છ મહીના સુધી આલ્ફાલ્ફાનું સેવન કરવાથી તેનાથી કાયમી છુટકારો મેળવી શકાય, વોશિંગ્ટન સ્ટેટ યુનિવર્સિટી દ્વારા થયેલા સંશોધનમાં પુરવાર થયેલ કે વા અને ગંઠિયા વાની બિમારીમાં રજકા કરતાં વધુ અસરકારક દેશી ઔષધ બીજું એક પણ નથી. આર્થરાઈટીસ, એનીમીયા, પગમાં સોજા આવવા તથા વાનાં દરેક પ્રકારમાં આલ્ફાલ્ફા જબરદસ્ત પરિણામ આપે છે. સંધીવાનો તે કાયમી અને શ્રેષ્ઠ ઈલાજ છે.

પ્રોટીનનું પ્રમાણ ઉંચુ હોવાના કારણે તેનામાં બેડ-કોલેસ્ટ્રોલ દુર કરવાની સાથોસાથ ગુડ-કોલેસ્ટ્રોલ જાળવી રાખવાનું કાર્ય પણ કરે છે. હૃદયની નળીઓમાં બ્લોકેજ થવા દેતું નથી અને થયેલ બ્લોકેજને દૂર કરવામાં મદદ કરે છે.

સ્ટેનફોર્ડ યુનિવર્સિટીએ હાથ ધરેલા સંશોધનમાં પુરવાર થયું છે કે રજકાના સેવનથી પેટનું અલ્સર મટાડી શકાય છે. બહુ વિરલ કહી શકાય તેવું વિટામીન - 'યુ' તેમાં મોજુદ છે, જેનાં કારણે અલ્સર, પેપ્ટીક અલ્સર, કોલાઈટીસ, ગેસ્ટ્રાઈટ્સ જેવી સમસ્યાઓથી છુટકારો મેળવી શકાય છે. સ્ટેનફોર્ડ યુનિવર્સિટીનાં સંશોધનોમાં જાણવા મળ્યું છે કે વિટામીન - યુ ની મદદથી પેપ્ટિક અલ્સરનાં એંશી ટકા કેસમાં દર્દીઓની સફળ સારવાર કરી શકાઈ હતી.

તેમાં પ્રચુર માત્રામાં વિટામીન-એ રહેલ છે. રજકાના નિયમિત સેવનથી શરીરને પુરતી માત્રામાં વિટામીન-એ મળી રહે છે. જે આંખોની દૃષ્ટિ માટે ઉપયોગી છે. કોઈપણ પ્રકારના ઈન્ફેક્શન સામે લડવા માટે તે અતિ ઉપયોગી છે. આંખના પ્રોબ્લેમ સામે મદદ કરે છે અને રતાંધળાપણાથી બચાવે છે.

તેમાં રહેલું વિટામીન 'ઈ' આપણી ત્વચાને સૂર્યતાપના રેડીએશનથી રક્ષણ આપે છે. હવાના પ્રદુષણ સામે મુકાબલો કરીને એ ત્વચાને નવજીવન આપે છે શરીરનાં મસલ્સને સ્વસ્થ રાખે છે. હૃદયને રક્ષણ આપે છે અને હૃદયની નળીઓનું સ્વાસ્થ્ય જાળવી રાખવામાં મદદ કરે છે.

શરીર સ્વાસ્થ્ય માટે અતિ મહત્વનું વિટામીન 'ડી' જેની ઊણપના કારણે ઘણા બધા રોગોનો ભોગ બનવું પડે છે. જે મહદ્ અંશે સુર્ય પ્રકાશમાં રહેવાથી જ મળે છે. બહુ જ ઓછા શાકભાજીમાં અલ્પ માત્રામાં તે મળે છે, પરંતુ રજકામાં આ વિટામીન પણ સારા

એવા પ્રમાણમાં છે. એક રતલ રજકામાં ૪૭૪૦ ઈંટરનેશનલ યુનીટ વિટામીન-ડી પ્રાપ્ત થાય છે. લગભગ ૮૦ ટકા લોકોમાં વિટામીન-ડીની ઉણપ હોવાનો રીપોર્ટ છે.

બીજું એક અતિ મહત્વનું વિટામીન-કે અન્ય કોઈ વનસ્પતિમાં નથી મળતું; જે દિર્ઘાયુ માટે તથા જનરલ હેલ્થ માટે ખૂબ ઉપયોગી છે તથા ઈજા પછી રૂઝ લાવવામાં લોહી જામવાની પ્રક્રિયા ઝડપી બનાવે છે - જે એન્ટી એજીંગ છે; જે હાઈ બ્લડ પ્રેશર અને જોંડીસ જેવા પ્રોબ્લેમમાં પણ ઉપયોગી છે, તે આલ્ફાલ્ફામાં ઉંચી માત્રામાં મળે છે.

તેમાં રહેલું ક્લોરોફીલ લોહીમાં હેમોગ્લોબીન વધારે છે, એટલે પાવરફુલ ડીટોક્સીફાયરનું કામ કરે છે. તેમજ સીરમ યુરીક એસીડ ઓછું કરે છે જેથી કેન્સરથી બચાવે છે. તે માતાના ધાવણની ક્વોલીટી સુધારે છે અને ક્વોંટીટી વધારે છે.

રજકામાં મોજુદ વિટામીન-બી-૬ ત્વચાને સારી રાખે છે. પ્રોટીન અને ફેટના મેટાબોલીઝમને દુરસ્ત રાખે છે. તદ્ઉપરાંત તે વિટામીન-બી-૧૨ પણ ઉંચી માત્રામાં ધરાવે છે, જેથી તેની ઉણપથી થતાં રોગોથી બચાવે છે. લીવરના ફંકશન માટે ઉપયોગી વિટામીન-કે પણ તેમાં છે. આ વિટામીન દિર્ઘાયુ (Anti Ageing) માટે અને જનરલ હેલ્થ માટે ઉપયોગી છે.

થાયરોડ જેવી જટીલ બિમારીમાં તે અદ્ભુત કામ આપે છે. થાઈરોડથી પીડાતા દર્દીઓને રોજબરોજના જીવનમાં અનેક મુશ્કેલીઓ નડતી હોય છે. આલ્ફાલ્ફાના નિયમિત સેવનથી તેમની તકલીફો ખાસ્સી હદે હળવી થાય છે.

એરીપેસન તેમાં રહેલું વિટામીન-ડી હાડકાની મજબુતીમાં અને પેઢાને મજબુત બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

રજકામાં પ્રોટીનનું પ્રમાણ લગભગ ૧૯ ટકા છે. માંસમાં તે ૧૬.૫ ટકા હોય છે. દૂધમાં ૩.૩ ટકા. જ્યારે ઈંડામાં ૧૩ ટકા જેવું હોય છે. આમ પ્રોટીનની બાબતમાં તે નોન-વેજખોરાક કરતા પણ આગળ છે. તેમાં ભરપૂર માત્રામાં કેલ્શિયમ છે. આયર્ન પણ છે. જેનાથી શરીરનું સ્વાસ્થ્ય સારૂં રહે છે. હેમોગ્લોબીન વધુ બને છે અને લોહીને ઓક્સીજન પણ પુરતો મળી રહે છે. મેંગેનીઝ લોહીમાંથી ખાંડનું પ્રમાણ ઘટાડે છે જેથી ડાયાબીટીઝ માટે લેવાની દવાઓને આપમેળે વધુ અસરકારક બનાવે છે. મેંગેનીઝ ઉપરાંત પ્રચૂર માત્રામાં પોષક દ્રવ્યો મોજૂદ છે. જેવા કે પોટેશિયમ, ફોસ્ફરસ, ક્લોરિન, સોડીયમ અને સીલીકોન મેગ્નેશિયમ જેવા તેના દ્રવ્યો શરીરને અનેક પ્રકારે મદદ કરે છે. મીનરલ્સની બાબતમાં તેના જેટલું સમૃધ્ધ સુપરફુડ ભાગ્યે જ બીજુ કોઈ હશે.

રજકાનો એક અદ્ભુત ગુણ છે, ચરબી ઘટાડવાનો. તેમાં એવા તત્વો ઠાંસી-ઠાંસીને ભર્યા છે જે ચરબી ઓગાળવામાં મદદ કરે છે. જો તમે ડાયેટીંગ કરતા હો તો રજકો તેની અસર ચાર ગણી વધારી દે છે. તેનામાં એવા ભરપુર પોષક દ્રવ્યો છે જેનાથી વધુ પડતી ભુખ લાગતી નથી. ડાયેટીંગ કરનારને નબળાઈ આવી જતી હોય છે, સુસ્તી જેવું લાગવા માંડે છે. પરંતુ જો ડાયેટીંગ સાથે રજકો લેવામાં આવે તો કોઈ ફરીયાદ રહેતી નથી.

પશ્ચિમમાં થયેલા પરિક્ષણો પરથી સાબિત થયું છે કે કિડની, મુત્રાશય, પ્રોસ્ટેટના દર્દીઓ માટે અકસીર ઈલાજ છે. કિડનીમાં એ પથરી થવા દેતું નથી અને થઈ હોય તો તેને ઓગાળવાની ક્ષમતા ધરાવે છે. વધતી ઉંમર સાથે યુરિનનો પ્રવાહ ઘટી ગયો હોય તો તેને નિયમિત કરવાની શક્તિ રજકામાં છે.

એલર્જીથી પીડાતા કે અસ્થમાથી પીડાતા દર્દીઓ માટે આલ્ફાલ્ફા આશીર્વાદરૂપ સાબિત થાય છે. આવા દર્દીને એ ખાસ્સી રાહત આપે છે. રજકામાં રહેલું ક્લોરોફિલ આવી સ્થિતિમાં સાયનસ અને ફેફસાને રક્ષણ આપે છે, રિકવરીનો સમય બહુ ઘટાડી નાંખે છે.

આરબો અને ગ્રીક પ્રજાએ તેને એક પૌરુષવર્ધક ઔષધ તરીકે માન્યતા આપી છે. ચાઈનીઝ ઔષધ શાખામાં તો આ બાબતે તેનાં ભરપૂર ગુણગાન ગવાયા છે. માત્ર પુરુષ જ નહીં પણ સ્ત્રીની પ્રજનન શક્તિ પણ તે વધારે છે.

અકાળે ધોળા થતાં વાળ કે ખરતાં વાળની પણ એ એક અકસીર દવા છે. ગમે તેટલી જુની કબજીયાત દૂર કરવાની તેનામાં ક્ષમતા છે. શરીરનાં આખા પાચનતંત્રનો કાયાકલ્પ કરીને એ મનુષ્યને સ્વસ્થ જીવન આપવા સમર્થ છે.

રોજબરોજનાં જીવનમાં આપણો આહાર એકદમ સમતોલ હોતો નથી. શાકાહારી વ્યક્તિએ શરીરને પોષણ આપવા માટે પોતાની થાળીમાં રોટલી, લીલુ શાક, સલાડ, દાળ, કઠોળ, દહીં-દૂધ જેવી અનેક વસ્તુ આવરી લેવી પડે છે. સાથોસાથ એકાદ ફળ અને ડ્રાયફ્રુટ્સ લેવા પડે, જે શક્ય નથી. આજની મોટી સમસ્યા આ દરેક વસ્તુ શુદ્ધ તથા કેમિકલ વગરની મળવી પણ મુશ્કેલ છે. એટલે જ આપણું શરીર જરૂરી વિટામીન્સ ખનીજો, એમિનો એસીડ્સ વગેરેથી વંચિત રહી જાય છે. રોગપ્રતિકારક શક્તિ - ઈમ્યુનિટી ઘટી જાય છે. આપણે રોગનો ભોગ બનીએ છીએ. આપણી થાળીમાં રહી જતી કમીને આલ્ફાલ્ફાનાં નિયમિત સેવનથી ભરપાઈ કરી શકાય છે.

Nutrition Facts :- (20gm Quantity)

| | |
|---|---|
| Moisture : 5.8% gm | Iron : 45.5mg/100 gm |
| Magnesium : 1450mg/100 gm | Protin : 25.2% gm |
| Zinc : 98.5mg/100gm | Fat : 2.5% gm |
| Vitamins : 45.28mg/100gm | Crude Fibre : 0.4% gm |
| B.Carotene : 109070 iu/100gm | Carbohydrates : 54.0% gm |

Calories : 395k.cal./100gm
Soluble dietory fibre : 0.355% gm
Calcium : 35mg/100gm
Insoluble dietory fibre : 65.20% gm
Phosphorus : 525mg/100gm
Total dietory fibre : 65.55% gm

આલ્ફાલ્ફાનો પાવડર મળે છે, જે એક ચમચી - લગભગ પાંચ ગ્રામ - હૂંફાળા પાણી સાથે સવારે લેવો.

વધારે સારા પરિણામ માટે આલ્ફાલ્ફા સ્પ્રાઉટ્સ લેવા ફણગાવેલા રજકાનાં બીયા.

૧૦૦ ગ્રામ આલ્ફાલ્ફા સ્પ્રાઉટમાં નીચે મુજબ મીનરલ્સ વિટામિન્સ, એન્ઝાઈમ્સ વગેરે મળે છે.

| | |
|---|---|
| ૨૩ કેલેરી | ૨.૧ ગ્રામ કાર્બોહાઈડ્રેટ્સ |
| ૩.૯૯ ગ્રામ પ્રોટીન | ૦.૬૯ ગ્રામ ફેટ |
| ૧.૯ ગ્રામ ફાયબર | ૩૦.૫ માઈક્રોગ્રામ વિટામીન કે |
| ૮.૨ માઈક્રોગ્રામ વિટામીન સી | ૦.૨ મીલીગ્રામ મેંગેનીઝ |
| ૦.૨ મીલીગ્રામ કોપર | ૭૦ મીલીગ્રામ ફોસ્ફરસ |
| ૨૭ મીલીગ્રામ મેગ્નેશીયમ | ૦.૧ મીલીગ્રામ રીબ્લોવીફીન |
| ૦.૯ મીલીગ્રામ ઝીંક | ૧ મીલીગ્રામ આયર્ન |
| ૦.૧ મીલીગ્રામ થીયામીન | ૧૫૫ આય.યુ. વિટામીન એ |

તો રોગપ્રતિકારક શક્તિ વધારવા આજથી જ રજકો આલ્ફાલ્ફાનું નિયમિત સેવન ચાલુ કરી દો.

❑❑❑

*૪૦૪, સુંદર ટાવર, ટી. જે. રોડ,*
*શીવરી - મુંબઈ - ૪૦૦ ૦૧૫.*
*મો.: ૯૩૨૩૩૩૧૪૯૩*

---

*(અનુસંધાન પાના ...૧૩ થી)*

ચુ જ નામે ઓળખાય છે. હવે ગાડીમાંથી બહાર જોવાનો પ્રશ્ન જ નહોતો. બહાર વરસાદ અને ઠંડીની શરૂઆત.

રાત્રે નવ વાગે ફુન્ત્સોલિંગથી રીચેન્ડી, જોન્ગલખા, ગેદુ, ચુખા, સીમાસમ, બુનાખા, ચેપચા, ચુઝોમ, ખાસદ્રાકુ, ચંગાનખા, પુજોડિન્ગ, થઈને આમાંના એક પણ ગામની જાણકારી વિના થિમ્ફુ પહોંચી ગયા. જમવાનું તૈયાર હતું એટલે જમીને પોતપોતાના રૂમમાં ઢબુરાઈ ગયા...

**(વધુ આવતા અંકે...)**

❑❑❑

'ઋત' ૪૩, તીર્થનગર, ૧૦૧,
સોલા રોડ, ઘાટલોડીયા,
અમદાવાદ - ૩૮૦૦૬૨. મો. ૯૮૨૫૦૯૮૮૮૮

## અભિનંદન...અભિનંદન...અભિનંદન...

ઉમાશંકર જોશી શાન્તિનિકેતનના ચાન્સેલર બન્યા હતા. હવે બળવંત જાની સાગર યુનિવર્સિટીના ચાન્સેલર બન્યા છે. ચાન્સેલરનો હોદ્દો રાજ્યપાલના હોદ્દાની સમકક્ષ ગણાય છે. ભારતના મહામહિમ રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદજીએ ભારત સરકારના માનવ સંસાધન મંત્રાલયના ઉચ્ચ શિક્ષણ વિભાગ દ્વારા મધ્યપ્રદેશની સુખ્યાત સાગર યુનિવર્સિટી 'ડો. હરિસિંહ ગૌર વિશ્વ વિદ્યાલય – સાગર'ના ચાન્સેલર–કુલધાપતિ પદે હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ એન.સી.ટી.ઈ.વેસ્ટ ઝોન ભોપાલનાં પૂર્વ ચેરમેન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની આર્ટસ ફેકલ્ટીના પૂર્વ ડીન તેમજ ગુજરાતી ભાષા સાહિત્ય ભવનનાં પૂર્વ પ્રાધ્યાપક અને અધ્યક્ષ ડો. બળવંત જાનીને નિયુક્ત કર્યા છે. સાહિત્ય, શિક્ષણ અને સંસ્કૃતિ ક્ષેત્રમાં તેમના વ્યાપક પ્રદાનને અનુલક્ષીને એક કુલધાપતિ જેવા ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રના અત્યંત મહત્વના પદ પર સૌરાષ્ટ્રને સૌ પ્રથમ વખત આ પ્રકારનું ગૌરવ પ્રાપ્ત થઈ રહ્યું છે. રાજ્યની યુનિવર્સિટીઓમાં કુલધાપતિ ચાન્સેલર પદે જે–તે રાજ્યનાં ગવર્નરશ્રી હોય છે. જ્યારે કેન્દ્ર સરકાર હસ્તકની સેન્ટ્રલ યુનિવર્સિટીઓમાં શિક્ષણ ક્ષેત્રનાં મહત્વનાં રાષ્ટ્ર વિખ્યાત વિદ્વાનોને કુલાધિપતિનાં ગરિમાપૂર્ણ પદે પાંચ વર્ષ માટે નિયુક્ત કરાતા હોય છે. લોકસાહિત્ય, ચારણી સાહિત્ય, સંત સાહિત્ય, ડાયસ્પોરા સાહિત્ય ક્ષેત્રે બળવંતભાઈનાં સવાસોથી વધુ પુસ્તકો પ્રકાશિત થયાં છે. તેઓ ગુજરાત સરકારનાં 'લોકગુર્જરી' સામાયિકનાં છેલ્લા વીસ વર્ષથી સંપાદક છે. આ ઉપરાંત, તેઓ અખિલ ભારતીય સાહિત્ય પરિષદના નવ વર્ષ સુધી રાષ્ટ્રીય અધ્યક્ષ હતા અને હવે રાષ્ટ્રીય સંરક્ષક છે. શ્રી જાની રાજકોટમાં વિદ્યાભારતી સંલગ્ન સરસ્વતી શિશુ મંદિરનાં મેનેજીંગ ટ્રસ્ટી પણ છે. તદઉપરાંત, વિદેશમાં વસતા ગુજરાતી સમાજ અને સાહિત્ય માટે ક્રિયાશીલ સંસ્થા 'ગાર્ડી રિસર્ચ ઇન્સ્ટીટ્યુટ ફોર ડાયસ્પોરા સ્ટડીઝ' ગ્રીડસના માનદ નિયામક પણ છે. મધ્યપ્રદેશની નામાંકિત સાગર યુનિવર્સિટીમાં રાષ્ટ્રપતિ દ્વારા ડૉ. બળવંત જાનીની ચાન્સેલર પદે નિયુક્તિ થયાં છે.

# ઉપાધ્યાય યશોવિજયજીના સાહિત્યમાં માનવમૂલ્યો

**ડૉ. રમજાન હસણિયા**

કોઈપણ ઉત્તમ ધર્મરંગી સાહિત્યમાં જીવાતા જીવનની વાત, માનવ-જીવનના ઉત્થાનની વાત સહેજે આવવાની જ. અધ્યાત્મના ઉત્કૃષ્ટ શિખરો સર કરવા પૂર્વે સાધકે જીવન-વિકાસના પગથિયા સર કરવાના રહે છે. બલ્કે આ જીવન મૂલ્યોનો સર્વાંગી વિકાસ જ વ્યક્તિની ભીતરી ઊંચાઈનો પરિચાયક બને છે. જીવનની કહેવાતી નાની નાની એવી કેટલીય બાબતોનો સરવાળો થાય છે ત્યારે ઉત્કૃષ્ટ જીવનની ઈમારત બંધાય છે. કોઇપણ ધર્મ જીવાતા જીવનને, તેના મૂલ્યોને અવગણી ઊંચાઈની વાતો કરે તો તે ટકી ન શકે. આત્મદર્શન જો શિખર છે તો જીવન મૂલ્યો એની તળેટી છે. તળેટીના આધાર વિના શિખરની કલ્પના જ કઈ પેરે થઈ શકે? એટલે જ જૈન ધર્મે વ્યવહાર અને નિશ્ચય બંનેને સમાંતરે ઊભા રાખ્યા છે. જૈન દર્શને તો અહિંસા, પ્રેમ, કરુણા, ક્ષમા, દયા, મૈત્રી જેવા જીવનમૂલ્યોને ધર્મના પ્રાણ સમાન ગણાવ્યા છે. તેથી જ આ પરંપરાને જેમણે આત્મસાત કરી છે તેવા જૈન કવિઓના કવનમાં સ્વાભાવિક રીતે આ મૂલ્યો વણાઈને આવવાના જ.

સાહિત્ય જગતમાં 'કલા ખાતર કલા' અને 'જીવન ખાતર કલા'નો વિવાદ વર્ષો જુનો છે. પણ આ સંદર્ભે થયેલા ઉહાપોહથી એટલું તો ચોક્કસ ફલિત થાય જ છે કે કવિતામાં જીવનબોધ જો આવે તો 'કાન્તાસંમિતતયોપદેશ'ની જેમ આવવો જોઈએ. સાહિત્યના અભ્યાસીઓ એક વાત પર તો સહમત થયા જ છે કે ઉત્તમ કવિઓ કાવ્યાત્મકતાને સહેજપણ જફા પહોંચાડ્યા વિના શ્રેષ્ઠતમ રીતે જીવનવિકાસની વાતોને પોતાના કવનમાં વણી શક્યા છે. આ પરંપરામાં જૈન કવિઓની કાવ્યશ્રીને પણ અવગણી શકાય તેમ નથી. જૈન કવિઓ-સાધુઓના મનમાં જીવન-વિકાસ એટલે પામરથી પરમ, આત્માથી પરમાત્મા, જીવથી શિવ સુધીની યાત્રા. આ ભૂમિકાએ જૈન સાહિત્યમાં ત્યાગ, સંયમ, વૈરાગ્યની વાતો વિશેષરૂપે આવી, જેના પરિણામસ્વરૂપ કેટલાક ચિંતકો-વિવેચકોને આ સાહિત્ય માત્ર ધર્મરંગી, એક જ પ્રકારનું જણાયુ જેથી તેની ઉપેક્ષા પણ ખાસ્સી એવી થઇ. પરંતુ સ્વસ્થ-તટસ્થ વિવેચના કરનાર અભ્યાસુઓને તેમાં ઉત્તમ કાવ્યાત્મકતા અને જીવનના રંગોની સુભગ ભાત પણ જડી આવી છે.

મધ્યકાળના અનેક ઉત્તમ જૈન કવિઓમાંથી જેમને અગ્રગણ્ય સ્થાનના અધિકારી ગણાવી શકાય તેવા કવિઓમાંના એક એટલે ઉપાધ્યાય યશોવિજયજી મહારાજ. જેઓ તર્ક અને ન્યાયમાં પ્રાવિણ્ય ધરાવતા હતા તેવા યશોવિજયજીની કવિતામાં સામાન્યજનને પણ સમજાય તે રીતે જીવનબોધની વાતો મળી આવે છે. આટલા પ્રતિભાવંતોને આટલી સાદી બાનીમાં ને કહેવાતી નાની નાની વાતો કરવાનું મન કેમ થતું હશે? તો તેનો જવાબ છે તેમની નજર સમક્ષ માણસ છે. 'જયવીયરાયસૂત્ર' જેવું ઉત્તમ પ્રાર્થનાસૂત્ર આપનાર ગણધર ભગવંતોની નજર સમક્ષ પણ માણસ છે, માટે તેમણે 'માર્ગાનુસારિતા'ના ગુણોની માગણી કરેલ છે. મધ્યકાળના મીરાં, નરસિંહ, અખો કે અન્ય સાંપ્રદાયિક કવિઓના કવનના કેન્દ્રમાં ઘણે અંશે માણસ જ રહ્યો છે. માણસના આંતર-વિકાસના પગથિયા જાણે આ કવિઓએ કંડારી આપ્યા છે.

જેનાથી માણસ ઊંચકાય, માણસ ખરા અર્થમાં માણસ બને-તે માનવમૂલ્યો. આ મૂલ્યો સાર્વજનીન અને સર્વકાલીન છે. પ્રેમ, કરુણા, મૈત્રી, દયા, ક્ષમા જેવા ઉત્તમોત્તમ માનવમૂલ્યો કોઈપણ કાળમાં એક સમાન જ રહેવાના. મૂલ્યો ક્યારેય જૂના નથી થતા. માટે જ મધ્યકાળના કવિઓએ જીવનમૂલ્યોની જે વાતો કરી છે તે આજે પણ એટલી જ બલકે વધારે પ્રસ્તુત છે.

માણસ હોવા માટે પ્રાથમિક શરત છે-માનવતા. કેટલીક જગાએ સાધુને તેમનો ધર્મ સમજાવવા માટે પણ કવિ યશોવિજયજીએ માનવતાના મૂલ્યોની દુહાઈ દીધી છે. જૈન દર્શનના પાયારૂપ શીલની વાત-'ચારિત્ર્ય'ની વાત તો કોઈ પણ જૈન કવિની કવિતામાં આવવાની જ. શીલ એટલે માત્ર ચારિત્ર્યશુદ્ધિ એટલું જ નહિ પણ ક્યારે શું કરવું અને શું ન કરવું તેનો વિવેક. મહાપુરુષો આપણા દોષ જાણતા હોવા છતાં આપણા પર ચોકડી નથી લગાવતા. અવગુણોને ચિત્ત ન ધરતા આ પ્રજ્ઞાપુરુષો કઈ રીતે મર્યાદાઓને અતિક્રમી ગુણસંપન્ન થવાય તેનો રાજમાર્ગ ચીંધી આપે છે. આ રીતે જ સરળતમ બાનીમાં સમજાવતા કવિ યશોવિજયજી કહે છે કે, 'જે શીલનું પાલન કરશે, તેનો યશ ચોતરફ ફેલાશે. 'સુજસ' શબ્દ અહીં શ્લેષ અલંકાર પ્રયોજવા પણ ખપમાં લેવાયો છે.

*''મૂલ ચારિત્રનું એ ભલું, સમકિતવૃદ્ધિ નિદાન,*
*શીલ સલિલ ઘટે જિકે, તસ હુએ સુજસ વખાણ''*

તો વળી,'પ્રાણ જાયે પણ વચન ન જાય' એ ભારતીય પરંપરાના જીવનમૂલ્યને થોડી જુદી રીતે સમજાવતા કવિ 'છ આગારની ઢાળ'માં કહે છે,

*''બોલ્યું તેહવું પાલીએ, દંતીદંત સમ બોલ લલના;*
*સજ્જનના દુર્જન તણા, કચ્છપકોટિને તોલ લલના.''*

જેમ હાથીના દાંત નીકળ્યા તે નીકળ્યા તેમ વીરના વચનો એક વખત ઉચ્ચારાઈ જાય પછી ફરે નહિ. તેઓ કાચબાની જેમ પોતાના અંગો દેખાડીને પાછા ભીતર સંકોચી ન લે. દીધેલ કોલથી-આપેલ વચનથી ફરી ન જવાની વાત કવિ અહીં શીખવી જાય છે.

જૈન ધર્મનો પ્રાણરૂપ સિદ્ધાંત તે અહિંસા. જૈન દર્શને જેટલી સૂક્ષ્મતાથી અહિંસાની વાત કરી છે તેટલી ભાગ્યે જ અન્યત્ર થઇ હશે. મન વચન કાયાથી અહિંસા પાલનની વાત જૈન-દર્શન કરે છે. અહિંસા જેવા ઉત્તમોત્તમ માનવમૂલ્યો આત્મસાત કરવાની વાત કવિ કંઈક આ રીતે કરે છે,

*''મર કહેતાં પણ દુખ હુવે રે, મારે કીમ નહિ હોય?*
*હિંસા ભગિની અતિ બુરી રે, વૈશ્વાનરની જોય રે.''*

આકરા શબ્દો પણ જો દુઃખ પહોંચાડતા હોય તો ખરેખર હિંસા તો વેદના પમાડે જ ને! જેમ આગની પાસે જવાથી પણ તાપ લાગતો હોય તો તેનો સ્પર્શ તો દઝાડે જ ને! કવિ વ્યવહાર જીવનના ઉદાહરણો દ્વારા શ્રેષ્ઠત્તમ માનવમૂલ્યોના પાઠ ભણાવતા જાય છે. અન્યત્ર આજ ભાવને જુદી રીતે વર્ણવતા કવિ કહે છે કે ભવકૂપથી ઉગરવા માટે એક જ માર્ગ છે અને તે છે પૂર્ણ અહિંસા. અહિંસાની ભાવના જે વ્યક્તિના મનમાં દ્રઢ થશે તે વ્યક્તિ કોઈને તકલીફ પહોંચે તેવું કોઈ કૃત્ય નહિ કરે. મનમાં જ્યાં સુધી પૂર્ણ અહિંસા નથી ત્યાં સુધી મુક્ત નહિ થવાય એ વાત કેટલી ઠોસ રીતે કવિ કરે છે. બધા પાસા વિચારી લો, તે સર્વના મૂળમાં અહિંસા જ જણાશે. માટે જ જૈન સાધુ આજે આપણા જ સમયમાં જીવતા હોવા છતાં તેમની પ્રત્યેક ક્રિયામાં અહિંસા પાલનને પ્રાધાન્ય આપે છે. જૈન દર્શન તો વિચાર-હિંસાથી પણ બચવાની વાત કરે છે. માટે કવિ કહે છે,

*''મારગ એક અહિંસા રૂપ, જેહથી ઉગરીયે ભવકૂપ;*
*સર્વ યુક્તિથી એહજ જાણો, એહજ સર સમય મન આણો''*

કવિને રસ છે વ્યક્તિના જીવન-વિકાસ માટે વ્યક્તિ શું કરશે તો તેનું અધોપતન થશે ને શું કરશે તો તેનો ઉત્કર્ષ, તેની વાતો કવિએ પોતાની કવિતામાં વણી લીધી છે. જે વ્યક્તિ જીવન-વિકાસ માટે તત્પર છે તેણે સત્ય વચન તો બોલવા જ પડશે. મધ્યકાળના કવિઓ સામે સાવ સાદા-સીધા, અશિક્ષતિ લોકો છે. તેમની સામે પાંડિત્યપ્રચુર શૈલીમાં વાત મૂકે તો તે પણ એક પ્રકારની હિંસા જ ગણાય. માટે મધ્યકાળના લગભગ બધા જ સંપ્રદાયના કવિઓએ પોતાના કવનમાં ધર્મનું સરલીકરણ કર્યું છે. જુઓ કવિ યશોવિજયજી જેવા પ્રકાંડ પાંડિત્યના સ્વામી કેટલી સરળ રીતે સાચું બોલવા સૂચવે છે.

*''જે નવિ ભાખે અલીક, બોલે ઠાવું ઠીક;*
*આજ હો ટેકે રે, સુવિવેકે સુજસ તે વરેજી''*

કવિ સાચા ખોટાનો વિવેક રાખવાની ભલામણ કરે છે. વિવેક બહુ મોટો ગુણ છે. એટલું જ નહિ સાચું પણ વાગે એ રીતે નહીં પણ ઠાવકી રીતે એટલે કે પ્રેમપૂર્વક બોલવા સૂચવાયું છે. મજાની વાત એ છે કે આ વાત સીધા ઉપદેશના રૂપમાં નથી આવતી. નરસિંહની કવિતામાં જેમ વૈષ્ણવજનના લક્ષણો અપાયા છે તેમ અહીં વાત મુકાઈ છે. નરસિંહ તો જે સાચું છે તે કહીને છૂટી જાય તે કાંઈ સારા-નરસાનું કોઈને પ્રમાણપત્ર આપવા ન બેસે. ભાવકે તપાસવાનું હોય કે એ ગુણો તેનામાં છે કે કેમ? અહીં પણ કવિ સત્યવચન બોલવાથી, વિવેક રાખવાથી યશ વધે ને સુખ મળે એવું કહી અટકી જાય છે. સત્યવચન ઉચ્ચારણ માટે આગ્રહ નથી રખાયો, એજ કવિ તરીકેની તેમની જીત સૂચવે છે. આજ પ્રકારે સજ્જન વ્યક્તિમાં ક્રોધ ન હોય તેવી વાત કરતાં કવિ આગળ નોંધે છે કે,

*''ન હોય, ને હોય તો ચિર ન હોય, ચિર રહે તો ફલ છેહો રે;*
*સજ્જન ક્રોધ તે એહવો, જેહવો દુરજનનેહો રે''*

સજ્જનને ક્રોધ આવે નહીં, આવે તો લાંબુ ટકે નહીં અને જો ટકી પણ જાય તો તેના બહુ ખરાબ પરિણામ કોઈને ભોગવવા ન પડે. અર્થાત તે કોઈનું વધારે અહિત તો ન જ કરી શકે. આ વાત સમજાવવા કવિએ દુર્જનના પ્રેમની ઉપમાનો ઉપયોગ કર્યો છે. મૂળ વાત જે આગળ કરી હતી તે કે કવિતાને નુકશાન ન પહોંચવું જોઈએ. યશોવિજયજીની કાવ્યશક્તિ અહીં કેવી કામે લાગી છે જુઓ. સજ્જનના ક્રોધને દુર્જનના સ્નેહ સાથે સરખાવી જુઓ. આખી પંક્તિ ફરીથી તપાસતા સમજાશે કે દુર્જનને સર્વપ્રથમ તો પ્રેમ હોય જ નહિ, હોય તો લાંબો ટકે નહિ; અને કદાચ ટકી પણ જાય તો કોઈને તેના ઝાઝા સુફળ ખાવા મળે નહિ. આવી રીતે કવિતાઓમાં મનોરંજન તો બહુ થાય છે, પણ મંજન થવું આવશ્યક છે. આ મંજન કરવાનો પણ એક રસ છે જે આવા કવિઓએ પોતાની કવિતામાં ઘૂંટ્યો છે.

આત્મ-વિકાસ માટે સૌથી પ્રથમ શરત છે નમ્રતા-અહંશૂન્યતા. ગંગાસતીએ પણ તેમના શિષ્યા પાનબાઈને અધ્યાત્મના પાઠ શીખવતા પ્રથમ જ કહ્યું છે કે, 'ભક્તિ રે કરવી એણે રાંક થઇ ને રહેવું ને મેલવું અંતરનું અભિમાન રે'. કવિ આપણી મર્યાદાઓને બરાબર પ્રમાણે છે. તે જાણે છે કે સામાન્ય વ્યક્તિ માટે અહંને ઓગાળી દેવું મુશ્કેલ છે. માટે વ્યક્તિ પ્રમાણે ઠાવકી સલાહ આપતા કહે છે કે અહંકાર દેખા દે ત્યારે માત્ર પોતાના પૂર્વસૂરિઓને સંભારી લેવા. આપણી પૂર્વે કેવા કેવા મહારથીઓ થઇ ગયા છે એ વાતનું ભાન થતાં અહમ્ આપોઆપ ઓગળી જશે. આ રીતે પ્રાપ્ત થતી નમ્રતા કે લઘુતા પણ કંઈ નાની-સૂની ઉપલબ્ધિ નથી. 'લઘુતામેં પ્રભુતા બસે.' આજ નમ્રતાના ગુણનો વિકાસ વ્યક્તિને એવા ઊંચકશે કે સીધા શિવપદ સુધી પહોંચાડી દેશે. કવિ કહે છે,

*''પૂર્વ-પુરુષ-સિંધુરથી લઘુતા ભાવવું*
*શુદ્ધ ભાવન તે પાવન શિવ સાધન નવૂં''*

યશોવિજયજીના સાહિત્યમાંથી પસાર થતાં જણાશે કે તેમણે ઠેર ઠેર પોતાની જાતને અલ્પમતિ ગણ્યા છે. આડકતરી રીતે આ બહુ મોટું જીવનમૂલ્ય શીખવી જાય છે. મોટા થવું સહેલું છે પણ મોટા થઇ નાના બની રહેવું અઘરું છે. અખાની વાત ''ગુરુ થયો ત્યાં મણમાં ગયો'' સાવ સાચી છે. કવિ ઉત્કૃષ્ટ અવસ્થાએ પહોંચીને

પણ પોતાની જાતને અલ્પમતિ સમજી વાત કરે તે ભાવક માટે તેમની ખરી મોટાઈ સિધ્ધ કરી આપે છે.

મોટા કવિની ખૂબી એ છે કે તે નાની વ્યક્તિની ભૂમિકાએ આવીને વાત કરી શકે છે. પોતે રાગદ્વેષથી પર થઇ ગયા હોય ત્યારે રાગદ્વેષ છોડી દો એમ જ કહેવાય એવું સામાન્યતઃ લાગે. પરંતુ સાધક કવિ પોતાની કક્ષાએથી નીચે આવી અવતારકૃત્ય કરે છે. જુઓ કવિ કહે છે,

*''રાગ ન કરજો કોઈ નર કિણશ્યું રે,*
*નવિ રહેવાય તો કરજ્યો મુનિશ્યું રે;*
*મણિ જિમ ફણિ વિષનું તિમ તેહો રે,*
*રાગનું ભેષ જ સુજસ સનેહો રે...''*

ખરેખર તો કોઈનો રાગ કરવો યોગ્ય નથી. પણ જો તમારાથી રાગ કર્યા વિના નથી રહેવાતું; રાગ જો કરવો જ છે તો મુનીનો-સાધુનો રાગ કરજો. પ્રશસ્ત રાગ તમને કેમ મુક્તિ ભણી લઇ જશે તેની વાત દ્રષ્ટાંત આપતા કવિ સમજાવે છે કે જેમ સાપના ઝેરનું મારણ સાપની ફેણ પરનું મણિ જ છે તેમ રાગથી મુક્ત થવાનો ઉપાય છે સાધુપુરુષ પ્રત્યેનો રાગ. અહીં પ્રેમ કરવાની છૂટ અપાઈ છે. જૈન દર્શન રાગ અને પ્રેમ વચ્ચેની સુક્ષ્મ ભેદરેખા આંકી આપે છે. રાગમુક્ત થવાની વાત કરનાર જૈન ધર્મ પ્રેમયુક્ત થવાની વાત પણ સમાંતરે જ કરે છે. ધર્મ ક્યારે શુષ્ક ન હોઈ શકે. પૂ. અમરેન્દ્રવિજયજીએ પણ નોંધ્યું છે કે 'સાધુ એટલે પ્રેમનો સંકોચ નહિ પણ વિસ્તાર.' ભગવાન પ્રત્યેની પ્રીતિ પણ આજ રીતે ભવપાર થવાનું કારણ બને છે.

દ્વેષભાવ ત્યજી ગુણાનુરાગી બનવાની વાત કવિ કંઈક આ રીતે કરે છે,

*''આપ ગુણી ને વલી ગુણરાગી,*
*જગ માંહે તેહની, કીરતિ જાગી...''*

પ્રમોદ-ગુણાનુરાગીતા બહુ મોંઘી જણસ છે. ગુણવાન હોવું જ પૂરતું નથી; બલ્કે બીજાના ગુણો જોઈ રાજીપો થાય-ગુણાનુરાગ થાય તો જ ખરા અર્થમાં ગુણવાન થવાય. જો એમ થાય તો વ્યક્તિની કીર્તિ આખા જગતમાં ફેલાય. ગુણવાન એવા શ્રી અરિહંત પરમાત્માના ગુણગાન ગાવા એતો જાણે કવિના કવનમાં સૌથી અધીકતમ રીતે ગુંથાયેલો મૂલ્ય છે. કવિને પ્રભુના ગુણો ગમે છે ને તેનું ગાન તેમની અનેક કાવ્યકૃતિઓમાં થયેલું જોઈ શકાય છે. પ્રમોદની આ ભાવના ગુણગ્રહણનું કારણ પણ બને છે.

ભગવાનના ગુણ ગમે એટલે સ્વાભાવિક રીતે સંસારના ગમા-અણગમા દુર થઇ જાય. રતિ-અરતિ-ગમા-અણગમાથી ઉપર ઉઠવાની વાત કરતાં કવિ કહે છે કે,

*''મન કલ્પિત રતિ-અરતિ છેજી, નહિ સત્ય પર્યાય;*
*નહિ તો વેચી વસ્તુમાંજી, કિમ તે સવિ મિટિ જાય?''*

એક બહુ મોટું સત્ય અહીં ગર્ભિત છે. સુખ વસ્તુમાં નથી, મન કલ્પિત છે. જે વસ્તુ પોતાની છે તે જો આનંદ આપે છે; તેને વેચી દીધી, માલિક હજી હવે લેવા આવશે, માટે થોડો સમય પાસે છે. પણ તેની મજા ચાલી જશે. જો વસ્તુમાં આનંદ હોત તો તે મળ્યા જ કરત. પણ એવું થતું નથી. માટે 'અમૃતવેલની નાની સજ્ઝાય'માં હરખ-શોક ન કરવા કવિ સૂચવે છે. ગંગાસતીનું ભજન યાદ આવે. 'ભાઈ રે! હરખ ને શોકની નાવે જેને હેડકીને, શીશ તો કર્યા કુરબાન રે.' અહીં પણ હરખ-શોકથી ઉપર ઉઠવાનું જ ઇંગિત થયું છે.

*''હરખ મત આણજે તૂસવ્યો, દૂહવ્યો મત ધરે ખેદ રે;*
*રાગ દ્વેષાદિ સધિ (સંઘ)રહે, મનિ વહે ચારૂ નિર્વેદ રે.''*

ઉપા. યશોવિજયજી રચિત 'સમાધિશતક' અને 'સમતાશતક'ની તો પંક્તિ-પંક્તિ જાણે સુત્ર બની જાય તેવી છે. જીવનને વધુ સુંદર કેમ બનાવી શકાય તેની ગુરુચાવીઓ કવિ આપણા હાથમાં ધરી દે છે. ક્ષમા ધર્મને જૈન ધર્મ વિશેષ પ્રાધાન્ય આપે છે. કવિ પણ ક્ષમાના મૂલ્યને આત્મસાત કરવાની વાત કરતાં તેની મહત્તા કંઇક આ રીતે સમજાવે છે :

*''ક્ષમા સાર ચંદન રસે, સીંચો ચિત્ત પવિત્ત;*
*દયાવેલ મંડપ તલે, રહો લહો સુખ મિત્ત!''*

ચંદન જેમ શાતા આપે છે તેમ ક્ષમા મનના ઉદ્વેગોને સમાવે છે. બીજી વ્યક્તિ પરનો આક્રોશ તેને પછી દઝાડે છે, પ્રથમ તો વ્યક્તિને પોતાને જ પજવે છે. કવિ ક્ષમા અને દયા જેવા ગુણોને આત્મસાત કરી ખરા સુખને પ્રાપ્ત કરવાની મિત્રભાવે સલાહ આપે છે. 'સમ્યકત્વના સડસઠ બોલનો સ્વાધ્યાય' જે હરિભદ્રસૂરિ રચિત 'સમ્યકત્વ સપ્તતિકા' (પ્રાકૃત) ગ્રંથનો સરળ અને સુમધુર અનુવાદ છે, તેમાં આજ વાત આવે છે. દયા-અનુકંપા એતો ઉત્તમ પુરુષોનું આભુષણ છે - આ બાબતની પૂર્તિ કરતી વાત કવિ અહીં ટાંકે છે.

*''દ્રવ્ય થકી દુઃખિયાની જે દયા. ધર્મહીણાની રે ભાવ;*
*ચોથું લક્ષણ અનુકંપા કહી, નિજ શકતેં મન લાવ.''*

જૈન દર્શન પોતાને જેવો વ્યવહાર ગમતો હોય તેવો વ્યવહાર અન્ય સાથે કરવા કહે છે. માટે પોતાના સુખ માટે અન્યનું અકલ્યાણ કરવાની વાત અહીં ન આવે. મને સુખી થવું છે. બીજાનું જે થવું હોય તે થાય એમ નહિ બલ્કે કવિ કહે છે,

*''આપ કાજ પર સુખ હરે, ધરે ન કોસું પ્રીતિ,*
*ઇન્દ્રિય દુર્જન પરિ દહે, વહે ન ધર્મ ન નીતિ''*

બીજાને દુઃખ આપી સુખી થવું એ ધર્મ ન હોઈ શકે, નીતિ ન હોઈ શકે - એવી સ્પષ્ટતા કવિ અહીં કરી દે છે. જૈન દર્શન સ્વ વિકાસની સાથોસાથ અન્યની સંભાળ લેવાની વાત પણ કરે છે. પોતાના વિકાસ માટે સૌને પછાડીને આગળ વધવાનું શીખવતા આધુનિક મેનેજમેન્ટના સમયમાં આ માનવમૂલ્યોની વિશેષ આવશ્યકતા છે. 'જીવો અને જીવવા દો' નો સિદ્ધાંત કેટલી કુનેહથી

કવિએ અહીં વણી લીધો છે. વળી, સદગુરુ કેવા બનાવવા એ માટેની લાયકાતમાં પણ આજ વાત જુદી રીતે આવે છે કે બીજાને પોતા સમાન ગણે તેવા ગુરુની સેવના કરવી.

*''સદગુરુ એહવા સેવિયે, જે સંયમ ગુણરાતા રે;*
*નિજ સમ જગ જન જાણતાં, વીર વચનને ધ્યાતા રે.''*

વર્તમાન ભૌતિક જગતમાં સૌથી વિશેષ કોઈ માનવ મૂલ્યની આવશ્યકતા હોય તો તે છે પ્રભુભક્તિની. આધુનિક જીવનની માયાજાળમાં અટવાયેલો માણસ જાણે ઈશ્વરને તો ભૂલી જ ગયો છે. જીવનના આટાપાટામાં અટવાઈ જતો માણસ હતાશ-નિરાશ થઇ જાય ત્યારે ઈશ્વરનું શરણું સ્વીકારે તેના કરતાં પ્રથમથી જ જો પરમતત્વ સાથે પ્રીતિ બંધાણી હોય તો દુઃખી થવાનું આવે જ નહી; અને જો દુઃખ આવે તો પણ દુઃખ લાગે નહિ. યશોવિજયજી જગતને બદલે પ્રભુ સાથે પ્રીત કરવાનું સૂચવે છે. આ પ્રેમ અને ભક્તિમાં એ તાકાત છે કે તેનાથી પ્રભુને પણ વશ કરી શકાય છે. તેમના બહુખ્યાત સ્તવનમાં ભક્તિની તાકાતથી પ્રભુને પોતાના કરી લેવાની વાત કરતાં નોંધે છે કે,

*''સ્વામી તુમે કાંઈ કામણ કીધું, ચિતડું અમારું ચોરી લીધું,*
*સાહિબા વાસુપૂજ્ય જીણંદા, મોહના વાસુપૂજ્ય.*
*અમે પણ તુમશું કામણ કરશું, ભક્તે ગ્રહી મનધરમાં ધરશું.''*

પ્રભુ સાથેની આત્મિયતા ત્યારે શક્ય છે જ્યારે તેની સાથે એકરૂપ થઇ જવાય. કબીર કહે છે તેમ 'પ્રેમ ગલી અતિ સાંકરી તામે દોંઉ ના સમાંય', તેવી જ રીતે યશોવિજયજી પણ પ્રભુ સાથે ખીરનીર રૂપે ભળી ગયા હોવાનું કહેતા પંક્તિ ટાંકે છે કે,

*''ધ્યાતા ધ્યેય ધ્યાન ગુણ એકે, ભેદ છેદ કરશું હવે ટેકે;*
*ખીરનીર પરે તુમસું મીલશું, વાચક જશ કહે હેજે હળશું.''*

ભૌતિકતાની દોટમાં અટવાઈ ગયેલા મનુષ્યને જાણે કવિ આત્મકલ્યાણ માટેનો સરળતમ માર્ગ બતાવી દે છે. પ્રભુને ગમાડો તો ખરા, એ ગમશે એના તરફ લક્ષ્ય જશે એટલે જીવનનું દુરિત આપોઆપ ક્ષીણ થતું જશે. વળી તે માટે માર્ગ પણ પ્રેમનો જ બતાવ્યો છે. જે વ્યક્તિ પ્રભુને ચાહે તે અન્યને કેમ ધિક્કારી શકે? અહીં પ્રેમ જેવા સનાતન જીવનમૂલ્યનું સ્થાપન કવિ કરે છે. વળી ભગવાનને પણ પ્રેમ જેવા ઉત્કૃષ્ટ માનવમૂલ્યને નિભાવવાની વિનંતી કરતાં કહે છે કે

*''પ્રેમ બંધાણો તે તો જાણો, નીરવહશ્યો તો હોશે પ્રમાણો,*
*વાચક જશ વિનવે જીનરાજ, બાંહ્ય ગ્રહ્યાની તુજને લાજ.''*

હાથ પકડીને છોડી દે તે સજ્જન પણ ન કહેવાય. જ્યારે તમે તો ભગવાન છો તો હાથ કેમ છોડી શકો? આશ્રિતને આધાર આપવાનું-પ્રિયજનનો સાથ નિભાવવાનું ગર્ભિત જીવનમૂલ્ય અહીં જોઈ શકાશે. આડકતરી રીતે આપણને પણ આ વાત જાણે કવિ સમજાવી જાય છે કે કોઈને મજધારે તે કેમ છોડી શકાય?

ગીતામાં શ્રી કૃષ્ણ સ્વધર્મથી ચ્યુત ન થવાની વાત કરે છે. યશોવિજયજી પણ વિતરાગ પરમાત્મા પર દ્રઢ શ્રદ્ધા રાખવાનું સૂચવે છે. તેમની શ્રદ્ધા એટલી દ્રઢ છે કે જીવનના કપરા સંજોગોમાં પણ તેઓ તેનાથી ચ્યુત થઇ અન્ય ચમત્કારિક દેવી-દેવતાઓ તરફ પણ ઢળ્યા નથી. 'ઋષભ જીનરાજ મુજ આજદિન અતિ ભલો' સ્તવનમાં આગળ કવિ નોંધે છે.

*''એક મુજ ટેક સુવિવેક સાહિબ સદા,*
*તુજ વિના દેવ દુજો ન ઈહું,*
*તુજ વચન રાગ સુખ સાગરે ઝીલતો,*
*કર્મ ભવ ભ્રમ થકી હું ન બીહું.''*

સમ્યક શ્રદ્ધા વ્યક્તિને કેવા નિશ્ચિંત અને અભય બનાવી દે છે તેની પ્રતીતિ કવિના બહુ પ્રલલિત સ્તવન 'અબ મોંહે એસી આય બની'માં પણ આ રીતે જ થાય છે.

*''તુમ બિન કોઉં ચિત્ ના સુહાવે, આવે કોડિ ગુની,*
*મેરો મન તુજ ઉપર રસિયો, અલિ જિમ કમલ ભની''*

આમ જીવન વિકાસમાં ઉપકારક થતાં કહેવાતા નાના નાના જીવનમૂલ્યોથી માંડીને પરમપદની પ્રાપ્તિ કરાવવામાં ફૂલગૂંથણી પેરે વણાઈ છે આ કવિ જીવનના કવિ છે. માટે જ અધ્યાત્મની ટોંચ પર પહોંચ્યા હોવા છતાં સામાન્ય જનની ભૂમિકાએ આવી વાત કરી શક્યા છે ને તેથી જ કવિના કવનમાંથી પસાર થતાં કોઈ પણ સહૃદય ભાવકને આ માનવમૂલ્યોરૂપી મોંઘેરી જણસ જડી આવશે.

❑❑❑

આસિસ્ટન્ટ પ્રોફેસર (ગુજરાતી)
-ગવર્મેન્ટ આર્ટસ્ એન્ડ કોમર્સ
કૉલેજ, રાપર-કચ્છ ૩૭૦૧૬૫
મો. :૦૭૫૬૭૦૬૪૯૯૩

## 'પ્રબુદ્ધ જીવન' હવે ડિજિટલ સ્વરૂપે ઉપલબ્ધ

૧૯૨૯ થી માર્ચ ૨૦૧૫ સુધી 'પ્રબુદ્ધ જીવન'ના બધાં જ અંકો સંસ્થાની વેબસાઈટ www.mumbai-jainyuvaksangh.com ઉપર આપ વાંચી શકશો. તેમજ ડી.વી.ડી. સ્વરૂપે પણ આ બધાં અંકો ઉપલબ્ધ છે.

જિજ્ઞાસુ અને પુસ્તકાલયોને આ ડી.વી.ડી. **વિના મૂલ્યે** અમે અર્પણ કરીશું.

આ ડી.વી.ડી. ના સૌજન્યદાતા

૧. ફોરમ ઑફ જૈન ઈન્ટેલેકચ્યુઅલ
હસ્તે-અંજના રશ્મિકુમાર ઝવેરી અને મયૂર વોરા.

૨. નિર્મળાનંદ જ્યોત, રેખા-બકુલ નંદલાલ ગાંધી

**સંપર્ક : સંસ્થા ઑફિસ - ૦૨૨-૨૩૮૨૦૨૯૬**

# જૈન સિદ્ધાંતોમાં વૈજ્ઞાનિક વલણ

ડૉ. ગીતા મહેતા

પ્રવચનસાર (૧.૩૭) માં કેવલીનું વર્ણન કરતાં કહ્યું છે કે દ્રવ્યના બધાં જ પર્યાયો જે ભૂતકાળમાં પ્રકાશ પામ્યા છે અને ભવિષ્યમાં પ્રકાશ પામશે તે વર્તમાનકાળમાં હોય એમ કેવલીને દૃષ્ટિગોચર થાય છે. ઈશાવાસ્ય ઉપનિષદ્‌માં પણ આવું જ વર્ણન મનીષિ માટે કર્યું છે કે એ ભવિષ્યને, ભવિષ્યની સમસ્યાઓને નિહાળે છે અને એ સમસ્યાઓનું સમાધાન પણ જણાવે છે. આમ તીર્થંકરોએ જણાવેલ તાત્વિક સિદ્ધાંતો સાશ્વત સમાધાન સૂચવે છે.

જૈન ધર્મ તત્વજ્ઞાનની એવી શાખા છે જે વાસ્તવવાદી, બુદ્ધિવાદી અને વૈજ્ઞાનિક છે. એ વાસ્તવવાદી છે કારણ કે આ ભૌતિક જગતને સત્ય માને છે. એ બુદ્ધિવાદી છે કારણ જગતની સમસ્યાઓનું બૌદ્ધિક નિરાકરણ આપે છે. એ વૈજ્ઞાનિક છે કારણ કે એના મૂળ સિદ્ધાંતો વૈજ્ઞાનિક છે.

### વૈજ્ઞાનિક મૂળ સિદ્ધાંતો

જૈન ધર્મના ત્રણ મૂળ સિદ્ધાંતો અહિંસા, અપરિગ્રહ અને અનેકાંતવાદ આપણને વૈજ્ઞાનિક જીવન-દૃષ્ટિ સૂચવે છે. અહિંસાને અપનાવી જૈન ધર્મ સહઅસ્તિત્વને સ્વીકારે છે. અહિંસા સહુને 'જીવનનો સમાન અધિકાર આપે છે'. આધુનિક 'માનવ - અધિકાર (human rights)' અને 'પશુ - અધિકાર (animal rights)' ના સિદ્ધાંતો અહિંસામાં સમાઈ જાય છે. એનો નિર્દેશ વૈશ્વિક ભાતૃભાવ અને શાંતિમય સહઅસ્તિત્વ તરફ હોય છે. જૈન ધર્મ આપણને પર્યાવરણીય નીતિશાસ્ત્ર તરફ દોરે છે જેને કારણે સૃષ્ટિ ટકી શકે. આપણી આધ્યાત્મિકતા આપણા સ્વાર્થી હેતુઓ માટે સૃષ્ટિનું શોષણ ન સૂચવી શકે.

સૂત્ર કૃતાંગમાં ત્રણ જાતના પાપો શારીરિક, વાચિક અને માનસિક જણાવ્યા છે. માનસિક અહિંસા વધુ જરૂરી છે કારણ એ ન હોય તો વાચિક અને શારીરિક હિંસાનો જન્મ થાય છે.

પ્રશ્ન વ્યાકરણ સૂત્રમાં અહિંસાના સાઠ વિવિધ અર્થ સૂચિત કરતાં શબ્દો નોંધ્યા છે જે અહિંસાના અર્થો સૂચિત કરે છે. આત્મા તો અમર છે માટે હિંસામાં પ્રાણનું હનન થાય છે જેમાં પંચ જ્ઞાનેન્દ્રિયો, મન, વાણી, શરીરની ત્રણ શક્તિઓ, શ્વસન અને આયુ સમાવિષ્ટ થાય છે. આ તો દ્રવ્ય હિંસા થઈ પરંતુ ભાવ-હિંસા પ્રમાદને કારણે થાય છે.

અહિંસામાં ચાર તત્વો સમાવિષ્ટ હોય છે - ૧. મૈત્રી, ૨. પ્રમોદ (ગુણવાનના દર્શન થતાં આનંદિત થવું), ૩. કરૂણા, ૪. સમત્વ અથવા મધ્યસ્થભાવ.

ધર્મ એ જ કહેવાય જે જીવનને, સૃષ્ટિને ધારણ કરે. ભગવાન મહાવીર જાહેર કરે છે કે અહિંસાથી સૂક્ષ્મ આત્માનો બીજો કોઈ ગુણ નથી અને જીવનના સમ્માનથી મોટો આત્માનો કોઈ સદાચાર નથી.

જૈન ધર્મ મુજબ બધાં જ જીવંત પ્રાણીઓને જીવન હોય છે. તેઓ અલગ અલગ માત્રામાં સુખ દુ:ખનો અનુભવ લે છે. તેથી માનવી, પશુ, પક્ષી, વનસ્પતિ, જલ, વાયુ, અગ્નિ અને પૃથ્વીનો પણ આમાં સમાવેશ થાય છે.

મનુષ્યે આ સર્વ પ્રત્યે સમ્માન દાખવી સહ-અસ્તિત્વ કેળવવું જોઈએ. આ નિયમ ભવ્ય રીતે પર્યાવરણ સાથે જોડાયેલો છે. 'Living on others' આપણા જીવનનો હેતુ ન હોઈ શકે પણ 'living with others' આ જ સરળ સિદ્ધાંત છે. परस्परोपग्रहो जीवानाम् - પરસ્પર સુસંવાદિતા જ જીવનનો નિર્વિવાદ સિદ્ધાંત છે.

મહાત્મા ગાંધીએ જૈન ધર્મ માટે કહ્યું છે કે 'જૈન ધર્મમાં અહિંસાનો સિદ્ધાંત જે ગહનતાથી અને વૈજ્ઞાનિક રીતે એના આચરણ સહિત સમજાવ્યો છે એ રીતે બીજા કોઈ ધર્મમાં નથી સમજાવ્યો. જ્યારે પણ આ અહિંસાનો પરોપકારી સિદ્ધાંત માનવજાત જીવનનું ધ્યેય મેળવવા પોતાના જીવનમાં આચરશે જૈન ધર્મને ત્યારે પ્રથમ સ્થાન મળશે અને ભગવાન મહાવીર અહિંસાના મહાન અધિકારી તરીકે સમ્માન પ્રાપ્ત કરશે.'

### માનવીય હિત માટે અહિંસા

વ્યક્તિગત રીતે મુક્તિને મહત્ત્વ આપવા છતાં આ ધ્યેય અન્યોનો વિચાર કરીને જ સાધ્ય થઈ શકે. ઉમાસ્વાતિ કહે છે, 'અહિંસા એટલે અમર્યાદિત સહનશક્તિ અને બીજા માટે બીનશરતી સમ્માન.'

જૈન ધર્મને અહિંસા ધર્મ જ કહી શકાય. અહિંસા જૈન ધર્મમાં એટલી મહત્ત્વની છે કે એને અખંડનીય પ્રથમ અને અંતિમ સોપાન તરીકે વર્ણવી શકાય. વિધેયાત્મક અહિંસા દયા, કરૂણા તથા અભયદાનમાં પ્રકટ થાય છે.

### અહિંસા અને અનેકાંતવાદ

અનેકાંત દૃષ્ટિકોણ વગર અહિંસાનું આચરણ મુશ્કેલ છે. હિંસા - અહિંસાનો વિવેક કર્તાના વિવેક પર આધાર રાખે છે. જેના સ્વભાવમાં જાગૃતિ છે તે અહિંસક છે અને જે જાગૃત નથી તે હિંસક છે. આ પૃથક્કરણ પણ અનેકાંત દૃષ્ટિ પર આધારિત છે. જેનો અનેકાંત દૃષ્ટિકોણ હોય છે, તે સમ્યક્ દૃષ્ટિવાન છે અને સમ્યક્ દૃષ્ટિવાન જ સમ્યક્ જ્ઞાની હોય છે અને સમ્યક્ જ્ઞાની જ સમ્યક્ ચરિત્રવાન થઈ શકે.

અનેકાંતવાદમાંથી વાણી અને વિચારમાં અહિંસા પનપે છે. બીજાના દૃષ્ટિકોણને માન આપવું જોઈએ. આચાર્ય વિનોબાજીના શબ્દોમાં આ 'हि वाद' નહીં 'भी वाद' છે. આ જ સાચું છે એમ નહીં, આ પણ સાચું હોઈ શકે.

**અનેકાંતવાદ :- વિવિધ દૃષ્ટિકોણનો સિદ્ધાંત**

મનુષ્ય મનુષ્ય વચ્ચે ઘણાં મતભેદો હોય છે.

૧. વિચારભેદ અથવા માન્યતાભેદ

૨. આદર્શોના ભેદ

૩. રસભેદ અથવા જિજ્ઞાસાભેદ

૪. સ્વભાવભેદ

૫. લાગણીભેદ

અહિંસાનો સિદ્ધાંત વર્તણૂક પરથી બૌદ્ધિક સામ્રાજ્ય તરફ વળે છે. 'જીવન માટે સમ્માન'ના સિદ્ધાંતથી 'બીજાના વિચાર માટેના સમ્માન'નો વિષય બને છે.

દરેક વસ્તુના અનંત લક્ષણો હોય છે. अनेक धर्मात्मक वस्तु। એક જ વ્યક્તિને બધાં લક્ષણોનો બોધ થતો નથી. એક જ વ્યક્તિ એક સંબંધમાં પિતા છે તો બીજા સંબંધમાં પુત્ર છે. તેથી સત્ય સાપેક્ષિત છે. માટે જ અનેકાંતવાદના સિદ્ધાંત મુજબ સત્યને સમજવા બધાં જ દૃષ્ટિકોણનો ખ્યાલ રાખવો જોઈએ. આ સિદ્ધાંત બીજાના દૃષ્ટિકોણ સમજવામાં મદદ કરે છે અને તેથી સહિષ્ણુતા અને સમજણ પાંગરવામાં પણ મદદરૂપ થાય છે. તેથી સદ્‌ભાવના અને સુસંવાદિતા પાંગરે છે. આમ વિરોધનું નિરાકરણ ઝઘડા યા યુદ્ધથી નહીં પણ વિચાર-વિનિમય અને સમજણથી થાય છે. આ સહકાર અને સહઅસ્તિત્વનો સિદ્ધાંત છે. એ સિદ્ધાંત ઉદારમતવાદી બનાવે છે અને fundamentalism - સિદ્ધાંતોના કડક આચરણને અવગણે છે. વ્યક્તિગત કે સામાજીક, રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય વિગ્રહોનું આથી સફળ રીતે આયોજન થઈ શકે છે. આ સિદ્ધાંતને કારણે સહિષ્ણુતા, સમજ ઈત્યાદિ ગુણોને આધાર મળે છે અને તેથી વિગ્રહો દૂર થાય છે. રાષ્ટ્રોની વિદેશ-નીતિ આ સમજણ પર આધારિત હોવી જોઈએ. આ સિદ્ધાંતનું મૂળ એ છે કે દરેક દૃષ્ટિકોણને સમજવો જોઈએ, દરેક દૃષ્ટિકોણને સરખું મહત્ત્વ છે.

આ પવિત્ર સિદ્ધાંતને કારણે શાંતિમય સહઅસ્તિત્વ શક્ય બને છે. આજની જગતની હિંસા મૂળભૂત આદર્શવાદ અને ધાર્મિક અસહિષ્ણુતાને કારણે છે. અનેકાંતવાદ એક સર્વ સમાવેશક સિદ્ધાંત છે જેને કારણે વિવિધ દૃષ્ટિકોણ સમજી શકાય છે. સુસંવાદિતા સુસંગતિથી વિગ્રહોને વિરામ આપી શકાય છે. આ સિદ્ધાંતને આધારે સહિષ્ણુતા, આત્મસંયમ, વિશાળ માનસિકતા અને સમજનો વિકાસ થાય છે.

**અપરિગ્રહ :- માલ મિલકત માટે અનાસક્તિ**

જૈનધર્મ ભૌતિક વસ્તુઓના વપરાશ માટે સંયમ સૂચવે છે, ઈચ્છાઓ પર સંયમ, સાદી જીવન પદ્ધતિ, પ્રાકૃતિક સંપત્તિનો મર્યાદિત ઉપયોગ સૂચવે છે અને તેથી વિરૂદ્ધ વર્તનારાને ચોરી અથવા હિંસા ગણે છે.

મનુષ્યનો અતૃપ્ત લોભ પર્યાવરણને ક્ષતિ પહોંચાડે છે. પર્યાવરણની સુરક્ષિતતા અને સંરક્ષણ જૈન સિદ્ધાંતનો મૂળ મુદ્દો છે જે વાસ્તવિક, વહેવારૂ અને બૌદ્ધિક છે. અહીં જ વિજ્ઞાન અને અધ્યાત્મનો સમન્વય છે. જૈન સિદ્ધાંત જીવનની ગુણવત્તાને વિકસાવે છે, નહીં કે અમર્યાદિત વસ્તુઓના વપરાશને. અપરિગ્રહ વ્યક્તિ અને સમાજ બંને માટે ઉપકારક છે. આના ઉદાહરણ રૂપે સાધુઓને જંતુઓને દૂર કરવા માત્ર ચામર રાખવાની હોય છે. શ્રાવકોએ પણ પોતાના ઉદ્યોગનું ક્ષેત્ર મર્યાદિત કરવાનું હોય છે. જેને કારણે લોભ પર કાબૂ મેળવી શકાય. લોભ, ક્રોધ, માન અને મોહ જેને કારણે સમાજમાં અસમાનતા ફેલાય છે તે દૂર રાખવાના હોય છે.

**જાગરૂકતા :- એક મહત્વનો ગુણ**

બેસવામાં, ઉઠવામાં, વસ્તુને ઉંચકવામાં કે નીચે મૂકવામાં પૂર્ણ જાગૃતિ જરૂરી છે. આવી જાગૃત વ્યક્તિ જ અહિંસાનું પાલન કરી શકે.

માઈકલ ટોબીયાસ 'લાઈફ ફોર્સ'ના લેખક જણાવે છે કે 'અહિંસાનું, જૈન નીતિશાસ્ત્ર એ આધ્યાત્મિક પર્યાવરણશાસ્ત્ર અને જૈવિક નીતિશાસ્ત્ર છે.' જૈન નીતિશાસ્ત્ર માત્ર માનવજાતિ પૂરતું મર્યાદિત નથી પરંતુ જીવ સૃષ્ટિ પર્યંત વ્યાપ્ત છે.

ત્રણે સિદ્ધાંતો - અહિંસા, અનેકાંત અને અપરિગ્રહ જાગૃતિ માંગી લે છે જે વૈજ્ઞાનિક છે. વૈજ્ઞાનીના દરેક પગલાં સાવચેતી અને જાગૃતિ પૂર્વકના હોય છે. અણુબૉંબ - પ્રક્ષેપણ માટે સમય અને સ્થળની સાવચેતી રાખવાની હોય છે. વૈજ્ઞાનિકે પ્રયોગશાળામાં પણ સાવધાની અને સાવચેતી જાળવવાની હોય છે. તેવી જ સાવધાની જૈન સિદ્ધાંતોને આચરવામાં રાખવાની હોય છે. પંચ મહાવ્રતો કે અણુવ્રતોના આચરણમાં પણ સાવધાની ખૂબ જરૂરી હોય છે.

**કર્મ – સિદ્ધાંત**

વૈજ્ઞાનિકોનો સિદ્ધાંત કહે છે કે દરેક કાર્યને કારણ હોય છે. તે જ પ્રમાણે જૈનોનો કર્મ સિદ્ધાંત કહે છે કે દરેક કર્મમાંથી એક શક્તિનો પ્રાદુર્ભાવ થાય છે જે પાછો આપણે ભોગવવાનો હોય છે. જો સુખની ચાહના હોય તો સુખના બીજ વાવતાં શીખવું જોઈએ.

આધ્યાત્મિક દૃષ્ટિએ કર્મ એક નૈતિક બદલો છે જેને કારણે ફક્ત દરેક કારણને તેની કાર્યશક્તિ હોય છે એટલું જ નહીં પણ ક્રિયમાણ દરેક કારણ એની અસર - કાર્ય ભોગવે છે. ડૉ. રાધાકૃષ્ણન આને 'નૈતિક શક્તિનું સંરક્ષણ' કહે છે. જૈનો સ્પષ્ટપણે કહે છે કે જો તમને સુખશાતા જોઈતી હોય તો બીજા જીવોને પણ સુખશાતા પ્રદાન કરો. સમ્યક્ આચરણને અનુરૂપ જ પ્રવૃત્તિ કરવી જોઈએ.

પવિત્ર વાતાવરણને કારણે પવિત્ર મન બને છે, કષાયોની પકડ ઢીલી બને છે જેને કારણે વધુ સુખ અને સહનશીલતામય આધ્યાત્મિકતા પનપે છે.

જગતમાં કર્મ એ પૂર્ણ જમાખર્ચનું ખાતું છે. કોઈ પણ દેવું વણચૂકવ્યું રહેતું નથી. કર્મ પદ્ધતિમાં ક્રૂર કે દયાવાન ઈશ્વરની જરૂર નથી. આ પણ એક વૈજ્ઞાનિક સિદ્ધાંત છે.

### ઈશ્વરની-ધારણાથી મુક્તિ

જૈન ધર્મ ઈશ્વરની ગુલામીમાં માનતો નથી, મનુષ્યને સ્વતંત્રતા આપે છે. મનુષ્ય પોતાના કર્મ મુજબ પોતાનું ભવિષ્ય બનાવે છે. કેવલીઓ માત્ર સાધકો માટે પ્રેરણારૂપ હોય છે.

જ્યાં ઈશ્વરની ધારણા નથી ત્યાં ક્રિયાકાંડની પણ કોઈ જરૂર નથી. ઉત્તરાધ્યયન સૂત્રમાં યજ્ઞ માટે સુંદર ઉપમા આપી છે કે જીવ એ વેદી છે. મન, શરીર અને વાણીના ક્રિયા કલાપો એ વેદીમાં આહુતિ આપવાના સાધનો છે અને કર્મ ક્ષય એ જ યજ્ઞ છે.

જ્યારે સૃષ્ટિકર્તા ઈશ્વર જ નથી તો કોઈ ઉચ્ચ-નીચ જીવો નથી, સહુ સમાન છે તેથી જ્ઞાતિભેદ પણ નથી. મુખ્ય વાત સચ્ચરિત્રની છે. ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે કે જે અનાસક્ત, જ્ઞાનવાન અને સચ્ચરિત્રવાન છે તે જ સાચો બ્રાહ્મણ છે નહીં કે સમૂહ કુળમાં જન્મેલ!

આત્માની સમાનતાને કારણે સહુ સમાન છે. 'અધ્યાત્મ' શબ્દ આત્માની વિશેષતા સૂચવે છે. જ્ઞાન અધ્યાત્મ અને વિજ્ઞાનનો સમન્વય સૂચવે છે. વિજ્ઞાન બાહ્ય જગતનું સંમિલન અને અધ્યાત્મ આંતર જગતનું સંમિલન સૂચવે છે. બાહ્ય જગતનું સંમિલન સાધન છે અને આંતર જગતનું સંમિલન સાધ્ય છે. એક જીવન પદ્ધતિ તરફ દોરે છે તો બીજું જીવનનું ધ્યેય આપે છે. આપણે બાહ્ય જગતની પરિધિ વિસ્તારી છે પરંતુ અંદરના આત્માને મહત્વ ઓછું આપ્યું છે.

### વિજ્ઞાન અને અધ્યાત્મ

આધ્યાત્મિકતા વગર જીવનમાં શાંતિ નથી અને વિજ્ઞાન વગર જગતમાં સમૃદ્ધિ નથી. સમાજમાં બંનેની જરૂર છે. વિજ્ઞાન એકલું કાંઈ કરી ન શકે એને અધ્યાત્મના માર્ગદર્શનની જરૂર છે. જેમકે મોટરગાડીમાં બે જાતનાં મશીન હોય છે એક દિશાસૂચક અને બીજું ગતિવર્ધક! તેમ માનવજાતિ માટે ગતિવર્ધક મશીન વિજ્ઞાન બંને અને દિશાસૂચક મશીન અધ્યાત્મ બને. વિજ્ઞાન પૃથક્કરણાત્મક છે તો અધ્યાત્મ સમન્વયાત્મક છે.

વિજ્ઞાન અને તેથી તકનીકીનો વિકાસ અવશ્યંભાવી છે. પ્રશ્ન એ છે કે એ માનવકલ્યાણ તરફ દોરે છે? માનવ વિકાસ તરફ તો જ થાય જો એને આધ્યાત્મિકતાનું માર્ગદર્શન મળે. જેમ આપણે વિજ્ઞાનને તકનીકીથી જૂદાં પાડીએ તેમ અધ્યાત્મ સંસ્થાગત ધર્મોથી વેગળું છે. અધ્યાત્મ જીવનની એકતા અને પવિત્રતામાં માને છે. માર્ગદર્શક મશીન અથવા steering wheel સમસ્ત માનવજાત માટે અધ્યાત્મ હોવું જોઈએ અને ગતિવર્ધક યંત્ર વિજ્ઞાન હોવું જોઈએ.

### સમાપન યા નિષ્કર્ષ

જો વિજ્ઞાનને ખરૂં માર્ગદર્શન મળે તો એ માનવજાત માટે આશીર્વાદરૂપ છે. માનવજાત તો જ ટકી રહેશે જો વિજ્ઞાન અને અધ્યાત્મનો સમન્વય થશે. વિજ્ઞાન કદી પણ માનવીની આધ્યાત્મિક ભૂખનો નાશ નહીં કરી શકે અને વિજ્ઞાનની જેમ અધ્યાત્મે સુદ્ધાં આત્મસાક્ષાત્કારના નવનવા આવિષ્કારો રજૂ કરવાં પડશે.

વિજ્ઞાન વગર જીવનમાં સુખ નથી અને અધ્યાત્મ વગર જીવનમાં શાંતિ નથી. માનવ સમાજને બંને જરૂરી છે. આધુનિક યુગમાં વિજ્ઞાન અને તકનીકીનો વિકાસ થયો છે. પરંતુ વૈજ્ઞાનિક એ ખરો નિષ્પક્ષ, નિસ્પૃહ વૈજ્ઞાનિક નથી. અધ્યાત્મ એટલે આત્મ-પરીક્ષણ, પોતાના અહંકારને સમજવો, પોતાના કષાયોને જાણીને દૂર કરવા. 'મારાપણું' દૂર કરી સમત્વની સ્થાપના કરવી. વિજ્ઞાનને જરૂર છે સમત્વની અને એકત્વની તો જ શોષણ અને માલકીયત દૂર થશે. વિજ્ઞાનનો ઉપયોગ સર્જન માટે થવો જોઈએ, વિનાશ માટે નહીં.

જૈન ધર્મ આપણને સ્વસ્થ જીવન માટે ભૌતિક, નૈતિક અને આધ્યાત્મિક નિયમો આપે છે. આ જૂની પ્રણાલિકાને જીવંત કરી એમાં અત્યાધુનિક તકનીકી અને સર્વોત્તમ વિજ્ઞાનને વણી શકાય. જૈન ધર્મ ધાર્મિક અને વૈજ્ઞાનિક, આધ્યાત્મિક અને ભૌતિક પાસાંઓ, વૈયક્તિક સ્વાતંત્ર્ય અને પર્યાવરણીય પારસ્પરિકતાનો સુમેળ સ્થાપિત કરે છે.

❑❑❑

## આગામી ગુજરાતી સાહિત્યના પરિષદ-પ્રમુખ શ્રી સિતાંશુ યશશ્ચન્દ્ર

આપણા સમાન્ય અને ઉત્તમ સર્જક શ્રી સિતાંશુ યશશ્ચન્દ્રને, સાહિત્યકાર અને સાહિત્ય રસિક પરિષદ-સભ્યોએ, ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ તરીકે બહુમતીથી ચૂંટ્યા છે. એમનો કાર્યકાળ ૨૦૧૮ થી ૨૦૨૦ સુધીનો રહેશે.

શ્રી સિતાંશુ યશશ્ચન્દ્રનો વિજય થયો, એમાં સાહિત્યમૂલ્યનો તેમ જ સ્વાયત્તતાના મૂલ્યનો પણ મહિમા થયો છે એનો સવિશેષ આનંદ.

**શ્રી સિતાંશુભાઈને આવકાર અને અભિનંદન!**

# વાચક વિમલ વિજયના શિષ્ય શ્રી રામ વિજય રચિત
# શ્રી મહાવીર સ્વામી પંચ કલ્યાણક સ્તવનના ત્રણસો વર્ષ

**શ્વેતલ શાહ**

કેવળજ્ઞાનના પ્રકાશમાં અરિહંત ભગવંતોએ પ્રરૂપેલા જીનશાસનના તત્ત્વોને લોક ભોગ્ય એવી સરળ ભાષામાં જન-જન સુધી પહોંચાડવાનું શ્રેય મધ્યયુગના કવિઓને ફાળે જાય છે. જૈન ધર્મની શ્વેતાંબર પરંપરાના સાધુ કવિઓએ તેમની વૈવિધ્ય પૂર્ણ, પ્રજ્વલ્લિત રખાયેલ જ્ઞાનની અવિરત ધારા દ્વારા ગુજરાતી ભાષાને સમૃદ્ધ કરી છે સાચો સાથ વેપાર પ્રધાન ગુજરાતી વણિક જૈન સમાજને ગુઢ જ્ઞાન વડે સમૃદ્ધ કરી ગજબ ઉપકાર કર્યો છે.

કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રસૂરિજીએ ગુજરાતી ભાષાને જન્મ આપી અપૂર્વ ગૌરવ બક્ષ્યું અને તેમની પરંપરામાં આવેલ જૈન સાધુઓએ તે ગૌરવને સૈકાઓ સુધી વધારવાનું કાર્ય કર્યું છે. પ્રાચીન એવા જૈન ધર્મને અનેક પડકારો સામે ઝઝૂમતી ભારતીય સંસ્કૃતિને બચાવવાનું, પોષવાનું કાર્ય મધ્ય યુગમાં સુપેરે પાર પાડ્યું છે. વિદ્યાના અનેક અંગો એટલે કે ઈતિહાસ, વ્યાકરણ, જ્યોતિષ, તત્વજ્ઞાન, ગ્રંથો અને ગ્રંથાલયોના નિર્માણ, કલા અને સ્થાપત્ય, હસ્તપ્રતોને સદીઓ સુધી જાળવવાનું અને સમૃદ્ધ કરવાનું કાર્ય પણ જૈન સમાજ દ્વારા થયું છે. સંસારી જૈનોએ બુદ્ધિશાળી, સત્તાશીલ, વ્યાપાર-કુશળ અને ધનિક હોવાની છાપ છોડી છે, તો જૈન સાધુઓએ વિદ્યાની ઉપાસના કરી અનેક શાસ્ત્રોનું અધ્યયન-અધ્યાપન અને સર્જન કર્યું, ગ્રંથાગારો સ્થાપ્યાં - વિકસાવ્યાં, અને ગુજરાત-રાજસ્થાન તરફનાં જૈનોને ધર્મોપદેશ અને શાસ્ત્રજ્ઞાન દ્વારા સમ્યક જ્ઞાનનું સિંચન કર્યું છે. રાજસ્થાનમાં જેસલમેર, સિરોહી, ગુજરાતમાં પાટણ, ખંભાત, સુરત, અમદાવાદ, ડભોઈ વગેરે સ્થળોએ જ્ઞાનભંડારોમાં સચવાયેલા આવા ઉજ્જવળ વારસાને કારણે જૈન સાધુ પરંપરાએ વર્ષો નહિ પણ સૈકાઓ સુધી પોતાના અગાધજ્ઞાન દ્વારા ગુજરાતી ભાષાની સેવા કરી છે અને વૈવિધ્ય પૂર્ણ રચનાઓ દ્વારા જ્ઞાનની સરવાણીને લોક ભોગ્ય બનાવી છે.

પ્રસ્તુત લેખમાં જૈન સમાજમાં ખાસ પ્રચલિત એવી ભગવાન મહાવીર સ્વામીના સંપૂર્ણ જીવનને આલેખતા સ્તવનની કૃતિને ત્રણસો વર્ષ થયા છે, તેની વાત કરવી છે. પર્યુષણ પર્વમાં જે સ્તવનને આપણે દર વર્ષે છઠ્ઠા દિવસે દેવસી પ્રતિક્રમણમાં સાંભળીએ છીએ તે ત્રણ ઢાળમાં વિસ્તૃત શ્રી મહાવીર સ્વામી પંચકલ્યાણક સ્તવનની રચના શ્રી રામ વિજયજીએ કરી છે, આ રચનાને ત્રણ-ત્રણ સૈકા થયા છે. આ સ્તવનના રચયિતા કવિશ્રી રામવિજયજીનો રચના કાળ બહુ ઓછા વર્ષોનો મળે છે. પરંતુ તેમની મુખ્ય રચનાઓમાં એક ચોવીસ જિનેશ્વરોના સ્તવનની ચોવીશી, શ્રી સિમંધર સ્વામીનું સ્તવન, પ્રસ્તુત સ્તવન એમ ખૂબ અગત્યની અને લોકભોગ્ય પદ્ય રચનાઓનો સમાવેશ થાય છે. તેઓશ્રીએ થોડી પણ અતિ ભાવવાહી કૃતિઓ દ્વારા ઘણા લાંબા સમય સુધી જૈન ઉપાસકોની ભાવધારા વધારવાનો મહત્ત્વનો ઉપકાર કર્યો છે. પ્રસ્તુત કવિશ્રી રામ વિજયજી ઉપાધ્યાય વિમલ વિજયજીના શિષ્ય હતા અને તેમનું વિચરણ મુખ્યત્વે સુરત આજુબાજુ રહ્યું હોય તેવું તેમની રચનાઓ પરથી જણાય છે.

માત્ર ત્રણ વર્ષના રચના કાળ સંવત ૧૭૭૧ થી ૧૭૭૩ માં કવિશ્રી રામ વિજયજીએ થોડી પણ મહત્ત્વની અમર રચનાઓ આપી છે. તેમણે રચેલ ચોવીસ જિનેશ્વરોની ભક્તિ સ્વરૂપ ચોવિશી રચનામાં શાંતીનાથ ભગવંતનું સ્તવન ખૂબ જ પ્રચલિત છે.

*મારો મુજરો લ્યોને રાજ સાહિબ શાંતિ સલૂણાં*
*આ સ્તવનની અંતિમ કડી.*
*વિમલ વિજય વાચકનો સેવક રામ કહે*
*શુભ ભગતે પ્રભુજી... છે.*

આ રચના આજે પણ ત્રણસો વર્ષના વહાણાં વીતી જવા છતાંય દરેક ઊંમરના ભક્ત વર્ગને પ્રત્યુ ભક્તિનો રોમાંચ અને ભક્તિ માર્ગમાં ઓત પ્રોત થવાનું અદ્ભુત માધ્યમ પૂરૂં પાડે છે. તેઓશ્રીએ આ સિવાય શ્રી બહુબલ સ્વાધ્યાય, શ્રી ગોડી પાર્શ્વ સ્તવન, શ્રી રોહિણી સજ્જાયની પણ રચના કરેલ છે.

પ્રસ્તુત પંચકલ્યાણકના સ્તવનમાં પ્રભુવીરના સમગ્ર ૭૨ વર્ષના જીવનની ઘટમાળો દુહા + ત્રણ ઢાળ + કળશ એમ કુલ ૫૭ ગાથામાં ખૂબીપૂર્વક ગૂંથી લેવામાં આવી છે. કલ્પસૂત્રમાં આવતા તથ્યોને કેન્દ્રમાં રાખી આ સ્તવનમાં પ્રભુના પાંચેય કલ્યાણકોની ઘટનાઓ ભાવવાહી સ્વરૂપે વણી છે. ઘણી બધી માહિતીઓ પણ સરળતાથી યાદ રાખી શકાય તે રીતે ઘૂંટી લેવામાં આવી છે.

જિનશાસનના ઉપાસકો પ્રત્યેની કવિની શુભ ભાવના દુહામાં બહુ સ્પષ્ટપણે છતી થાય છે.

કવિ ઉલ્લેખ કરે છે -

*સુણતાં થુણતાં પ્રભુતણાં, ગુણ ગિરુઆ એકતાર*
*ઋદ્ધિ વૃદ્ધિ સુખ સંપદા, સફળ હુએ અવતાર*

આ પંક્તિ દ્વારા કવિ સાંભળનારનું પણ યોગક્ષેમ ઈચ્છે છે તથા પ્રભુના ગુણોના પાન દ્વારા પ્રભુ ભક્તો પોતાનો મનુષ્ય અવતાર સુધારે તેવી સર્વોત્તમ ભાવના પણ વ્યક્ત કરે છે.

પ્રથમ ઢાળમાં પ્રભુના જન્મ કલ્યાણકની સાથોસાથ આ અવસર્પિણીમાં થયેલ દસ આશ્ચર્યકારક ઘટનાઓનું પણ ખૂબીપૂર્વક

વર્ણન ગૂંથી લેવામાં આવ્યું છે. ઉપરાંત પ્રથમ ઢાળમાં ઈન્દ્ર મહારાજા કેવી રીતે પ્રભુના દરેક કલ્યાણક સમયે શક્રસ્તવ દ્વારા પ્રાર્થના કરે છે, તે પણ જણાવવામાં આવ્યું છે. સામાન્ય રીતે કર્તાના નામનો લાંબા સ્તવનની દરેક ઢાળની અંતિમ કડીમાં ઉલ્લેખ કરવામાં આવે છે, પરંતુ આ સ્તવનમાં કવિશ્રી પોતાના નામનો ઉલ્લેખ માત્ર કળશમાં જ એટલે કે ૫૭ ગાથાઓમાં માત્ર એક જ વખત કરે છે. વળી કવિએ તેમની પ્રાપ્ય કોઈપણ રચનામાં પોતે કઈ પદવી ધરાવે છે તે વાત જણાવેલ નથી, પરંતુ પોતાના ગુરુ વાચક એટલે કે ઉપાધ્યાય પદે છે તે સ્પષ્ટપણે જણાવેલ છે, જે કવિની નમ્રતા તથા સ્વ-પ્રત્યેનું નિરાભિમાનપણું છતું કરવામાં મદદરૂપ થાય છે. જે કોઈપણ વાચક કે વિવેચકનો કવિ પ્રત્યેની ભક્તિમાં વધારો કરવામાં નિમિત્ત રૂપ બને છે.

બીજી ઢાળમાં કવિશ્રી પ્રભુના જન્મ કલ્યાણકનું બખૂબી વર્ણન કરે છે. જેમાં ચૌદ સ્વપ્નો, પ્રભુ વીરના જીવનની ગર્ભ સ્થળાંતરની આશ્ચર્યકારક ઘટના, ત્રિશલા માતાના ગર્ભ ધારણ કાળની ભાવવાહી લાગણીશીલ પરિસ્થિતિઓ, જન્મ કલ્યાણક પ્રસંગે દેવો દ્વારા થયેલી પ્રભુ ભક્તિ વગેરેનું સુંદર વર્ણન કરેલ છે.

પ્રસ્તુત સ્તવનનો મુખ્ય હાર્દ સ્તવનની ત્રીજી ઢાળમાં સમાયેલો છે. આ ઢાળ સૌથી લાંબી અને દરેક કડીમાં વધુ ને વધુ અહોભાવ જગાવનારા ભાવો સાથેના વર્ણન અને માહિતીથી સભર છે. આ ઢાળમાં પ્રભુના બાળપણ, યૌવન, દીક્ષા, સાધના કાળ, કેવળજ્ઞાન, તીર્થંકર કાળ, પ્રભુના પરિવાર તથા નિર્વાણ સુધીની ઘટનાઓનું વર્ણન કરેલ છે. સાડા બાર વર્ષના સાધનાકાળમાં થયેલ ઘોર ઉપસર્ગો સાથે કરેલા તપનું વર્ણન ગૂંથવામાં કવિ સંપૂર્ણ સફળ થયા છે. આ સ્તવનની વિશેષતા તેમાં આપવામાં આવેલ આંકડાકીય માહિતી સાથેની અખંડ ભાવધારા છે. ત્રીજી ઢાળની દરેક કડીની અંતે આવતો 'હમચડી' શબ્દ સ્તવનની પ્રગતિની સાથે સાથે ભાવિકના હૃદયમાં ભાવ તરંગો વધુ ને વધુ ઊંચે લઈ જવાનું ઉત્તમ કામ કરે છે. ભાવવાહી રસાળ પદ્ય રચનામાં ઠાંસી ઠાંસીને આપવામાં આવેલ આંકડાકીય માહિતી એક તરફ કવિની વિદ્વત્તા બતાવે છે તો બીજી તરફ આ સ્તવનની મુખ્ય વિશેષતાનું પ્રમાણ આપે છે. આ ઢાળમાં પ્રભુએ કરેલ મુખ્ય તપના ઉપવાસોની સંખ્યા, સાડા બાર વર્ષમાં કરેલ પારણાઓ એટલે કે ઠામ ચોવિહારની સંખ્યા, પ્રભુના આશ્રિત સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકાઓની સંખ્યા, પ્રભુના પરિવારમાં રહેલા ૧૪ પૂર્વિ જ્ઞાનીઓ, અવધિજ્ઞાનીઓ, કેવળજ્ઞાનીઓ, લબ્ધીવંત મહાપુરૂષો, વાદી પ્રકાંડ પંડિતો, તથા તેમાંથી મોક્ષ પામનાર મહાત્માઓની સંખ્યાઓ જણાવવામાં આવેલ છે. પ્રભુના સમગ્ર જીવનના વર્ષો કવિએ એક કડીમાં વિશિષ્ટરૂપે દર્શાવ્યા છે.

*ત્રીશ વર્ષ ઘરવાસે વસીયા, બાર વર્ષ છદ્મસ્થરે,*
*ત્રીશ વર્ષ કેવળ બેતાલીશ વર્ષ શ્રમણ મધ્યે રે.*

જે કવિની સ્પષ્ટ જાણકારીનું અને એક રીતે પ્રભુવીરના જીવનના ઉપસંહારનું દ્યોતક છે. કવિ આ ઢાળને અંતે રચનાના સ્થળનું તથા તે સમયના સંઘની જ્ઞાન વાણી પ્રત્યેની ધગશનું નિર્દેશન કરે છે.

*સંઘ તણો આગ્રહ હર્ષ ધરીને,*
*સુરત રહી ચોમાસું રે.*

આ રચના ગુજરાતી ભાષાના અભ્યાસીઓ માટે પણ મહત્ત્વપૂર્ણ છે કેમ કે ત્રણસો વર્ષ પૂર્વે વપરાયેલા શબ્દોનો વૈભવ આજે પણ સ્પષ્ટ રીતે સમજાય તેવો સરળ છતાં અખૂટ જ્ઞાનગર્ભિત અને વિદ્વત્તાપૂર્ણ છે.

કવિની ચોકસાઈ પૂર્વકની માહિતી સમાવીને છેક સુધી શ્રોતા કે ગાયકના રસને જાળવવાની કળામાં સફળ આ રચના આ વિષયની આજ સુધીની રચનાઓમાં અવ્વલ છે અને માટે જ ભારત અને વિશ્વભરના સંઘો પર્યુષણ જેવા અતિ ઉત્તમ દિવસોમાં આ રચના મમળાવવાનું ચૂકતા નથી.

અભ્યાસી વર્ગે, પંડિતોએ, વીર સૈનિકોએ, નાના સાધુ સાધ્વીજીઓ તથા પાઠશાળાના બાળકોએ આ રચના અચૂક યાદ કરી લેવી જોઈએ જે તેમને આસન્નોપકારી પ્રભુવીરના જીવનની ઘટમાળાઓ યાદ રાખવા સરળ માધ્યમરૂપ છે.

કળશ :

*ઈમ ચરમ જિનવર, સયલ સુખકર, પુણ્યો અતિ ઉલટ ધરી,*
*અષાઢ ઉજ્જવલ પંચમીદિન, સંવત સત્તરત્રિહોતરે,*
*ભાદરવા સુદ પડવા તણે દિન, રવિવાર ઉલટ ભરી,*
*વિમલ વિજય ઉવજ્ઝાય પદકજ, ભ્રમર શુભ શિષ્ય એ,*
*શ્રી રામ વિજય જિનવર નામે, લહે અધિક જગીશએ.*

આજથી બરોબર ત્રણસો વર્ષ પૂર્વે રચાયેલી આ રચના કવિએ અષાઢ સુદ પાંચમે શરૂ કરીને પંચાવન દિવસમાં એટલે કે ભાદરવા સુદ એકમે એટલે કે મહાવીર સ્વામી જન્મ વાંચનના દિવસે સંવત ૧૭૭૩ માં સુરતમાં બનાવી આપણા પર અનંત ઉપકાર કર્યો છે. પ્રભુના અનુરાગી વર્ગમાં સમગ્ર વર્ષ દરમિયાન આ સ્તવન સાંભળવાનો લ્હાવો લેવાની એક ઝંખના અને આતુરતા હોય છે, જે આ સ્તવનની લોક ચાહના દર્શાવે છે. આજ દિન સુધી હજારો સંઘોની મહાપર્વ પર્યુષણની પર્ષદાઓમાં લાખો વખત ગવાયેલ આ સ્તવન પ્રભુ શાસનના સૈકાઓ સુધીનું અમરત્વ પામે અને પ્રભુના કલ્યાણકોના સંભારણા સાથે આપણો સંસાર ટૂંકો કરવામાં નિમિત્ત બને એવી પ્રભુ વીરના ચરણોમાં પ્રાર્થના.

મધ્યકાલીન કવિઓએ રાસ, થોય, સ્તુતિ, સ્તવન, સજ્જાય, ગીત, દુહાઓ, ફાગું, બારમાસી, વિગેરે કાવ્યોની સતત કરેલી હજારો રચનાઓ દ્વારા ગુર્જર ભાષા અને જૈન સાહિત્યની ઊભય સેવા કરવાનું ભગીરથ કાર્ય સૈકાઓ સુધી કર્યું છે. જે આજે પણ સતત ચાલુ જ છે. ❑❑❑

*૪૬ - એ, મેરુ આશિષ, વિદ્યાનગર,*
*ભાવનગર - ૩૬૪૦૦૨. મો.: ૯૯૦૪૦૮૫૮૫૯*

# દાન

## નટવરભાઈ દેસાઈ

અનાદિકાળથી મનુષ્ય જીવનમાં દાનનો મહિમા સ્વીકારવામાં આવેલ છે. લેવા કરતાં આપવામાં વિશેષ આનંદ છે તે વાત અનેકવાર કહેવામાં આવે છે. આપણી પાસે આપણી જરૂરિયાત કરતાં જે કાંઈ વધારે હોય તે જરૂરિયાતવાળાને આપીએ તેને દાન કર્યું કહેવાય. દાનનો બીજો અર્થ કોઈને મદદરૂપ થઈએ એવો છે. મદદ ત્રણ રીતે થઈ શકે. આપણે તન,મન, ધનથી અન્યને ઉપયોગી થઈ શકીએ. તનથી શ્રમદાન થઈ શકે, મનથી આવા કાર્યમાં પ્રોત્સાહન આપીએ તે મનથી સેવા કરી કહેવાય અને જેને ધનની જરૂરિયાત છે તેને ધનથી મદદ થઈ શકે. કોઈની પાસે વિશેષ શારીરિક શક્તિ હોય તે શ્રમદાન કરી શકે. જેનું મનોબળ વિશેષ મજબુત હોય તે તેના મનથી અન્યને પ્રેરણા આપી શકે અને જેની પાસે ધનની સગવડ હોય તે અન્ય જરૂરિયાતવાળાને ધનથી મદદ કરી શકે.

પુરાણોમાં એક કથા આવે છે : જ્યારે દેવ, દાનવ તથા માનવ ખૂબ દુઃખી થતાં હોય છે અને સુખ-શાંતિ માટે વ્યાકુળ હોય છે ત્યારે તેઓ બધાં સુખ-શાંતિ કઈ રીતે મેળવી શકે તે જાણવા માટે તથા તેનું વરદાન લેવા માટે બ્રહ્મા પાસે જવાનું નક્કી કરે છે. તે પ્રમાણે તેઓ બધાં બ્રહ્મા પાસે ગયાં અને અમારા જીવનમાં સુખ-શાંતિ આવે તે માટે અમારે શું કરવું જોઈએ તે બાબતની સલાહ માંગી. બ્રહ્માજીએ તેમને સૌને એક વર્ષ માટે તપ કર્યા પછી આવવાનું કહ્યું અને ત્યારે હું જવાબ આપીશ તેમ કહ્યું. તે પ્રમાણે સૌએ એક વર્ષ તપ કર્યા બાદ ફરીથી બ્રહ્માજી પાસે ગયાં અને પૂછ્યું પ્રભુજી અમારા સવાલનો જવાબ શું છે? બ્રહ્માજીએ કહ્યું તમો વારાફરતી મારી પાસે આવો અને તેનો જવાબ હું આપીશ. શરૂઆતમાં દેવ ગયા તેમને બ્રહ્માજીએ જવાબમાં એક જ શબ્દ કહ્યો ''દ'' ત્યારબાદ દાનવ ગયા તેમને પણ ફક્ત ''દ'' શબ્દ જ કહ્યો અને છેલ્લે માનવ ગયા અને તેમને પણ જવાબમાં ''દ'' શબ્દ જ કહ્યો. આનો અર્થ કોઈ સમજી શક્યું નહીં, એટલે તેઓએ પૂછ્યું, પ્રભુ આ ''દ''નો અર્થ શું છે? બ્રહ્માએ દેવ લોકોને કહ્યું કે તમે ખૂબ ઈન્દ્રિયોનાં મોજશોખ કરો છો તો તમારે તેનું દમન કરવું જોઈએ જેથી કરી તમો સુખ-શાંતિ મેળવી શકો. દાનવ લોકોને કહ્યું તમોને ''દ'' કહ્યું તેનો અર્થ તમે લોકો જે હિંસા કરો છો અને લોકોને ત્રાસ આપો છો તેને બદલે સૌની ઉપર દયા રાખશો તો તમારા જીવનમાં સુખ-શાંતિ આવશે. ત્યારબાદ માનવ ગયા અને બ્રહ્માજીએ કહ્યું તમે જે કાંઈ લક્ષ્મી ભેગી કરો છો તેમાંથી દાન આપતાં શીખશો તો તમારા જીવનમાં સુખ-શાંતિ આવશે. આ પ્રમાણે બ્રહ્માજીએ જવાબ આપ્યો અને સૌને આ વાત સાચી લાગી અને તે પ્રમાણે તેમણે તેમના જીવનમાં આચરણ કર્યું.

ઉપરોક્ત કથાનો સાર મનુષ્ય જીવનમાં દાનનું મહત્વ સમજાવે છે અને તે કારણે અનાદિકાળથી દાનનો મહિમા સૌએ સ્વીકારેલ છે.

દાનના અનેક પ્રકાર છે : કોઈ બીજાને માટે શરીરથી મહેનત કરી યોગદાન આપે. ત્યારબાદ કોઈ પોતાના મનથી સારા કામમાં સહકાર આપે અને આ બન્ને પ્રકારે દાન આપી શકાય. ત્રીજા પ્રકારનું દાન પોતાની લક્ષ્મીનું દાન છે, જે જરૂરિયાતવાળા વર્ગને સહાયરૂપે પોતાનું ધન સત્કાર્યમાં વાપરી દાન કરે.

આજના યુગમાં લોકો પાસે સમયનો અભાવ હોવાથી તનથી યોગદાન આપી શકે નહીં અને મન ચંચળ હોવાને કારણે એકાગ્ર મનથી સેવા થઈ શકે નહીં એટલે લોકો પોતાની લક્ષ્મીનો સદ્‌ઉપયોગ કરી યોગ્ય જગ્યાએ યોગદાન આપે છે અને તેને કારણે તેમના જીવનમાં સુખ-શાંતિ આવે અને જીવન સાર્થક થયું તેમ લાગે.

આજના યુગમાં આર્થિક રીતે બે મોટા વર્ગ છે. એક શ્રીમંત વર્ગ અને બીજો ગરીબ વર્ગ. શ્રીમંતો પોતાના ધનનો સદ્‌ઉપયોગ કરી જરૂરિયાતવાળા આર્થિક રીતે નબળા માણસોને મદદ કરે તો તેમની લક્ષ્મીનો સદ્‌ઉપયોગ કર્યો કહેવાય.

ઉપરોક્ત બાબત હું વર્ષોથી માનવસેવાનું ભગીરથ કાર્ય કરતી વિકલાંગ બાળકોની એક મોટી સંસ્થામાં સક્રિય રીતે જોડાયેલો છું અને આ સંસ્થામાં આર્થિક રીતે નબળા વર્ગના અનેક વિકલાંગ બાળકોને નિઃશુલ્ક સેવા આપવામાં આવે છે અને તે બધો જ આર્થિક બોજો લોકોના સ્વેચ્છાએ મળેલ યોગદાનથી થાય છે. લક્ષ્મી કમાવવા માટે જે ભાગ્ય જોઈએ તેની કરતાં તેનો સદ્‌ઉપયોગ થાય તેવી રીતે તે લક્ષ્મી વપરાય તેને માટે બહુ મોટું ભાગ્ય જોઈએ જે અમુક લોકોના જ નસીબમાં લખાયેલું હોય છે. છતાં પૈસે લોકો પોતાની લક્ષ્મીનો સદ્‌ઉપયોગ કરતાં નથી અને મોજમજામાં ધન વાપરે છે. તેવા અનેક લોકોના પરિચયમાં આવવાનું થયેલ છે. એવા પણ લોકો છે કે જેઓની પાસે સાધારણ ધન સંપત્તિ હોવા છતાં તેમને આવાં સત્કાર્યો કરવાનું સૂઝે છે અને સ્વેચ્છાએ સારા કામમાં યોગદાન આપતાં હોય છે.

ઘણાં વર્ષોથી સામાજિક કાર્યોમાં સક્રિય હોવાને કારણે મેં જરૂરિયાતમંદો માટે લોકો પાસેથી દાન મેળવવાની જવાબદારી રાખેલ છે. છેલ્લાં ૪૦ વર્ષથી આ કાર્ય કરી રહેલ છું અને તેમાં જાતજાતના અનુભવો થયેલ છે. આને લગતાં બે કિસ્સા કદી ભૂલાય નહીં તેવા છે.

(૧) એક અત્યંત શ્રીમંત સદ્ગૃહસ્થ સાથે પરિચય થયો અને તેમની પાસેથી સારું એવું યોગદાન મળશે તેવી અપેક્ષાને કારણે અવારનવાર તેમના સંપર્કમાં આવવાનું થતું. અમારી સંસ્થાની વિકલાંગ બાળકોની ભગીરથ સેવાના તે ભાઈ હંમેશા ખૂબ વખાણ કરતાં અને આ પ્રવૃત્તિમાં કાંઈક આપવું છે તેવી વાતો થતી. આ સિલસિલો ઓછામાં ઓછા ૧૦ વર્ષ ચાલ્યો અને જ્યારે પણ કાંઈ ડોનેશન આપવાની વાત આવે ત્યારે એક યા બીજા કારણે હમણાં કાંઈ થઈ શકે તેમ નથી તેવો જવાબ મળે. અઢળક સંપત્તિ હોવા છતાં તે સજ્જન પોતાની થોડી ઘણી સંપત્તિ પણ દાનમાં આપી શક્યા નહીં કારણ તેમની સંપત્તિનો સદ્ઉપયોગ કરવાનું તેમના નસીબમાં નહીં હોય. યોગાનુયોગ જે કાંઈપણ ધન સંપત્તિ ભેગી કરેલ તે છોડીને અચાનક તેમનું અવસાન થયું. તેમના સંતાનોએ બાપાએ ભેગી કરેલ સંપત્તિ મોજશોખમાં ઉડાવી દીધી. આ કિસ્સાનો હું સાક્ષી છું અને વ્યક્તિના નસીબમાં દાન કરવાનું સદ્ભાગ્ય ન લખ્યું હોય તો તે વાતો ઘણી કરે પરંતુ કાંઈ આપી શકે નહીં એવું મેં જોયેલું છે. ઉપર જણાવેલ જે કિસ્સો છે તેની તદ્દન વિરુદ્ધનો એક બનાવ બનેલ તે કદી ભૂલાશે નહીં.

(૨) એક દિવસ મારી ઓફિસમાં કોઈનો ફોન આવ્યો અને તેઓ મને રૂબરૂ મળવાં માંગે છે અને હું ક્યારે મળી શકું તે મને પૂછ્યું. મેં તમને કહ્યું કે તેઓ મને શા માટે મળવા માંગે છે. તેમણે જવાબ આપ્યો કે મને ખરાબ ન લાગે તો અમુક વાત કરવા મને મળવા માંગે છે. ફોનમાં તેમની વાત ઉપરથી મને લાગ્યું કે તેઓને કાંઈક મદદની જરૂર હશે એટલે રૂબરૂ આવીને વાત કરવા માંગતા હશે. મેં તેમને અનુકૂળતા હોય ત્યારે મને મળવા આવવાનું કહ્યું. બીજે દિવસે તેઓ મારી ઓફિસમાં આવ્યા અને તેમનો કપડાંનો પહેરવેશ તથા અન્ય રીતે તેઓ કાંઈક લેવા આવ્યા હશે તેવું મને લાગ્યું એટલે મેં તેમને પૂછ્યું તમારે શું જરૂરિયાત છે એટલે જવાબમાં તેમણે કહ્યું કે મારી કોઈ જરૂરિયાત માટે હું આપને મળવા આવેલ નથી પરંતુ તમો માનવસેવાનું બહુ મોટું કામ કરો છો તે જાણું છું અને તમોને ખરાબ ન લાગે તો નાની એવી રકમ હું તમારી સંસ્થાને આપવા માંગુ છું. તમારે ત્યાં લાખો રૂપિયા દાનમાં આવે છે પરંતુ સાધારણ માણસ છું અને મારી શક્તિ મુજબ રૂપિયા બે હજાર તમારી સંસ્થાને આપવા આવેલ છું તમો ખરાબ લગાડતાં નહીં. તેમના વિશે થોડું જાણવાની ઈચ્છા થઈ એટલે મેં પૂછ્યું કે તમોને અહીંયા કોણે મોકલાવ્યા અને મને તમો કેવી રીતે ઓળખો છો. આ ભાઈની ખૂબ જ નાની એવી કરીયાણાંની દુકાન પ્રેમપુરી આશ્રમની પાછળની ગલીમાં હતી અને સમય મળે ત્યારે પ્રેમપુરીમાં સત્સંગ માટે આવતાં અને તે કારણે તેમણે મને જોયેલો. મારે અને તેમને રૂબરૂ મળવાનું થયેલ નહીં પરંતુ પ્રેમપુરીના અન્ય કોઈ ભાઇએ તેમને ભાવનગરની સંસ્થાની વાત કરેલ અને તે કારણે તેમને સંસ્થામાં કાંઈ આપવાની ઈચ્છા થઈ અને મારી ઓફિસનું એડ્રેસ મેળવી મને મળવા આવ્યાં. મેં તેમની આર્થિક પરિસ્થિતિ બાબત તેમની સાથે વાત કરી અને તેમના જણાવ્યા મુજબ નાની એવી કરીયાણાંની દુકાનમાં તેઓ તથા તેમની પત્ની અને તેમનો પુત્ર દુકાનની પાછળ જ એક ઓરડીમાં રહે છે અને ખૂબ જ સાધારણ આર્થિક સ્થિતિ છે. પોતાના સાદાઈભર્યા જીવનનો નિર્વાહ કરે છે અને વર્ષે દહાડે થોડીઘણી જે બચત થઈ હોય તેમાંથી અમુક હિસ્સો દર વર્ષે દાનમાં આપવો તેવો સંકલ્પ તેમનો હોવાને કારણે આ નાની એવી રકમ આપવા માટે આવેલ છે. તે ભાઈ ખૂબ નિખાલસ અને સાત્વિક ભાવનાવાળા તદ્દન સાધારણ માણસ હતા, છતાં આપણે જે કાંઈપણ કમાઈએ છીએ તેમાંથી આપણી કરતાં પણ વધારે જરૂરિયાતવાળાને કાંઈક આપવું તેવી સમજ અને સિદ્ધાંત હોવાને કારણે છેલ્લા થોડા વર્ષોથી આ પ્રમાણે કરતા આવ્યા હતાં. આર્થિક રીતે ખૂબ જ સાધારણ નીચલા વર્ગનાં હોવા છતાં તેમની આવી ઉદ્દાત ભાવના જોઈને મારી આંખમાં આંસુ આવી ગયાં. તે રકમ લઈ અને કોના નામની રસીદ બનાવવી તેમ પૂછ્યું, ત્યારે તેમનો જવાબ હતો તે અદ્ભુત હતો. તેમણે મને જવાબ એમ આપ્યો કે તેમને મારામાં સંપૂર્ણ વિશ્વાસ છે અને આ રકમ યોગ્ય રીતે વપરાશે તેની ખાતરી છે એટલે આવી નાની રકમની રસીદની બિલકુલ જરૂર નથી. મુંબઈ જેવા શહેરમાં આવા પણ લોકો છે જે અન્યને ઉપયોગી થવાની ઉદ્દાત્ત ભાવના રાખે છે અને પોતે તદ્દન સાધારણ હોવા છતાં અન્યને ઉપયોગી થવા પોતાનામાંથી કાંઈક દાન આપવા માંગે છે તે ખરેખર વંદનને પાત્ર છે.

આ બીજો કિસ્સો પહેલા કિસ્સાથી તદ્દન જુદા પ્રકારનો છે. પહેલા કિસ્સામાં પુષ્કળ શક્તિ હોવા છતાં અનેકવાર માગણી કરી પરંતુ તેનાથી દાન થઈ શક્યું નહીં અને બીજા કિસ્સામાં અત્યંત સાધારણ હોવા છતાં સ્વેચ્છાએ વગર માંગે પોતાની શક્તિ મુજબ કાંઈક આપવું છે તેવી ભાવનાવાળા દાતા છે. તેમનું રૂપિયા બે હજારનું દાન મારી દૃષ્ટિએ રૂપિયા બે કરોડનું ગણીએ તો પણ ઓછું ગણાય. આપણાં જગતમાં આવા બન્ને જાતના લોકો જોવા મળે છે.

વિશ્વભરમાં અનેક સંસ્થાઓ માનવસેવાના ભગીરથ કાર્ય કરી રહેલ છે અને તેને માટે પુષ્કળ લક્ષ્મીની જરૂર પડે જે ઉદાર દાતાઓ તરફથી મળતી હોય છે. જે લોકો દાનનો મહિમા સમજે છે અને તેમની ઉપર પ્રભુની કૃપા હોય તો તેઓ આવાં સત્કાર્યમાં પોતાની લક્ષ્મીનો સદ્ઉપયોગ કરી શકે.

આપણે સૌ પ્રભુને પ્રાર્થના કરીએ કે આપણને પણ આવી પ્રભુ સદ્બુદ્ધિ આપે અને જે કાંઈપણ આપણી શક્તિ હોય તેવું યોગદાન આપતા રહીએ અને આપણું જીવન સાર્થક કરતા રહીએ.

❑❑❑

*મોબાઈલ : ૯૩૨૧૪૨૧૧૯૨*

# વિશ્વ ઉત્પત્તિ - ષડદ્રવ્ય


## સેવંતિલાલ શાંતીલાલ પટણી


**આ** વર્તમાનના અવસર્પિણી કાળના ચરમ - અંતિમ તીર્થંકર કેવળી સર્વજ્ઞ ભગવાન મહાવીરને સર્વશબ્દસન્નિપતિ બીજબુદ્ધિધારક, પ્રજ્ઞાસંપન્ન - 'तीथ्थं पढमं गणहर' થી દૈદિપ્યમાન વિશ્વમૂર્ધન્ય એવા એમના પેલા ગણધર શ્રી ઈન્દ્રભૂતિ ગૌતમ પોતાની ઊંડી અદમ્ય જીજ્ઞાસા ભળ્યા પૃચ્છા દ્વારા પ્રશ્ન પૂછે છે - भगवं किं तत्तम्? અર્થાત્ આ જગતનું તત્ત્વ શું છે? આ જગતનું રહસ્ય શું છે?

જવાબમાં સર્વજ્ઞ કેવળી ભગવંતની દિવ્ય ધ્વનિ પ્રગટે છે અને સ્વમુખે રત્નોરૂપી ત્રણ શબ્દો પ્રદાન કરે છે. જેને આપણે ત્રિવેણી ત્રિપદી કહીએ છીએ. આ ચૌદ અક્ષરોવાળી ત્રિપદી જેમાં આખા જગતની ફીલોસાફી સમાઈ જાય છે. उपन्नेइवा, विगमेइवा, धुवेइवा - અર્થાત્ આ જગતના દરેક પદાર્થો - દ્રવ્યો ઉત્પાદ (ઉત્પન્ન થવું - અસ્તિત્વ ધારણ કરવું) વ્યય (અસ્તિત્વનો ત્યાગ કરવો, નષ્ટ થવું) ધ્રૌવ્ય (કાયમ સ્થિર રહેવું). એમ ત્રણે ધર્મોથી યુક્ત છે, ત્રયાત્મક છે. એવો કોઈ પદાર્થ આ પૃથ્વી પર નથી કે જે આ ત્રયાત્મક ધર્મોથી પર ન હોય. જૈન દર્શનમાં ત્રિપદીના નામથી ઓળખાતા આ મુદ્રાલેખનું સમગ્ર બ્રહ્માંડમાં સામ્રાજ્ય પ્રવર્તે છે (સ્થપાય છે).

ગણધર ભગવંતોએ ભગવાન મહાવીરના મુદ્રાલેખ ત્રિપદીના ૧૪ અક્ષરોનો બિંદુમાંથી સિંધુરૂપી વિશાલ શ્રુતજ્ઞાનની નિર્મિતી કરે છે. જેને આપણે આગમો કહીએ છીએ. જે આ જૈન જગત માટે મોટી દેન છે કે જેના દ્વારા શાસનની સ્થાપના થાય છે. એક વાત સમજવા જેવી છે કે પ્રભુના તીર્થની સ્થાપના શ્રુતજ્ઞાનની રચનાથી થાય છે અને પ્રભુનું શાસન શ્રુતજ્ઞાન દ્વારા ચાલે છે. એટલે પ્રભુનું શાસન ૨૧૦૦૦ વર્ષ સુધી અર્થાત્ પાંચમા આરાના અંત સુધી ચાલવાનું છે.

ભગવાન મહાવીરે તત્ત્વનું બે ભાગમાં વર્ગીકરણ કર્યું. (૧) વસ્તુ-પદાર્થ મિમાંસા (૨) દ્રવ્ય મિમાંસા. આમ બન્ને રીતે તત્ત્વનું વર્ગીકરણ કરીને પ્રરૂપણ કર્યું. (નવતત્ત્વ અને ષડદ્રવ્ય) આ જણાવેલા તત્ત્વ એટલે શું? તે જાણી લઈએ. જૈન આગમોમાં તત્ત્વજ્ઞાન વિશે સાંગોપાંગ ચર્ચા કરવામાં આવી છે. તત્ત્વ શબ્દ બે શબ્દોના સમાસથી બનેલો છે. તત્ + ત્વ = તત્ત્વ. 'તત્' એટલે તે તે જગતના પદાર્થો (જેને નામ આપી શકાય તે સર્વે પદાર્થો) અને 'ત્વ' એટલે તેના સ્વરૂપને જાણવું. અર્થાત્ આ જગતમાં જે પદાર્થ ખરેખર જેવો છે તેવું તેનું સ્વરૂપ છે. તે પદાર્થનું યથાર્થ જ્ઞાન તેને તત્ત્વ કહેવાય છે. અને તે તત્ત્વનું યથાર્થ જ્ઞાન તેને તત્ત્વજ્ઞાન કહેવાય છે. જગપ્રસિદ્ધ તત્ત્વચિંતક શ્રી બ્રેડલે જણાવે છે કે માત્ર આભાસની વિરૂદ્ધ વાસ્તવિકતાને જાણવાનો પ્રયાસ છે. તે વાસ્તવિકતા અસ્તિત્વ, તત્ત્વ કે દ્રવ્યના અંતિમ સ્વરૂપને સમજવાનો કે ગ્રહણ કરવાનો પ્રયાસ છે. વાસ્તવિકતા એ તત્ત્વજ્ઞાનનો કે વિજ્ઞાનનો ચાવીરૂપ પ્રત્યય છે. અને તેના જીવન અને જગતના ખ્યાલનો સમાવેશ થાય છે. આમ પ્રત્યેક દર્શન વાસ્તવિકતા અને વિશ્વના અસ્તિત્વનો સ્વીકાર કરે છે.

જૈન દર્શનમાં વાસ્તવિકતા માટે પદાર્થ, દ્રવ્ય, સત્, તત્ત્વ, તત્ત્વાર્થ આદિ પર્યાયવાચક સમાન અર્થી શબ્દોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. દસ પૂર્વધર શ્રી ઉમાસ્વાતિએ વાસ્તવિકતા માટે તત્ત્વ શબ્દના સ્થાને દ્રવ્ય શબ્દનો ઉપયોગ કર્યો છે. આમ વાસ્તવિકતા અને દ્રવ્ય સમાન અર્થી છે. દ્રવ્ય, સત્, વાસ્તવિકતા સમાનઅર્થી છે. જૈન તત્ત્વ મિમાંસા (Antology) સત્નાં સ્વરૂપની ચર્ચા કરે છે. દસ પૂર્વધર સૂત્રકાર, વ્યાખ્યાકાર, વાચનાચાર્ય શ્રી ઉમાસ્વાતિજી ત્રિપદીનું ગુઢ રહસ્ય ખોલતા સત્નો સ્વરૂપ - લક્ષણની વ્યાખ્યા કરતા ફરમાવે છે કે उत्पाद व्यय ध्रौव्य युक्तं सत - पदार्थस्य त्रयं लक्षणं - અર્થાત્ ઉત્પત્તિ, લય અને સ્થિતિ એ પ્રક્રિયા જે પદાર્થોમાં ઘટે છે તે સત્ પદાર્થ કહેવાય છે. આ સત્ પદાર્થો ત્રિવેણી ત્રયાત્મક છે. અર્થાત્ સત્ના આ ત્રણ લક્ષણો છે. આમાં પ્રથમ બે લક્ષણો (ઉત્પાદ અને વ્યય) એ વાસ્તવિકતાના ગતિશીલ પાસા છે. જ્યારે ત્રીજું લક્ષણ ધ્રૌવ્ય તેનું સ્થિર - સ્થાયિક પાસુ છે. આ ત્રણે ત્રિવેણી પરસ્પર અવિનાભાવ સંબંધ ધરાવે છે અર્થાત્ તે એકબીજા વગર રહી શકતા નથી. પરસ્પરોપ જીવાનામ એ ન્યાયે પરસ્પરાવલંબી છે. કારણ કે કોઈપણ વસ્તુની ઉત્પત્તિ નાશ વિના ના હોય અને નાશ ઉત્પત્તિ વિના ના હોય અને ઉત્પત્તિ અને નાશ કોઈ સ્થાયી આધાર દ્રવ્ય વિના ના હોય. ઉત્પત્તિ અને વ્યયને પર્યાયના નામથી અને ધ્રૌવ્યને દ્રવ્યના નામથી જૈન દર્શનમાં સંબોધવામાં આવ્યા છે એટલે વસ્તુને કે પદાર્થને દ્રવ્ય - પર્યાયાત્મક કહેવામાં આવે છે. દ્રવ્યનું સ્વરૂપ સદા નિત્ય અને પર્યાયનું સ્વરૂપ સદા અનિત્ય છે. આકાર એ પર્યાય હોવાથી એ અનિત્ય કહેવાય છે. આથી દ્રવ્યરૂપે પદાર્થની નિત્યતા અને આકારરૂપે અનિત્યતા સિદ્ધ થાય છે.

**ઉત્પાદ :-** જ્યારે દ્રવ્ય તેના નિજી સ્વરૂપને (મૂળ સ્વરૂપને) છોડ્યા વિના ઉત્પન્ન થાય છે તેને ઉત્પાદ કહેવાય છે. ઉદાહરણ તરીકે ઘડો માટીમાંથી માટીનું સ્વરૂપ છોડ્યા વિના ઉત્પન્ન થાય છે અથવા સોનામાંથી આભૂષણ બનાવતા અલંકારની ઉત્પત્તિ થાય છે. અર્થાત્ (માટી કે સોનાનું) મૂળ સ્વરૂપને છોડ્યા વગર પરિવર્તન, રૂપાંતર કે નવુ સ્વરૂપ ધારણ કરવાની વિકાસ પ્રક્રિયાનો તબક્કો છે.

**વ્યય :-** વ્યય એ પૂરોગામી (સ્વરૂપ)ના ત્યાગ (પરિવર્તન)નું

નામ છે. ઉદાહરણ તરીકે માટી, એમાંથી ઘડો બનતા તે પોતાનું પૂરોગામી સ્વરૂપ બદલે છે. પરિવર્તન પામે છે. અર્થાત્ વ્યયનો આ રીતે સંપૂર્ણ વિનાશ નથી પણ તેના પૂરોગામી સ્વરૂપને સ્થાને અનુગામી સ્વરૂપ સ્થાપિત થાય છે અને તેથી જ આ પણ વિકાસ પ્રક્રિયાનો એક તબક્કો છે. પૂર્વસત્તાનો (અવસ્થાનો) વિયોગ એ વ્યયનું લક્ષણ છે.

**ધ્રૌવ્ય :-** અપરિવર્તન સ્થિતિ - ધ્રૌવ્ય એ શાશ્વતા, નિત્યતા એ દ્રવ્યનું આવશ્યક લક્ષણ કહેવાય છે. તે ઉત્પાદ અને વ્યય એ બન્ને સ્થિતિમાં અપરિવર્તન સ્થિતિમાં દ્રવ્ય કાયમ રહે છે. ન તો દ્રવ્યની ઉત્પત્તિ થાય છે, ન તો તેનો નાશ થાય છે. તે સદૈવ નિત્ય અને પરિવર્તનશીલ રહે છે. ઉદાહરણ તરીકે માટી કે સોનાનું મૂળ સ્વરૂપ તેના વિભિન્ન રૂપાંતરો વચ્ચે પણ એ અપરિવર્તનશીલ રહે છે. એ બન્ને અવસ્થામાં સ્થાયી દ્રવ્ય કાયમ રહે છે. ઉદાહરણ તરીકે અલંકાર કે ઘડાના નાશથી સોનું કે માટી કાયમ રહે છે.

ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય એ વાસ્તવિકતાના ત્રિઘટકયુક્ત છે. તેનું સ્વરૂપ ત્રયાત્મક છે. આ જૈન સિદ્ધાંત 'તત્ત્વ' સત્ (Being) અનેકાંતવાદ તરીકે સંબોધાય છે. આ સત્‌નો સિદ્ધાંત એટલે જૈન તત્ત્વજ્ઞાનનો સાત્વિક (સત્ત્વ એટલે સર્વે હકારાત્મક બળવત્તર ગુણો) અને તાત્ત્વિક (તત્ત્વને જાણવાવાળું તત્ત્વસભર તત્ત્વજ્ઞાન) અધિષ્ઠાન કહેવાય છે.

વૈજ્ઞાનિક કેવળી સવજ્ઞ ભગવાન મહાવીરે પ્રતિપાદિત કરેલ ત્રિપદીના તત્ત્વજ્ઞાનથી બીજા ધર્મના પ્રજ્ઞાવાન વિદ્વાનો કેટલા પ્રભાવિત થયા હતા. એના નોંધવા જેવા બે દાખલા જે એક પ્રાચીન કાળમાં થઈ ગયેલ અને બીજો અર્વાચીન કાળમાં થયેલ વિદ્વાનોનો અભિપ્રાય ટાંકુ છું. પ્રાચીન કાળમાં અર્થાત્ ભગવાન મહાવીર નિર્વાણ પામ્યા બાદ બીજી સદીના ઉત્તરાર્ધમાં થયેલ વેદોના નિર્યુક્તિકાર મહર્ષિ યાસ્કમુનિએ (સંસ્કૃતછાયા) उत्पद्यते वा विगम्यते वा ध्रौव्यते वा। વિશે પ્રભાવિત થઈ પોતાનો હકારાત્મક પ્રતિભાવ આપતા આચાર્ય વાર્ષાયણિનો એક શ્લોક ટાંકી ફરમાવે છે કે - षडभावविकारा भवन्तीती वार्षायणि :- (૧) जायते (૨) अस्ति (૩) विपरिणमते (૪) वर्धते (૫) अपक्षीयते (૬) विनश्यतीति जायत इति पूर्वभावस्य अदिमाचष्टे - અર્થાત્ વાર્ષાયણિ આચાર્ય ત્રિપદી દ્વારા પદાર્થોના છ વિકારોનો - પરિણામોનો નિર્દેષ કરે છે.

(૧) जायते - એ પદ પૂર્વભાવનો - ઉત્પન્ન થયેલા પદાર્થનો પ્રારંભ સૂચવે છે.

(૨) अस्ति - એ પદ ઉત્પન્ન થયેલાની સ્થિતિ દર્શાવે છે.

(૩) विपरिणमते - એ પદથી વસ્તુમા અન્ય વિકાર ઉત્પન્ન થવા છતાં તેનો નાશ થતો નથી એવું સૂચન કરાયું છે.

(૪) वर्धते - એ પદથી અનેક પદાર્થોના સંયોગથી ઉત્પન્ન વૃદ્ધિ સચવાઈ છે.

(૫) अपक्षीयते - એ પદથી વિપરિત હકીકતનું પ્રતિપાદન કરાયું છે.

(૬) विनश्यतीति - એ પદથી અપરભાવ - ભાવાંતર - રૂપાંતરની શરૂઆત દર્શાવાઈ છે.

(આર્હત દર્શન દિપીકામાંથી ઉદ્ધરિત)

વેદોના નિર્યુક્તિકાળ મહર્ષિ યાસ્કમુનિ અને આગમોના નિર્યુક્તિકાર, મહાપ્રાણયોગ સંપન્ન, શ્રુતકેવળી, તેરમા પટ્ટધર મહર્ષિ ભદ્રબાહુસ્વામી બન્ને સમકાલીન હતા. એમ વિદ્વાનોની માન્યતા છે.

અર્વાચીન કાળમાં થયેલ સ્વામી વિવેકાનંદનો અભિપ્રાય જણાવું છું. મધ્યપ્રદેશના ઈન્દોર શહેરમાં પ્રકાશિત થતાં દૈનિક વર્તમાન પત્ર (છાપું) નામ 'દૈનિક ભાસ્કર' એ સ્વામી વિવેકાનંદના સાહિત્યમાંથી તારવીને તેના તારીખ ૨૬ નવેમ્બર ૨૦૧૪ ના ફ્રન્ટ પેજ ઉપર સુવિચારના કોલમમાં થોડાક મોટા અક્ષરોમાં છાપ્યું છે. ब्रह्मांड अपनी सृष्टि स्वयं करता है, स्वयं विघटित होता है और स्वयं अभिव्यक्त होता है - स्वामी विवेकानंद। એક વિદ્વાન ફરમાવે છે કે धर्मस्य तत्त्वं निहितं गुहायाम महाजनो येन गतःस पन्था। અર્થાત્ ધર્મનું રહસ્ય અતિ ગૂઢ છે. ભલભલા બુદ્ધિશાળીઓ માટે સમજવું અતિ દુર્લભ છે.

ષડદ્રવ્ય જાણવા પહેલા દ્રવ્ય એટલે શું તે જાણી લઈએ. દ્રવ્ય એટલે ગુણ અને પર્યાયનું આશ્રય સ્થાન. गुण पर्याय वत द्रव्यं। અર્થાત્ ગુણ અને પર્યાયવાળું હોય તેને દ્રવ્ય કહેવાય છે. અર્થાત્ દ્રવ્યને પોતાનો ગુણ અને સ્વભાવ હોય છે. સ્વભાવ હંમેશા પોતાની સાથે જ હોય છે. અવસ્થા - પર્યાય બદલાતી રહે છે. આમ દ્રવ્ય ગુણ અને પર્યાયથી યુક્ત હોય છે. द्रव्यस नित्यत्वात सकलकाल भवित्वात ओकरुप - અર્થાત્ ત્રણ કાળમાં એક સ્વરૂપે વર્તે છે. માટે તે એકરૂપ છે. દ્રવ્ય સ્વયં ન તો ઉત્પન્ન થાય છે ન તો સ્વયં નાશ પામે છે. અર્થાત્ દ્રવ્યમાં ધ્રુવત્વ શાશ્વત નિત્ય છે. તે આસ્તિકાયનું હાર્દ છે. અને શાશ્વત રહેતું તત્ત્વ અને સત્વ છે. દ્રવ્યમાં બે પ્રકારના ગુણો છે. (૧) નિત્ય લક્ષણ (સ્વરૂપ) (૨) પરિવર્તનશીલ પર્યાય તરીકે. નિત્ય લક્ષણો કે ગુણો વગર દ્રવ્યનું અસ્તિત્વ હોતું નથી. દ્રવ્યમાં રહેલા નિત્ય ગુણો એ પરિવર્તનશીલ છે. અર્થાત્ એકબીજા સાથે અવિનાભાવ સંબંધ ધરાવે છે. જ્યારે દ્રવ્યના બીજા પ્રકારના ગુણો આકસ્મિક કે પરિવર્તનશીલ પર્યાય તરીકે ઓળખાય છે. पर्यति उत्पत्तिं विपत्ति च प्राप्नोति स पर्यायः। અર્થાત્ જે ઉત્પત્તિ અને નાશને પામે છે તેને પર્યાય કહેવાય છે. આકૃતિ કે આકારરૂપ પર્યાય અશાશ્વત કહેવાય છે.

જેને આપણે વિશ્વ, જગત, બ્રહ્માંડ કે દુનિયા (યુનિવર્સલ) કહીએ છીએ તેના બે વિભાગ છે. (૧) લોક અને (૨) અલોક. તેમાં લોક એ જીવ અને અજીવ (જડ પદાર્થો) થી વ્યાપ્ત છે. જ્યારે અલોકમાં આકાશ સિવાય કાંઈ નથી. અર્થાત્ સર્વત્ર આકાશ ફેલાયેલું છે. તેના એક અનંતમા ભાગમાં લોક આવેલો છે અને તેમાં ચેતન અને જડ પદાર્થો (જીવ અને અજીવ) રહેલા છે. આ બે

તત્ત્વો દ્વારા જ વિશ્વ વ્યાપ્ત છે. સમગ્ર વિશ્વના સમગ્ર પદાર્થો આ બે તત્ત્વમાં આવી જાય. જ્યારે લોકના બહારનો બધો વિસ્તાર તે અલોક કહેવાય છે. ત્યાં ગતિ અને સ્થિતિ માટે કોઈ સહાયક દ્રવ્યો નથી. સર્વત્ર વિશાળ આકાશ ફેલાયેલું છે.

વસ્તુતઃ આ જગતમાં બે જ પદાર્થો - તત્ત્વો હોવા છતાં અવસ્થા ભેદને લઈને અથવા સ્પષ્ટબોધ થાય તેમ વસ્તુ સ્થિતિને સુલભતાથી સમજવા માટે શાસ્ત્રકારો રચિત જૈન તત્ત્વવિજ્ઞાનીએ એના પેટાવિભાગ પાડી સમગ્ર અસ્તિત્વના છ ઘટકો ગણાવ્યા છે. આ મૂળભૂત પદાર્થોને દ્રવ્ય સંજ્ઞાથી ઓળખવામાં કે સંબોધવામાં આવ્યા છે. આ બે તત્ત્વોનું વિસ્તૃતીકરણ કે વિવરણ ષડદ્રવ્ય રૂપે નિરૂપણ કરવામાં આવ્યું છે. અને એ ષડદ્રવ્યના લક્ષણ ભેદ તેના સ્વરૂપ નિરૂપણમાં જૈન શાસ્ત્રોનો સારો એવો ભાગ રોકાયો છે. શાસ્ત્રીય પરિભાષામાં દ્રવ્યોના આ વિવેચનને 'દ્રવ્યાનુયોગ' નામથી સંબોધવામાં આવ્યું છે. આગમ શાસ્ત્રોમાં ચાર પ્રકારના અનુયોગનું વિવરણ કરવામાં આવ્યું છે. (૧) દ્રવ્યાનુયોગ (૨) ચરણકરણાનુયોગ (૩) ધર્મકથાનુયોગ (૪) ગણિતાનુયોગ. આ ચાર અનુયોગમાં દ્રવ્યાનુયોગની મહત્તા હોવાથી તે શ્રેષ્ઠ અનુયોગ કહેવાય છે. કારણ ષડદ્રવ્ય અને નવતત્ત્વનું યથાર્થ સ્વરૂપ સમજ્યા વિના આત્મવાદથી મોક્ષવાદમાં પ્રવેશ થઈ શકતો નથી. દ્રવ્યાનુયોગની વિચારણા વગર શુક્લધ્યાન નથી અને તે વગર કેવળજ્ઞાન નથી. તેના માટે સાધકને દ્રવ્યાનુયોગ જ્ઞાનનું જ આલંબન હોય છે.

શાસ્ત્રકારો ફરમાવે છે કે દ્રવ્યાનુયોગની વિચારણાથી સમકિતની અર્થાત્ સમ્યક્દર્શનની પ્રાપ્તિ થાય છે જે મોક્ષના દ્વારનું પ્રથમ પગથિયું ગણાય છે. જે ચૌદ ગુણસ્થાનકમાં ચોથું ગુણસ્થાનક કહેવાય છે.

ઉપર જણાવ્યું તે મુજબ શાસ્ત્રકારો રચિત જૈન તત્ત્વવિજ્ઞાને આ સમગ્ર અસ્તિત્વના છ ઘટકો ગણાવ્યા છે. આ જગતની કે વિશ્વની રચનામાં ભાગ ભજવનાર છ દ્રવ્યો છે. જે અનાદિકાળથી સમગ્ર વિશ્વમાં વ્યાપેલા છે. જે સ્વયંસંચાલિત ક્રિયાવાળા છે. આ સૃષ્ટિને કે બ્રહ્માંડને કોઈ બનાવનાર નથી પણ તે ષડદ્રવ્યના ગુણધર્મના કાર્યશીલતા વડે આ સૃષ્ટિનું સ્વયંસંચાલન થયા કરે છે. परस्परोप ग्रहो जिवानां। એ ન્યાયે આ ષડદ્રવ્યો સામુહિકતાથી પોતપોતાના ગુણધર્મોના કાર્યો દ્વારા સમગ્ર સૃષ્ટિનું સંચાલન થયા કરે છે એવી જૈન તત્ત્વવિજ્ઞાનની માન્યતા છે અને તે યથાર્થ છે.

જીવ અને અજીવ આ બે તત્ત્વોનો વિસ્તાર તે ષડદ્રવ્ય અર્થાત્ તાત્ત્વિક વર્ગીકરણ કરીને વિસ્તૃત વિવરણ ષડદ્રવ્ય રૂપે કરવામાં આવ્યું છે. એમાં જીવની ગણના એક દ્રવ્યરૂપે અને અજીવની ગણના પાંચ દ્રવ્યોના રૂપમાં અર્થાત્ અજીવના પાંચ ભેદોને પાંચ દ્રવ્યો કહેવામાં આવ્યા છે. તે આ પ્રમાણે :-

(૧) ધર્માસ્તિકાય (ધર્મ) Medium of Motion (૨) અધર્માસ્તિકાય (અધર્મ) Medium of Rest (૩) આકાશાસ્તિકાય (આકાશ) Space (૪) પુદ્‌ગલાસ્તિકાય (પુદ્‌ગલ) Matter (૫) કાળ Time. આમાં પુદ્‌ગલ આ એક જ રૂપી વિભાગ છે. આમાં જીવ પદાર્થ મેળવતા એકંદર છ પદાર્થ યાને ષડદ્રવ્યો છે.

આમાં કાળ સિવાયના પાંચ દ્રવ્યોને આસ્તિકાય કહેવાય છે. અસ્તિ એટલે પ્રદેશ અને કાય એટલે સમુહ અર્થાત પ્રદેશોનો સમુહ. જે પદાર્થ (દ્રવ્ય) કેવળ એક પ્રદેશરૂપ ન હોઈ સમુહરૂપ છે તેને આસ્તિકાય કહેવાય છે. આમ આસ્તિકાય પાંચ છે જ્યારે કાલમાં પ્રદેશોનો સમુહ હોતો નથી તેથી તે અનાસ્તિકાય કહેવાય છે. ધર્મ, અધર્મ અને આકાશ એ પ્રત્યેક એક એક છે. એ ત્રણે ચૌદ રાજલોકમાં સર્વ વ્યાપી છે. જ્યારે કાલ, પુદગલ અને જીવ આ ત્રણે દ્રવ્ય અનંત છે. કાલ સિવાયના પાંચે દ્રવ્યો ધ્રુવ, નિત્ય અને શાશ્વત છે. અર્થાત તે કોઈના ઉત્પન્ન કરેલ નથી અને તેનો નાશ પણ થવાનો નથી અલબત તેના પર્યાયોમાં કે તેની અવસ્થામાં અવશ્ય પરિવર્તન થતું રહે છે. વિશેષમાં આ દ્રવ્યો સમાન અવગાહનમાં સાથે રહી શકે છે અને વ્યવસ્થિત અનાદિ સિધ્ધ હોવાને કારણે તેની સંખ્યામાં કદિ વધારો કે ઘટાડો થતો નથી.

**ષડદ્રવ્યનું તાત્વિક વર્ગીકરણ :** પેલા જીવાસ્તિકાય પછી અજીવના પાંચ ભેદોમાં પ્રથમ ધર્માસ્તિકાય (માંગલિક હોવાથી) અધર્માસ્તિકાય અને બન્ને દ્રવ્યો લોક અને અલોકરૂપ વ્યવસ્થાના કારણીભુત હોવાથી તેમનો પ્રથમ નિર્દેશ કરવામાં આવ્યો છે. પછી લોક અને અલોકને વ્યાપીને રહેલા આકાશાસ્તિકાયનું અને ત્યારબાદ સમય ક્ષેત્ર ઈત્યાદિ વ્યવસ્થાના હેતુ ભૂતકાળનું વિવરણ કરવામાં આવ્યું છે.

(૧) **જીવ : જીવનું લક્ષણ :** જીવ શબ્દનો વ્યુત્પતિજન્ય અર્થ થાય છે. जीवती प्राणानं धारयति जीवः। અર્થાત્ જીવે છે, પ્રાણ ધારણ કરે છે તે જીવ.

**જીવનનું સ્વરૂપ :** જન્મ અને મૃત્યુ વચ્ચેનો જે ભાગ છે તે જીવન છે. મનુષ્યજીવન અત્યંત દુર્લભ છે. એ એકજાતનું તીર્થક્ષેત્ર છે કે જ્યાં બધા પાપકર્મોનો નાશ થાય છે. તેનો મુખ્ય હેતુ મોક્ષમાર્ગની સાધના કરવાનો છે. તે માનવજીવન વગર શકય નથી. વાસ્તવિકતામાં જીવ અને જડ પદાર્થોનો સંયોગ એજ સંસાર છે. જીવનનું કલ્યાણ સાધવાની સાર્થકતા માટે શાસ્ત્રકારો દ્વારા નિર્મિત તત્વજ્ઞાન દ્વારા દિગ્દર્શનનો યથાર્થ ભાગ ભજવાય છે.

જીવનું સ્વરૂપ : यः कर्ता कर्म भेदानां, भोक्ता कर्मफळस्यच।
स सर्ता परिनिर्विता सहृयात्मा नान्य लक्षणः।

અર્થાત્ જે કર્મનો ભેદનાર છે, કર્મના ફળનો ભોગનાર છે, એક ગતિમાંથી અન્ય ગતિમાં પરિભ્રમણ કરનાર છે તેમજ કર્મથી નિવૃત થનાર છે તે જીવ છે - આત્મા છે.

चेतना लक्षणो जीवः। અર્થાત્ ચેતના એ જીવનું વિશિષ્ટ લક્ષણ ગણાય છે. ચેતના એ જીવ કે આત્માનું હાર્દ છે, સાર તત્વ છે. જીવ તત્વતા

ચેતનયુક્ત છે. એટલે સંવેદનાના હિસાબે તે સુખ અને દુઃખના આધીન છે. પ્રત્યક્ષ રીતે તે સ્વયંકર્તા છે અને ભોક્તા પણ છે. ચેતના સ્વયં સક્રિય હોવાથી જ્ઞાન અને દર્શન ઘટકોની બનેલી છે. તેથી જીવના મુખ્ય લક્ષણો જ્ઞાન અને દર્શન હોવાથી પાંચ પ્રકારના જ્ઞાન ધરાવે છે. સ્વરૂપ એટલે શું ? સ્વરૂપ એટલે સ્વભાવ. જે પોતાની જાતથી ક્યારેય લુપ્ત થતું નથી તે સ્વભાવ કહેવાય છે. જે નિરંતર પ્રજ્વલિત રહે છે અને પ્રગટ રહે છે. સ્વરૂપ એટલે પોતાની ચેતનાનો સાક્ષાત્કાર. સ્વ સ્વરૂપને પ્રાપ્ત કરવું એજ વાસ્તવિકતાના અસ્તિત્વની સૌથી મોટી ઉપલબ્ધિ છે.

जीवो उपयोग लक्खणो। અર્થાત્ જીવ ઉપયોગ લક્ષણવાળો છે. લક્ષણ એટલે શું ? એનો વ્યુત્પતિજન્ય અર્થ लक्षते नेनेति लक्षण - જેનાથી વસ્તુ જણાય તે લક્ષણ असाधारण धर्मो लक्षण - અર્થાત્ જે વસ્તુનો અસાધારણ ધર્મ હોય છે તે વસ્તુનું લક્ષણ કહેવાય છે. ચેતના એટલે ચેતનાનું સ્ફુરણ, બોધ વ્યાપાર કે જાણવાની પ્રવૃત્તિ તેને સાકાર ઉપયોગ કહેવાય છે. આ પ્રકારના ઉપયોગને જ્ઞાન અને દર્શન કહેવાય છે. એનું અંતરિક સ્વરૂપ પૂર્ણત્વનું છે. મુળભૂત સ્વભાવથી પ્રત્યેક જીવાત્મા શુદ્ધ, બુદ્ધ અને વિમુક્ત છે. પરંતુ જીવ કર્મપુદ્‌ગલથી લોપાયેલો (સંબંધિત) હોવાને કારણે સમ્યકજ્ઞાન, સમ્યકદર્શનથી પ્રછન્ન છે અને તેથી મુક્તિ પ્રાપ્ત કરવા માટે કર્મપુદ્‌ગલોનો ક્ષય કરવો અને ગુણોની પ્રાપ્તિ કરવી આવશ્યક બને છે. એટલા માટે જ ચૌદ ગુણસ્થાનકની રચના કરવામાં આવી છે. જે ધર્મ પુરૂષાર્થ દ્વારા પ્રાપ્ત ગુણોને જાણવાનું થર્મોમીટર કહેવાય છે અને એ દ્વારા ગુણગ્રાહી બની આ કર્મમલ સાફ કરી આત્માને શુદ્ધ વિશુદ્ધ બનાવી સિદ્ધત્વની અર્થાત્ પૂર્ણત્વની પ્રાપ્તિ થાય છે. પ્રો. આલ્બર્ટ આઈન્સ્ટિાઈન કહે છે "I Belive that intelligence is manifested throughout all nature" અર્થાત્ હું માનું છું કે આ સમસ્ત પ્રકૃતિમાં અજ્ઞાત શક્તિ એવી ચેતના કામ કરી રહી છે. કહેવાનું તાત્પર્ય એ છે કે હવે વિજ્ઞાન પણ જીવનું અર્થાત્ આત્માનું સ્વતંત્ર અસ્તિત્વ માનવા લાગ્યું છે.

આ લોકાકાશમાં અર્થાત્ ચૌદ રાજલોકમાં જીવો અનંત છે. જૈન દર્શન મુજબ જીવમાં અસ્તિત્વ, ચેતના, ઉપયોગ, કર્તુત્વ, પ્રભુત્વ, કર્મસંયુક્ત, સંસારત્વ, ભોક્તૃત્વ, અમૂર્તત્વ, દેહપરિણામત્વ, સિદ્ધ અને સ્વભાવે ઉર્ધ્વગતિયુક્ત વગૈરે અસંખ્ય ગુણો છે અને અસંખ્ય પ્રકારના જીવો છે. જીવ જ્યારે દેહસાથે સંબંધિત થાય છે, ત્યારે તે શરીરના પરિણામ મુજબ પ્રસરણ કે સંકોચન પામે છે. જીવનું આ એક મહત્વનું લક્ષણ છે. (ઉદા. તરીકે મુંગી અને હર્તા)

**જીવોનું વિભિન્ન દૃષ્ટિએ વર્ગીકરણ અને તેના પ્રકારો :**

જીવો દ્રવ્યથી અનંત છે. ક્ષેત્રથી સમગ્ર લોકવર્તી છે. કાલથી ત્રિકાલીન અર્થાત્ ત્રણે કાળમાં રહેનાર છે. ભાવથી ઉપયોગાદિ લક્ષણવાળા છે. જુદી જુદી દૃષ્ટિએ જીવોના જુદાજુદા પ્રકારો પડે છે એમાના જાણવા જેવા જે નીચે મુજબ છે.

૧) चेतना लक्षणो जीवः। જેમકે ચેતનાત્મક પદાર્થોની અપેક્ષાએ ઉપયોગ આશ્રિતે સર્વ જીવોનો એકજ વિભાગમાં સમાવેશ થાય છે. ઉદા. તરીકે પ્રભુનો આત્મા અને આપણો આત્મા ચેતનલક્ષી હોવાથી સમાન છે. (अप्पा सो परमप्पा)

૨) जीवा मुक्ता संसारीओ - અર્થાત્ કર્મના બંધન-મોક્ષની અપેક્ષાએ જીવોના બે ભાગ પડે છે. મુક્ત અને સંસારી એવા બે ભેદ છે. આઠ પ્રકારના કર્મોથી રહિત થયા હોય અર્થાત્ કર્મથી સર્વથા મુક્ત હોય અને મોક્ષમાં બિરાજમાન હોય તે મુક્ત જીવ કહેવાય છે. (સિદ્ધત્વની પ્રાપ્તિ) જ્યારે આઠ પ્રકારના કર્મસહિત હોય તે સંસારી જીવ. સંસાર શબ્દ સમ + સૃ પરથી ઉદ્‌ભવેલ છે. તેનો અર્થ થાય છે ૮૪ લાખ જીવયોનિમાંથી પરિભ્રમણ કરવું તે સંસાર. संसरण संसारः। જેમાં એક ગતિમાંથી બીજી ગતિમાં ભ્રમણ કરવાનું કામ નિરંતર ચાલુ હોય છે તે સંસાર અને આવા સંસારમાં રહેનાર જીવ તે સંસારી કહેવાય છે.

મુક્ત જીવોને બાજુ પર મુકીએ તો સંસારી જીવોના અવાંતર જીવોના ભેદો જાણવા જેવા છે.

૩) ત્રસ અને સ્થાવર એ સંસારી જીવોના બે ભેદ પડે છે. એમાં ત્રસના ચાર ભેદ પડે છે. ૧) બેઈન્દ્રિય, ૨) ત્રેઈન્દ્રિય, ૩) ચૌરેન્દ્રિય, ૪)પંચેન્દ્રિય.

સ્થાવરના પાંચ ભેદ પડે છે. ૧)પૃથ્વીકાય, ૨)અપકાય, ૩)વાયુકાય, ૪)તેઉકાય, ૫)વનસ્પતિકાય. આ એક સ્પર્શેન્દ્રિયવાલા અને પાંચ સ્થાવર એકેન્દ્રિય કહેવાય છે.

આ અવસર્પિણી કાળમાં સૌથી પહેલા મોક્ષે જનાર મરૂદેવીમાતાને અત્યંત સ્થાવરા સિદ્ધા સંજ્ઞાથી સંબોધાય છે.

૪) વ્યવહારી અને અવ્યવહારી એમ પણ જીવના બે ભેદ પડે છે. નિગોદમાંથી બહાર નીકળી જેઓ પૃથ્વીકાયાદિ વ્યવહાર પામ્યા હોય તે વ્યવહારી અને જેઓ નિગોદમાંથી બહાર નિકળ્યા જ ન હોય તે અવ્યવહારી કહેવાય છે.

૫) વેદની અપેક્ષાએ જીવના ત્રણ ભેદ પડે છે. (૧) પુરૂષવેદ (૨) સ્ત્રીવેદ (૩) નપુંસક વેદ.

૬) ભવ્ય, અભવ્ય અને જાતિભવ્ય એમ સંસારી જીવોના ત્રણ ભેદ પડે છે.

૭) ઈન્દ્રિયની અપેક્ષાએ પાંચ ભેદ પડે છે. એકેન્દ્રિયથી લઈને પંચેન્દ્રિય સુધીના.

૮) લેશ્યાની અપેક્ષાએ છ ભેદ પડે છે.

૯) ચાર ગતિ - જૈન ગ્રંથોમાં અને દેરાસરોમાં જોવા મળતા સ્વસ્તિક સંજ્ઞા શુ+અસ્તિ+ક = સ્વસ્તિક. જે કલ્યાણના અર્થની સંજ્ઞા કહેવાય છે. એમાં બતાવેલ ચાર દિશા આ જીવની ચાર ગતિના તબક્કાઓ સૂચવે છે.

(૧) મનુષ્યગતિ (૨) દેવગતિ (૩) નારકી (૪) તિર્યંચગતિ. જે

જીવના મુક્તિ પામવા પહેલાના ચાર તબક્કાઓ સૂચવે છે. અર્થાત્ જીવ મુક્તિ પામવા પહેલા ચાર તબક્કાઓમાંથી પસાર થાય છે.

આમ જીવના અનુભાવિક સ્વરૂપમાં અનેક વર્ગીકરણ કરવામાં આવ્યું છે.

આપણે મધ્યલોકમાં વસીએ છીએ. જ્યારે દેવો ઉર્ધ્વલોકમાં વસે છે. અને નારકી જીવો અધોલોકમાં વસે છે. આમ વિશ્વ ત્રણ ભાગમાં વિભાજીત છે.

ઉર્ધ્વલોકમાં વસતા દેવો ચાર પ્રકારે છે. (૧) ભવનવાસી દેવો (૨) વ્યંતરદેવો (૩) જ્યોતિષદેવો (૪) વૈમાનિક દેવો. માનવની તુલનામાં દેવોનું આયુષ્ય દિર્ઘાયુ છે. તેઓ વિવિધ અવસ્થાનું સુખ ભોગવે છે. તેમની શારીરિક, માનસિક શક્તિઓ પૂર્ણતઃ વિકસિત છે. તેઓ ત્રણ પ્રકારનાં જ્ઞાન ધરાવે છે. અર્થાત્ અવધિજ્ઞાનની પણ પ્રાપ્તિ છે. પરંતુ તેમને પૂર્ણત્વની અર્થાત્ મોક્ષની પ્રાપ્તિ કરવી હોય તો મનુષ્યગતિમાં આવવું પડે છે.

અધોલોક એટલે નરકગતિ કહેવાય છે. નારકી આ પૃથ્વી હેઠળના એક નીચે એક એમ સાત પ્રદેશો વસેલા છે. આ નર્કમાં જન્મેલા જીવના અસ્તિત્વની સ્થિતિ છે. અત્યંત તાપ, ઠંડી, ક્ષુધા, તૃષ્ણા, દર્દના લીધે સંતાપ થાય છે. ઘૃણા કરવી કરવી એ એમનું સ્વાભાવિક લક્ષણ છે. દુષ્કર્મિ, ઘણા પાપ કરનાર, બીજાઓને દુઃખ દેનાર, હિંસા કરનાર સ્વભાવવાળા જીવો નરકમાં ઉત્પન્ન થાય છે. નરક એટલે વેદનાયુક્ત પ્રદેશ કહેવાય છે.

વિવિધ પ્રકારના જીવોના સ્થાનો : (૧) સુક્ષ્મ પર્યાપ્ત અને અપર્યાપ્ત એકેન્દ્રિય જીવોનું સ્થાન સમગ્ર લોકાકાશ છે. (૨) બાદર પર્યાપ્ત અને બાદર અપર્યાપ્ત એકેન્દ્રિયનું સ્થાન લોકનો અસંખ્યાત્મો ભાગ છે. (૩) સંજ્ઞી અને અસંજ્ઞી પંચેન્દ્રિયનું સ્થાન લોકના અસંખ્યાતનો ભાગ છે. (૪) અસંજ્ઞી મનુષ્ય મનુષ્યલોકમાં જ્યાં મનુષ્યની વસ્તી હોય ત્યાં છે. (૫) નારકોનું સ્થાન સાત પ્રકારના નર્કો છે. (૬) તિર્યંચોનું સ્થાન અતિર્યંચોની જેમ છે. (૭) મનુષ્યનું સ્થાન મનુષ્યલોક છે.

**પાંચગતિ અનુસાર જીવોની સંખ્યા અને પ્રમાણ :** (મોક્ષગતિ એ પાંચમી ગતિ છે)

જીવોનું અલ્પ બહુત્વ વિવિધ દૃષ્ટિએ વિચારી શકાય છે. 'પ્રવચનસારોદ્ધાર'ના ૨૬૩ના દ્વાર મુજબ જીવોની સંખ્યાની દૃષ્ટિએ - મનુષ્યની સંખ્યા સૌથી ઓછી છે. અર્થાત બીજા જીવોના પ્રમાણમાં મનુષ્યની સંખ્યા ઓછી છે. તેના કરતા નારકોનું પ્રમાણ અંસખ્ય ગુણા છે. તેનાથી દેવો અસંખ્ય ગણા છે. કેમકે વ્યંતરો અને જ્યોતિષ્કો એ બન્ને પ્રકારનાં શ્રેણિગત આકાશ પ્રદેશની રાશી જેટલા છે. એનાથી સિદ્ધો અનંત ગણા છે. કારણ અનાદિ કાળથી મુક્ત જીવો સિદ્ધ સ્થાનમાં ભેગા થતા આવ્યા છે અને ત્યાં જ રહે છે. જે મુક્તજીવનું પુનરાગમન નથી. એનાથી તિર્યંચો અનેક ગણા છે. વળી પ્રત્યેક નિગોદમાં સિદ્ધના કરતા અનેક ગણા જીવની રાશી છે. (જીવોની સંખ્યાથી પુદ્ગલો અનેક ગણા છે).

મનુષ્યની ગતિ : ગૃર્ભજ પર્યાપ્ત ૧૫ કર્મભૂમિમાં જ મનુષ્યો, ૫૬૩ ભેદો પૈકી કોઈપણ જાતના જીવ તરીકે જન્મે છે. પર્યાપ્ત ૩૦ અકર્મભૂમિજ મનુષ્ય, ૧૦ ભવનપતિ, ૧૬ વ્યંતર, ૧૫ પરમાધાર્મિક, ૧૦ જૂંબક, ૧૦ જ્યોતિષ્ક, અધઃકિલ્બિષિક, સૌધર્મ અને ઐશાન એમ ૯૪ પ્રકારે જન્મે. પર્યાપ્ત ૫૬ અંતરદ્વીપજ મનુષ્ય ૫૧ જાતના દેવો પૈકી જન્મે. અપર્યાપ્ત ગર્ભજ મનુષ્ય તેમજ અપર્યાપ્ત મનુષ્ય - ૧૦૧ ક્ષેત્રોના અપર્યાપ્ત મનુષ્યો ૪૮ તિર્યંચ, ૩૦ કર્મભૂમિ મનુષ્ય અને ૧૦૧ સમૂર્ચ્છિમ મનુષ્યોમાં ઉપજે. ઈતિ.

અજીવના પાંચ ભેદો છે. એના બે ભાગ પાડવામાં આવ્યા છે.

(૧) અરૂપી (૨) રૂપી. અરૂપીના ચાર ભાગ પાડવામાં આવ્યા છે. (૧) ધર્માસ્તિકાય (ધર્મ) (૨) અધર્માસ્તિકાય (અધર્મ) (૩) આકાશાસ્તિકાય (આકાશ) (૪) કાલ. એમ ચાર પેટા વિભાગ છે. જ્યારે રૂપીનો પુદ્ગલાસ્તિકાય (પુદ્ગલ) એમ એકજ વિભાગ છે. આ બધા મળીને પાંચ અજીવ પદાર્થો છે. એમાં પહેલા અરૂપી પદાર્થો પર વિચારણા કરીશું.

(૨) **ધર્માસ્તિકાય (ધર્મ)** : ધર્માસ્તિકાય શબ્દ ધર્મ + અસ્તિ + કાય એ ત્રણ શબ્દોના સમાસથી બનેલો છે. જે પદાર્થ (દ્રવ્ય) કેવળ એક પ્રદેશરૂપ ન હોઈ સમુહરૂપ છે તેને અસ્તિકાય કહેવાય છે. પ્રદેશોના સમુહને અસ્તિકાય કહેવાય છે. ષડદ્રવ્યમાં પાંચ દ્રવ્યોને આસ્તિકાય કહેવાય છે. ધર્મ એક અજીવ દ્રવ્ય પ્રકાર છે. તે નિત્ય, સ્થિર અને અરૂપી દ્રવ્ય છે. તે સમગ્ર લોક વ્યાપ્ત છે. તે ગતિ કરવા માટે સહાયક ગુણ ધરાવતું હોવાથી તેને ધર્મ કહેવાય છે. (ગતિ એટલે એક સ્થાનથી બીજા સ્થાનમાં જવાની પ્રક્રિયા) તે એક સ્થાનથી બીજા સ્થાનમાં જવા સ્વયં શક્તિમાન નથી. પરંતુ ગતિ કરવા માટેનું માધ્યમ છે. ગતિસહાયક અને નિમિત્તરૂપ કારણ છે. ઉદા. તરીકે માછલાઓને ગતિ કરવા જેમ પાણી મદદ કરે છે. તેમ જીવો અને પુદ્ગલોની ગમનાગમનની ક્રિયામાં ગતિ સહાયક તરીકે ધર્મનું માધ્યમ આવશ્યક બને છે. ધર્મ પદાર્થને ગતિશીલ કરતું નથી. ગતિ તો તેમનામાં જ છે. પરંતુ તેમના ગતિની ક્રિયામાં સહાયક થાય છે. પદાર્થ માત્ર અવરોધ વિના ધર્મના સહાયથી ગતિ કરે છે. ધર્મ અરૂપી હોવાથી પુદગલજન્ય ગુણો તેનામાં નથી. અનુમાન દૃષ્ટિબિંદુથી તે અસંખ્ય પ્રદેશયુક્ત છે. કારણ તે લોકાકાશમાં સર્વત્ર છે. લોકાકાશની બહાર તેનું અસ્તિત્વ નથી તેથી જ તે સ્વભાવથી જ મુક્ત જીવોને ગતિ સહાયતા કરે છે.

સિદ્ધત્વની પ્રાપ્તિ એટલે શું ? (મોક્ષ) સિદ્ધશીલા કે સિધ્ધિસ્થાન શું છે ?

જીવ અને પુદ્ગલ માટે ગતિ અને સ્થિતિનું લોકવ્યાપી માધ્યમ એટલે ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયનું કારણ છે. વાસ્તવિકતાથી જીવ (આત્મા)ની સ્વાભાવિક ઉર્ધ્વગતિનો સ્વભાવ

છે. જીવ (આત્મા) જ્યારે સર્વ કર્મોનો (ક્ષય) નાશ કરે છે. ત્યારે કર્મનો ભાર ઉતરી જવાથી તે એકદમ હળવો, શુદ્ધ, વિશુદ્ધ બને છે. મુક્ત થતો જીવ જડ પદાર્થ પાર્થિવ દેહ ત્યજીને સુક્ષ્મ કાર્મણિક શરીર દ્વારા ગતિ કરી લોકના અગ્રભાગ સુધી પહોંચે છે અને ત્યાં અટકી જાય છે. (સ્થિર થાય છે) કારણ આગળ વધવા માટે સહાયક બનનાર ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયનું અસ્તિત્વ ન હોવાથી લોકના અગ્રભાગમાં જ સ્થિર થઈ જાય છે. આને જૈન પારિભાષિક સિદ્ધત્વની પ્રાપ્તિ એવી સંજ્ઞાથી (સિદ્ધશિલા) સંબોધાય છે. એને જ સિદ્ધિસ્થાન કે સિધ્ધશિલા કહેવાય છે.

**નોંધ :** ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય આ બે પદાર્થો (દ્રવ્યો) બીજા ધર્મમાં જોવા મળતા નથી. કેવળજ્ઞાન સિવાય એને જાણી શકાય એવા નથી. (છદ્મસ્થાનો એ વિષય નથી) જૈનધર્મ એ કેવલી પ્રરૂપિત ધર્મ કહેવાય છે. બીજા ધર્મોના વિજ્ઞાનની કલ્પનામાં આવતો ઈશ્વર એ ધર્માસ્તિકાય અધર્માસ્તિકાય સાથે સંબંધ ધરાવતો હોવો જોઈએ. કારણ આ ચરાચર સમગ્ર સૃષ્ટિનું સંચાલન કોઈ એવા પદાર્થોના આધારે છે. એ હકીકત ધર્માસ્તિકાયના ગતિ સહાયક તત્વથી ભાસે છે અને તે યથાર્થ લાગે છે. મુક્ત આત્માનું સિદ્ધસ્થાન સુધી પહોંચવાનું જે પ્રોસીજર છે તે કેવળ જૈનો માટે નથી. બલકે સમગ્ર વિશ્વના સર્વે આત્મા માટેનું પ્રોસીજર છે.

(૩) **અધર્માસ્તિકાય :** સ્થિતિરૂપ પરિણામોને પ્રાપ્ત કરેલ જીવ અને પુદ્‌ગલની સ્થિરતા વિશે જે અપેક્ષીત કારણરૂપ છે તે અધર્માસ્તિકાય કહેવાય છે. અધર્મ પણ એક અજીવ દ્રવ્ય પ્રકાર છે. અધર્મનું મુખ્ય લક્ષણ સ્થિતિ સહાયતા છે એટલે કે સ્વભાવનુસાર સ્થિતિ સ્થિરતા કરી રહેલા ચેતન અને જડ પદાર્થોને સ્થિર કરવામાં તે સહાય કરે છે. તે નિત્ય, સ્થિર અને અરૂપી છે. તે સમગ્ર લોકવ્યાપી છે. તે સ્થિતિનું માધ્યમ કહેવાય છે. તે સક્રિયપણે ગતિશીલ પદાર્થોમાં અંતરાયરૂપ થતું નથી. અધર્માસ્તિકાયના સ્વરૂપ માટે ગરમીના દિવસોમાં માર્ગ પર પ્રવાસ કરતા યાત્રિકનું ઉદાહરણ આપવામાં આવે છે. પથિક વૃક્ષની શિતલ છાયાથી આકર્ષાઈ તેનો આશ્રય લે છે. અધર્મ તેને સ્થિર થવામાં સહાય કરે છે. આજ પ્રમાણે અધર્માસ્તિકાય કોઈપણ ગતિ ક્રિયા વિના ગતિશીલ જીવ અને પુદ્‌ગલને સ્થિર થવા આકર્ષે છે. અને ત્યારબાદ તેમને સ્થિર થવામાં સહાય કરે છે. જેવી રીતે વૃદ્ધજન પોતાની શક્તિથી ઉભો થવામાં લગાડી તેને સહાયભૂત થાય છે તેવી જ રીતે અધર્માસ્તિકાયનું માધ્યમ સ્વયં સ્થિર રહેવાવાળા પદાર્થોને સ્થિતિશીલ રહેવામાં સહાયભૂત થાય છે. જીવ અને પુદ્‌ગલમાં સ્થિતિશીલ રહેવાનું સામર્થ્ય છે; પરંતુ વિશ્વમાં અધર્મનું માધ્યમ ન હોય તો તેઓ સ્થિતિશીલ રહી શકે નહીં.

જૈન ધર્મની દૃષ્ટિએ ધર્મ અને અધર્મ વિશ્વના વ્યવસ્થિત સ્વરૂપ માટે જવાબદાર છે. તેમના વિના વિશ્વમાં અંધાધૂંધી પ્રવર્તશે. આ બન્ને તત્ત્વો એટલે આ વિશ્વની સંવાદિતા અને વ્યવસ્થાના સિદ્ધાંતો છે.

(૪) **આકાશાસ્તિકાય :** અવગાહનની અપેક્ષા રાખનારા પદાર્થોને અવકાશ આપવામાં કારણભૂત દ્રવ્ય એટલે આકાશાસ્તિકાય કહેવાય છે. આકાશ એટલે દિક-અવકાશ. આકાશ એક અખંડ અનાદિ નિત્ય, અરૂપી અને સર્વવ્યાપી દ્રવ્ય છે. વિશ્વના સર્વ પદાર્થો લોકાકાશમાં અસ્તિત્વમાન છે. (જીવ, પુદ્‌ગલ, ધર્મ, અધર્મ અને કાળ). લોક સિમિત છે. અલોકાકાશમાં કાંઈપણ અસ્તિત્વમાન નથી. તે લોકાકાશથી પર છે. આકાશ એ લોકાકાશ અને અલોકાકાશ એમ બે ભાગમાં વિભાજીત છે, જે વિભાજન છે તે આકાશમાં સ્વયંમાં નથી પણ અન્ય પાંચ દ્રવ્યોના સંબંધને લીધે છે. આકાશ આત્મનિર્ભર છે. જ્યારે બાકી દ્રવ્યો તેવા નથી. વ્યવહાર દૃષ્ટિએ તે આકાશાધિન છે. તેથી આકાશ સર્વવ્યાપી છે અને સ્વનિર્ભર છે. ધર્મ, અધર્મ અને આકાશ એ ત્રણે દ્રવ્યો ચૌદ રાજલોક પ્રમાણક્ષેત્રમાં સર્વવ્યાપી છે. આ ત્રણે દ્રવ્યો ભૌતિક સ્વરૂપના નથી પણ અરૂપી - અમૂર્ત છે તેથી તેઓ એકીસાથે વિરોધ વિના રહી શકે છે.

આકાશાસ્તિકાયના પર્યાયવાચી શબ્દો - આકાશ, ગગન, નભ, અંબર, અંતરિક્ષ, અવકાશાંતર આદિ પર્યાયવાચી શબ્દો છે.

(૫) **પુદ્‌ગલાસ્તિકાય :** જડ તત્વ માટે પુદ્‌ગલ શબ્દ વપરાય છે. પુદ્‌ગલ પાંચ અજીવ તત્વોમાંનુ એક છે. પુદ્‌ગલ અનાદિ અવિનાશી અને વાસ્તવિક છે.

**પુદ્‌ગલનો અર્થ :** पुरणाद गळनाच्च शरीरादीनां पुदगलः । અર્થાત્ શરીરાદિના પુરણ અને ગલન થતા હોવાથી જીવ પુદ્‌ગલ કહેવાય છે. (ટીકાકાર શ્રી અભયદેવસૂરિ) પુદ્‌ગલ શબ્દ 'પુદ' + 'ગલ' એ બે શબ્દોના સમાસથી બનેલો છે. 'પુદ' એટલે પુરણ, વૃદ્ધિ, સંયોજન અને 'ગલ' એટલે ગલન, હ્રાસ, વિયોજન. આમ પુદ્‌ગલ એટલે સંયોજન-વિયોજન (વૃદ્ધિ અને હ્રાસ). આ પ્રકિયા પુદ્‌ગલમાં જ થાય છે, અન્ય દ્રવ્યોમાં નહીં. આ દ્વારા તે એક સ્વરૂપમાંથી અન્ય સ્વરૂપમાં પરિવર્તન પામે છે. પુદ્‌ગલનો પંચેન્દ્રિય દ્વારા અનુભવ કરી શકાય છે. પરમાણુથી લઈને સ્થૂલ, અતિસ્થૂલ-મહાસ્થૂલ તમામ રૂપી પદાર્થોને પુદ્‌ગલ સંજ્ઞા આપવામાં આવી છે.

**પુદ્‌ગલોના ગુણો :** પુદ્‌ગલ રૂપી દ્રવ્ય છે.જૈન દર્શન પ્રમાણે દરેક પુદ્‌ગલ પછી તે સ્કંદરૂપે હોય, દેશરૂપ હોય, પ્રદેશરૂપ કે પરમાણુરૂપ હોય તે ચાર પ્રકારના ગુણ ધરાવે છે. (૧) સ્પર્શ (૨) રસ (૩) ગંધ (૪) વર્ણ (રૂપ). પુદ્‌ગલનો પ્રત્યેક પરમાણુ આચાર ગુણ લક્ષણયુક્ત છે. આ જગતમાં આપણી નજરે જે પદાર્થો પડે છે, તે આ પુદ્‌ગલની જ રચના છે. બાકીના દ્રવ્યો અરૂપી છે. શબ્દ(ધ્વનિ), અંધકાર, ઉદ્યોત, પ્રભા, આતમ એ પણ પુદ્‌ગલના જ પરિણામો છે. સ્પર્શ, રસ, ગંધ અને વર્ણ એ ચારેથી યુક્ત હોવું એ પુદ્‌ગલનું સ્વરૂપ છે અને એજ એનું મૂર્તત્વ છે. મૂર્તત્વ એટલે ઉપરના ચારેય ગુણોનું સામુદાયિક પરિણામ એ મૂર્ત અને મૂર્તને રૂપી પણ કહેવાય છે.

**પુદ્‌ગલના પ્રકાર :** પુદ્‌ગલના બે વિભાગ છે. ૧) અણુ-પરમાણુ ૨) સંઘાતસ્કંધ. તેના પણ વિભાગ વિભાગીએ તો (૧) સ્કંધ (૨) દેશ (૩) પ્રદેશ (૪) પરમાણુ. એમ ચાર વિભાગ થાય છે. સંઘાત સ્કંધ બેથી અધિક પરમાણુઓનો પુંજ છે. તેમાં મળવું અને છૂટા પડવું વગેરે પ્રક્રિયાઓ પ્રતિ સમય થયા કરે છે. અણુ પરમાણુ સ્વયં પ્રતિષ્ઠિત છે. તેના અન્ય ભાગ થવાનો સંભવ નથી. આ સંસારની નાની મોટી સર્વ વસ્તુઓ પુદ્‌ગલની જ બનેલી છે.

**પુદ્‌ગલ અને આત્મા :** સંસારી જીવ (આત્મા) પર પુદ્‌ગલોનો પ્રભાવ હોય છે. જ્યાં સુધી જીવ આ સંસારમાં પરિભ્રમણ કરે છે. ત્યાં સુધી જીવ અને પુદ્‌ગલ બન્ને અવિનાભાવ સંબંધથી જોડાયેલા છે. જે દેહમાં આત્મા બિરાજમાન છે તે શરીરનું નિર્માણ જ પુદ્‌ગલ દ્વારા થાય છે. વાણી, મન, શ્વાસોશ્વાસ એ પણ પુદ્‌ગલનુ જ કાર્ય છે. આ રીતે પુદ્‌ગલ શરીર વાણી મન શ્વાસોશ્વાસનું ભૌતિક અધિષ્ઠાન કહેવાય છે. ગુણસ્થાનકની દષ્ટિથી ૧૨માં ગુણસ્થાનક સુધી આત્મા પર પુદ્‌ગલનો પ્રભાવ હોય છે.

**શરીરના પ્રકારો :** પુદ્‌ગલ દ્વારા શરીર નિર્માણનું કાર્ય હોવાથી શરીરના પાંચ પ્રકારો છે. (૧) ઔદારિક શરીર (૨) વૈક્રિય શરીર (૩) તેજસ શરીર (૪) આહારિક શરીર (૫) કાર્મણ શરીર. આમાંથી માત્ર પહેલો પ્રકાર ઈન્દ્રિયગ્રાહ્ય છે. બાકીના પ્રકારો સૂક્ષ્મ હોવાથી ઈન્દ્રિયગોચર નથી.

**પુદ્‌ગલ દ્વારા જ્ઞાન :** પુદ્‌ગલ પંચેન્દ્રિય દ્વારા અનુભવી શકાય છે. ઈન્દ્રિય દ્વારા પ્રાપ્ત જ્ઞાન બાહ્ય સૃષ્ટિ અંગેનું છે. પ્રત્યેક ઈન્દ્રિય બાહ્ય સૃષ્ટિનું એક પ્રકારનું જ્ઞાન દૃષ્ટાને આપવા શક્તિમાન છે. ઉદા. તરીકે ચક્ષુ બાહ્ય સૃષ્ટિના પદાર્થોના રંગ અને આકાર, બનતી ઘટનાઓ ઈત્યાદિની માહિતી આપે છે. આમ ઈન્દ્રિયો પણ સૃષ્ટિના અન્ય પાસાઓ અંગે પરિચય આપવાનું કાર્ય કરે છે. પાંચ જ્ઞાનેન્દ્રિયો સર્વ માહિતી આપવા માટે કાર્યશીલ હોય છે.

પરમાણુ પુદ્‌ગલ, દ્વિપ્રદેશિક, ત્રિપ્રદેશિક યાવત અસંખ્યાતપ્રદેશિક, અનંતપ્રદેશિક ઈત્યાદિ એના અભિવચનો છે, પર્યાયો છે.

**(૬) કાળ (અદ્ધા, સમય) :** કાળ એક અવિભાજ્ય દ્રવ્ય છે અને તેથી તે અનાસ્તિકાય છે. એક અને સમાન સમય સર્વ જગતમાં હોય છે. અન્ય અસ્તિકાયની જેમ કાળ પણ દિકમા વિસ્તરેલ નથી. તે આકાશ સાથે સહઅસ્તિત્વમાન છે. કાળ દ્રવ્યનું મુખ્ય લક્ષણ વર્તના છે. અર્થાત્‌ તેના દ્વારા દરેક દ્રવ્યની વર્તના-વિદ્યમાનતા જાણી શકાય છે. કાળ પદાર્થોના પરિવર્તનનું માધ્યમ કે સહાયક કારણ છે. તે પોતાના સ્વરૂપ મુજબ કાયમ પરિવર્તન પામતો હોય છે. જેવી રીતે દીપક કે સૂર્ય સ્વયં પ્રકાશિત થઈને અન્ય પદાર્થોને પણ પ્રકાશિત કરે છે તેવી જ રીતે કાળ સ્વયં પરિવર્તન પામતા પામતા અન્ય જીવોનું વગેરેનું પરિવર્તન કરે છે. આમ જુઓ તો કાળ અપરિવર્તનશીલ જીવોનું પરિવર્તન કરતો નથી પણ સ્વભાવથી પરિવર્તનશીલ પદાર્થોના પરિવર્તનમાં સહાયભૂત થાય છે.

કાળ એક દ્રવ્ય નથી પણ અસંખ્યાત દ્રવ્ય પ્રદેશો છે. કાળ સૂક્ષ્મ પ્રદેશો (તત્વો)નો બનેલો છે. કોઈ દિક પ્રદેશ તેનાથી વંચિત નથી અર્થાત્‌ લોકાકાશના પ્રત્યેક પ્રદેશ પર એક એક કાળ સ્થિત છે. કાળના પ્રદેશો અવિભાજ્ય, અસંખ્ય અને અરૂપી પ્રદેશો છે.

જન દ્રષ્ટિએ કાળ માત્ર સત જ નથી પરંતુ તે વાસ્તવિક સૃષ્ટિના વિકાસ અને સમજુતિ માટેનું સબળ પરિબળ છે અને તેથી જ કાળનો દ્રવ્ય તરીકે સમાવેશ કરવામાં આવ્યો છે. તે સત છે પરંતુ તેને ભૌતિક સ્વરૂપ નથી તેથી તે અસ્તિકાય નથી.

કાળના પ્રકારો :- જૈન દ્રષ્ટિ અનુસાર કાળના બે ભેદો પડે છે. (૧) નૈશ્ચયિક કાળ (૨) વ્યવહારિક કાળ.

કાળ પરિવર્તનનું સહાયક કારણ છે તેથી સાતત્ય (સ્થાયિત્વ - સ્થિતિશીલતા) એ પરિવર્તનનો આધાર છે. દ્રવ્યના વર્તનાદિ પર્યાયો તેને નૈશ્ચયિક કે પરમાર્થિક કાળ કહેવાય છે. તે નિત્ય અરૂપી છે, અનાદિ છે. નૈશ્ચયિક કાળ લોક અને અલોકથી ઉભયત્વ વ્યાપ્ત છે.

જ્યારે વ્યવહારીક કાળ જોતિષ-ચક્રના પરિણામથી ઉત્પન્ન થતો અને સમય આવલિકા, મુહૂર્ત, દિવસ, પખવાડિયું, મહિનો, વર્ષ, પલ્યોપમમ, સાગરોપમ, ઉત્સર્પિણી, અવસર્પિણી તેમજ કાળચક્ર એ સર્વ દ્વારા નિર્દેશાતો કાળ તે વ્યવયહારીક કાળ કહેવાય છે. વ્યવહારીક કાળ અઢીદ્વીપમાં જ હોય છે. વર્તમાન સમય વિદ્યમાન છે. જ્યારે ભૂતકાળ નષ્ટ થઈ ગયેલ છે અને ભવિષ્યકાળ તો હજી ઉત્પન્ન થયેલ નહીં હોવાથી એ બન્નેના સમયો અવિદ્યમાન છે. જે વિદ્યમાન સમય છે તે વ્યવહારીક કાળ છે. ચાલુ સમય એટલે વર્તમાન ક્ષણ અને એ જ સભૂત અને અદભૂત કાળ છે અર્થાત્‌ વર્તમાન કાળ છે.

નવી વસ્તુ પુરાણી થાય છે, પુરાણી વસ્તુ જીર્ણ થાય છે, જીર્ણ વસ્તુ ખતમ થાય છે. તેવી જ રીતે બાળપણથી તરૂણ થાય છે, તરૂણ વૃદ્ધ થાય છે અને વૃદ્ધ પંચતત્ત્વને પ્રાપ્ત થાય છે. આ બધી કાળની ગતિ છે. નવા નવા રૂપાંતર ભિન્ન ભિન્ન પરિવર્તન અને જુદાજુદા પરિણામ આ બધુ કાળને આભારી છે.

**સમાપન :-** ભગવાન મહાવીરના ઉદયકાળ પહેલા ચાર્વાક દર્શનવાળા કેવળ અજીવને પાંચભૂતરૂપે ભૌતિકતાને માનવાવાળા હતા. જ્યારે વૈદિક દર્શનવાળા ઉપનિષદના ઋષિઓ કેવળ જીવને અર્થાત્‌ આત્મા પુરુષ બ્રહ્મને માનનારા હતા. એ બન્ને મતોનો સમન્વય જીવ અને અજીવ (ચેતન અને જડ તત્ત્વનો) સમન્વય જૈન દર્શનમાં થયો અને એનો વિસ્તાર ષડદ્રવ્યરૂપે કરવામાં આવ્યો.

❑❑❑

*૧૭૬ એ પરશુરામવાડી (ગાયવાડીના બાજુમાં)*
*ગીરગાવ રોડ, મુંબઈ - ૪. ફોન : ૨૩૮૫૮૬૮૮*

આ વિશાલ વિષય હોવાથી અલ્પમતિના કારણે કાંઈ લખવાનું રહી ગયું હશે અને લખવામાં કાંઈ ભૂલ થઈ હોય તો મિચ્છામિ દુક્કડમ્‌.

# સંસ્કૃતિ અને સંસ્કાર જીવાય છે, ગોખતા નથી

ડૉ. સેજલ શાહ અને મનીષ શાહ

**૨૧**મી સદીમાં થયેલાં કુટુંબ વિશેના સર્વેનો અભ્યાસ કરતાં જણાઈ આવે છે કે આજે મોટે ભાગે કુટુંબો, એકલા રહેવાનું પસંદ કરે છે. સંયુક્ત કુટુંબની વિભાવના જાણો કે સમાજમાંથી વિલાઈ રહી છે. ભૌતિકતાની સમૃધ્ધિ સાથે આપણને એકલતા પણ ભેટ રૂપે મળી છે. બાળકો પોતાની એકલતાને તોડવા મોબાઈલ, ટીવી અન્ય ટેક્નોલોજીના સહારે ગયા છે. જેની સાથે તે પોતાનો સમય પસાર કરી શકે. ડીજીટલ ભારત સાથે સંબંધોમાં ઉષ્માની ઓટ આવી ગઈ છે. આવા સમયે મોટાં ભાગના લોકો ફરિયાદ કરે છે. પરંતુ એક કુટુંબ એવું છે, જેને ૩૯ વર્ષ પહેલાં જ પોતાના કુટુંબને ભેગું રાખવા માટેના પ્રયત્નો આદરી દીધાં હતા.

બહુ જ સહજપણે આરંભાયેલી એ પ્રવૃત્તિ આજે 'સંયુક્તા' નામે ફૂલીફલીને વટવૃક્ષ થઈ છે. આ પ્રવાસનો-પ્રવૃત્તિનો આરંભ આમ તો 'મેળાવડા' જેવી સહજ પ્રવૃત્તિથી થયો હતો પરંતુ વૈચારિક દીર્ઘદૃષ્ટિએ, આ પ્રવૃત્તિ મેનેજમેન્ટ, આયોજન, સામાજિક આધાર સંસ્કૃતિની જાળવણી, ધંધાકીય મૂલ્ય, માનવીય વ્યવહાર વગેરેની દૃષ્ટિએ બહુજ ઉત્તમ રહ્યો અને જેનો પ્રસાર કરી, અન્યને અનુસરવા માટેની પ્રેરણા આપે એવો છે.

આજે જ્યારે આપણો સમાજ માનવીય સંવેદના, એકબીજા માટેના ભાવનાત્મક અભિગમથી વિમુખ થઈ રહ્યો છે. ત્યારે 'સંયુક્તા' જેવી પ્રવૃત્તિનો પ્રચાર કરી. એકના મનમાં કુટુંબની એકતા વિશેના સ્વપ્નો વાવી શકાય છે.

આ કાર્યક્રમની વિગતે વાત કરીએ અને તેના કેટલાંક મહત્વના લક્ષણો સમજીએ.

ભારત દેશને સ્વતંત્રતા મળી એ પહેલાં અનેક લોકો ગુજરાતના જુદાં જુદાં વિસ્તારથી સ્વપ્નની નગરી મુંબઈમાં વિકાસ માટે આવતાં હતા. એ રીતે પાટણથી પોપટલાલભાઈ અને સેવંતીભાઈ મુંબઈ આવ્યા અને 'એસ. કે. બ્રધર' રૂપે પોતાના વેપારના શ્રીગણેશ કર્યા. સ્વાભાવિક રીતે અનેક કુટુંબમાં થાય છે તેમ એક કે બે ભાઈની સફળતા પછી કુટુંબના બધાજ સભ્યોને મુંબઈ બોલાવીને આર્થિક રીતે સમૃધ્ધ કરવાનું કાર્ય અહીં પણ થયું. આજે વેપારની સાથે તેઓ અનેક ક્ષેત્રમાં વિસ્તાર પામ્યા છે. સાથે સામાજિક ક્ષેત્રે પણ મહત્વનું પ્રદાન કરે છે; જેમાં પાટણ માટે મેનેજમેન્ટની કોલેજ, બાલમંદિર, શિક્ષણક્ષેત્રે, મુંબઈમાં મેડિકલ સેવામાં જાણીતી હોસ્પિટલમાં ફ્રી-બેડની સેવા, બ્લડ બેંકની સુવિધા, શ્રી જૈન યુવક સંઘ દ્વારા ચાલતી પર્યુષણ વ્યાખ્યાન માળાને દર વર્ષે આર્થિક બળ પૂરું પાડવું વગેરે જેવી અનેક સેવા કરી. સમાજ પ્રત્યે પોતાનું ઋણ અર્પે છે. વિશાળ કુટુંબે આજે પાંચ પેઢીના સભ્યોના વિસ્તારને લાગણી અને ભાવનાથી જોડી રાખ્યા છે. પાલીતાણાની જાત્રાથી કુટુંબના પ્રવાસની યાત્રા શરૂ થઈ ત્યારે મૂળ હેતુ એજ હતો કે દરેક સભ્ય એકબીજા સાથેના આ લોહીના સંબંધને સમજે અને એકબીજાને હૂંફ આપે. દરવર્ષે દિવાળીના દિવસોમાં પાંચ દિવસ તેમની યાત્રાનું આયોજન થાય છે.

શરૂઆતમાં આ કાર્ય સહેલું હતું કારણ ધાર્મિક પ્રવાસે જવાનું વળગણ એ સમાજને હતું પરંતુ જેમ જેમ યુવાનો મોટા થવા માંડયા તેમ તેમ તેમને સ્વાભાવિક જ રસ ઓછો પડે એટલે દર દિવાળીએ આ કાર્યની સફળતા ચાલુ રહે એ માટે વડીલોએ ખૂબજ નક્કર આયોજન કર્યું. પોતાના ધાર્મિક વિચારો સાથે સમજૂતી સાધી, યુવાનોને ગમે તેવા પર્યટક સ્થળોની પસંદગી કરવા માંડી અને ત્યાં જઈને પર્યટન મુલાકાત ન કરતાં, કુટુંબના બધાં જ સભ્યો સાથેને સાથે રહે એવી વ્યવસ્થા કરવામાં આવી. એક તરફ બદલતાં સમાજ, વિચારો સાથે આધુનિકતા પ્રત્યેનો ખુલ્લો આવકાર તો બીજી તરફ, મૂલ્યો, સંસ્કાર, ધાર્મિકતાનો ભાર ન લાગે એ રીતે એને વણી લેવામાં આવ્યા કે એ સમગ્ર આયોજનનો ભાગ બની ગયા. છેલ્લા ૩૧ વર્ષથી આ કુટુંબના ૯૦૦ થી ૧૦૦ સભ્યો દર દીવાળીમાં પાંચ દિવસ સાથે રહે છે, ત્રણ વર્ષથી ૯૦ વર્ષ સુધીના દરેકમાં એક તાલમેલનું વાતાવરણ ઊભું થયું છે અને કુટુંબની દરેકે દરેક વ્યક્તિ એકબીજાને નામથી ઓળખે છે. આજે તો ત્રણ-ચાર પેઢી પછી નામો ભૂલતા ગયા છે અને આજના અંગ્રેજી માહોલમાં તો બાળકોને એ પણ નથી ખબર હોતી કે કાકા-મામા-ફઈ કોને કહેવાયું જ્યારે કુટુંબ કબીલા સાથે રહેલા આ બાળકોની સ્પષ્ટતા ગજબની કેળવાયેલી જોવા મળે છે.

આજે દરેક વ્યક્તિ 'વ્યક્તિગત' ધોરણે વધુને વધુ સંકુલ બની રહી છે. વધુને વધુ સંકુચિત બની રહી છે, ત્યારે તેમને દરેક સાથે ભળવાનો, વૈશ્વિકતા વિકસાવવાનો દૃષ્ટિકોણ અહીંથી મળે છે.

આ પાંચ દિવસનું સાથે રહેવું શું શીખવે છે,–

- જીવનની ટ્રેનીંગ
- મહેમાનોને બોલાવવામાં આવે છે તેથી cross cultural training શીખે છે અને 'અતિથિ દેવો ભવઃ'ની ભાવના પણ શીખે છે.

- કુટુંબ "We Care We Share" ના સૂત્ર પર ચાલે છે.
- જો કુટુંબના કોઈ યુવાન ખોટે માર્ગે ચડે તો અન્ય યુવાનો તેમની એટલા નિકટ આવી ગયા છે કે તેને પાછા વાળવાનું શક્ય બને.
- કુટુંબ એટલે સમગ્ર કુટુંબીજનોની સમજ કેળવવામાં આવી છે, જેથી માતા-પિતા ઉપરાંત સહુ કોઈને પોતાના ગણી, એક સંચલન નિર્માણ કરાયું છે.
- દરેકે દરેક વ્યક્તિને બધી જ બાબતોમાં સામેલ કરવામાં આવે તેથી આયોજન, સંકલન અને સંચાલનની લાક્ષણિકતા કેળવવામાં આવે છે.
- ફેમીલી બીઝનેસ મેનેજમેન્ટનો જીવંત પાઠ અહીં શીખવાડાય છે, રમતાં રમતાં.

કુટુંબના લલિતભાઈ શાહને પૂછ્યું કે આટલા વર્ષો સુધી આ કઈ રીતે જળવાઈ રહ્યું તો તેમણે કહ્યું કે ખુબજ દીર્ઘદ્રષ્ટી સાથે આ આયોજન થયું છે. અમે સાત ભાઈઓનો પરિવાર છીએ અને સ્પષ્ટતા કરે છે કે કાકા-દાદાના. પરંતુ રામરાજ્યની જેમ કુટુંબમાં ભાતૃપ્રેમ જળવાયો છે, જેને કોઈ સંપત્તિ તોડી નથી શકી. તેમના અન્ય ભાઈઓ બીપીનભાઈ, જયંતભાઈ, રમણભાઈ, પ્રફુલભાઈ, મહેશભાઈ, ભરતભાઈ, અને સ્વ. સતીષભાઈ આ સહુના મનની કલ્પના અને સંકલ્પે, આ કુટુંબ વૃક્ષને ટકાવી રાખવાનો હતો. તેઓ જણાવે છે કે 'અમે પાંચ દિવસ સાથે જઈને રહીએ એટલું નથી, પરંતુ ઘરના બાળકો અને સ્ત્રીઓ આમાં ભાગ લે અને પોતાનું કૌવત દેખાડે અને એ પ્રવૃત્તિ માત્ર આનંદ અને સમયપસારની વૃત્તિ ના બની જાય એ માટે અમે બહુ વિચારીને આ બધું આયોજિત કરતાં, પહેલાં તો અત્યંત સાવધ રહીને બધો જ પ્લાન કરતાં, ત્યારે મર્યાદિત સાધનોમાં કરવાનું હતું. પરંતુ હવે એ અમારા જીવનનો એક હિસ્સો બની ગયો છે, એટલે વાવેલા છોડના વૃક્ષ નીચે અમારા જ ફળ રૂપી બાળકોના સંગીતથી શાતા અને સંતોષ પામીએ છીએ, સફળ ઉદ્યોગપતિ થવું સરળ છે પણ સફળ કુટુંબીજન બનવું અઘરું છે, જે અમે થયા છીએ. કોઈ પાસે આવો પ્લાન ભાગ્ય જ હોવાની સંભાવના.

ત્રણ મુખ્ય કારણો સફળતા પાછળના જોવા મળે છે. પહેલો, જે સહુ યુવાનોને બાંધી રાખે છે તે એ છે કે તેઓ સમય સાથે પરિવર્તનને સ્વીકારતા થયા. ધાર્મિક ધર્મશાળાથી આજે સારી સગવડ આપતી હોટલો ભણી વળ્યા, આજના હાયજેનિક જાગૃત વર્ગને કોઈ ફરિયાદ ન રહે. ધાર્મિક સ્થળનો આગ્રહ છોડ્યો પરંતુ એ તે સ્થળે ધર્મને આમેજ કર્યો ચીવટાઈથી કે યુવાને જરાયે એનું બંધન ન લાગે, કોઈ પણ જગ્યા જ્યાં સાથે રહેવાનું, એ જગ્યા પર્યટન તરીકે નહિ, એક સાથે રહેવાના છત તરીકે માધ્યમ હોય.

બીજું હવે ત્યાં કરવાનું શું ? તો માત્ર ગેમ રમવાની એવું નહીં, પરંતુ દરેક ઘરના આયુ પ્રમાણેના ગ્રુપ બનાવાય, જેમાં બધા જ સભ્યો, એક ઘરના ન જ હોય પરંતુ ભાઈઓ અને ભાભીઓ કે બહેનો અને એમના યુવા સંતાનો અને તેમની પત્નીઓ, જે જુદાં-જુદાં કાકા-દાદાના હોય. આમ ક્રોસ પરિવારના સભ્યો એક ગ્રુપમાં હોય. એટલે એની તૈયારી માટે બધાએ એકબીજાના ઘરે જવું જ પડે. ઓફીસ પછીના સમયમાં મળવાનું, આ તૈયારી એક મહિનો ચાલે એટલે એકબીજાનો ગાઢ પરિચય પણ થાય અને નજીક આવે, તૈયારી પછી એકબીજાના ઘરે ખાઈ-પી લેવાનું અને પછી ભાઈઓ ભાભી કે બહેનને મૂકી આવે. એટલે જવાબદારીની સમજ પણ કેળવાય. આમ સાત પેઢી જેમાં ત્રણ વર્ષના બાળકને ખબર હોય કે દાદા કોણ છે અને કાકા-દાદા કોણ છે અને બધાના નામો ખબર હોય, કુટુંબના નાનામાં નાના બાળકને બધા ૮૮ સભ્યોના નામ આવડે અને સંબંધ પણ ખબર હોય, આ ૨૦૧૭ના વર્ષનું કેટલું મોટું આશ્ચર્ય કહેવાય? આજે તો ત્રીજી પેઢીએ નામ અને ચોથી પેઢીએ ચહેરા પણ ભૂલાવા માંડ્યા છે. આને મેનેજમેન્ટની સૂઝ ન કહેવાય તો શું ?

હવે ત્યાં માત્ર ગેમ નહિ પરંતુ જનરલ નોલેજની ક્વીઝ તૈયાર કરવામાં આવે છે, જે ૧૫ વર્ષથી નીચેના બાળકો માટે અલગ અને મોટા માટે અલગ હોય, જેમાં ધર્મ, પાટણના એમના રિવાજો, શેર માર્કેટ, પ્રોપર્ટી કે પછી કોમ્પ્યુટર ક્ષેત્રના કોઈ પણ સવાલ હોય, એની બધી જ તૈયારી જે તે ગ્રુપ પોતાની જવાબદારી પૂર્વક કરીને આવ્યું હોય. દરેકેદરેકને કોઈને કોઈ જવાબદારી આપવામાં આવી હોય જેને તેઓ પૂરી નિષ્ઠાથી કરે, સહુથી મોટી વાત કે દરેક આયોજનમાં પ્રોફેશનલ સ્પર્શ અનુભવાય એટલી હદ સુધી વ્યવસ્થા જળવાઈ હોય. જ્યારે હરીફાઈ ન હોય ત્યારે પણ આ ગુણવત્તા જાળવવી, એ બહુ જ અઘરી છે. કોઈ એક ગ્રુપને ભોજનની તૈયારી આપી હોય તો પાંચે દિવસ એ ગ્રુપ ગુણવત્તા જુએ. સમયનું આયોજન એવું હોય કે બધા જ પોતાની એક્ટીવીટી કે તૈયારીમાં વ્યસ્ત હોય. જ્યાં કોઈ ફરિયાદ કે ટીકાનો સમય જ ન અપાય. તેઓ માને છે કે ખાલી મગજ ખોટી બાબતોને જન્મ આપે છે એટલે તેઓ સભાનતાપૂર્વક તમને વ્યસ્ત રાખે, પણ એનો અહેસાસ તમને ન થાય. આ કુશળતા પરિવારના અનેક સભ્યોમાં જેવા મળે છે. આ વખતે તેમનો થીમ એક અંગ્રેજી ટીવી શો આવે છે, શાર્ક ટેંક હતો. જેમાં પોતાના વેપારના વિસ્તાર માટે અન્ય પાસે નાણા ઉઘરાવવા રજૂઆત કરવાની હોય છે. હવે આ જીવનપાઠનો ઉત્તમ નમૂનો જુઓ, અહી પણ કુટુંબના બે યુવાન ગ્રુપે તૈયારી કરી હતી, જેમાં પ્રત્યેક ગ્રુપમાં ભાઈઓ અને બહેનોએ ભાગ લીધો હતો, પ્રોડક્ટ બનાવવો, એનું માર્કેટિંગ, એનું બજેટ વગેરે રજુ કરે, એક ગ્રુપમાં ૧૫ જેટલા સભ્યો હતાં અને કુટુંબના વડીલો નાણાં

ધીરનાર તરીકે બેઠાં હતાં, તેઓ જાણે કોઈ બીઝનેસ સ્કુલ ચલાવતાં હોય તેમ સવાલો પૂછતા અને એનો જવાબ આ યુવા પેઢી આપે, ઉદ્યોગ અને મેનેજમેન્ટના નિયમો હસતાં-હસતાં શીખવી દીધા. જેમાં સ્ત્રીઓ પણ ભાગ લે. સ્ત્રી-સન્માન અને યુવાનોને અવકાશ અને તક આપવાની બાબતમાં આ કુટુંબ આદર્શ કહી શકાય. કોણ કોની સાસુ અને કોણ કોની વહુ, એ તમારે પૂછવું પડે કારણ તેઓ માનવ અને સ્વતંત્રતાનું મૂલ્ય જાળવીને બેઠાં છે. દરેક સભ્યને એક જ બાબત ખબર છે કે અમે એસ.કે. ના બ્રાંડ એમ્બેસેડર છીએ અને અમે સહુ એક જ છત હેઠળ છીએ. સામાજિક સલામતી અને સામાજિક સ્વતંત્રતા, બન્નેને આ પરિવાર સાકાર કરી શક્યું છે. તેમના કુંટુંબનું સૂત્ર છે, 'વી કેર એન્ડ શેર'. આજે જ્યારે વિદેશમાં અનેક કોર્સ ચાલે છે જેમાં સાથે રહેતા લોકોની સાયકોલોજી અને સાથે વેપાર કરતાં લોકો કઈ રીતે છુટા ન પડે એ માટેના મેનેજમેન્ટના કોર્સ શીખડાવવામાં આવે છે, ત્યારે આ કુટુંબ એનું જીવતું જાગતું ઉદાહરણ છે.

ત્રીજી મહત્વની બાબત આ કુટુંબ દર વખતે પોતાની સાથે જે-તે ક્ષેત્રની વ્યક્તિઓને મહેમાન તરીકે બોલાવે છે, અને એ મહેમાનને જરા પણ અજાણ્યું ન લાગે એવું વાતાવરણ આપવામાં આવે. તમને કોઈ પણ એક સભ્યો દ્વારા આમંત્રણ મળ્યું હોય પરંતુ બાકીના ૭૮ લોકોને તમે ત્રણ દિવસના અંતે નામ સાથે ઓળખતાં થઇ જાઓ અને તમને થાય કે કોઈ ઔપચારિકતા વગર આટલાં નામો કઈ રીતે યાદ રહી ગયા? રોજ સવારે ચા થી લઇ રાત્રે જમવા સુધી કોઈને કોઈ આવીને મહેમાન સાથે જોડાય અને વાતો કરે. દરેક મહેમાન સાથે અલગ અલગ કુટુંબીજનો વારા-ફરતી વારા આવીને, બેસીને વાતો કરે. આ આખી પ્રક્રિયા બિલકુલ નક્કી કર્યા વગર એટલી સાહજિકતાથી થાય કે તમને નવાઈ લાગે, પણ કુટુંબના દરેક સભ્યને 'અતિથી દેવો ભવઃ'નો ભાવ જાણે લોહી સાથે ભળી ગયો, એવી અનુભૂતિ થાય અને જે આપોઆપ પછીની પેઢીમાં આવે જ.

સામાજિક સલામતી અને કુટુંબની સંયુક્તતાનો અર્થ કોઈ ભાષણ વગર, માત્ર કેટલીક રીતો દ્વારા આ પરિવારે પોતાના પ્રત્યેક સભ્યમાં જે રીતે ઉતાર્યો છે, તેનું જીવતું ઉદાહરણ સ્થાપિત કર્યું છે, તેને દરેકે મોડલ તરીકે ચોક્કસ અપનાવવું જોઈએ, કોઈએ સાચું જ કહ્યું છે કે જે મેનેજમેન્ટ સ્કુલમાં ન શીખવી શકાય તે વડીલોની દ્રષ્ટી અને જીવંત અનુભવ દ્વારા શીખવી શકાય. અંબાણી પરિવાર જેવા કેટલાય પરિવારને મિલકત માટે મનભેદ ઊભા કરતાં જોયાં છે, પરંતુ આ પરિવાર સંપતિને સંસ્કૃતિ, સંસ્કારમાં અને સંવાદિતામાં પલટાવી શક્યો છે. સંયુક્તા, આપણામાં પણ સહભાવ જન્માવે!

❑❑❑

sejalshah702@gmail.com
Mobile : +91 9821533702

## ડૉ. કુમારપાળ દેસાઈને મળેલું પત્રકારત્વ ક્ષેત્રનું રાષ્ટ્રીય સન્માન

સાહિત્ય અને પત્રકારના ક્ષેત્રમાં માનવમૂલ્યોની ગરિમા કરવાની સાથોસાથ સકારાત્મક લેખન કરીને સમાજને સાર્થક દિશા આપવા માટે સર્જક-પત્રકારને પ્રતિવર્ષ પ્રતિષ્ઠિત આચાર્ય તુલસી સન્માન આપવામાં આવે છે. સાંપ્રદાયિકતા અને સંકુચિત જાતિભેદથી દૂર રહીને માનવીય મૂલ્યોની પ્રતિષ્ઠા માટે સર્જન કરનાર ભારતીય લેખક-પત્રકારને આ સન્માન મળે છે.

ગુજરાતના પ્રસિદ્ધ લેખક મૂલ્યનિષ્ઠ પત્રકાર અને જૈનદર્શનના ચિંતક પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈને આ વર્ષે આચાર્ય તુલસી સન્માન એનાયત કરવામાં આવ્યું છે. જેમાં એક લાખ રૂપિયાનો પુરસ્કાર, શાલ અને માનપત્ર અર્પણ કરવામાં આવશે.

આચાર્ય તુલસી - મહાપ્રજ્ઞ વિચાર-મંચના અધ્યક્ષ શ્રી રાજકુમાર પોગલિયાએ જણાવ્યું કે અણુવ્રતના માનવીય મૂલ્યો અને સિદ્ધાંતોના પ્રચાર, પ્રસાર માટે દેશની પ્રમુખ સંસ્થા આચાર્ય તુલસી - મહાપ્રજ્ઞ મંચ નૈતિક મૂલ્યો પર આધારીત માનવસમાજના નિર્માણ માટે કાર્ય કરનાર પત્રકારને આ એવોર્ડ આપે છે. ''ગુજરાત સમાચાર''માં છેલ્લાં ૬૪ વર્ષથી વિવિધ કૉલમો દ્વારા લખીને સંકળાયેલા શ્રી કુમારપાળ દેસાઈ આજે 'ઇંટ અને ઇમારત', 'જાણ્યું છતાં અજાણ્યું', 'આકાશની ઓળખ', 'ઝાકળ બન્યું મોતી' અને 'પારિજાતનો પરિસંવાદ' -જેવી કૉલમ લખે છે. એમાં પણ એમના પિતાશ્રી જયભિખ્ખુએ શરૂ કરેલી અને એમના અવસાન પછી કુમારપાળ દેસાઈએ ચાલુ રાખેલી 'ઇંટ અને ઇમારત' કૉલમ છેલ્લી ૬૩ વર્ષથી 'ગુજરાત સમાચાર'માં પ્રગટ થાય છે. તેઓ પત્રકારત્વના શિક્ષણ અને પુસ્તક-લેખન સાથે પણ સંકળાયેલ છે.

આ પૂર્વે રામમનોહર ત્રિપાઠી, બાલકવિ વૈરાગી, ડૉ. કનૈયાલાલ નંદન જેવા રાષ્ટ્રના મહત્વના અખબારો અને સામયિકો સાથે સંકળાયેલી વ્યક્તિઓને આ એવોર્ડ પ્રાપ્ત થયો છે.

# એક શ્રીમત્ અને ઊર્જિત કાર્ય

ડૉ. નરેશ વેદ

**(અહીં 'જૈન દર્શન પરિભાષા કોશ' વિશેની માહિતી આ લેખમાં આપવામાં આવી છે.)**

ભાષા શબ્દોથી રચાય છે અને ભાષાનો વિકાસ થતાં તેના શબ્દભંડોળમાં પણ વધારો થતો જાય છે. કોઈપણ ભાષા કેટલી સમૃદ્ધ છે એ વાતની જાણ એના શબ્દભંડોળથી થાય છે. શબ્દનું નિર્માણ સંજ્ઞારૂપે થાય છે. વ્યક્તિ, વિચાર, વસ્તુ, બાબત, ઘટના, ક્રિયા વગેરેને ઓળખવા માટે, એને એના જેવી જ, એને મળતી કે ભળતી બાબતોથી અલગ પાડવા માટે ખાસ સંજ્ઞા યોજાય છે. આ સંજ્ઞાઓ શબ્દરૂપે ઘડાય છે, એના વડે ચોક્કસ અર્થનું ધ્વનન થાય છે અને કાળક્રમે એ સંજ્ઞાઓનો વિકાસ સંપ્રત્યય (concept) રૂપે થાય છે. એકસરખો અર્થ પ્રગટ કરતા જણાતા શબ્દો કે એકમેકની નજીકનો અર્થ ધરાવતા શબ્દોની અર્થછાયાઓ (Shade of meanings) જુદી જુદી હોય છે. જેમ કે ઈશ્વર વિશે, સ્ત્રી વિશે, સૂર્ય કે ચંદ્ર વિશે આપણી ભાષાઓમાં અનેક શબ્દો છે. પરંતુ એ બધી શબ્દ સંજ્ઞાઓ એકસમાન અર્થની વાહક નથી હોતી, એ જુદી જુદી અર્થછાયાઓ ધરાવતી હોય છે. માટે જ અલગ શબ્દસંજ્ઞા નિર્મિત થયેલી હોય છે.

આથી, પ્રત્યેક ભાષા પાસે પોતાના શબ્દ રાશિની વ્યાકરણગત અને અર્થગત વિશેષતા પ્રગટ કરી આપતા શબ્દકોશો હોય છે. વળી, શબ્દોના સમાનાર્થી કે વિરુદ્ધાર્થી શબ્દો ધરાવતા કોશ પણ રચાતા હોય છે. તેમ, ભાષામાં યોજાતાં રૂઢિપ્રયોગો અને કહેવતોના કોશો પણ તૈયાર થતા હોય છે. એ જ રીતે, જ્ઞાનના જુદા જુદા વિષયોને પોતપોતાની ખાસ શબ્દસંજ્ઞાઓ હોય છે. જે તે વિષયની શાસ્ત્રીય અને તાર્કિક વિચારણામાં અને એ જાતનાં લખાણોમાં આવી શબ્દસંજ્ઞાઓનો ખાસ ઉપયોગ થતો હોય છે. આવી શબ્દસંજ્ઞાઓને પારિભાષિક સંજ્ઞાઓ (terminology) કહે છે. આવી સંજ્ઞાઓ જે તે વિષયના મૂળભૂત ખ્યાલો કે સંપ્રત્યયોને સુરેખતાથી સ્પષ્ટ કરી આપતી હોય છે. વક્તવ્યમાં કે લખાણમાં આવી સંજ્ઞાઓ યોજવાથી એ ખાસ અર્થવિચાર અભિવ્યક્ત થઈ જાય છે, એની ઝાઝા શબ્દો અને વાક્યો યોજીને લંબાણથી સમજૂતી આપવી પડતી નથી.

ગણિતશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર, તર્કશાસ્ત્ર અને દર્શનશાસ્ત્ર જેવાં મૂળભૂત વિજ્ઞાનો, રસાયણશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર, વનસ્પતિશાસ્ત્ર, કીટાણુશાસ્ત્ર, શરીરશાસ્ત્ર વગેરે જેવાં પ્રાકૃતિક વિજ્ઞાનો, તબીબીશાસ્ત્ર, ઈજનેરીશાસ્ત્ર, કૃષિશાસ્ત્ર, વહીવટીશાસ્ત્ર, પ્રબંધનશાસ્ત્ર, ગૃહવિજ્ઞાન, ઈલેક્ટ્રીક, ઈલેક્ટ્રોનિક, કમ્પ્યુટર જેવાં પ્રયોજ્ય વિજ્ઞાનો, સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, માનસશાસ્ત્ર, રાજનીતિશાસ્ત્ર, નાગરિકશાસ્ત્ર, ઈતિહાસવિદ્યા, ભૂગોળવિદ્યા જેવાં સામાજિક વિજ્ઞાનો, સ્થાપત્ય, શિલ્પ, ચિત્ર, નૃત્ય, સંગીત, સાહિત્ય જેવી કલાઓ અને સૌંદર્યશાસ્ત્ર જેવી માનવવિદ્યાઓ - એમ જ્ઞાનનાં તમામ ક્ષેત્રના જુદા જુદા વિષયોને પોતપોતાની પારિભાષિક સંજ્ઞાઓ હોય છે.

એ જ રીતે આપણા દેશમાં જન્મેલા હિંદુધર્મ, જૈનધર્મ, બૌદ્ધધર્મ અને શીખધર્મને સગુણ કે નિર્ગુણ ઉપાસના કરતા વૈષ્ણવ, શાક્ત, શૈવ, ગાણપત્ય જેવા સંપ્રદાયોને અને સાંખ્ય, યોગ, ન્યાય, વૈશેષિક, મીમાંસા અને વૈદિક દર્શનને પોતપોતાની આગવી પરિભાષા છે. જ્ઞાનપિપાસુ અને જિજ્ઞાસુએ આવી પારિભાષિક સંજ્ઞાઓ અને પદાવલિઓથી માહિતગાર બનવું પડે છે. જો તેઓ એનાથી વાકેફ હોય તો જ આવા ગૂઢ અને ગહન વિષયોની વિચારણા સમજાય છે.

આપણા મોટાભાગના ધર્મસંપ્રદાયો પાસે પોતાના આચારવિચારના મતને પ્રતિપાદિત કરવા એકાદ પ્રતિનિધિ ધર્મગ્રંથ છે પરંતુ જૈનો પાસે પોતાના મતવિચાર પ્રતિપાદિત કરતો કોઈ એક પ્રતિનિધિ ગ્રંથ નથી. અન્ય ભારતીય દર્શનોની જેમ જૈન તત્ત્વદર્શન પણ અનેક અર્હંતો, સિદ્ધો, આચાર્યો, ઉપાધ્યાયો અને સાધુમુનિઓ દ્વારા ખેડાણ પામતું રહ્યું છે. તેથી એમાં મનુષ્યનાં કર્મ અને ધર્મ અંગે, જીવનના ઉદ્દેશ અને એ પાર પાડવાના સાધનામાર્ગની ગંભીર વિચારણા થયેલી છે. એ વિચારણાને તર્કબદ્ધ રીતે અને વ્યવસ્થિત રીતે રજૂ કરવા માટે તેમાં ખાસ પારિભાષિક સંજ્ઞાઓ અને પદાવલિઓ યોજાતી રહી છે. જેમ કે, અર્હંત, અણુવ્રત, અનેકાંત દ્રષ્ટિ, અતિચાર, આયંબિલ, આલોચના, કષાય, કેવળી, આશ્રવ, બંધ, કર્મવર્ગણા, ગુપ્તિ, સમિતિ, નય, સંવર, નિર્જરા, પ્રતિક્રમણ, પ્રભાવના, લેશ્યા, સંલેખના, શલ્ય, સમુદ્‌ઘાત વગેરે. વળી, જૈન ધર્મના તીર્થંકરોમાંથી ચોવીસમા તીર્થંકર શ્રી મહાવીર સ્વામીએ પોતાનો ઉપદેશ એ વખતની લોકભાષા પ્રાકૃતમાં કર્યો હોવાથી, એમાં પ્રાકૃત ભાષામાં પણ આવી સંજ્ઞાઓ યોજાઈ છે. જેમ કે આલોયણ, ઉણોદરી, કાઉસગ્ગ, ગોચરી, ઉવસગ્ગ, નિયાણુ, સંઘયણ, સમોસરણ, પર્યુષણ, લાંછન, વૈયાવચ્ચ, પચ્ચક્ખાણ, ચોથું વ્રત વગેરે.

સાંપ્રત સમયમાં સંસ્કૃત, પ્રાકૃત અને અપભ્રંશ ભાષાઓમાંથી વિકસેલી અર્વાચીન ભારતીય ભાષાઓ પૈકીની એક ભાષા ગુજરાતી છે. ગુજરાતી ભાષામાં કેટલીક સંજ્ઞાઓ મૂળ સંસ્કૃત કે પ્રાકૃત ભાષામાં હતી તેવીને તેવી જ રહી છે, જ્યારે

કેટલીક સંજ્ઞાઓનું રૂપાંતર થયું છે. સંસ્કૃત અને પ્રાકૃત ભાષાઓ હાલ ચલણમાં રહી નથી. તેથી આજકાલની પેઢીના લોકોને એ ભાષાઓની પુરાણી સંજ્ઞાઓ અને પુરાણા સંપ્રત્યયો સમજવા કઠીન બને છે. આ સંજોગોમાં આવી સંજ્ઞાઓના અર્થો અને ખ્યાલો સમજાવતા કોશની જરૂરિયાત ઊભી થાય છે. આ જાતના કોશ તૈયાર કરી પ્રગટ કરવા એ ઘણું મુશ્કેલ અને અઘરૂં કામ છે. જો આવો કોશ રચવો હોય તો એ વિષયની સઘળી સંજ્ઞાઓ અને સઘળા સંપ્રત્યયોના અર્થો અને ખ્યાલોની પૂરેપૂરી સમજ અને એને શાસ્ત્રીય ઢબે પ્રગટ કરવા માટેનું ભાષાશૈલીનું સામર્થ્ય જોઈએ. ઉપરાંત સંયમ અને શિસ્ત જોઈએ. તેથી આવા શ્રમસાધ્ય અને કઠીન કામો ઓછાં થતાં હોય છે. ગુજરાતી ભાષામાં જ્ઞાનના જુદા જુદા વિષયોના આવા કોશોની તીવ્ર અછત છે.

ગુજરાતી પ્રજા વેપારી માનસવાળી આળસુ પ્રજા છે એવું મહેણું ભાંગે એવો જૈન દર્શન પરિભાષા કોશ આપણને શ્રી તારાચંદભાઈ રવાણી દ્વારા મળે છે એ ઘટના પ્રસન્નતા અને પરિતોષ આપનારી છે. શ્રી તારાચંદભાઈ વ્યવસાયે અધ્યાપક કે લેખક ન હતા પરંતુ પુસ્તક પ્રકાશક અને વિતરક હતા. કોશના રચનાનિર્માણની કોઈ તાલીમ એમણે લીધી ન હતી કે ન હતો આ જાતના લખાણનો એમને મહાવરો. છતાં આ વિષયમાં રસપૂર્વક કેવળ નિજાનંદ ખાતર લાંબા સમય સુધી આ કોશ નિર્માણનું કાર્ય કરતા રહ્યા. અનેક વિદ્વાનોનાં હાથ, હૈયાં અને મસ્તકના સાથ-સંગાથ વડે કોઈ મોટી સંસ્થા જ કરી શકે એવું કામ તેઓએ એકલપંડે કર્યું છે. એ વાત ઓછી મહત્ત્વની નથી.

ભલે એમની પાસે કોશવિદ્યાની જાણકારી નહીં હતી, ભલે એમની પાસે કોઈ કોશકાર જેવી તાલીમ, શિસ્ત અને પદ્ધતિ નહીં હોય. પરંતુ એમની પાસે નિષ્ઠા, નિસબત અને લગનીની મોટી મૂડી હતી. તેથી થાક્યા, હાર્યા અને ડર્યા વિના વર્ષો સુધી તેઓ પોતાની સૂઝબૂઝ મુજબ આ કામમાં ખૂંપી રહ્યા હશે. જેને પરિણામે સહસ્ત્ર શબ્દસંજ્ઞાઓનો આ કોશ તૈયાર થઈ શક્યો છે. કોઈ વ્યક્તિ સંકલ્પબદ્ધ થઈ, એક લક્ષ્ય રાખી, જોમ-જુસ્સા અને મીશનરી સ્પીરીટ સાથે દત્તચિત્ત થઈને કાર્ય કરે તો કેવું પરિણામ આવે તેનું સુંદર ઉદાહરણ આ કોશ છે.

આ કોશમાં એમણે જૈન ધર્મ અને તત્ત્વદર્શનમાં યોજાયેલી અને યોજાતી રહેતી ખાસ અન્વર્થક સંજ્ઞાઓના અર્થો અને ખ્યાલોને સ્પષ્ટ કરીને સમજાવવાનો પ્રયાસ કર્યો છે. અલબત્ત, એમાં કેટલીક એવી શબ્દસંજ્ઞાઓ પણ છે જેને ચુસ્ત અર્થમાં પારિભાષિક ગણવાનું મન ન થાય. પરંતુ મોટા ભાગની શબ્દસંજ્ઞાઓ તો પારિભાષિક છે. કોશની કેટલીક ધ્યાનાકર્ષક વિશેષતાઓ પૈકી પહેલી વિશેષતા એ છે કે એમાં જૈન ધર્મ અને તત્ત્વદર્શનમાં વપરાતી નાની-મોટી અનેક શબ્દસંજ્ઞાઓ સમજાવવામાં આવી છે. જે શબ્દસંજ્ઞા લોકપ્રચલિત હોય અને લોકવ્યવહારમાં રૂઢ થયેલી હોય તેમના માત્ર અર્થો આપવામાં આવ્યા છે, પરંતુ જે શબ્દસંજ્ઞાઓ કોઈ વિચાર, ખ્યાલ કે સિદ્ધાંતને પ્રગટ કરનારી હોય તેમના કેવળ અર્થો આપી છૂટી જવાને બદલે, તેમની વિસ્તારથી સમજૂતી આપવામાં આવી છે. જૈન ધર્મ અને તત્ત્વદર્શન કોઈપણ ખ્યાલ કે સિદ્ધાંતમાં ઊંડાણમાં જવા માટે વર્ગીકરણ અને વિશ્લેષણમાં રાચતું દર્શન છે. એટલે જીવ તો કેટલા પ્રકારના, કર્મ તો કેટલા પ્રકારના, મોહ તો કેટલા પ્રકારના, તત્ત્વો તો કેટલા પ્રકારના - એમ સૂક્ષ્માતિસૂક્ષ્મ વિચારવાળું દર્શન છે. આ જાતના કૈશીકી પૃથ્થકરણને કારણે અનેક અવનવી સંજ્ઞાઓ એમાં પ્રયોજાયેલી છે. આ કોશમાં એવી બધી સંજ્ઞાઓની વિગતસમેત વિસ્તારથી સમજૂતી આપવામાં આવી છે. વળી, આ સમજૂતી આજનો શિક્ષિત મનુષ્ય સહેલાઈથી સમજી શકે તેવી સરળ, સુગમ અને સુબોધ ભાષામાં રજૂ કરવામાં આવી છે. આ પુસ્તકલેખન નથી, પણ કોશ છે એટલે એમાં શબ્દલાઘવથી લેખન થવું જોઈએ, એ વાતની જાણકારીને લઈને અહીં જે લખાણ થયું છે તે લાઘવ અને ચુસ્તતાથી થયું છે. જૈન ધર્મ અને તત્ત્વદર્શનનું હાર્દ પામવા ઈચ્છતા જિજ્ઞાસુ અને પિપાસુને, વર્ષોની અવિકલાન્ત સાધના અને ભગીરથ પુરુષાર્થ વડે તૈયાર થયેલો આ કોશ ખૂબ ઉપયોગી પુરવાર થશે. શ્રી તારાચંદભાઈના સત વ્રત અને તપના પરિપાકરૂપ આ ગ્રંથ આ વિષયના, આ જાતના ગ્રંથની ઊણપ પૂરી કરશે.

શ્રી તારાચંદભાઈ રવાણીએ તો આ કાર્ય પોતાના વ્યવસાયધર્મ અને સમાજધર્મ બજાવતા સમયાન્તરે ટૂકડે ટૂકડે કર્યું હશે અને વર્ષોથી એ અસ્તવ્યસ્ત સ્વરૂપમાં પડી રહ્યું હશે. પરંતુ એમના પુત્ર શ્રી અજિતભાઈ અને ભત્રીજા શ્રી અનંતભાઈએ એમની જીવનભરની સાધનાના આ ફળને પ્રિન્ટમીડીયા અને ઈલેક્ટ્રોનીક મીડીયા દ્વારા પ્રકાશિત કરી, સર્વજન સુલભ બનાવવાનો મનસૂબો કર્યો એમાં ઈશ્વરકૃપા થયેલી દેખાય છે. આજકાલ પોતાના પિતા અને કાકાને કોણ યાદ કરે છે કે એમણે રચેલા ગ્રંથને પ્રગટ કરવાનો ઉદ્યમ અને સાહસ કોણ કરે ? વળી, એ બન્ને વસે દૂર દેશાવરમાં. લખાણની સામગ્રી ભારતમાં અને તેઓ બન્ને વસી રહ્યા છે અમેરિકામાં. એ સંજોગોમાં આ કોશના સંશોધન - સંપાદનનું કાર્ય કેવી રીતે પાર પાડવું એ સમસ્યા એ બન્નેને સતાવતી હશે. એ સમસ્યાનો ઉકેલ કરવા ભાઈશ્રી અનંતભાઈ રવાણીએ પોતાના વિદ્યાનગર નિવાસ દરમ્યાનના મિત્રોમાંથી શિસ્ત, સંયમ, ચીવટ અને ચોક્કસાઈના આગ્રહી તથા સાચા વિદ્યાવ્યાસંગી અને આરૂઢ વિદ્વાન ડૉ. જે. એમ. ઉપાધ્યાયજીનો સંપર્ક કરી આ કોશના સંશોધન - સંપાદનની કઠીન કામગીરી એમને સોંપી. એ ડૉ. ઉપાધ્યાયજીએ પૂરી નિષ્ઠા અને કાળજીપૂર્વક સંભાળી અને પાર પાડી. એમાં એમને સરદાર પટેલ યુનિવર્સિટીના સંસ્કૃત વિભાગના પ્રોફેસર અને અધ્યક્ષ ડૉ. નિરંજનભાઈ પટેલનો સહયોગ પ્રાપ્ત થયો. પરિણામે આ ગ્રંથ એનું શાસ્ત્રીય સ્વરૂપ જાળવીને તૈયાર થઈ શક્યો છે.

જ્યાં દાનત છે ત્યાં દૈવત છે, જ્યાં દૈવત છે ત્યાં દાવત છે. દાનત, દૈવત અને દાવતનો યોગ રચાતા, આ પ્રાશુંલભ્ય ફળ પ્રાપ્ત થયું છે. શ્રી તારાચંદભાઈનાં યજ્ઞકાર્ય અને તપશ્ચર્યાનું એમના ફરજંદો દ્વારા થતું આ યથાયોગ્ય તર્પણ છે. આ શ્રીમત્ અને ઊર્જિતકાર્યમાં જોડાનાર સૌને સાધુવાદ ઘટે છે.

હું જન્મે, કર્મે અને માન્યતાએ જૈન નથી. છતાં જૈન ધર્મતત્ત્વ દર્શનના આ કોશનો ઉપોદ્‌ઘાત લખવાનું મને નિમંત્ર આપવા માટે હું શ્રી અજિતભાઈ અને શ્રી અનંતભાઈ રવાણીનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું. મારા તરફના સ્નેહાદરને વશ થઈ આ કામ માટે મારી અપાત્રતાની વિનંતીઓનો તેમણે અસ્વીકાર કર્યો એ માટે હું એમનો ઋણી છું. આ કાર્યમાં મારી પાત્રતા કરતાં એમનું સૌજન્ય વિશેષ છે. હું વિનીતભાવે આ ગ્રંથના પ્રણયનમાં નિમિત્તરૂપ બનેલા સૌ કોઈને વંદન કરું છું. આ ઉપોદ્‌ઘાત લખવા માટે, આ ગ્રંથમાંથી પસાર થતાં, હું જે કાંઈ પામ્યો છું તેને સદ્‌ભાગી લબ્ધિ સમજું છું.

વલ્લભવિદ્યાનગર, મહાશિવરાત્રી, મહાવદ ૧૩, સં. ૨૦૭૧.
૧૭ ફેબ્રુઆરી, ૨૦૧૫. ❑❑❑

*પૂર્વકુલપતિ, ગુજરાત યુનિવર્સિટી અને*
*ભાવનગર યુનિવર્સિટી, કદંબ બંગલો,*
*૩૫, પ્રોફેસર સોસાયટી, મોટા બજાર, વલ્લભવિદ્યાનગર.*

## પુસ્તક મનુષ્યનો શ્રેષ્ઠ મિત્ર છે. ખરીદો, આપો અને સહુમાં વહેંચો

**રૂ. એક હજારના પુસ્તકો ખરીદનારને રૂ. ૫૦૦નું ડિસ્કાઉન્ટ, એટલે રૂ. ૫૦૦માં રૂા. ૧૦૦૦ના પુસ્તકો**

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પ્રકાશનો

| ક્રમ | પુસ્તકના નામ | કિંમત રૂ. |
|---|---|---|
| | **ડૉ. રમણલાલ ચી. શાહ લિખિત અને સંપાદિત ગ્રંથો** | |
| ૧. | જૈન ધર્મ દર્શન | ૨૨૦ |
| ૨. | જૈન આચાર દર્શન | ૨૪૦ |
| ૩. | ચરિત્ર દર્શન | ૨૨૦ |
| ૪. | સાહિત્ય દર્શન | ૩૨૦ |
| ૫. | પ્રવાસ દર્શન | ૨૬૦ |
| ૬. | શ્રુત ઉપાસક ડૉ. રમણભાઈ શાહ | ૩૨૦ |
| ૭. | જ્ઞાનસાર | ૧૦૦ |
| ૮. | જિન વચન | ૨૫૦ |
| ૯. | જિન તત્ત્વ ભાગ-૧ થી ૯ | ૫૪૦ |
| ૧૦. | વંદનીય હૃદયસ્પર્શ ભા. ૩ | ૫૦ |
| ૧૧. | વંદનીય હૃદયસ્પર્શ (ઓલીવ) | ૨૫૦ |
| ૧૨. | પાસપોર્ટની પાંખે ભાગ-૧ થી ૩ | ૫૦૦ |
| ૧૩. | સાંપ્રત સહચિંતન ભાગ-૧૬ | ૧૮૦ |
| | **પ્રો. તારાબહેન ર. શાહ લિખિત** | |
| ૧૪. | આપણા તીર્થંકરો | ૧૦૦ |
| ૧૫. | સંસ્કૃત નાટકોની કથા ભા.૧ | ૧૦૦ |
| | **ડૉ. કલાબહેન શાહ લિખિત** | |
| ૧૬. | ચંદ્ર રાજાનો રાસ | ૧૦૦ |

| ક્રમ | પુસ્તકના નામ | કિંમત રૂ. |
|---|---|---|
| | **ડૉ. રશ્મિ ભેદા લિખિત** | |
| ૧૭. | અમૃત યોગનું, પ્રાપ્તિ મોક્ષની | ૨૫૦ |
| ૧૮. | ઊગ્યો મુક્તિનો અરુણોદય સમ્યગ્દર્શન | ૨૦૦ |
| | **ડૉ. ફાલ્ગુની ઝવેરી લિખિત** | |
| ૧૯. | જૈન પૂજા સાહિત્ય | ૧૬૦ |
| | **ડૉ. રેખા વોરા લિખિત** | |
| ૨૦. | આદિ તીર્થંકર શ્રી ઋષભદેવ | ૨૮૦ |
| | **ડૉ. રમેશભાઈ લાલન લિખિત** | |
| ૨૧. | જૈન દંડ નીતિ | ૨૮૦ |
| | **સુરેશ ગાલા લિખિત** | |
| ૨૨. | મરમનો મલક | ૨૫૦ |
| ૨૩. | નવપદની ઓળી | ૫૦ |
| ૨૪. | ભગવદ ગીતા અને જૈન ધર્મ | ૧૫૦ |
| | **ઈલા દીપક મહેતા સંપાદિત** | |
| ૨૫. | **સંવત્સરી પ્રતિક્રમણ વિધિ સહિત** મૂળ સૂત્રનો ગુજરાતી-અંગ્રેજી-હિંદી ભાવાનુવાદ | |
| | **ડૉ. કે.બી. શાહ લિખિત** | |
| ૨૬. | જૈન કથા વિશ્વ | ૨૦૦ |
| | **ડૉ. કલાબેન શાહ સંપાદિત ડૉ. ધનવંત શાહ લિખિત** | |
| ૨૭. | વિચાર મંથન | ૧૮૦ |
| ૨૮. | વિચાર નવનીત | ૧૮૦ |

| ક્રમ | પુસ્તકના નામ | કિંમત રૂ. |
|---|---|---|
| | **આચાર્યશ્રી વાત્સલ્યદીપ સૂરિકૃત** | |
| ૨૯. | જૈન ધર્મ | ૭૦ |
| ૩૦. | ભગવાન મહાવીરની આગમવાણી | ૪૦ |
| ૩૧. | જૈન સજ્ઝાય અને મર્મ | ૭૦ |
| ૩૨. | પ્રભાવના | ૧૨ |
| ૩૩. | સુખ તમારી પ્રતિક્ષા કરે છે. | ૩૯ |
| ૩૪. | મેરુથી યે મોટા | ૧૦૦ |
| ૩૫. | JAIN DHARMA [English] | ૧૦૦ |
| | **ડૉ. કુમારપાળ દેસાઈ કૃત** | |
| ૩૬. | અંગ્રેજી ભાષામાં જૈનીઝમ : કોસ્મિક વિઝન | ૩૦૦ |
| ૩૭. | શ્રી જૈન મહાવીર ગીતા એક દર્શન | ૩૫૦ |
| | **ગીતા જૈન લિખિત રમજાન હસણિયા સંપાદિત** | |
| ૩૮. | રવમાં નીરવતા | ૧૨૫ |
| | **પુષ્પાબેન ચંદ્રકાંત પરીખ સંપાદિત** | |
| ૩૯. | પંથે પંથે પાથેય | ૧૨૫ |
| ૪૦. | Inspirational Stories of Shravak | ૫૦ |
| ૪૧. | **જૈન તત્ત્વનું સંક્ષિપ્ત વિવરણ** રમાબેન વિનોદભાઈ મહેતા લિખિત ગુજરાતીમાંથી અનુવાદ - | વિના મૂલ્ય |

**ઉપરના બધા પુસ્તકો સંઘની ઑફિસે મળશે. સંપર્ક : પ્રવીણભાઈ ટે. નં. ૨૩૮૨૦૨૯૬.**
રૂપિયા અમારી બેંકમાં–બૅંક ઑફ ઈન્ડિયા-કરંટ ઍકાઉન્ટ નં. ૦૦૩૯૨૦૧૦૦૦૨૦૨૬૦ માં જમા કરી શકો છો. IFSC:BKID0000039

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમ્મદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટ બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોન : ૨૩૮૨૦૨૯૬**

# અભ્યંતર તપ - સ્વાધ્યાય - ધ્યાન - કાયોત્સર્ગ

સુબોધીબેન મસાલીયા

*ગતાંકથી ચાલુ...*

સ્વાધ્યાય તપમાં ઉતરવું એ ખૂબ લાંબો રસ્તો છે. કોઈની કૃપા નહિ, પોતે જ કામ કરવું પડે... કૃપા કરવાવાળા પાસે કૃપાની ક્યાં કમી છે... શા માટે આખું જગત વિકારમુક્ત નથી થઈ જતું? તો તો આદિનાથદાદાએ મરીચી (મહાવીર સ્વામી ભગવાનનો જીવ, ત્રીજા ભવે) પર કૃપા કરી એને મુક્ત ન બનાવી દીધો હોત. દાદાના રૂપમાં જેને સાક્ષાત તીર્થંકર મળ્યા હતા... તો પણ એને આટલા બધા ભવ ભ્રમણના ચક્કર ફરવા પડ્યા ને? નરકમાં પણ જવું પડ્યું ને? કેમ દાદાએ એના પૌત્ર પર કૃપા ના કરી દીધી? આ બધું જાણવા છતાંય આપણે... તમે ને હું બધાં, એ આશા રાખીને બેઠા છીએ ને કે કોઈની કૃપા ઉતરશે ને મારો બેડો પાર થઈ જશે... હું ભગવાનની મૂર્તિ પાસે જઈને રોજ ભગવાનના વખાણ કરીશ (સ્તુતિ) એટલે ભગવાન મારા પર ખુશ થઈ જશે... ને હું ભવસાગર તરી જઈશ?? યાદ રાખીએ કે... મારે સાગર પાર કરવો હશે તો હાથ પગ મારે જ હલાવવા પડશે... હાથ પગ તમે હલાવોને હું સાગર પાર તરી દઉં તે બન્યું નથી ને બનશે પણ નહિ.

જેનામાં ખરેખર સંસાર રસિકતા ઓછી થઈ હશે, જેને જન્મ-મરણના ફેરાથી કંટાળો નિપજ્યો હશે, જેને અંતરથી વૈરાગ્ય જન્મ્યો હશે એટલે કે નિર્વેદ ને સંવેગ જાગ્યો હશે તે જ સ્વાધ્યાય તપમાં ઉતરી શકશે. પોતાના અંતરમનમાં ઉતરી શકશે... ને આ લાંબી યાત્રામાં સમતાપૂર્વક ટકી શકશે ને મંઝીલ સુધી પહોંચી શકશે અને એના માટે જ મારે આ પૂર્વભૂમિકા બાંધવી પડે છે.

ભય-ઈર્ષ્યા, વાસના, ક્રોધ, દ્વેષ, અહંકાર, જે પણ વિકાર ચિત્ત પર જાગે તો આપણા ચિત્તની શાંતિ નાશ. વિકાર જાગશે તો વ્યાકુલ કરશે જ. આ કુદરતનો બંધી-બંધાયેલો નિયમ છે. વિકાર આપણી અંદર જાગે છે, બહાર નહિ, માટે હર વ્યક્તિએ વિકારથી છૂટકારો મેળવવા અંર્તમુખી બનવું પડશે. અંતરમનની પેટર્નને બદલવાનું કામ આસાન નથી. પોતાની મહેનતથી અંદરની વિકારોની જડોને કાઢવી પડે છે. અંદરની સચ્ચાઈ શું છે તે જાણવાનું છે. માનીએ છીએ જરૂર... અમારા મહાવીરે આમ કીધું એટલે શ્રદ્ધાથી માની લઈએ છીએ, પણ જાણતા નથી. જાણવામાં (અનુભવવામાં) ને માનવામાં આસમાન - જમીનનું અંતર છે. અનુભવ થાય તો જ જડમાંથી વિકારો નીકળે. ફક્ત માની લેવાથી કામ થતું નથી. દા.ત. શાસ્ત્રજ્ઞાન દ્વારા જાણી લીધું કે ''આત્મા અવિનાશી છે, જ્યારે શરીર વિનાશી છે...'' પરંતુ જ્યારે સ્વ અધ્યાય કરતાં કરતાં એ અનુભવ્યું કે ''અહા... આંખના એક પલકારામાં કેટલા પરમાણુ ઉત્પન્ન થાય છે ને નાશ પામે છે... અરે જે શરીર ઠોસ દેખાય છે તે સ્વ-અધ્યયન કરતાં કરતાં સ્વ અનુભવમાં તો માત્ર તરંગો જ તરંગો છે...'' આ અનુભવમાંથી જે જ્ઞાન પ્રાપ્ત થયું... તે છે સમ્યક્જ્ઞાન... શાસ્ત્રમાં જ્યાં જ્યાં જ્ઞાનની વાત આવે છે તે શાસ્ત્રજ્ઞાન નહીં... સમ્યક્જ્ઞાનની વાત છે. સ્વ અનુભવમાંથી પ્રગટ થયેલા જ્ઞાનની વાત છે... જેણે સ્વ અનુભવથી પોતાના એક એક પરમાણુને ઉત્પન્ન થતાં ને નાશ પામતા અનુભવ્યા છે તેને હવે કુદરતી રીતે જ સ્વ શરીર પરનો રાગ-મોહ ઓછો થઈ જશે... હવે એને કોઈએ કહેવું નહીં પડે કે આ શરીર વિનાશી છે તેનો મોહ છોડી દે... કોઈ કેટલી પણ વાર આપણને કહેશે તો પણ શરીર પરનો રાગ-મોહ છૂટતો નથી પરંતુ સ્વાધ્યાયમાં ઉતરી જાત અનુભવ થશે તો પોતે જ જોશે કે આવા ક્ષણભંગૂર શરીર પર શું રાગ કરૂં? શું મોહ કરૂં? જેની પાસે ફક્ત શાસ્ત્રજ્ઞાન છે પણ સ્વ અનુભવ જ્ઞાન નથી તેને માટે શું કહ્યું છે તે જુઓ... શ્રીપાળરાસ-ખંડ-૪, ઢાળ-૧૩માં શું કહે છે કે...

*જિમ જિમ બહુશ્રુત બહુજન સંમત*
*બહુલ શિષ્યનો શેઠો રે...*
*તિમ તિમ જિન શાસનનો વૈરી...*
*જો નવિ અનુભવ જેઠો રે...*

જેની પાસે શ્રુતજ્ઞાન, શાસ્ત્રજ્ઞાન છે પણ સ્વઅનુભવ જ્ઞાન નથી તે ભલે ગમે તેટલા શિષ્યનો ગુરૂ હોય પણ તેને જિનશાસનનો વૈરી કીધો છે... આનું ખૂબ ખૂબ મહત્ત્વ સમજીએ ને સ્વાધ્યાય તપ માટે માનસિક તૈયારી કરીએ. કેમકે સ્વાધ્યાય અને ધ્યાન તપમાં ઉતર્યા સિવાય અનુભવજ્ઞાન મળી શકે નહિ. જુઓ આજ વાત વૈરાગ્યકલ્પલતા - સ્તબક-૧શ્લોક-૧૯ માં કહી છે... સરખાવો...

*યથા યથા શિષ્ય ગણૈઃ સમેતો*
*બહુશ્રુત સ્યાદ, બહુ સંમતશ્ચ.*
*સમાધિમાર્ગ - પ્રતિકૂલ - વૃત્તિ*
*સ્તથા - તથા - શાસન શત્રુ રેવ.*

તો જેનાથી અનુભવજ્ઞાન પ્રાપ્ત કરવાનું છે, જેનાથી કર્મની નિર્જરા કરવાની છે એ સ્વાધ્યાય તપમાં ઉતરતા પહેલા એ પણ જાણી લો કે શું છે સમ્યક્જ્ઞાન, સમ્યક્દર્શન અને સમ્યક્ચારિત્ર. સમ્યક્દર્શન એટલે અનુભવ દ્વારા આત્માની અનુભૂતિ કરવી. એટલે કે અનુભવ દ્વારા આત્માના દર્શન કરવા. સમ્યક્જ્ઞાન એટલે આત્માનો જે અનુભવ થયો... તેમાંથી જે જ્ઞાન પેદા થયું, પ્રગટ થયું તે સમ્યક્જ્ઞાન. આત્મા વિશે જાણકારી મેળવવી તે શાસ્ત્રજ્ઞાન... ને આપણી અંદર ઉતરી આત્માનો જે અનુભવ થાય તે સમ્યક્જ્ઞાન. શાસ્ત્રજ્ઞાન ગમે તેટલું હશે તો પણ અહીં મૂકીને જવાનું છે, જ્યારે

સમ્યક્જ્ઞાન આપણી સાથે આવશે. એક ભૌતિક ઉદાહરણથી શાસ્ત્રજ્ઞાન ને સમ્યક્જ્ઞાન વચ્ચેનો ભેદ સમજો. દા.ત. કોઈ તમને કહે કે ''ભાઈ ત્યાં જોઈને ચાલજે હોં... મોટો ખાડો છે.'' આ થઈ જાણકારી. (શાસ્ત્રજ્ઞાન) કોઈએ કહ્યું હોય છતાં આપણું ધ્યાન રહેતું નથી, ને ખાડામાં પડી જઈએ છીએ. પણ એકવાર ખાડામાં પડ્યા, ને એ જે અનુભવ થયો, પછી એ જ્ઞાન, એ જાણકારી, એવી જડબેસલાક મગજમાં બેસી જશે કે હવે કોઈએ કહેવું નહીં પડે કે ''ભાઈ જોઈને ચાલજે ત્યાં ખાડો છે.'' કેમકે એ જાણકારી એ આપણો અનુભવ બની ગયો. એ શાસ્ત્રજ્ઞાન આપણું સમ્યક્જ્ઞાન બની ગયું. હવે એ જોઈએ કે સમ્યક્ચારિત્ર છે શું ? સમ્યક્ચારિત્ર એટલે આત્મામાં સ્થિર થવું... આત્માનો ઉપયોગ આત્મામાં જ રાખવો. શુદ્ધ ઉપયોગમાં રહેવું. (આ પંચમકાળમાં અતિ દુર્લભ) આ સમ્યક્ચારિત્ર મેળવવા માટે દ્રવ્ય ચારિત્ર ખૂબજ મદદરૂપ થાય. આ શુદ્ધ ધર્મ જ કેવલી પ્રરૂપેલો ધર્મ કહેવાતો. તે મનુષ્ય માત્ર માટે એક જ હતો અને એક જ રહેશે. પરંતુ ઉતરતું સંઘયણ, શિથિલતા, ને કાળનો પ્રભાવ, વગેરે કેટલાક કારણોસર લોકો સમ્યક્દર્શન, જ્ઞાન, ચારિત્રને શુદ્ધ સ્વરૂપે અપનાવી ન શક્યા. જેને જેમ અનુકૂળ આવ્યું તેમ આમાં ભેળસેળ થતી ગઈ ને તેમ તેમ અલગ સંપ્રદાયનો જન્મ થયો. જે અણિશુદ્ધ ઉત્તમ રીતે પાલન કરતા હતા તે જૈન કહેવાયા. મહાવીરના ગયા પછી ૮ થી ૯ સૈકા પછી જૈન શબ્દ આવ્યો. પરંતુ તેમાં પણ કાળક્રમે શિથિલતા આવતી ગઈ. સમ્યક્દર્શન, જ્ઞાન, ચારિત્ર તો સ્વપ્નની વાત થઈ ગઈ. શાસ્ત્રજ્ઞાનને જ સમ્યક્જ્ઞાન માનવા લાગ્યા. તેવી રીતે મૂર્તિના દર્શનને જ સમ્યક્દર્શન સમજવા લાગ્યા. ને બાહ્ય દ્રવ્ય ચારિત્રને જ સમ્યક્ચારિત્ર માનવા લાગ્યા. આમ જૈન એક ધર્મ મટી એક સંપ્રદાય બની ગયો. રાગ-દ્વેષ ને કષાયોને કાઢવા માટેનો જે ધર્મ, એ ધર્મના નામે જ ક્રોધ-કષાયો ને રાગ-દ્વેષ વધવા લાગ્યા. આમ કેવલીએ પ્રરૂપેલો ધર્મ સૌએ પોતપોતાની રીતે, પોતાને અનુકૂળ હોય એ રીતે અપનાવીને અલગ અલગ સંપ્રદાયના વાડામાં બાંધી દીધો. એટલે તો ચાર શરણામાં કહ્યું કે... ''કેવલ્લી પન્નતો ધમ્મં શરણમ્ ગચ્છામિ'' નહિ કે ''જૈનં ધમ્મં શરણં ગચ્છામિ''. કેવલીએ પ્રરૂપેલા ધર્મ પ્રમાણે જેનું વર્તન છે જ નહિ, તે ફક્ત કુળથી જૈન છે, કર્મથી જૈન નથી. ભગવાનના સમવસરણમાં ચારેય જ્ઞાતિના લોકો આવતા હતા... બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય ને શુદ્ર ભગવાને બધા માટે એક જ ધર્મ પ્રરૂપ્યો છે. માટે સંપ્રદાય અલગ હોઈ શકે, જૈન, બૌદ્ધ, વૈષ્ણવ, શીખ સંપ્રદાય પણ કેવલીએ પ્રરૂપેલો ધર્મ એક જ છે, બધાને માટે છે અને સદાકાળ એક જ રહેશે.

ચલો, મૂળ વિષય પર આવીએ... સ્વાધ્યાયની શરૂઆત એટલે મન-વચન કાયાની સ્થિરતા કરી, બહાર ભટકતા બાદર મનને એક નાના સ્થાન પર કેન્દ્રિત કરી, સુક્ષ્મ બનેલા મન દ્વારા અંતર યાત્રા કરવી... સ્વ શરીરમાં કયાં શું ઘટિત થઈ રહ્યું છે તે સ્વ અધ્યયન દ્વારા, સ્વાધ્યાય દ્વારા, અનુભવ કરી.. વર્તમાન પરિસ્થિતિનો સમતાભાવે સ્વીકાર કરી એક એક કર્મની પ્રતરો જે ઉદીરણામાં આવી રહી છે તેને નિર્જરવી... આપણે એક એક સ્ટેપને સૂક્ષ્મતાથી સમજીએ...

કાયા અને વચનને થોડા દિવસોની પ્રેક્ટિસ દ્વારા સ્થિર કરી શકાશે... કહેવત છે કે 'ડોલતી કાયામાં ડોલતું મન' ઘણી વખત એવું જોયું છે કે અમુક લોકો અકારણ બેઠા બેઠા ઘૂણતા હોય છે ત્યારે સાયકોલોજીસ્ટ કહે છે કે એમનું મન અસ્થિર છે... તો મનને કેમ સ્થિર કરવું તે આપણે આગળ જોઈશું પણ કાયાને સ્થિર કરવા માટે એક જ આસન પર એક આંગળી પણ ન હલે એ રીતે બેસવાની પ્રેક્ટિસ કરવી પડશે.. થોડું થોડું કરીને આ ક્ષમતા કલાક-બેકલાક સુધી વધારવી પડશે. જો કે શરૂઆતમાં તો સ્થિર બેસવાની પ્રેક્ટિસ કરતાની સાથે થોડી જ વારમાં પીડા શરૂ થઈ જાય છે. કેમ ? સિનેમામાં કલાકો સુધી એકજ મુદ્રામાં સ્થિર બેઠા હોઈએ છીએ. ન પગ દુઃખે ન માથું ફાટે... કેમ ? કેમકે આપણી અંદર રાગદ્વેષની આગ પડેલી છે. ને તેમાં Input પણ રાગ-દ્વેષ આપો છો... જેમકે ચૂલામાં અંગારા છે, ને બીજા અંગારા નાખો તે પ્રેમથી સ્વીકારી લે છે તેમ... પણ અંગારા પર ઠંડુ પાણી નાખો તો છૂ છા..થશે.. તેમ રાગ-દ્વેષ-મોહની ભરેલી આગમાં એક ક્ષણ પણ રાગ-દ્વેષ-મોહ વિનાની આવી, એક ક્ષણ પણ નિર્મળતાની આવી તો પ્રતિક્રિયા થશે. છૂ છા થશે.. પીડાનો અનુભવ થશે. પણ સતત પ્રયત્ન કરતાં કરતાં સ્થિર બેસવાની ક્ષમતા આવી જશે. હવે જોઈએ વચન નું મૌન... તો ફક્ત હોઠ બીડેલા રાખવાથી મૌન નથી પળાઈ જતું... કેમકે ફક્ત જીભ નથી બોલતી શરીરના બીજા અંગો પણ બોલે છે. આંખના ઈશારા પણ બોલે છે, મોંના હાવભાવ પણ બોલે છે, હાથ-પગ-આંગળીઓથી કરેલા ઈશારા પણ બોલે છે. તો આ સ્વાધ્યાય અને એમાંથી જ આગળ વધતાં ધ્યાન અને કાયોત્સર્ગની સાધના કરવા માટે એવું મૌન ધારણ કરવું કે જેમાં આંખના કે આંગળીના પણ ઈશારાથી વાતો ન હોય... થોડા વખતની પ્રેક્ટિસ દ્વારા એ પણ સિધ્ધ થઈ શકશે... હવે આગળ જોઈએ આવતા અંકમાં કે મનને કેમ સ્થિર કરવું, સુક્ષ્મ બનાવવું.. ને સુક્ષ્મ બનેલા મન દ્વારા કેવી રીતે સ્વાધ્યાયની સાધના કરવી. કેવી રીતે પોતાની જ અંદર રહેલા પરમાતમ ને પામવો...

બોલે એ બીજો નહિ, પરમાતમ પોતે...
અણસમજુને આંધળા, દૂર દૂર ગોતે...

❑❑❑

૧૯, ધર્મપ્રતાપ
અશોક નગર
કાંદિવલી (ઈસ્ટ) ૪૦૦ ૧૦૧.

## જૈન પરંપરાના પુનરુધ્ધારકો-૯

# પંજાબ કેસરી વલ્લભસૂરિજી મહારાજ : ક્રાંતિની મહાન મિશાલ

આચાર્યશ્રી વાત્સલ્યદીપસૂરીશ્વરજી

ભારતના એક છેડાથી બીજા છેડા સુધી વિહાર કરતા જૈન મુનિને જોઈ અજાણ્યા માનવીને પણ હાથ જોડવાનું મન થાય છે કેમકે જૈન મુનિના તપ, ત્યાગ કેવા વિરલ હોય છે!

આકરૂં તપ, કઠિન ત્યાગ, મુશ્કેલીભર્યો વિહાર હસતાં હસતાં કરી રહેલા જૈન મુનિ આત્મ કલ્યાણ માટે સંસારનો ત્યાગ કરીને નીકળી પડે છે.

ક્રાંતિકારી જૈન મુનિ આચાર્યશ્રી વલ્લભસૂરીશ્વરજી મહારાજે શ્રી મહાવીર જૈન વિદ્યાલય જેવી માતબર અને પ્રતિષ્ઠીત અનેક સંસ્થા સ્થાપી હતી. તેઓ પંજાબથી વિહાર કરીને ગુજરાત આવી રહ્યા હતા. ઈ.સ. ૧૯૬૪નું એ વર્ષ. એ સમયે પંજાબથી આચાર્યશ્રી કમલસૂરીજી મહારાજે તારથી સંદેશો મોકલ્યો કે પંજાબ જલદી પાછા આવો. વલ્લભસૂરીશ્વરજી મહારાજે માણસ મોકલીને કારણ પૂછાવ્યું તો કમલસૂરીજી મહારાજે જણાવ્યું કે અહીંના કેટલાક ધર્મદ્વેષી લોકો એમ કહે છે કે, પૂજ્ય આત્મારામજી મહારાજ લિખિત 'જૈનતત્ત્વાદર્શ' અને 'અજ્ઞાનતિમિરભાષ્કર' બંને ગ્રંથો અમને માન્ય નથી, એની ચર્ચા થવી ઘટે.

વલ્લભસૂરીજી મહારાજ સમજ્યા કે આ બંને ગ્રંથોને ઉડાડી દેવાનો મતલબ એ થાય કે જૈન તત્ત્વની વાતો ખોટી છે.

ભર ઉનાળામાં એમણે પંજાબ તરફ વિહાર શરૂ કર્યો. રોજ સવાર અને સાંજ થઈને ૩૦ માઈલનો વિહાર ખુલ્લા પગ, તપસ્વી શરીર, પગમાંથી લોહી નીકળે અને શરીરમાં તાવ ભરાયેલો એ સંજોગોમાં શ્રી વલ્લભસૂરિજી જેવા ગુજરાનવાલા પહોંચ્યા કે તરત જ જેઓ ચર્ચા કરવા માંગતા હતા તે નાસી ગયા.

શ્રી વલ્લભસૂરિજીએ ઘોષણા કરી કે જેમણે શાસ્ત્રાર્થ કરવો હોય તે બેધડક આગળ આવે. પણ કોઈ ના આવ્યું. શ્રી વલ્લભસૂરિજીએ કહ્યું, 'જૈન દર્શન એ ભારતીય ધર્મદર્શનોમાં મુકુટમણિ છે. એ સામાન્ય માણસો ચર્ચા કરે અને મહાન ઠરાવે એ મને જ માન્ય નથી. પહેલાં તમારી મહાનતા પુરવાર કરો પછી આગળ આવો.'

શ્રી વલ્લભસૂરિજીની પંજાબમાં ધાક બેસી ગઈ.

સમગ્ર દેશમાં ક્રાંતિની હવા ફેલાઈ હતી. આઝાદીની ચળવળ ચાલતી હતી. ગાંધીજી ઠેર ઠેર પ્રજાને અંગ્રેજોની વિરૂદ્ધ આઝાદીનું મહત્વ સમજાવતા હતા. તે દિવસોમાં મોતીલાલ નહેરુ શ્રી વલ્લભસૂરિજીને મળવા માટે દિલ્હીના ઉપાશ્રયમાં પહોંચ્યા.

શ્રી વલ્લભસૂરિજીએ ઉપાશ્રયની બારીમાંથી મોતીલાલ નહેરુને ગાડીમાંથી ઉતરતા જોયેલા. એમના હાથમાં સિગારેટનું પાકીટ અને સળગતી સિગારેટ હતા. ફોરેનની બ્રાન્ડની છાપ એ પાકીટ પર વંચાતી હતી.

વલ્લભસૂરિજીએ મોતીલાલ નહેરુને વાતવાતમાં ટકોર કરી : 'તમે આઝાદીની વાત કરો છો અને હાથમાં ફોરેન બ્રાન્ડની સિગારેટ લઈને ફરો છો આ બંને વાતનો મેળ ખાય છે?'

મોતીલાલ કહે : 'સિગારેટની ટેવ પડી ગઈ છે.'

'જો આપણે છોડવા માંગીએ તો ગમે તેવી ટેવ છોડી શકાય. તમે લોકોને સમજાવો કે લોકોએ અંગ્રેજોએ બનાવેલી વસ્તુ ન વાપરવી અને તમે વાપરો એ બરાબર નથી. અને તમે પોતે વ્યસન ન છોડો તે પણ બરાબર નથી.'

મોતીલાલ નહેરુ શરમાઈ ગયા. એમણે તે જ પળે સિગારેટના બોક્સનો બારીમાંથી ઘા કરી દીધો.

એ પછી જ્યારે પણ મોતીલાલ નહેરુ શ્રી વલ્લભસૂરિજી મહારાજને મળતા ત્યારે કહેતા કે તમારા આશીર્વાદથી જ મારું વ્યસન ગયું!

કોઈએ અંગ્રેજ સરકારને કાન ભંભેર્યા કે આ દેશમાં ક્રાંતિકારીઓ સંતોના વેશમાં ફરે છે, વલ્લભસૂરિજી પણ તેમાંના જ એક છે!

જૈન અગ્રણી લક્ષ્મીચંદ ઢઢ્ઢાએ આ જાણ્યું ત્યારે તેમણે અંગ્રેજોને કહ્યું કે આ તો પવિત્ર જૈન મુનિ છે. તેમના માટે આવું વિચારવું તે પણ પાપ છે. આ છતાં પણ અંગ્રેજોએ તપાસ કરવા માટે ગુપ્તચરો રોક્યા. જ્યારે ગુપ્તચરોએ જોયું કે આ જૈન સાધુ પોતાની જીવનચર્યામાં એક કીડીને પણ પોતાના વ્યવહારથી મરવા દેતા નથી, ઉકાળેલું પાણી પીવે છે, તપ અને ત્યાગથી ભરપૂર જીવન જીવે છે ત્યારે ગુપ્તચરો પણ તેમના ભક્તો બની ગયા.

શ્રી વલ્લભસૂરિજી મહારાજ સરસ વક્તા, કવિ અને લેખક પણ હતા. તેમની ગુરૂભક્તિ અજોડ હતી. શ્રી આત્મારામજી મહારાજે કહ્યું કે, 'વલ્લભ પંજાબ સંભાલેગા!' એ આજ્ઞા તેમણે શિરોધાર્ય ગણી અને પંજાબને ધાર્મિક બનાવ્યું. શુદ્ધ બ્રહ્મચર્ય વ્રતનું પાલન, તપ અને જિનભક્તિ દ્વારા તેમણે જીવન શ્રેષ્ઠ બનાવ્યું. તો લોકોપયોગી ધર્મકાર્યો કરાવીને તેમણે સાધુત્વનો ગરવો આદર્શ ખડો કર્યો. એ સમય જ એવો હતો કે કોઈપણ બૌધિક વ્યક્તિત્વ ક્રાંતિના પંથે ન ચડે તો જ નવાઈ!

પંજાબકેસરીના હુલામણા નામથી જાણીતા શ્રી વલ્લભસૂરિજી મહારાજ ક્રાંતિકારી જૈન સાધુ જરૂર હતા પણ ભગવાન મહાવીરની પરંપરાના મહાન ઉપાસક હતા. એ ઉપાસનાની જ્યોત એવી પ્રગટી જે ક્યારેય બુઝાવાની નથી. ❑❑❑

જીવનપંથ : ૩

# 'મા'સ્તરે મને ય બનાવ્યો માસ્તર

ડૉ. ભદ્રાયુ વછરાજાની

મારા પપ્પા મારી ફી ભરતા ન હતા અને વિજયભાઈ કદી ફી લેતા ન હતા. સમય વીતતો ગયો તેમ જાણવા મળ્યું કે મારા વર્ગમાં આવો હું એક ન હતો. વીસ થી પચ્ચીસ ટકા ગરીબ વિદ્યાર્થીઓ માટે વિજયભાઈનો આ જ જવાબ હતો કે : 'તારી ફી તારા પપ્પા ઑફિસમાં ભરી જાય છે...!! આ જ શાળામાં વિજયભાઈના હાથ નીચે હું શિક્ષક થયો ત્યારે એ સત્ય જાણવા મળ્યું કે, ફી-માફીની ઉદારદિલે લ્હાણી કરતા આ આચાર્ય + સંચાલક ઘણીવાર શિક્ષકોનો પગાર કરવા માટે પોતાની ફિક્સ્ડ ડિપોઝીટ પર લૉન લેતા અને ક્યારેક બેંકને હાથ જોડી ઑવરડ્રાફ્ટ લેતા અને પછી પગાર કરતા!.. આવું બધું જાણતો ગયો તેમ તેમ હું મારા શિક્ષક + આચાર્ય + સંચાલક એવા ત્રિગુણાતીતના પ્રેમમાં પડતો ગયો.. વિજયભાઈ ક્યારે મારા આદર્શ બની ગયા તેની મને ખબર જ ન રહી! જેમણે આચરી બતાવ્યું એવા મારા આચાર્ય મને આચરણ શીખવી ગયા.

પ્રાર્થનામાં રોજ કશુંક સરસ કહે જ. વર્ગમાં નિયત શિક્ષકની ગેરહાજરીમાં તેઓ આવી જ જાય અને આવીને તાજગીભરી વાર્તા કે ઘટના કે કસરત કે જૉક્સ કહેતા જાય અને ફરી વિજયભાઈ ક્યારે આવશે તેની તાલાવેલી છોડતા જાય. તેઓ ગુજરાતી, હિંદી, સંસ્કૃત, અંગ્રેજી, ગણિત, વિજ્ઞાન, ભૂગોળ બધું જ બધું ભણાવી શકે. વર્ગમાં બ્લૅકબોર્ડ પાસેની ઊંચી પુલપિટ પર આગળ આવી પોતાનાં પગના પંજા પર આખું શરીર ઊંચકી જ્યારે વિજયભાઈ સંસ્કૃત સુભાષિતો શીખવે ત્યારે અમારો વર્ગ જાણે કે ઉપનિષદીય પાઠશાળા બની જતો. એક આચાર્ય તરીકે એમને કદી ભારે મેં જોયા નહીં. પોતાની ફિયાટ કારમાં આવતા હોય અને સ્કૂલનાં ટીચર કે સ્કૂલનો પ્યૂન કે મારા જેવો વિદ્યાર્થી મળે તો તેને ગાડી ઊભી રાખી અવશ્ય બેસાડી દે.. માનવીય અભિગમને તો કોઈ ના આંબી શકે, એટલી ઊંચાઈ એમની. પંદર ઑગસ્ટ કે છવ્વીસ જાન્યુઆરીની આગલી સાંજે શાળાનાં મેદાનમાં ચૂનાના પટ્ટા દોરવા પણ તેઓ હાજર હોય. અમારે વિદ્યાર્થીઓમાં વાતો થતી કે, અડધી રાતે પણ સ્કૂલનો દરવાજો ખોલો તો વિજયભાઈ મળી આવે!. સાચ્ચું કહું : એક નાનકા વિદ્યાર્થી તરીકે એમનો પ્રભાવ એટલો બધો હતો કે મેં મનોમન નક્કી કરી લીધું કે મોટા થઈ ભણી ગણીને વિજયભાઈ જેવા માસ્તર થવું.! મેં જે મનમાં નક્કી કર્યું તે નિયતિએ ક્યારે સાંભળી લીધું તેની ખબર ન રહી.. વિજયભાઈ સાથે નાતો તો હતો જ અને તેમાં વળી B.Sc. કરવાનું થયું. આઠ માર્કથી મેડિસીનમાં પ્રવેશ ચૂકી ગયો, તેથી.! B.Sc. પૂરું કર્યું અને વિજયભાઈએ કહ્યું : આવી જા સ્કૂલમાં પ્રાથમિક શિક્ષકની જગ્યા ખાલી છે. મને તો જાણે ગોળનાં ગાડાં મળ્યાં. જ્યાં ભણ્યો ત્યાં ભણાવવા લાગ્યો. જેમની પાસે ભણ્યો તેમનાં નેતૃત્ત્વમાં કામ કરવા લાગ્યો. પણ એક ફર્સ્ટ ક્લાસ ગ્રેજ્યુએટ તરીકે બેંકની સ્પર્ધાત્મક પરીક્ષા શોખથી આપતો હતો. એક સાથે ત્રણ બેંકોમાં સિલેક્ટ થયો. વિજયભાઈએ માર્ગદર્શન આપ્યું કે, 'બેંક ઑફ બરોડામાં જોડાઈ જા, માસ્તર તો પછી ય થવાશે.' બ્રહ્મવાક્ય ગણી જોડાયો. છ મહીનામાં કાયમી થઈ ગયો. રોજ સાંજની બેઠક વિજયભાઈના ઓટલે. રોજરોજની બેંકની વાતો હું કરૂં અને તેઓ સ્કૂલની ગતિવિધિ જણાવે.. જો કે, મને તો બેંકમાં કંટાળો આવવા લાગ્યો. રોજ કોઈકના પૈસા ગણવાના અને ખાલી હાથે ઘરે આવવાનું! બપોર સુધીનું કામ અને પછી કૅરમ ટીચવાનું?! અચાનક એક કારણ મળી ગયું ને મેં બેંક ઑફ બરોડાની કાયમી નોકરીમાંથી રાજીનામું આપી દીધું.! સાંજે જ બેંકેથી ઘરે જવાને બદલે વિજયભાઈને જઈને 'બ્રેકીંગ ન્યૂઝ' આપ્યા. એમણે કહ્યું : 'એક કામ કર. ફરી પ્રાથમિકમાં આવી જા અને બી.એડ્. કરી લે એટલે પાક્કો માસ્તર થઈ જા..

(ક્રમશઃ) ❑❑❑

bhadrayu2@gmail.com

ધર્મ શબ્દમાં અમૃત ભરેલું છે, તે આત્મસ્થ થઈએ ને આત્મ જ્ઞાનમાં સ્થિર થઈએ તો જ પ્રાપ્ત થાય તે પ્રાપ્ત કરતા આવડવું જોઈએ, ધર્મ માણસને સત્ય રૂપ અને જાગૃતતા પ્રાપ્ત કરીને જીવવાની પ્રેરણા આપે છે, છતાં એમાં એવું વિશ ધર્માત્માઓ તરફથી ભરવામાં આવે છે, જેથી માણસ મૂર્છિત થઇ જાય છે, દુનિયામાં ધર્માત્માઓએ ધર્મની આડ નીચે શું શું નથી કર્યું. માણસના મનમાં જે ઉંચી સાત્વિક શુદ્ધ ભાવનાઓ સંગ્રહાયેલી છે, તેને વ્યવસ્થિત રીતે પ્રદર્શિત કરવાનું સાધન ધર્મ છે. પણ ધર્માત્માઓ ધર્મ શબ્દને નરક મય જીવનનું સાધન બનાવી દીધો.

**તત્વચિંતક ભાઈ પટેલ**

**ગાંધી વાચનયાત્રા**

# ૧૯૪૨ : જ્વાળામુખીની ટોચે બેઠેલો દેશ

**સોનલ પરીખ**

'ગાંધી ઇન બોમ્બે' પુસ્તક સંદર્ભે હવે આપણે એક વિસ્ફોટક સમયમાં પ્રવેશી રહ્યા છીએ. ૧૯૪૨નું વર્ષ એટલે 'હિંદ છોડો' અને 'કરંગે યા મરેંગે'ના ઐતિહાસિક એલાનનું વર્ષ. આ વર્ષ વિશ્વના ઇતિહાસ માટે પણ મહત્ત્વનું હતું. બીજું વિશ્વયુદ્ધ પરાકાષ્ટાએ હતું. વિશ્વનો નકશો બદલાઇ રહ્યો હતો.

વિશ્વયુદ્ધની અસર ભારત પર પણ પડી હતી. સંયુક્ત રાષ્ટ્રો ભારતનો ઉપયોગ લશ્કરી થાણા તરીકે કરી રહ્યા હતાં. અંગ્રેજો આઝાદી આપવાની કોઇ ખાતરી આપ્યા વગર યુદ્ધમાં મદદ કરવા માટે દેશનું લોહી ચૂસી રહ્યા હતા. પરદેશી ફોજો મોટા પ્રમાણમાં લાવવામાં આવી હતી. તેનો ગંજાવર ખર્ચ દેશના ગરીબ બાળકોમા મોંનો કોળિયો ઝૂંટવીને થતો હતો. બાપુના લેખો, મુલાકાતો અને વ્યાખ્યાનોને લીધે દેશની પ્રજા શોષણના આ નગ્ન નાચ વિશે પહેલા કદી નહોતી તેટલી જાગૃત થઇ હતી. જાપાન હિંદ પર હુમલો કરે તો શું કરવું જોઇએ તે વિશે કોંગ્રેસનાં વર્તુળોમાં ચર્ચાઓ ચાલી રહી હતી.

બોમ્બે ગાંધીજીના કોઇ પણ ઉદ્દેશને માટે બનતું બધું કરવા તત્પર હતું. ૧૯૧૩થી ગાંધીજીની સાથે ખભેખભા મેળવી કામ કરનાર દીનબંધુ એન્ડ્રૂઝ ૧૯૪૦માં મૃત્યુ પામ્યા. ગાંધીજીએ તેમના નામે એક સ્મારક બનાવવા તથા કાયમી સેવાકાર્યો ઉપાડવા વિચાર્યું. તેને માટે ભંડોળ ઊભું કરવા તેઓ ભારતમાં ફર્યા. પણ માંડ સાઠેક હજાર રૂપિયા થયા. કુલ પાંચ લાખની જરૂર હતી. સરદાર અને બિરલાના કહેવાથી મે મહિનામાં ગાંધીજી બોમ્બે આવ્યા અને અઠવાડિયામાં ભંડોળ એકઠું થઇ ગયું. ગાંધીએ કહ્યું, 'બોમ્બેએ મને કદી નિરાશ નથી કર્યો.'

૧૯૪૨માં થયેલી કોંગ્રેસ મહાસમિતિની બેઠકમાં ફરીથી બાપુને દેશનું નેતૃત્વ સ્વીકારવાનું કહેવામાં આવ્યું. બાપુએ કહ્યું, 'મારી રીતે હું એ કરીશ.' બધા સંમત થયા. તરત બાપુએ પોતાની કલ્પનામાં રહેલા યુદ્ધને માટે લોકમાનસને તૈયાર કરતા લેખો 'હરિજન' સાપ્તાહિકમાં પ્રગટ કરવા માંડ્યા. બરાબર એ જ વખતે અંગ્રેજ સરકારે કોંગ્રેસ સાથે વાટાઘાટ કરવા સર સ્ટૅફર્ડ ક્રિપ્સના નેતૃત્વ નીચે એક પ્રતિનિધિમંડળ મોકલ્યું.

ભારતની સંમતિ લીધા વિના અંગ્રેજોએ ભારતને બીજા વિશ્વયુદ્ધમાં સામેલ કર્યું તેથી દેશ ખળભળી ઊઠેલો હતો. જાપાન જોરમાં હતું. માર્ચ ૧૯૪૨માં ક્રિપ્સ મિશન આવ્યું ત્યારે ભારત ડોમિનિયન સ્ટેટ જાહેર થશે તેવી આશા જાગી, પણ ફળીભૂત થઇ નહીં. જૂલાઇ મહિનાથી લડતની તૈયારી શરૂ થઇ. આંદોલનની તૈયારી પૂરજોશમાં ચાલતી હતી. અરુણા અસફઅલીએ લખ્યું છે, 'જ્વાળામુખી ફાટવાની તૈયારી હોય તેવું વાતાવરણ હતું.' કોંગ્રેસની બેઠકો ને જાહેરસભાઓથી બોમ્બે ધમધમવા લાગ્યું. ગાંધીજીએ ક્વિટ ઇન્ડિયાનો ખરડો તૈયાર કર્યો. પ્યારેલાલ કહે છે કે આ ગાંધીનો માસ્ટરસ્ટ્રોક હતો. તેમણે સ્પષ્ટ કર્યું છે કે 'ક્વિટ ઇન્ડિયા' શબ્દો ગાંધીજીના ન હતા. ગાંધીજીએ ખરડામાં 'ઓર્ડરલી બ્રિટિશ વિથડ્રોઅલ' શબ્દો વાપર્યા હતા. એક અમેરિકન પત્રકારે ગાંધીજીની મુલાકાત લઇને છાપેલી તેમાં 'ક્વિટ ઇન્ડિયા' શબ્દો વાપર્યા હતા અને તે જ પછી ચલણી બની ગયા.

ઑગસ્ટ મહિનો આવ્યો. ૭-૮ ઑગસ્ટના ઐતિહાસિક અધિવેશનના પ્રમુખ મૌલાના આઝાદ હતા. દેશના ને બોમ્બેના અગ્રણીઓ હાજર હતા. ૧૮૮૫માં જે સ્થળે કોંગ્રેસની સ્થાપના થઇ તે ગોવાળિયા ટૅંકના મેદાનમાં મોટો પંડાલ નાખવામાં આવ્યો હતો. ૧૦,૦૦૦ માણસો અને તેમની વ્યવસ્થા સંભાળવા ૩,૦૦૦ સ્વયંસેવકો હાજર હતા. ગાંધીજીએ કોઇ પયગંબરની જેમ ઘોષણા કરી : 'આજે હું મારા જીવનની સૌથી મોટી લડત શરૂ કરી રહ્યો છું. આ લડતનું શસ્ત્ર છે અહિંસા અને સંગઠન. સ્વરાજ જોઇતું હોય તો એક થાઓ. એક થશો તો જ લોકશાહી સાચી અને સાર્થક નીવડશે. મારા માટે તો અહિંસા ધર્મ છે, પણ તમે તેને એક નીતિ તરીકે તો સ્વીકારો જ.' આગની જ્વાળામાં તપી શુદ્ધ થયેલા સુવર્ણ જેવા શબ્દો ગાંધીજીના આત્માના ઊંડાણમાંથી ઉત્પન્ન થઇ આકાશને આંબ્યા અને દિગંતોમાં વ્યાપી વળ્યા.

૮મી ઑગસ્ટે ઠરાવ પસાર થયો. ગાંધીજીએ લોકોને અભિનંદન આપ્યા અને એક મંત્ર પણ આપ્યો : કરેંગે યા મરેંગે. 'ભારતને આઝાદ કરીશું અને એ પ્રયત્નોમાં જીવ આપીશું. ગુલામ રહેવા ને ગુલામી જોવા જીવતા નહીં રહીએ. ઇશ્વર અને અંતરાત્માને સાક્ષી રાખી પ્રતિજ્ઞા કરો. જે મરશે તે જીતશે. જે જીવ બચાવશે તે હારી જશે. કાયર કે નબળાને સ્વતંત્રતા મળતી નથી.' ગાંધીના શબ્દોમાં તાકાત હતી. મડદાને બેઠા કરે તેવી પ્રચંડ પ્રેરણા હતી.
પણ બ્રિટિશ ભારત છોડવા બિલકુલ તૈયાર ન હતા.

બીજા દિવસે વહેલી સવારે કમિશનર હેરોલ્ડ એડવિન બે પોલિસ અધિકારીને લઇને આવ્યા અને ગાંધી, મહાદેવભાઇ અને મીરાંબહેનને પકડ્યા. ધરપકડ થયેલા નેતાઓ અને કાર્યકરો માટે એક ખાસ ટ્રેન દોડાવાઇ. સૌને વિવિધ જેલોમાં ઠાંસ્યા. એક ગોરો સાર્જન્ટ ગોવાલિયા ટેન્ક મેદાનમાં જઇ બરાડ્યો, 'બે મિનિટમાં લોકોને વિખેરી નાખો.' અરુણા અસફઅલીએ મંચ પર ચડીને કહ્યું,

'સરકારે આપણા નેતાઓને પકડ્યા છે.' અને ધ્વજ ફરકાવ્યો. બીજી પળે અશ્રુવાયુના ટેટા ફૂટ્યા.

પછીના દિવસે કસ્તૂરબા પકડાયા. તેમને ગાંધી, મહાદેવભાઇ અને મીરાંબહેન સાથે પૂનાના આગાખાન મહેલમાં રાખવામાં આવ્યા.

શહેરના રસ્તાઓ હડતાલ, દેખાવો, સરઘસોથી ગાજી ઊઠ્યા. લોકોએ તોફાને ચડી સરકારી મકાનોની તોડફોડ કરી, આગ ચાંપી. સરકારે દમનનો માર્ગ લીધો. બીજે દિવસે પણ તોફાનો ચાલુ રહ્યાં. સરકાર વધુ સખત બની. બ્રિટિશ સરકારે બધો દોષ ગાંધીજી પર ઢોળ્યો. સાચા સમાચાર કોઇને મળતા ન હતા. ઉષાબહેન મહેતા અને ચંદ્રકાન્ત ઝવેરીએ ભૂગર્ભ રેડિયો ચલાવી લોકોને સરકારની ક્રૂરતાનું સાચું ચિત્ર આપવાનું ચાલુ કર્યું. નવેમ્બર મહિના સુધી તેઓ સરકારને થાપ આપતા રહ્યા અને અંતે પકડાઇને જેલમાં ગયાં. આ મામલાએ ખૂબ ચકચાર જગાવી હતી.

દુર્લભ તસવીરો સાથે જ્યારે આ આખું વર્ણન વાંચીએ ત્યારે એ આખો સમય આપણી સામે ખડો થાય છે. સાદી ભાષામાં, આ વિષયને છાજે તેવી પૂરી નિષ્ઠા અને પૂરી તટસ્થતાથી વિગતો અપાઇ છે. આખા દેશમાં ફરી વળેલા વિદ્રોહના મોજાનું કેન્દ્ર બોમ્બે હતું. સ્વતંત્રતાની નવી શક્યતાઓની તાકાત એ મોજામાં હતી.

પણ કાળ પોતાનામાં કસોટીઓ અને આકરી તાવણી છુપાવીને બેઠો હતો. તેની ભયાનકતાની સાચી કલ્પના કોઇને ન હતી. ગાંધીજીને પણ નહીં.

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘને મળેલ અનુદાનની યાદી

### ફંડ સ્ટેટમેન્ટ

#### જમનાદાસ હાથિભાઈ મહેતા અનાજ રાહત ફંડ

| રકમ | નામ |
|---|---|
| ૧,૦૦૦/- | શ્રીમતિ સૂર્યાબેન |
| ૧,૦૦૦/- | શ્રીમતિ નિપુણાબેન |
| ૨,૦૦૦/- | |

#### કિશોર ટિમ્બડીયા કેળવણી ફંડ

| | |
|---|---|
| ૧૦,૦૦૦/- | શ્રી બાબુલાલ એન. શાહ હસ્તે : રમાબેન મહેતા |
| ૧,૦૦૦/- | એક બહેન તરફથી હસ્તે : રમાબેન મહેતા |
| ૧૧,૦૦૦/- | |

#### પ્રબુદ્ધ જીવન સૌજન્યદાતા

| | |
|---|---|
| ૨૫,૦૦૦/- | લેઈટ. વિજય એફ. દોષી હસ્તે : નલિનીબેન દોષી USA (ડિસેમ્બર ૨૦૧૭) |
| ૨૫,૦૦૦/- | |

#### પરદેશ લવાજમ

| | |
|---|---|
| ૬,૦૦૦/- | દિપિકા અશોક દલાલ USA ($ 100) |
| ૬,૦૦૦/- | |

#### યુ ટયુબ સૌજન્યદાતા

| | |
|---|---|
| ૯૦,૦૦૦/- | શ્રી હરિશ મહેતા (Onward Foundation) |
| ૯૦,૦૦૦/- | |

#### પર્યુષણ વ્યાખ્યાનમાળા A/c

| | |
|---|---|
| ૩,૩૦,૬૨૦/- | સેવન્તીલાલ કાન્તિલાલ ટ્રસ્ટ |
| ૩,૩૦,૬૨૦/- | |

## અભિનંદન... અભિનંદન...અભિનંદન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મંત્રી અને 'પ્રબુદ્ધ જીવન' સામાયિકના તંત્રી ડૉ. સેજલબેન શાહને અનેકાનેક અભિનંદન.

ગુજરાતી સાહિત્ય પરિષદની મધ્યસ્થ ચૂંટણીમાં તેઓ ચૂંટાઈ આવ્યા છે.

પ્રબુદ્ધ જીવનનો ઓક્ટોબરનો અંક 'માતૃભાષા, ગાંધીજી અને સાંપ્રત સમય' પર હતો. માતૃભાષા અને સંસ્કૃતિના સંવર્ધન માટે શ્રી મુંબઈ જૈન યુવક સંઘ હંમેશા અગ્રેસર રહ્યું છે. આ સંસ્થા સાથે જોડાયેલ વ્યક્તિ, ગુજરાતી સાહિત્ય પરિષદ સાથે જોડાય, એનો અત્યંત આનંદ.

ઈ.સ. ૧૯૦૫માં ગુજરાતી સાહિત્ય પરિષદ અસ્તિત્વમા આવી અને પરિષદના પ્રથમ સંમેલનના પ્રમુખ તરીકે ગોવર્ધનરામ ત્રિપાઠી હતા. ૧૯૩૬માં આ પદ પર ગાંધીજી પણ હતા. ગુજરાતી સાહિત્ય પરિષદનો ઈતિહાસ અનેક સાહિત્યકારોના પ્રદાનનો ઉજ્જવળ ઈતિહાસ છે. સાહિત્ય, સંસ્કૃતિ, ભાષા માટે આ સંસ્થા સતત કાર્ય કરી છે. ગુજરાતી સાહિત્યના અનેક ગૌરવવંતા ???? સાક્ષા આ સંઘમાં રહી છે. અનેક લબ્ધ પ્રતિષ્ઠિત સાહિત્યકારો સાથે જોડાયેલી આ પ્રતિષ્ઠિત સંસ્થામાં થયેલો વિજય એક સીમાચિહ્ન રૂપ છે.

ટેક્નોક્રેટ– નવા યુવાનોની આ ભાષા માટે રૂચિ કેળવાય અને હૃદયની ભાષા તરીકે સ્થાન પામે એજ અભ્યર્થના. ડૉ. સેજલબેનને ફરી ફરી એકવાર આપણા સૌના અભિનંદન.

પદાધિકારી – કમિટી સભ્યો

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ

## જૈન ધર્મ પ્રશ્નોત્તર

**પ્ર.૧ : આરાધના અને વિરાધના વચ્ચેનો તફાવત સમજાવો વિરાધનાના પ્રકારો સમજાવો.**

**ઊ.૧ : આરાધના એટલે**

૧) સમ્યગ્દર્શન - જ્ઞાન-ચારિત્રસ્વરૂપ મોક્ષમાર્ગની ઉપાસના કરવી તે આરાધના, અથવા

૨) સંયમમાર્ગનું યથાવિધ પાલન કરવું તે આરાધના.

**વિરાધના એટલે :**

૧) લીધેલ વ્રતની ખંડના અર્થાત્ વ્રતનો સ્વીકાર કરવા પછી તેના પાલનમાં થતા નાના-મોટા દોષો, અથવા

૨) આરાધનાથી વિપરીત આચરણ તે વિરાધના, અથવા

૩) જે આરાધનામાં ખામી કે ભૂલ રહી હોય તે વિરાધના.

૪) વિરાધનાનો બીજો અર્થ પ્રાણીને દુઃખ ઉપજાવવું અર્થાત્ પીડા આપવી તે પણ છે.

વિરાધનાના નીચે પ્રમાણે ચાર પ્રકાર છે :

અતિક્રમ–વ્યતિક્રમ-અતિચાર-અનાચાર

૧) અતિક્રમ-આરાધનાના ભંગ માટે કોઈ પ્રેરણા કરે. પોતે તેનો નિષેધ ન કરે તે અતિક્રમ છે.

૨) વ્યતિક્રમ : વિરાધના કરવા માટેની તૈયારી તે વ્યતિક્રમ છે.

૩) અતિચાર : જેમાં કંઈક અંશે દોષનું સેવન થાય તે અતિચાર છે.

૪) અનાચાર : જે સંપૂર્ણપણે આરાધનાને જેમાં આરાધનાનું કોઈ પણ તત્ત્વ જ ન હોય તે અનાચાર છે.

આમાંથી પહેલા ત્રણ - અતિક્રમ, વ્યતિક્રમ અને રતિચારનું પ્રાયશ્ચિત પ્રતિક્રમણ કરવા દ્વારા થઈ શકે છે, જ્યારે અનાચારનું પ્રાયશ્ચિત ગુરુ ભગવંત પાસે લેવું પડે છે.

**પ્ર.૨ : પરિતાપ અને કિલામણા વચ્ચેનો તફાવત સમજાવો.**

ઊ. ૨ : પરિતાપઃ સર્વ પ્રકારના શારીરિક દુઃખોરૂપ સંતાપ કરવાથી દુઃખ ઉપજાવવું તે પરિતાપ છે.

કિલામણા : પસીનો, આંસુ વગેરે પડે તેવો વ્યવહાર કરવો તે કિલામણા છે.

આ પ્રમાણે પરિતાપમાં શારીરિક દુઃખો આપવા અને કિલામણામાં જીવના મનને દુઃખ આપવું એ પરિતાપ અને કિલામણા વચ્ચેનો મુખ્ય ભેદ છે.

**પ્ર.૩ : લોગસ્સ સૂત્રનાં બીજાં બે નામ આપી તે નામોના અર્થ સમજાવો.**

ઊ.૩ : ૧) ચતુર્વિંશતિ સ્તવસૂત્ર : લોગસ્સ સૂત્રમાં ભરતક્ષેત્રના હાલના અવસર્પિણી કાળમાં થયેલા ૨૪ તીર્થંકર ભગવંતોની સ્તવના કરવામાં આવી છે, તેથી તેને ''ચતુર્વિંશતિ સ્તવ સૂત્ર'' પણ કહેવામાં આવે છે.

૨) નામસ્તવ સૂત્ર : ૠષભાદિ ચોવીસ તીર્થંકર ભગવંતોએ આ કાળમાં તીર્થની સ્થાપના કરીને આપણા ઉપર મહાન ઉપકાર કર્યો છે, માટે તેઓ આપણા આસન અર્થાત્ નિકટના વિશેષ ઉપકારી છે. આ સૂત્રમાં તેઓનું નામોલ્લેખપૂર્વક કીર્તન કરાય છે, તેથી આ સૂત્રને ''નામસ્તવ સૂત્ર'' પણ કહેવામાં આવે છે.

**પ્ર.૪ : 'પૂજા' શબ્દનો અર્થ સમજાવો અર્થાત્ 'પૂજા'કોને કહેવાય તે જણાવો. પૂજાના કેટલા પ્રકાર છે તે જણાવી દરેકની વિગત સમજાવો.**

ઊ.૪ : 'પૂજા' એટલે ગુણવાન વ્યક્તિ પ્રત્યે અંતરમાં પ્રગટેલ બહુમાન ભાવ વ્યક્ત કરવાની ક્રિયા

પૂજાના ચાર પ્રકાર છે તે આ પ્રમાણે :

અંગપૂજા - અગ્રપૂજા-ભાવપૂજા-પ્રતિપત્તિ પૂજા

૧) અંગપૂજા : પ્રભુજીની પ્રતિમાનો સ્પર્શ કરવાપૂર્વક જલ, કેસર, આદિથી જે પૂજા કરાય છે તેને 'અંગપૂજા' કહેવાય છે.

૨) અગ્રપૂજા : પ્રભુજીની પ્રતિમાની સન્મુખ ઉભા રહી દીપ, અક્ષત આદિથી જે પૂજા કરાય છે તેને 'અગ્રપૂજા' કહેવાય છે.

૩) ભાવપૂજા : પ્રભુજીની સન્મુખ સ્તુતિ, સ્તવન, સ્તવનાદિ બોલવા પૂર્વક જે ભક્તિ થાય છે તેને 'ભાવપૂજા' કહેવાય છે.

૪) પ્રતિપત્તિપૂજા : 'પ્રતિપત્તિ' એટલે સ્વીકાર - પાવન ભગવાનની આજ્ઞાનો સ્વીકાર કરવો, ભગવાનની આજ્ઞાનું પાલન કરવું તે 'પ્રતિપત્તિ' છે.

❑❑❑

સંકલન : મનહર પારેખ (Atlanta - USA)
Email : manhar@parekh.org
phone : 700 972 8285

# સર્જન-સ્વાગત

**ડૉ. કલા શાહ**

પુસ્તકનું નામ : **આંખ છીપ, અંતર મોતી**
લેખક : આચાર્ય શ્રી 'વાત્સલ્યદીપ'સૂરિજી
પ્રકાશક : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
રતનપાળ નાકા સામે, ગાંધી માર્ગ,
અમદાવાદ-૩૮૦૦૦૧.
ફોન નં. ૨૨૧૪૪૬૬૩
મૂલ્ય : રૂા.૨૫૦/- પાના : ૮ +૨૩૨
આવૃત્તિ - પ્રથમ ૨૦૧૭



પ.પૂ. આચાર્ય શ્રી 'વાત્સલ્યદીપ સૂરીશ્વરજી' મહારાજ સાહેબ સંઘના અને ગુજરાતી ભાષાના પ્રતિષ્ઠિત વિદ્વાન, લેખક, વક્તા અને ચિંતક છે. પૂજ્યશ્રી વર્ષોથી અગ્રણી દૈનિક 'ગુજરાતી સમાચાર'ની 'ધર્મલોક' પૂર્તિમં જીવતરના અત્તરસમી સુગંધકથાઓ આલેખીને પાઠકોને જીવનનુ' શ્રેય, મનની શાંતિ, અને આત્માની ઉન્નતિનો માર્મિક પાઠ શિખવે છે. તે રસમય કથાઓનો થાળ એટલે 'આંખ છીપ, અંતર મોતી' - કથા સંગ્રહ.

પૂજ્યશ્રી કહે છે થાક ઉતારી દે તે કથા - અહીં સરસ અને પ્રેરક કથાઓ આ સંગ્રહમાં મૂકી છે. કથાનું સંમોહન ક્યારેય ઓછું થયું નથી અને થવાનું પણ નથી. અલબત્ બદલાની જીવન શૈલીને કારણે કથાઓ કદાચ ઓછી વંચાતી થઈ છે. રોજિંદી દોડધામ, ગુજરાતી ભાષાનું ઘટતું પ્રભુત્વ, વધેલા સાધનોની વચમાં સાહિત્ય તેના આંતરિક સત્વના જોર પર અને જિનતત્વમાં પ્રેરક આકર્ષણના કારણે ટકી તો રહેશેજ. દીર્ઘ કથાઓ ઓછી વંચાય પણ કથાનું લઘુ અને રસાળ સ્વરૂપ પોતાનું સ્થાન જાળવી રાખશે.

આ સંગ્રહમાંની ૪૭ લઘુકથાઓનો રસમય થાળ વાચકોની રસવૃત્તિને પ્રેરક અને સંસ્કારોના પિયુષ પાનારી છે. રસિક વાચકને વધુને વધુ ઉત્તમ અને પરિપક્વ બનાવવામાં આ પ્રકારની કથાઓ જ સહાયક બને છે.

◆◆◆

પુસ્તકનું નામ : **ઉપદેશમાલા મહાગ્રંથ**
ઉપદેશમાલા ભાવાર્થ - ભાગ - ૧-૨-૩
સંપાદક : 'મરૂધર રત્ન' શાસન પ્રભાવક પ.પૂ. આચાર્ય દેવ શ્રી રત્નાકરસૂરીશ્વરજી મ.સા. ના શિષ્ય - આચાર્ય દેવ શ્રી રત્નસંચયસૂરીશ્વરજી મ.સા.
પ્રકાશક અને પ્રાપ્તિસ્થાન : શ્રી રંજનવિજયજી જૈન પુસ્તકાલય માલવાડા, જિ. જાલોર, (રાજ) પિન - ૩૪૩૦૩૯.
મૂલ્ય : રૂા.૧૦૦/- પાના : ૧૯૦
આવૃત્તિ : પ્રથમ સંવત - ૨૦૭૩




જગદગુરૂ હીરસૂરિજીએ સંયમ સ્વીકારીને ૧૩ વર્ષની ઉંમરમાં પ્રથમ ઉપદેશ-માલા ગ્રન્થ કંઠસ્થ કરેલ. ઉપદેશમાળાનો સ્વાધ્યાય કરવાથી બધાને વૈરાગ્ય થાય છે. ઉપદેશ માળાની આ પરંપરા આજ દિન સુધી ચાલે છે.

ઉપદેશમાલાની ૫૪૪ મૂળ ગાથા છે. અને તેની ટીકા ઘણાં વિસ્તારવાળી છે માટે માત્ર ગાથા-ગાથાર્થ-ભાવાર્થ આ ત્રણ વસ્તુ પ્રકાશિત કરેલી છે.

પ્રભુ મહાવીરની દેશના જેઓએ સાંભળી છે. પરમાત્માનાં સમવસરણમાં બેસીને પ્રભુને સાક્ષાત્ નિહાળ્યા છે. જેઓએ પ્રભુ મહાવીરનાં હાથે દીક્ષા ગ્રહણ કરેલી છે એવા ધર્મદાસગણિએ અવધિજ્ઞાન દ્વારા આ ગ્રંથની રચના કરી છે તે આ પંચમકાળમાં આ હુંડા સર્પિણીમાં સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા ચતુર્વિધ સંઘને સંસારરૂપી સમુદ્ર તરવા માટે આ ગ્રન્થ નાવ સમાન છે. આ ગ્રન્થનું વાંચન-મનન સંયમની આરાધનામાં વૃદ્ધિ કરનાર છે. પરિગ્રહ માટે આ ગ્રન્થમાં અત્યંત ભાર આપેલ છે. શ્રાવક શ્રાવિકાનું મુખ્ય આગ હોય તો તે ઉપદેશમાળાની - ૫૪૪ ગાથા છે. સાધુ સાધ્વી શ્રાવક-શ્રાવિકા અને ચતુર્વિધ સંઘ આ ગ્રન્થ વાંચને પોતાનો વૈરાગ્યભાવ દૃઢ બનાવી વીતરાગ દશા સુધી પહોંચે. એજ અભ્યર્થના.

◆◆◆



પુસ્તકનું નામ : **સૂત્ર સંવેદના - ૨**
આવશ્યક ક્રિયામાં સૂત્રો ભાવગ્રાહી વિવેચન સાથે ભાગ-૨ ચૈત્યવંદનનાં સૂત્રો
સંકલન : પ.પૂ. સાધ્વીજી ચરણશ્રીજી મહારાજના શિષ્યા, પ.પૂ. વિદૂષી સાધ્વી ચન્દનનાશ્રીજી મહારાજના શિષ્યા સાધ્વી શ્રી પ્રશમિતાશ્રીજી
પ્રકાશક : સન્માર્ગ પ્રકાશન
જૈન આરાધના ભવના પાછીયાની પોળ, રીલીફ રોડ,
અમદાવાદ - ૩૮૦૦૦૧,
ફોન -ફેક્સ - ૫૩૫૨૦૭૨
મૂલ્ય : રૂા. ૫૦/- પાના : ૩૧૦
આવૃત્તિ : ચોથી ઈ.સ. ૨૦૧૨

સંવેદન એટલે ભાવ. જૈન ધર્મમાં ભાવ-

ક્રિયાનું મહત્વ ઘણું છે. ભાવ એ તો ક્રિયાનો પ્રાણ છે. પ.પૂ. વિદૂષી સાધ્વી પ્રશમિતાશ્રીએ સંવેદનની વાત પાડીને ધર્મક્રિયાઓના હાર્દને સ્પર્શ કર્યો અને તેમણે ધર્મના સૂત્રોને સંવેદનાથી ધબકતો કરી મૂક્યો. અર્થવિના સંવેદન નહિ. એ વાત તેમણે બરાબર પકડી લીધી. જિજ્ઞાસુઓને અનુલક્ષીને સૂત્રોના અર્થો ગ્રંથસ્થ કરવાનું નક્કી કર્યું. તેના પરિણામે પ્રથમ પુસ્તક લખાયું તે સૂત્ર-સંવેદના ભાગ-૧ એમાં નમસ્કાર મહામંત્રથી શરૂ કરીને 'સામાઈય વયજુત્તો' સુધીના અગિયાર સૂત્રોની વાત કરી છે.

આ ગ્રંથમાં તેઓએ જે સૂત્રોના અર્થ કર્યા છે તેમાં ચૈત્યવંદન પ્રધાન છે. ક્રિયાઓમાં ચૈત્યવંદન જેવી કોઈ ભાવક્રિયા નથી ચૈત્યવંદનની રચના ગણધર ભગવંતોએ કરેલી. ચૈત્યવંદનનો મુખ્ય ભાવ ઉપકારક પ્રત્યેની કૃતજ્ઞતા વ્યક્ત કરવાનો એ પરમાત્માના ગુણગાનનો છે. આપણા પરમાત્મા અન્ય ધર્મોના પરમાત્મા કરતા વિશિષ્ટ છે. કારણ કે ક્યાંયથી અવતાર લઈને આવતા નથી, પણ આપણાં જેવા છે. ચૈત્યવંદનની એક ક્રિયા પણ જો ભાવપૂર્વક અને સંવેદન પૂજક થાય તો તેમાં આત્માને ઉગારી લેવાની અમોઘ શક્તિ છે. આ ગ્રંથનું પરિશીલન કરવાની શ્રાવક-શ્રાવિકાઓને ભલામણ છે.

•••

પુસ્તકનું નામ : **ખુદાઈ ખિદમતદાર**
ખાન અબ્દુલ ગફાર-ખાનની જીવનકથા
અનુવાદ : અમૃત મોદી
પ્રકાશક: પારૂલ દાંડીકર
યજ્ઞ પ્રકાશન સમિતિ,
હિંગલાજ માતાની વાડીમાં, હુજરત યાત્રા,
વડોદરા-૩૯૦૦૦૧.
ફોન નં -૦૨૬૫-૨૪૩૭૯૫૭
મૂલ્ય : રૂા. ૧૦૦/- પાના : ૨૦૨
આવૃત્તિ : પ્રથમ ૨૦૧૪



"તમે અમને વહુઓને હવાલે કરી દીધા," આ નાનકડા વાક્યમાં કેટલી વ્યથા અને ફરિયાદ સમાયેલી છે. તેમ છતાં યથાર્થ અનુભૂતિ માટે તો આ આત્મકથા જ વાંચી જવી પડે. આજે જે સ્વરાજ આપણે માણી રહ્યા છીએ તે સ્વરાજ મેળવવા માટે બાદશાહ ખાન અને એમના બહાદુર પઠાણોએ કેટકેટલી કુરબાની આપી છે અને કષ્ટો સહ્યાં છે. ગાંધીજીની અહિંસાની કેવી ભવ્ય અને પાક ઉપાસના કરી છે. તેનો ખ્યાલ આ સરળ વાણીમાં લખાયેલ પુસ્તક વાંચવાથી જ આવશે.

પરંતુ જ્યારે સ્વરાજ આવ્યું ત્યારે આ ખુદાઈ ખિદમતદારને અને એના વીર સાથીઓને આપણે કેવો ઘોર અન્યાય કર્યો. આ રાષ્ટ્રીય વિશ્વાસઘાત તેઓ સહી શક્યા. અહિંસા કાયર માણસનું કામ થી, બહાદુર માણસનું કામ છે. એ ગાંધીજીની વાતનું સર્વોત્કૃષ્ટ ઉદાહરણ 'સરહદના ગાંધી કહેવાતા આ ખુદાના બંદાએ પુરૂં પાડ્યું છે. આ સરહદના ગાંધી અહિંસાની વીર ઉપાસક છે એટલે અન્યાય ગળી જઈને ફરી પ્રેમપૂર્વક આપણી વચ્ચે આવ્યા છે.

પોતાની આ કહાની ખાન અબ્દુલ ગફર ખાને પશ્તુ ભાષામાં લખી હતી. તેનું હિન્દી રૂપાંતર જગન્નાથ પ્રભાકરે કર્યું હતું.

•••

પુસ્તકનું નામ : **નરસિંહ મહેતાની કાવ્ય ઝલક**
સંપાદન : ડૉ ભરતકુમાર ઠાકર
ડૉ. ઈશ્વરભાઈ એમ. પટેલ
પ્રકાશક : નીરવ મદ્રાસી
શબ્દલોક પ્રકાશન - સારસ્વત સદન
૧૭૬૦/૧, ગાંધી માર્ગ,
બાલા હનુમાન પાસે
અમદાવાદ - ૩૮૦૦૦૧.
મૂલ્ય : રૂા. ૧૨૦/- પાના : ૧૨૦
આવૃત્તિ : પ્રથમ ઈ.સ. ૨૦૧૬



નરસિંહ મહેતાની પ્રેમલક્ષણા ભક્તિ અને જ્ઞાનમાર્ગી પદો ગુજરાતનું અમૂલ્ય નજરાણું છે. આ પ્રભાત કવિએ ગુજરાતી કવિતા સૂર્યોદય કર્યો ને કાવ્યસર્જનની અનેક દિશાઓ ખોલી આપી.
સ્વાનુભાવથી રણકની તેમની કવિતામાં અનુભૂતિની સચ્ચાઈ અને અભિવ્યક્તિની સચોટતા છે. આ પ્રભાત કવિ નરસિંહના અનેક પદો છે. વિષય, વૈવિધ્ય ધરાવતા આ પદોમાંથી ૭૫ પદોનું ચયન કરીને અહીં આપ્યું છે.

નરસિંહ તત્વના કૂંપણામાં ખોવાઈ જવા કે ગ્રંથ ગરબડમાં અટવાઈ જવા માગતો નથી. એ તો સ્વાનુભવના બળે અધ્યાત્મજ્ઞાનનો મર્મ ઉકેલ છે. ભક્તિ કરતાં જ્ઞાન અને વૈરાગ્ય એને સુલભ થઈ ગયાં જણાય છે. નરસિંહને મન અધ્યાત્મ-જ્ઞાન એ ભક્તિમય જીવન વ્યવહારના પાયારૂપ છે. કૃષ્ણને પોતાની સર્વ ચિંતાઓ સોંપી એ તો જીવનમુક્ત રીતે જ વર્તે છે. નરસિંહે આ સંસારને ન છાંડ્યો એનું મુખ્ય કારણ તે ભક્તિ કરવાની તક આપે છે બાકી એને મન તો સંસાર કે જગત જો આકર્ષક કે સત્ય હોય તો તે કૃષ્ણની લીલા ભૂમિ તરીકે જ હોય. એ સંસાર કે જગત એને માન્ય નથી. નરસિંહ એનું આ દૃષ્ટિ બિંદુ અનેક રીતે એના ભક્તિજ્ઞાનનાં પદોમાં સફર કરે છે.

•••

પુસ્તકનું નામ : **હૃદયમાં અનહદ**

કવિ : ચન્દ્રકાન્ત શેઠ

પ્રકાશક : આર. આર. શેઠ એન્ડ કં. પ્રા.લિ. મુંબઈ - ૪૦૦૦૦૨.

અમદાવાદ-૩૮૦૦૦૧.

મૂલ્ય : રૂા. ૧૧૫/-

પાના : ૧૨૦

આવૃત્તિ : માર્ચ ૨૦૧૭




કવિશ્રી ચન્દ્રકાન્ત શેઠનો આ સોળમો કાવ્ય સંગ્રહ છે. આ સંગ્રહમાં મુખ્યત્વે ગીતો છે. ગઝલ ગોત્રની બે એક રચના છે. થોડાં છાંદસ તેમજ અછાંદસ કાવ્યો પણ છે અને છેલ્લે મંગલાષ્ટકની બે રચનાઓ તેમજ માતૃદેવતા-પિતૃ-દેવતા પણ રજૂ કર્યા છે. જે કવિની પરંપરાથી પ્રયોગ સુધીનો કાવ્યમય પરિચય કરાવે છે.

કવિ સ્વયં કહે છે "મિત્રો, તમે જ બાંધેલી તમારી સંકુચિત અને બેબુનિયાદ હદની વાડમાંથી તમને બહાર લાવી આ પુસ્તક તમને વિરાટના હિંડોળે ઝૂલતા કરી દેશે દરેક પાને તમને લાગશે કે તમે અખંડ અસ્તિત્વના એક અંશજ અને વિરાટપણાના એક વંશજ છો."

હદમાં રહીને અનહદનો સાક્ષાત્કાર કરાવતા આ કવિને અસ્તિત્વના મૂળની તલાશ છે, જેની હદમાં અનહદનો અહેસાસ થાય.

હદમાં પણ છુપાયેલા અનહદને પામવાની મથામણ કરાવમાં આ સંગ્રહ એક નવી ઓળખ કરાવશે કારણ કે પ્રત્યેક રચના ભીતરની ભીનાશ પામેલી પ્રાર્થનાનો પર્યાય બનીને આપી છે.

♦♦♦

## સાભાર સ્વીકાર





પુસ્તકનું નામ : **કલ્યાણ પથ**

લેખક : પૂ.આચાર્યદેવ શ્રીમદ વિજય પૂર્ણચન્દ્ર સૂરીશ્વરજી મહારાજ

પ્રકાશક : પંચપ્રસ્થાન પુણ્યસ્મૃતિ પ્રકાશન, ૧૦-૩૨૬૮-એ કાજીનું મેદાન ગોમીપુરા, સુરત - ૩૯૫૦૦૧

મુલ્ય સાહિત્ય સેવા : ૪૦/-

♦♦♦



પુસ્તકનું નામ : **લેખ મીટે નહીં મેખ લગાયો**

લેયક : પૂ. આચાર્ય શ્રીમદ્ વિજય પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજ

પ્રકાશક : પંચપ્રસ્થાન પુણ્યસ્મૃતિ પ્રકાશન, ૧૦-૩૨૬૮-એ કાજીનું મેદાન ગોમીપુરા - સુરત - ૩૯૫૦૦૧.

મૂલ્ય : સાહિત્ય સેવા : ૪૦/-

♦♦♦




પુસ્તકનું નામ : **દીવાદાંડી**

લેયક : પૂ. આચાર્ય શ્રીમદ્ વિજય પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજ

પ્રકાશક : પંચપ્રસ્થાન પુણ્યસ્મૃતિ પ્રકાશન, ૧૦-૩૨૬૮-એ કાજીનું મેદાન, ગોમીપુરા - સુરત - ૩૯૫૦૦૧.

મૂલ્ય : સાહિત્ય સેવા : ૪૦.૦૦

♦♦♦



પુસ્તકનું નામ : **જિનદર્શન** લેખક : મહેન્દ્ર પુનાતર

પ્રકાશક : શુભ સંકેત - ૬૦૩ - શબરી, અશોક નગર, કાંદિવલી - પૂર્વ, મુંબઈ -૪૦૦ ૧૦૧.

ફોન : ૨૮૮૭૨૯૯૧ મૂલ્ય : રૂા. ૨૦૦/-

♦♦♦




પુસ્તકનું નામ : **આપણાં ગાંધી બાપુ** સંપાદક : મહેન્દ્ર મેઘાણી

પ્રકાશક : ગુર્જર પ્રકાશન, ૨૦૨, તિલક રાજ, પંચવટી પહેલી લેન - આંબાવાડી, અમદાવાદ -૩૮૦૦૦૬.

ફોન નં. ૦૭૯-૨૨૧૪૪૬૬૩

♦♦♦



પુસ્તકનું નામ : **ભાવઝરણાં (ગઝલ સંગ્રહ)**

પ્રકાશક : વિનાયક સારસ્વત સભા, ભાવનગર - ૩૬૪૦૦૧.

મો. ૯૮૨૨૫૦૭૧૬૮૮/ ૯૪૨૬૪૬૩૫૪૮

કિંમત : રૂા. ૨૦/-

♦♦♦




પુસ્તકનું નામ : **આપણું અત્તર આપણી સુવાસ**

લેખક : ચન્દ્રકાન્ત શેઠ

પ્રકાશક : આરઆર. શેઠની કંપની પ્રા.લિ. મુંબઈ- ૪૦૦૦૦૨. અમદાવાદ - ૩૮૦૦૦૧. મૂલ્ય :રૂા. ૯૯/-

'સર્જન-સ્વાગત' માટેના પુસ્તકો મોકલવાનું સરનામું : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩, મોહમ્મદી મિનાર, ૧૪વીં ખેતવાડી, મુંબઈ - ૪૦૦૦૦૪. ફોન : ૨૩૮૨૦૨૯૬

# ભાવ-પ્રતિભાવ

ડૉ. નરેશ વેદનો લેખ, 'સુખની શોધમાં', વિચાર પ્રેરક રહ્યો. સારા વાતાવરણની શોધમાં નીકળેલો માનવ દેહ જાતે જે સ્વનિર્મિત ખરાબ વાતાવરણમાં ફસાતો ગયો, તેમાંથી ઉગરવાની ચાવી, વેદ સાહેબે બતાવી છે. ફિલ્મ 'સીમા' યાદ આવી ગઈ, બહેકના હૈ મુશ્કિલ, ભટકનેકા ડર હૈ! કહાં જા રહા હૈં તું, યે જાને વાલે, આજનો માનવી આંધળુકિયામાં અટવાઈ ગયો છે. પોતાનું માન, સ્થાન વિવેક અને મર્યાદા ચુકવાથી શી રીતે સુખ મળે? મટીરિયાલિઝમ - જેમની બોલબાલા છે. જે વસ્તુ છે, તેને અવગણીને નવી નવી ચીજવસ્તુઓની લાલચની હતા પણ સરો ઉભી કરી રહ્યાં છે. તેઓ ગ્રાહકમાં મનની ઘોર ખોદી રહ્યા છે. પરિણામે, મનની શાંતી અને એકાગ્રતા જોખમાઈ ગયાં છે. સાદાઈ, સરળતા, નિખાલસતા અને પ્રેમની ભાવનાના વિકાસ વિના, સાચું સુખ મેળવવું અસંભવ બની રહે.

આ સંદર્ભે, ભારતીય સંસ્કૃતિ, પશ્ચિમની ભોગવાદી સંસ્કૃતિથી અલગ હતી, જે રહેવા પામી નથી. વસ્તુવાદ માઝા મુકી રહ્યો છે કાંડે કાંડે ઘડિયાળો તો બંધાય. પણ જીવનમાં નિયમિતતા કેટલી આવી? કયું કામ સમયસર થયું, સભા-સમારંભો આપણો કેટલો સમય બગાડે છે! મોંઘી ઘડિયાળ પહેરનાર, સસ્તી ઘડિયાળ બાંધનાર કરતા નિયમિત રહી શકતો ના હોય તો તે સંપત્તિ– સમૃદ્ધિનો બગાડ થયો ગણાય.

**હરજીવન થાનકી, પોરબંદર**

●●●

ડૉ. કલા બહેનના અવલોકનાર્થે પ્રબુદ્ધ જીવનને સારી સંખ્યામાં પુસ્તકો મળે છે. જેમાંના ઘણાં ખૂબજ મૂલ્યવાન હોવા છતાં કિંમત તરીકે રૂપિયાને બદલે 'સદુપયોગ' જણાવી રસ ધરાવતી વ્યક્તિઓને તે વિનામૂલ્યે આપવામાં આવે છે, જે મારા નમ્ર મત મુજબ જૈન ધર્મ સિવાય ભાગ્યે જ ક્યાંય થતું હશે.

આમ છતાં જે પુસ્તકોનું મુલ્ય જણાવાય છે તેમાં રવાનગીના અંગે જણાવવાનું ન હોવાથી કેટલી રકમ મોકલવી તે સમજાતું નથી. વળી કવરમાં રોકડ રકમ મોકલવા ઉપર પ્રતિબંધ હોય છે અને ચેક મોકલીએ તો તે પણ બહુ સલામત નથી. તેથી એ પત્ર ક્યારે પહોંચશે તે નિશ્ચિત ન હોવાથી પુસ્તકો મંગાવવાનું ટાળી દેવું પડે છે.

તો આ અંગે પ્રબુદ્ધ જીવનનાં વાચકો જો કોઈ રસ્તો સૂચવી શકે તો તે ખૂબજ આવકારદાયક થશે.

**અશોક ન. શાહ, અમદાવાદ - ૩૮૦ ૦૫૫.**

'પ્રબુદ્ધ જીવન' અંક નિયમિત રીતે મળે જ છે.

ઓગસ્ટ ૨૦૧૭ નો પર્યુષણ પર્વ વિશેષાંક ગુરુપરંપરાને નજર અંદાજ કરીને, પ્રથમ પાને છાયામાં ગુરુજી-શિષ્યોનું વૃક્ષ નીચે વિરલ દૃશ્ય, ગમેજ, ગુરુમહિમાંના પદ, તેમજ જૂના અંકો અતીતની બારીએથી આજ, ફેબ્રુઆરી ૧૯૪૪ માર્ચ માસનાં જેથી, ૧૩૬ પાનામાં પિરસાયેલું સાહિત્ય ગુજરાતી અને અંગ્રેજીમાં પણ આડત્રીસ વિભાગો-અંગ્રેજીમાં પણ વિશિષ્ટતા સાચેજ વંદનીય અભિનંદનીય જ હોય. અમારા મિત્રો, પરિવારના સહૃદયપૂર્વક પાઠવીએ છીએ. જ્યાં આત્મીયતા હાથવગી મળે. પછી ઈતરની શી આશાભલા જય જીનેન્દ્રજી.

**દામોદર નાગર, જુગનું, ઊમરેઠ ૩૮૮૨૨૦**
**૯૮૨૩૪૪૯૦૯૨**

●●●

સાદર પ્રણામ અને સપ્રેમ વંદન. હું દર વખતનું પ્રબુદ્ધ જીવન પૂરે પુરું વાંચી મનન કરું છું. આપ તો સંપાદન કલા-વિશારદ તો છો જ, પરંતુ મારા મતે સંપાદન-રત્ન પણ છો. ભાવ, ભાષા અને શૈલીએ બધી દૃષ્ટિએ પ્રબુદ્ધ જીવન એક પરિપૂર્ણ સામયિક છે. તેમાં આપનું તપ, સાધના, યજ્ઞ, અધ્યાપન અને સંશોધન સોળે કળાએ ખીલ્યાં છે. આપ કપડવંજ જઈ આવ્યા તેથી આનંદ થયો. મુંબઈમાં હું રાજેન્દ્રભાઈ શાહના પ્રેસમાં બધુંજ છપાવતો હતો. અમો અવાર- નવાર પ્રેસમાં મળતા હતા. આપનું સાહિત્ય વાંચવાનો મને અનેરો લ્હાવો મળ્યો છે. હમણાં મણિલાલ નભુભાઈ દ્વિવેદીના પ્રપૌત્ર હરીશભાઈ મારા ઘરે મને મળવા આવેલા. વિષ્ણુસહસ્રનામનો ગ્રંથ મને ભેટ આપવા પધારેલા. પૂ. સ્વામી વિવેકાનંદજી નડીયાદમાં તેમના ઘરે ચર્ચા માટે ગયેલા. મે 'આર્થિક વિકાસ' સામાયિકનું કામ ૪૨ વર્ષ સુધી કરેલ છે.

**બી.એમ.પટેલ, અમદાવાદ**

●●●

માતૃભાષા માટે આપનો 'પ્રબુદ્ધ જીવન'નો અગ્રલેખ વાંચ્યો. માતૃભાષાનું મહત્વ અને તેની જરૂરિયાત બાબતમાં આપનાં લખાણની સાથે હું સહમત છું. જન્મ દેતી વખતે મા તેના બાળકની સાથે તેની માતૃભાષામાં વાતચીત કરે છે અને તેનો રણકો અને સ્મૃતિ બાળકનાં સુષુપ્ત મનમાં કાયમ રહે છે. અન્ય ભાષાઓ જાણવી તથા શીખવી તે ગુનો નથી. આપણા સમાજમાં અંગ્રેજી ભાષાનું ઘણું મહત્વ છે તે પણ અમુક કારણોસર યોગ્ય છે, પરંતુ તે ગુજરાતી ભાષાનાં ભોગે થવું ન જોઈએ. બે ગુજરાતીઓ મળે અને બંન્ને જણા ગુજરાતી ભાષા સારી રીતે જાણતા હોય છતાં ફેશન ખાતર અંગ્રેજીમાં ઠોકે રાખે તે હું સહન કરી શકતો નથી. આપની જાણ ખાતર ૧૯૫૦ માં એલ્ફિસ્ટન કોલેજમાંથી ઈંગ્લિશ લિટરેચરનાં વિષય સાથે હું સ્નાતક થયો. છતાં મારી માતૃભાષા ગુજરાતી માટે મને માન અને મોહ બંન્ને હોવાને કારણે ગુજરાતી સાહિત્યનો પણ અભ્યાસ કર્યો. આપણી સંસ્કૃતિ અને સંસ્કાર આપણી માતૃભાષા મારફત જ આપણને મળે તેવો મારો મત છે. તમારા આ લખાણ માટે હાર્દિક અભિનંદન. તમારું આ લખાણ તમારી પોતાની અનુભૂતિને આધારે વ્યક્ત થયેલી હૃદયસ્પર્શી શૈલીથી લખાયેલ છે, તે દેખાઈ આવે છે.

**નટવરભાઈ દેસાઈ, તારદેવ રોડ,**
**મુંબઈ - ૪૦૦ ૦૩૪.**
**ફોન : (૦૨૨) ૨૩૫૨૪૬૪૯ / મો. ૯૩૨૧૪૨૧૧૯૨**

# Glazed your spirit with the sheen of Acumen?.... A bright Diwali!

Prachi Dhanvant Shah

Light, brightness, illumination, sparkles all around the world on the eve of Diwali, Deepawali, *Dipalikaya*, connoting just one implication and that is a beam of optimism as in light, eliminating evil and conquering worthy in one's life. Eliminating darkness, obscurity and rejoicing our life and soul with brightness, optimism. This festival of lights is celebrated across the world and by every sect of Indian religion be it *Hindus, Sikhs, Buddhists or Jains*. Every religion celebrates this festival of illumination by adding its own respective color to the celebration.

It is a discerned fact that as per Jainism, Diwali commemorates the Nirvana of ***Bhagwaan Mahavir***, the last Tirthankara of Jainism, who is responsible for revitalizing this spiritual religion, thriving strongly yet today. ***Bhagwaan Mahavir*** convened himself in *Samavasaran* and depicted his last discourse, which acknowledged its existence in the form of *Uttaradhyayan Sutra, Vipak Sutra,* etc. On the day of *Dipalikaya* ( Diwali as depicted in Jain scriptures) in 527 B.C.E., ***Bhagwaan Mahavir*** attained *Nirvana* followed by *Moksha*. Just when his soul eloped his body, for few moments, the world was shadowed over with darkness. But then, to esteem, this illustrative of spiritual light leaving the body was then accentuated by the brightness of Gems by Gods and lamps (Diyas) by the eighteen kings of Northern India, who were the strong devotees of ***Mahavir***. It is said that the earth and heaven were idyllic with illuminated lamps marking ***Bhagwaan Mahavir***'s enlightenment and these lights being emblematic of his knowledge. Besides, ***Gautam Gandhar Swami***, the chief disciple of ***Bhagwaan Mahavir*** achieved omniscience (Kevala Gyan) later the same day. Ever since this day of Diwali is celebrated with luster to worship ***Bhagwaan Mahavir***.

For Jains, Diwali is celebrated by means of ensuing the path opined by ***Bhagwaan Mahavir***. Jains are entitled to celebrate Diwali spiritually and luminously. Jain Sangh of New Jersey allured Diwali Celebration in accordance with the synonymous perceptions. Bestowed with two prime auspicious Jinalayas (Temples), *Munisuvratswami Jinalay* (Somerset-NJ) & *Parshwanath Jinalay* (Caldwell-NJ ), the spiritual journey during the days of Dipawali commenced by means of *Chaudas Pratikraman* on the previous day of Diwali enforcing and promising oneself to adhere the soul to the learnings of ***Bhagwaan Mahavir***. Diwali day was hailed by a way of *Akhand Jaap* (unceasing chanting) from 6:00 p.m. to 6:00 a.m. next morning at both the *Jinalaya's.*

The mantras chanted were :

6:00 p.m. to 12 a.m.

Om Hrim Srim Mahavir Swami Sarvgyay Namah

(ॐ ह्रीं श्री महावीरस्वामी सर्वज्ञाय नमः)

12:00 a.m. to 3:00 a.m.

Om Hrim Srim Mahavir Swami Parangatay Namah

(ॐ ह्रीं श्री महावीरस्वामी पारंगताय नमः)

3:00 a.m. to 6:00 a.m.

Om Hrim Srim Gautam Swami Sarvgyay Namah

(ॐ ह्रीं श्री गौतमस्वामी सर्वज्ञाय नमः)

These chanting's were embellished with elegant Angi & Aarti. The dawn of New Year was enthralled with Prakshal puja and Manglik, and enumerating the greet of New year, a *Samuha Snatra Puja* was delineated and accomplished. This was then followed by greeting *samuha Sangh with Sadharmik Vatsalya* (Lunch), wishing each other happiness for the coming year. This spiritual Journey indeed lit the lamps of warmth and compassion in the hearts of every shravaks and Shravikaas of Jain Sangh of NJ.

A momentous Diwali is the one, where an individual understands and pursues what ***Bhagwaan Mahavir*** imparted to us. In simple words, implementing our life with a promise to follow ***Ahimsa, Aparigraha, and Anekantvad***. Beget happiness and peace in everyone's life all around coercing principles of compassion and integrity through non-violence (Ahimsa). Shielding the ecosystem and maintaining the biodiversity by means of limited materialistic usage in the form of Aparigraha. With an insight of multiplicity in views and perception, executing Anekantvad, would certainly defaecate the root cause of skirmishes and thus pursuing reasoning by means of one's own efforts. As Diwali is celebrated by every religious sect of Indian culture, may this Diwali be a blend of lights from different culture and tradition, but

why not also pertain ***Bhagwaan Mahavir's*** teachings of Compassion, generosity, amity, and unity this Diwali and every upcoming Diwali of our life? Diwali festive marks its first day on Vagh Baras where we need to seek knowledge from ***Shrut Devi*** (knowledge from Vedas) as explicated by ***Bhagwaan Mahavir***. After knowing oneself and attaining knowledge, it is the day of ***Dhana-Trayodashi*** (the day of wealth), the day when ***Tirthankara Mahavir*** made a beginning to get *'Lakshmi'*, i.e. Wealth in the form of *'Moksha'*, i.e liberation, and hence on this day, we need to worship wealth as to lead us to the path of liberation and not worship Lakshmi in the materialistic form such as money, ornaments, and attachments. Then comes the time to celebrate ***Chaturdasi***, the time to eliminate the darkest and negative energy of our life. And then comes the day of ***Deepawali*** to enlighten our soul, illuminate oneself with the brightest sparkles of knowledge. Rejoice our mindfulness with series of illumined lamps of right knowledge, right faith, and right conduct. But then, it does not end here. The celebration continues throughout the year, and after Diwali is the time to welcome the new year ***( Bestu Varas).*** This is the time when the ball is in our court, and we need to decide if we continue with triumph in this birth or fail, by losing the path of liberation. The testimonial of life begins!! The celebration does not conclude, but every day is a celebration then after, reminding yourself to cling oneself, on the principles of knowledge we acquired during this festival of Diwali, and how significantly do we succeed to follow this path bestowed by ***Tirthankar Mahavir***.

Today, take a moment, hold your thoughts, and ask yourself, are you celebrating the essence of Diwali with an unalloyed aura? Did you attain the spiritual knowledge conferred to us? Or maybe, this Diwali, whomever you wished "Happy Diwali" did you wish them happiness with your soulful and spiritual core? Or rather did you first wish yourself a "Happy Diwali" that would behold the happiness of learnings from ***Bhagwaan Mahavir***? Did you ignite the light of knowledge imparted by ***Bhagwaan Mahavir*** and witness the brightness of its sparkles? Or when you lit the Diya outside your home and decorated your house with series of lamps, did you ignite the light first within your soul? Did these lights with which you enlightened your home, be the light to light up your life, so much so that you could become the light to light up the world? May it be one lumen at a time? If you get an answer from your inner soul as "YES" then you have magnificently accomplished and rejoiced this commemoration Diwali. But if you get an answer as "NO" or "Maybe", then no frets, it is not yet late. The day you promise yourself to acknowledge and practice ***Bhagwaan Mahavir***'s wisdom, all throughout your life, that day will be a memorial ***Diwali*** of your life. We must acquire the control to turn on the lights within our self. The light is engraved in our soul since past many births, but maybe today is the right time to locate the switch to this light and just ignite it. Every human anguish is since we are unable to understand our true nature. Then why wait? Let us reach the stage of full realization. Let the expedition commence. It is never too late!

Allow me to address you to the beautiful words someone has stated *"Anger destroys love, Ego destroys Modesty, Deceit destroys Friendship, and Greed destroys everything. Hence destroy anger through calmness, overcome Ego by Modesty, discard Deceit by straightforwardness, and defeat Greed by Contentment."*

Let this mystical festive of Diwali unify every religion, every home, and every heart across the world contouring as a festival of lights of spirits. Let the colors of Rangoli spread rainbow in everyone's life around the world making this universe a colorful place to live with smile, joy, compassion, and love all over! Be it any religion or culture, we can all find ways to pertain ***Bhagwaan Mahavir***'s teachings making this world a better place to live with reverence, munificence, armistice, and harmony this Diwali. Let this new beginning be the year of reflection with the brightness of the light of knowledge!

*The greatest mistake of a soul is Non-Recognition of its Real self, and can only be corrected by Recognizing itself. It is idyllic to win over self, then to win over million enemies. • Tirthankar Mahavir*

❑❑❑

49, wood ave, Edison,
N.J. 08820. U.S.A.
prachishah0809@gmail.com
+1-9175825643

# Jainism Through Ages

Dr. Kamini Gogri

## LESSON - TWO (CONT.)

**In this article we will study Jainism in Orissa**

Kalinga (Orissa) was a stronghold of Jainism, even before the days of Parsvanatha. It is said that the eighteenth tirthankara Aranatha received his first alms in Rajapur, the capital of Kalinga. Kalinga's most famous king Kharvel of the Meghavahana dynasty and his queen commissioned Jain inscriptions foe the Hathigumpha cave temple. The inscriptions make reference to a council of ascetics, the return of a Kalinga Jain image from Magadha and the construction of the monasteries. During the rule of the Meghavahana dynasty, Jainism was the principle religion of Orissa . Other kingdoms lent patronage to Jains in Kalinga, but this did not last, although we find that Udyot Kesari was a staunch supporter of Jainism in a later period. The present day Saraaka caste (estimated to be more than a million people) of Orissa and Bihar worship Parsvanatha and follow Jain practices. Many Jina images more than a 1,000 years old are found in Orissa. It is interesting to note that even the later Saiva kings patronised Jainism in Orissa. However, the spread of Vaisnavism and Jagannatha worship in Orissa forced Jainism into decline. It was in this period that Jainism became syncretistic and adopted many customs and practices of Hinduism, for example in iconography, to maintain its popular appeal. In later times, Orissa became a province ruled by the Rastrakuta dynasty and the influence of Jainism revived. The integration of numerous followers of the ajivikaa sects into Jainism helped to strengthen the position of Jainism in Eastern India. (Ajivikaa sects first appeared around the sixth century BCE and survived until the fourteenth century CE). Historical records after this period are nonexistent but gradually the majority of Jains merged with the local population. Of course, still small groups of Jains and many beautiful temples still exist in the Bengal, Bihar and Orissa.

There are indications that the 23rd Tirthankar, 'Parsvanath Swami', preached Jainism in Kalinga in the 7th century BC and King 'Karakanda' was converted by him. The king built 'Karakanda Vihar' for the propagation of Jainism and installed in it the image of the 2nd Tirthankar, 'Ajitnath'.

The Jain preacher 'Mahavira Swami' visited Kalinga to propagate the reformed version of Jainism and installed the 'Vijay Chakra' on the 'Kumari' ('Udaygiri') hill, which became a famous pilgrimage centre along with Pithunda Nagar where the image of Rishabhanath was installed after consecration.

Jainism seems, to have reached its high-water mark during the reign of Emperor Kharavela who made it the state religion. He, after his conquest of 'Magadha', brought back to Kalinga the 'Kalinga Jinasana' that had been carried away by 'Mahapadma Nanda' after his conquest of Orissa three hundred years before.

**The Ancient Jain Monastries**

Kharavela's patronage of Jainism is seen from the beautiful caves that he carved out from the rocks on the Udaygiri and 'Khandagiri' hills. The Khandagiri caves were used as places of worship while those on Udaygiri were used for the accommodation of saints, monks and ascetics. The Hati-gumpha inscription bears testimony to this royal patronage as also to the liberalism of the emperor who, though himself of the 'Svetambara' sect, showed due honour and respect to the 'Digambar' sect.

The influence of Jainism on culture can be well imagined from the stress on such virtues as kindness and compassion, charity and service to humanity — a stress that enlarged the humane aspects of religion in Kalinga. Jainism declined after Kharavala with a short spell of importance during the reign of the 'Murunda' rulers in 'Kalinga' especially under 'Dharmadamodar'.

The queen of the 'Sailodbhava' king 'Dharmaraja' II, 'Kalyani Devi' was a patron of Jainism. During the reigns of the 'Bhojas' and some Dynasties in the medieval period, Jainism seems to have revived for which the Khandagiri and Udaygiri caves were left intact.

The historical-cum-archaeological evidence that is available from different parts of the state, e.g. Anandpur (Keonjhar), Chhatia, Ratnagiri, Lalitgiri, Choudwar, Athgarh, Tigiria, Badamba, Banki and Jajpur (Cuttack), Khiching and its environs (Mayurbhanj), Kupari and Charampa (Balasore), Ghumsur (Ganjam) and Nawrangpur shows, that Jainism had a wide influence. As a result of this interaction, according to some scholars the throne of Jagannatha or Jagannath is probably the throne that had been taken away by Mahapadma Nanda and restored by Kharavela.

- **Early Development**

In Ancient Orissa, Jainism played a very eminent role in religious and cultural life of the people. Since the days of the Nandas to the invasion of Ashoka over Kalinga, the political history of Orissa was called a dark period. But we have some reference that much earlier to the Mauryan period there was a great Jaina monarch in Kalinga, called Karakandu, who was ruling before Mahavira and after Parsvanatha.

The Hathigumpha inscription of Kharavela (Khandagiri, Udayagiri) says that Mahavira visited Kalinga and from the Kumari-Parvata , he preached and promulgated Jainism. In the fourth and fifth century B.C. when the Nanda dynasty was in power in Magadha, Orissa was stronghold of Jainism.

It has been mentioned in the inscription of Kharavela that the army, in the twelfth year of his reign had invaded Magadha and brought back the sacred Kalinga-Jina which had been taken from Kalinga by Nandaraja Mahapadma Nanda as a symbol of victory over Kalinga, three hundred years back. Jainism must have suffered a temporary set back during the rule of Ashoka in 3rd century B.C. After Ashoka's invasion of Kalinga in 261 B.C., Buddhism was ushered in and it gained much popularity in Orissa due to the missionary activities. However, it cannot be said that Ashoka's missionary activities adversely affected the ruin of the Jainism in Kalinga. Jainism continued to flourish as a major religion of Kalinga even after the Maurya's invasion. After the Mauryas, when Chedi ruler Kharavela was the king of Kalinga, Jainism was wellknown and popular.

Besides, Khandagiri and Udayagiri Tirthankara images are also found from different other places of Bhubaneshwar like Pratapnagari and Bhanpur.

**A. Pratapnagari**

Pratapanagari, situated near the Cuttak-Bhabaneshwar section of National Highway No. 5, has rich treasuresof Jaina heritage. In 1972 during excavation of the Kakatpur Canal few sculptures were Recovered and kept neat the village shrine during the perod from 1992-94, Sri Purushottam Rout of the village found few more stone sculptures in the paddy field of Sri Pranakrishna swain. All these sculptures were shifted to the village and kept in the village Bhagavata ghara. These constitute the main display material of the Musuem at Pratapanagari. There are many sculptures of different sizes and dimensions depicting mainly the tirthankara figures. The main image of Parsvanatha has four pedestal inscriptions recording the names of two Jaina Acharyas, namely, Sri Padmanandi and Sri Kumaranandi, and the person who installed the diety as Indraraja. The inscriptions and the sculptures are datable to circa 9th-10th Century. A.D. The number of Risabhanatha and Parsvanatha sculptures in the collection indicate the popularity in worship of these two Jaina tirthankaras in this part during those days. Near about 17-18 kms away from Bhubaneshwar, a Jaina museum recently constructed at the vicinity of Kuakhai river. It possesses a beautiful garden in front of it. Having two rooms, the museum is a beautiful one. The inner one is comparatively smaller than the outer one. For proper ventilation there is Jalli arrangement in between these two rooms. There are three beautiful images on the left side of the outer room. Two images are given here.

**1. Parsvanatha :**

The 1st image is that of Parsvanatha of 10th c.A.D. The image is about 1 & 1/2 feet high. Bhagavana Parsvanatha is surrounded by Astagraha. Just above the figures of Astagraha there are beautiful female figures on both the sides. The figure standing on padmasana shows beautiful sculpture below.

**2. Parsvanatha :**

The 2nd figure is also that of Parsvanatha of 10th c.A.D. It is about 2 feet high, a little bit larger than the first one. Standing two guards on both the sides of Parsvanatha, his feets are surrounded by snake and there was a beautiful serpant hood over his head with the surrounding areas of the upper part of the figure

decorated with madhulata, there are excellent sculptures on the lower portion of the image.

**3. Rasabhanatha :**

Next to the two images of Parsvanatha, the 3rd one is that of Rasabhnatha wearing a beautiful mukuta on his head. Bhagavana Rasabha- natha, the 1st Tirthankara is guarded by guards, while there is a beautiful parasol over his head. The image is encircled by female figure.

**4.** The leftside of the 2nd room contains 3 broken sculptures. While the 1st one is also a broken figure surrounded by guards. It is of 10th c.A.D. It is believed the figure may be of Rasabhnatha. Gomed and Ambika and 3rd one, but both are in a dilapidated condition. A Tirthankara figure is found over his head.

**5. Parsvanatha :**

A central place of the temple is depicted by a large figure of Parsvanatha, It is about 6-1/2 feet high dated 10th c.A.D. While there is beautiful serpent hood overhead, just above it is a beautiful parasol. The surrounding areas over his head are carved by excellent sculptures. Being guarded the figure is standing in padmasana. Lion figure and beautiful female sculpture is found on the lower part of it. Though not clear but an inscription is inscribed over it.

**6. Rsabhanatha :**

An image of Rsabhanatha encircled by 24 Tirthankaras and guards are found. He is standing in padmasana, crowned with mukuta and a parasol flying over his head. The figure is about 1.5 feet in height.

**7. Rsabhadeva and Mahavira :**

A single piece of stone contains the figure of Rsabhadeva, the 1st and Mahavira. the 24th Tirthankara. He is in padmasana with mukuta and parasol over his head. There are 4 guards each one on both sides, and other 2 guards are standing in between them. There are beautiful sculptures like different animal figures and latas carved below it.

**8. Parsvanatha :**

A figure of Parsvanatha standing in padmasana surrounded by Astagraha and guards with serpanthood over his head is found.

**9. Rsabhanatha :**

Rsabhanatha with 24 Tirthankaras is found, wearing a crown, a beautiful umbrella is flying over his head. Below the figure, carved with different types of beautiful sculptures and animal figure. mainly bull, his emblem, is found.

**10. Rsabhadeva :**

Another figure of Rsavbhadeva with Astagraha is found. It is about 1.5 feet high and guarded. There is also a beautiful mukut and parasol over his head. He is in padmasana and his emblem lying below in it.

Thus the museum contains five figures of Rsabhadeva image, four of Parsvanatha image. Beside it there is only one figures of Mahavira is found along with Rsabhadeva. That particular piece of stone contains the 1st and last Tirthankara image which is a beautiful one.

**B. Bhanpur**

Bhanpur, about 2 km. away from Pratapnagari contains a beautiful Jaina Tirthankara image. 40 years before, a person named kangali Charan Bhatta, during the period of digging a canal found 5 images, but unfortunately 4 of them stolen. Therefore 20 years before he built a small temple facing to the east.

The image is identified as Parsvanatha with Dharnendra and Padmavati on both sides. It is about 6ft high and made out of Saptadhatu. It is enthroned on a beautiful seat. Now, the temple is maintained by Alok, son of Kangalicharan. As he is Hindu by religion, they worshipped it as Ananta Vishnu image. The family has a belief that they prospered a lot after getting the image. They celebrated Aksaya Tratiya as the birthday of that Bhagavana.

**To Be Continued In The Next Issue**

❑❑❑

76-C, Mangal Flat No. 15,
3rd Floor, Rafi Ahmed Kidwai Road,
Matunga, Mumbai-400019.
Mo : 96193 / 79589 / 98191 79589.
Email : kaminigogri@gmail.com

# પ્રબુદ્ધ જીવન...વધુ એક સિદ્ધિ પ્રાપ્તિના ઊંબરે....

બકુલ નં. ગાંધી

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ અને પ્રબુદ્ધ જીવનના પ્રગતિના ભવ્ય ઈતિહાસમાં એક વધારે મહત્વનું પ્રકરણ ઉમેરાઈ રહ્યું છે. સંઘની વેબસાઈટ www.mumbai.jainyuvaksangh.com ની સ્થાપના માટેનો પ્રાથમિક ઉદ્દેશ-સમગ્ર વિશ્વમાંથી જૈનોને એક છત હેઠળ લાવવા. આ મહત્વાકાંક્ષાને પરિપૂર્ણ કરવા માટે શિક્ષણ, તબીબી, માનવતાવાદી, જીવદયા, અને પ્રવચનો, વ્યાખ્યાન, અરસપરસના સંવાદોવાળા સત્રો મુંબઇ જૈન યુવક સંઘ વ્યક્તિગત રીતે અને અથવા બીજાઓના સહયોગ સાથે આયોજીત વિવિધ ક્ષેત્રોની પ્રવૃત્તિઓની સંપૂર્ણ વિગતોથી સમયાંતરે માહિતગાર કરી રહ્યા છીએ. છેવટે આ સાઇટ જગતના બધા જૈનો સુધી પહોંચવા માટે અને બધા પ્રવચનો જીવંત પ્રસારિત કરવામાં અથવા અહીં ઉપલબ્ધ કરવામાં માટે એક સ્થળ બનાવવાનો છે. આ તમામ પ્રવૃત્તિઓનું આયોજન સમાજના એકંદર વિકાસ તરફ મહત્વનો ફાળો અર્પે તેમ કરવામાં આવેલ છે.

આવા ઉમદા ઉદ્દેશના અમલ માટે આદરણીય તંત્રી ડૉ. ધનવંત શાહના સક્ષમ નેતૃત્વ હેઠળ સરાહનીય હરણફાળ ભરેલ છે. ૨૦૦૮ની સાલથી પર્યુષણ વ્યાખ્યાનમાળા Digital Audio format on website ઉપર ઉપલબ્ધ કરાતાં વ્યાખ્યાન સમયે પ્રત્યક્ષ હાજર ન હોવા છતાં ઉત્સુક શ્રોતાગણ તેમના અનુકૂળ સમયે અનેકવાર સાંભળવાનો અને સમજવાનો લાભ લઈ શકે છે. યુવાનો, કે જેમનું શિક્ષણનું માધ્યમ અંગ્રેજી છે, તેમની સાથેનો સેતુ સ્થાપિત થાય અને ઉત્તરોત્તર મજબૂત બને એ આશયથી ૨૦૧૪ની સાલથી અંગ્રેજીમાં લેખો પ્રકાશિત થઈ રહ્યા છે. રસ કેળવાય એ માટે સચિત્ર વાર્તા-કથા અંગ્રેજીમાં રજુ થાય છે. શરૂઆતથી શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું સંચાલન વ્યાવસાયિક સ્તરનું રહ્યું હોવાથી ૧૯૨૯થી ૨૦૧૭ એટલે કે લગભગ ૮૮ વર્ષના એટલે કે ૧૦૦૦ થી ઉપરના માસિક અંકોને આધુનિક ડિજીટલ ટેક્નોલોજીના આધારે કાયમી ધોરણે ઉપલબ્ધ રહે તે માટે CD વિના મૂલ્યે ૨૦૧૫માં વિતરણ કરેલ. ૨૦૧૫ પછીના અંકો સમયાંતરે website ઉપર ઉપલબ્ધ થઈ રહ્યા છે. આથી માસિક અંકોની સાચવણીની કડાકુટ વગર નિશ્ચિત રીતે જ્યારે અને જ્યાં જરૂર હોય ત્યારે સહેલાઈથી વાંચન માટે ઉપયોગ થઈ શકે. આવા કાર્યો, કે જેની પ્રબુદ્ધ જીવનના વાચકોએ એકી અવાજે બિરદાવ્યા છે, તેનાથી સંતોષ ન માનતા ડિજીટલ ફોર્મેટના ૧૨૦૦૦ (બાર હજારથી ઉપર) લેખોના કર્તા અને કૃતિ (વિષય અને લેખક)ની અનુક્રમણિકાનું સંકલન કરવાનું હાથ ધરેલું ભગીરથ કાર્ય હાલમાં પૂર્ણ થયેલ છે.

અહીં સંસ્થા અને પત્રિકાના ઇતિહાસ ઉપર નજર કરીએ. રૂઢિવાદી માન્યતાઓ જડ ન કરી જાય અને રોજીંદા જીવનમાં સમય સાથે જરૂરી પરિવર્તનમાં માનનારા મુંબઈ આવી વસેલા ઉત્સાહી જૈન યુવાનોએ સન ૧૯૨૯ ની ૩ જી ફેબ્રુઆરીએ મુંબઇ જૈન યુવક સંઘ નામની સંસ્થા સ્થાપિત કરી. આ સંસ્થાએ પોતાના પરિવર્તનના આ મિશનમાં સફળ થવા પોતાના વિચારો વ્યક્ત કરવાની જરૂરિયાતને લક્ષ્યમાં રાખી એક ચોપાનિયું શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા ૩૧-૦૮-૧૯૨૯ના રોજ છ-૧/૪ ડેમી કદ પાનાંઓ અને એક અડધો આનો નક્કી કરી શરૂ કરેલ. કાકા કાલેલકરના શબ્દોમાં આ પત્રિકા જૈન સમુદાય માટે જે સંદેશો આપી શકે છે -'' આ દુનિયાનો અંત આવી રહ્યો છે. આવા રૂંધાતા અને વિલય થતા વાતાવરણમાંથી બચવાનો એક જ ઉપાય છે - અહિંસા - સ્યાદવાદનો સૂચિત જીવનનો માર્ગ. જો આ સંદેશો જૈન સમુદાયના વિદ્વાન જૈનો ન પહોંચાડી શકે તો પ્રબુદ્ધ જૈન કરી શકે છે. જૈન સમુદાયના સૌથી વિદ્વાન અને પ્રશંસા પામનાર પંડિત સુખલાલજીએ સમાંતરે ૧૯૩૧માં મુંબઈમાં વ્યાખ્યાનમાળા શરૂ કરી. જ્ઞાન તરસ સંતોષનારી આવી વ્યાખ્યાન શ્રેણી જોતજોતામાં એક નાના છોડથી મોટા વિચારકો અને વક્તાઓના વડવૃક્ષમાં પરિવર્તિત થઈ. વિદ્વાન વક્તાઓની નામાવલિ પંડિત સુખલાલજી, કાકા કાલેલકર, ડૉ. કે. એમ. મુનશી, ડૉ જગદીશચંદ્ર જૈન, સરલાદેવી સારાભાઈ, સ્વામી અખંડ આનંદ, મોતીલાલ કાપડિયા, મોરારજી દેસાઇ, ડૉ ઉષા મહેતા, પંડિત દલસુખ માલવણિયા, હરીભાઈ કોઠારી, સંતશ્રી મોરારીબાપુ, સ્વામી આનંદ પૂજ્ય જીનવિજયજી..... મુંબઈ જૈન યુવક સંઘ, પર્યુષણ વ્યાખ્યાનમાળા અને પ્રબુદ્ધ જૈન પાક્ષિકના ઇતિહાસ પર નજર કરતાં ચાર દિગ્ગજો- પંડિત સુખલાલજી, શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, શ્રી ચીમનભાઈ ચકુભાઈ શાહ અને ડો રમણલાલ શાહ સ્થાપક અને આ ઈમારતના આધારસ્તંભ તરીકે ઉભરી આવ્યા છે.

આવા પ્રભાવશાળી વ્યક્તિત્વ ધરાવતાં પૂર્વગામીઓના વારસદાર તરીકે ડૉ. ધનવંતભાઈએ સન ૨૦૦૬માં તંત્રી સ્થાન સંભાળ્યું. સંસ્થાનું ગૌરવ-પ્રતિષ્ઠા, પ્રબુદ્ધ જીવન અને તેના તંત્રીની લોકપ્રિયતા આવો પ્રતિભાશાળી વારસો તંત્રી તરીકે ઘણાં જ ટુંકા સમયમાં ઘણી જ સહજતાથી યુવાન વયે ડૉ સેજલ શાહે, તેમની શૈક્ષણિક ક્ષેત્રની જવાબદારી ઉપરાંત, સાતત્યતાથી જાળવી રાખ્યો છે. ૧૯૨૯ થી ૨૦૧૭ જુલાઈ સુધીની લાયબ્રેરી, અનુક્રમણિકા વેબસાઈટ ઉપર અપલોડ થતાં હવે www.prabuddhjeevan.in ઉપર ઉપલબ્ધ છે.

The Reader can search data on period basis. On Screen

**Search Articles in Prabudh Jeevan**

Search on time basis : From Date [Oct-2017] To Date [Oct-2017]

Clicking on calendar 2017, the viewer will get screen of 10 years from 2010 to 2019. For back period, the reader has to click on arrow on left hand top corner and that takes to preceding 10 years i.e 2000 to 2009. You can continue to click the left hand top corner for every 10 years period. For subsequent 10 years click on right hand top corner.

Next Block is on Subject. Here the reader has to enter the subject word/s in phonetics English.

E.g Karmavaad, Anekantvaad, Tatva, Tapa……… On search the reader will get list of Articles where the title has same spelt word. On right side relevant monthly issue in pdf format available. The reader will then have to scroll the magazine to reach the Article searched.

Similarly, the next field is to search on the basis of name of writer without any prefix…e.g. Dr/Acharya/ Shri/Smt ABCD, the reader has to simply type ABCD and all articles of ABCD will be listed out. On the right side relevant monthly issue in pdf format available.

Next is type of Article: List of article type appears and the reader has to select the type. Like

Special Issue Karmavaad, Special Issue Anekantvaad …….....The relevant issue will appear on list.

Keywords: This field will be compiled in second phase.

પ્રબુદ્ધ જીવનમાં ધર્મના ઉંડા અભ્યાસી વિદ્વાનો, પંડિત, આચાર્ય, ડૉક્ટરેટના પ્રકાશિત લેખો ધર્મમાં ઉચ્ચ શિક્ષણ, પી.એચ.ડીના વિદ્યાર્થીઓ, શોધ નિબંધકો તથા તત્વચિંતક અને જૈન ધર્મમાં રુચિ રાખનાર સામાન્ય માનવીને અત્યંત ઉપયોગી રહેશે તેવી આશા સાથે,

---

## જો હોય મારો અંતિમ પત્ર તો...

(છેલ્લા પાનાનું ચાલુ)

હા, આવી અનુભૂતિની 'ફોર્મ્યુલા' નથી હોતી, પણ કોઈક તબક્કે તમને આ પત્ર વાંચીને તાર મળતા લાગે તો આપણું કોમ્યુનિકેશન સફળ : આ અંગ્રેજી શબ્દ 'કોમ્યુનિકેશન'નો કોઈ જ પર્યાય નથી. ઘણી વાર આપણી પ્રિય વ્યક્તિ બોલતી હોય, આપણે કશો જ પ્રતિભાવ ન આપતા હોઈએ છતાં હૈયાંના તાર ઝણઝણતા હોય છે!

આપણે અત્યંત સુંદર આંખોવાળી યુવતીને 'કમલાક્ષી' કહેતા હોઈએ છીએ. મહાકાવ્યોમાં નાયક માટે પણ 'કમલનયન' શબ્દ વપરાય છે. મને લાગે છે કે અંદરની આંખો વિશાળ થતી જાય તો જીવન જલસા જેવું થઈ જાય! આપોઆપ દુર્ગુણો, ક્ષુલ્લકતા, આપણને રોજેરોજ પીડતા પ્રસંગોની તીવ્રતા ઓછી થતી જાય. કમાલ છે ને? આ જલસો - ક્ષણિકતાની જાગૃતિથી આવે છે. બેધારી તલવાર છે આ ક્ષણિકતા! નિરાશ પણ કરે અને દૃષ્ટિની વિશાળતા પણ આપે! 'કમલનયન' કે 'કમલાક્ષી' હોઈએ ('બનીએ' નહીં કહું) તો ક્ષિતિજો વિશાળ બની જાય... પછી નાની નાની ઠકરાતો - મેળવવા કે ગુમાવવાના હર્ષ-શોક ઓછા થતા જાય!

એકલતા અને ક્ષણિકતા. જીવનની બે અચૂક વાસ્તવિકતાઓ છે. ક્ષણિકતાની સતત જાગૃતિ સાથે, આપણે કોઈ દિવ્ય આયોજનના ભાગ છીએ, આપણને મળતાં આશા-નિરાશા, ચડ-ઉતર, આ બધું એ આયોજનના ભાગરૂપે છે એવું સમજાતું રહે તો છેલ્લી ક્ષણ સુધી 'જલસો' છે. મારી પ્રિય કવયિત્રીના શબ્દો સાથે જ ઝીલે એને માટેનો આ 'અંતિમ' પત્ર પૂરો કરૂં.

'જો તમને પણ વહેતાં જળ કે
કોકિલ - કંઠ પ્રફુલ્લિત કરતાં હોય,
તો તમે હજી જીવંત છો.
હજીયે વહેતાં નીર કંપારી અનુભવાવે
તો તમે હજૂ જીવંત છો.'

❑❑❑

લાભ આશિષ, એ બિલ્ડીંગ,
પહેલે માળે, ફ્લેટ ૧૦૧,
ઓલ્ડ પોલીસ લેન,
રેલ્વે સ્ટેશન સામે,
અંધેરી (ઈસ્ટ),
મુંબઈ - ૪૦૦ ૦૬૯.
ફોન. ૯૯૬૭૩૯૮૩૧૬.
Email: sarveshvora@gmail.com

---

તા. ૧લી એપ્રિલ ૨૦૧૬ થી પરદેશ માટેના લવાજમના દર નીચે પ્રમાણે રહેશે.

**૧ વર્ષના લવાજમના $ 30 ● ૩ વર્ષના લવાજમના $ 80 ● ૫ વર્ષના લવાજમના $ 100 ● ૧૦ વર્ષના લવાજમના $ 200/-**

વાર્ષિક લવાજમ આપશ્રી $ (ડોલર) માં મોકલાવો તો $ **પાંચ બેંક ચાર્જીસ** ઉમેરીને મોકલશો.


**ભારતમાં વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦ ● ત્રણ વર્ષનું લવાજમ રૂ. ૭૫૦ ● પાંચ વર્ષનું લવાજમ રૂ. ૧૨૫૦ ● દસ વર્ષનું લવાજમ રૂ. ૨૫૦૦**

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો બૅન્ક A/c No. : બૅન્ક ઑફ ઈન્ડિયા CD A/c No. 003920100020260. IFSC:BKID0000039

## અતીતની બારીએથી આજ

સંકલન અને પ્રસ્તુતકર્તા : બકુલ ગાંધી

તાજેતરની ત્રણ વર્ષની દિકરી અને રૂ.૧૦૦ કરોડની સંપતિ ત્યજી દંપતિની દિક્ષા ગ્રહણ અને સામાન્ય રીતે તપશ્ચર્યા-ઉપવાસની ઉજવણીમાં શુદ્ધિ-અશુદ્ધિના સંદર્ભમાં ઓક્ટોબર અને નવેમ્બર ૧૯૭૩માં " જૈનદર્શન અને જીવનદર્શન" વિષય ઉપરના પંડિત દલસુખ માલવણિયા વ્યાખ્યાનના અંશો..."ભગવાન મહાવીરની જે સાધનાનું વર્ણન છે તે ઉપરઉપરથી જોતાં એમ લાગે કે તેમણે પોતાના શરીરને ઘણું કષ્ટ આપ્યું. અનેક ઉપવાસો કર્યા અને અનેક પ્રકારના શારિરિક કષ્ટો સહન કર્યા. તેથી જાણે કે દેહને કષ્ટ આપવાથી બધું સિદ્ધ થઈ જાય......" "ભગવાન મહાવીરે તપનો અર્થ વિસ્તૃત કર્યો છે. બાહ્ય અને આંતર એવા તપના બે વિભાગ કર્યા છે અને બાહ્યને તો આંતરતપનું સાધન માન્યું છે. આવી સ્થિતિમાં અનશન કરવા જરૂરી ખરા પણ તે જો સમાધિ કે ધ્યાનમાં બાધક ન બનતાં હોય તો....પરંતુ આજે તો આંતરતપનું કોઈ મહત્વ રહ્યું નથી, માત્ર બાહ્યતપસ્યાનું મહત્વ વધી ગયું છે. આ જો કોઈ આક્ષેપ કરે તો તેનો દોષ નથી પણ જૈનોના આચરણનો દોષ છે....". "સંસારની વ્યવસ્થા એવી રીતે ગોઠવવી જોઈએ જેથી ક્રમે કરી વિકાસ પણ થાય અને સંસારચક્ર સુચારુ રીતે ચાલે. પતિ-પત્નીનો સંબંધ પણ અનિત્ય તો છે જ, પણ પરણીને તરત કોઈએ સંબંધની અનિત્યતા વિચારી ત્યાગ કરે તો તે કર્તવ્યને આપણે સારું ન માની શકીએ...". કોઈપણ કૃત્યમાં વ્યવસ્થા હોવી જોઈએ અને કયું કામ ક્યારે ઉચિત છે તે વિચારી લેવું જોઈએ. સંસારમાં રહ્યાં છતાં સંસારની ઉપેક્ષા નહિ પણ તે સુંદર કેમ બને, સંવાદી કેમ બને, એનો જ વિચાર કરવો જોઈએ, નહિ કે તેનો તિરસ્કાર....જવાબદારી ઉઠાવ્યા પછી તેમાંથી ભાગવાનો પ્રયત્ન તો કાયરતા છે. ઘરમાં રહીને પણ ત્યાગ તપસ્યાને પૂરો અવકાશ છે. ખરી રીતે સાધનાની ખરી પરીક્ષા ઘરમાં જ થાય છે, ઘર છોડ્યા પછી નહિ. એટલે ઘરની પરીક્ષામાં પાસ થવાય તો જ ઘર છોડીને નીકળે તે સાર્થક ગણાય "..... ઓક્ટોબર ૧૯૮૦ અને ઓક્ટોબર ૨૦૦૪માં શ્રી ચીમનભાઈ ચકુભાઈ શાહ અને શ્રી રમણલાલ ચી. શાહના લેખમાં તપશ્ચર્યા-ઉપવાસ શુદ્ધિ-અશુદ્ધિની સમજણ આપેલ છે.




**આ બધાજ લેખોને આખા વાંચવા માટે www.mumbai-jainyuvaksangh.com પર વાંચો.**

To,

Registered with registar of Newspaper under RNI No. MAHBIL/2013/50453 - Postal Registration No. MCS/147/2016-18. WPP Licence No. MR/TECH/WPP-36/SOUTH/2017. & Published on 16th of Every Month & Posted on 16th of every month at Patrika Channel Sorting Office, Mumbai - 400 001.



# જો હોય મારો અંતિમ પત્ર તો...

ડૉ. સર્વેશ વોરા

'પત્ર' શબ્દ આવે એટલે મનમાં પહેલો પ્રશ્ન થાય કોને સંબોધીને ? પત્ર હો કે જાતની અભિવ્યક્તિ હો, માત્ર હું નહીં પણ 'સામે' ઝીલનાર પણ ખૂબજ, અનિવાર્યપણે મહત્વનું પાત્ર છે, નહિતર એ 'અરણ્યરુદન' થઈ જાય !

ઘણી વાર અમુક સ્થળે પ્રવચન આપવા જતાં પણ ધ્રૂજારી છૂટે કારણ કે આપણને ખબર હોય કે સામે પેઢીઓથી 'રોબોટ'... 'પ્રતિબદ્ધ'... સૂક્ષ્મ રીતે ઝનૂની બનાવવામાં આવેલ શ્રોતાગણ છે. પણ આવા સંયોગોમાં કોઈક મહાપુરૂષની વાણી યાદ આવે... 'બીજ વાવતા જવું... જ્યાં જમીન તૈયાર હશે ત્યાં આપણું બીજ ફળિભૂત થશે જ.'

વાત 'અંતિમ પત્ર'ની હોય કે 'અંતિમ નિરીક્ષણ'ની, ગાંધીજીનું વિધાન યાદ આવે : એમણે કહેલું કે, 'મારાં બે વિધાનોમાં વિરોધાભાસ દેખાય તો મારૂં પહેલું વિધાન નહીં પણ છેલ્લું વિધાન જોવું.' જાગૃત અને સતત જાત નિરીક્ષણ કરનાર વ્યક્તિ પણ આંતરિક રીતે સતત પરિવર્તનનો સાક્ષી હોવાથી તાજગીસભર હોય છે. એટલે જ્યારે 'અંતિમ' શબ્દ વાપરવાનો આવે ત્યારે એક હિચકિચાટ તો રહે જ !

જેની પાસે દિલ ખોલવાનું મન થાય (પછી એ મારી વાત સ્વીકારે કે નહીં એ જરૂરી નથી), જે ઝીલશે, જ્યાં વમળો જન્મશે, એને સંબોધીને જો પત્ર લખું તો...

આપણે બધાં જ આ જીવનના સમાંતર (પેરેલલ) મુસાફરો છીએ. એક જ રસ્તો અને સમાંતર રસ્તામાં સ્પષ્ટ ફરક છે. સમાંતર રસ્તે જનારે પથની આજુબાજુ ઝાડાં ઝાંખરાં વચ્ચે ખાડા ટેકરા આવે એ મને ન પણ આવે. એટલે એના નુસ્ખા (ફાર્મ્યુલા) મને કામ ન આવે અને મારી ફાર્મ્યુલા એને કામ ન આવે. આ બાબતમાં ઝાઝી દાર્શનિક ચર્ચા કે નિષ્કર્ષ પર નહીં ઉતરૂં પણ ભગવાન તીર્થંકર, ભગવાન શ્રીકૃષ્ણ કે અન્ય કોઈની પણ વાત ક્યાંક સધિયારો આપે, ક્યાંક પ્રકાશ પાથરે, પણ એમની 'ફાર્મ્યુલા' તો હોય જ નહીં. અરે, મારૂં આ નિરીક્ષણ પણ જિંદગીના માર્ગમાં જેને સાચું લાગે એટલા પૂરતું જ એનું... બાકી આ વાતનાં પણ તૈયાર પડીકાં ન હોય.

એક દાર્શનિક, એક સર્જકને કુદરત અચુકપણે એક તીવ્રતા પેકેજડીલ તરીકે વિશેષે કરીને આપે છે : એ છે સંવેદનાની તીવ્રતા. આ 'સંવેદના' તો બધી જ જ્ઞાનેન્દ્રિયોને આવરી લે છે. પરસ્પર સંબંધો, માનવસૌંદર્ય, નિસર્ગસૌંદર્ય... પણ મારી દૃષ્ટિએ, આધ્યાત્મિક વિજ્ઞાનની દૃષ્ટિએ જેને 'ઉચ્ચતર' કહી શકાય એવી વ્યક્તિને પેકેજડીલમાં બીજી પણ વિશેષતાઓ જન્મજાત રીતે ભેટ આપે છે. આ વિશેષતાઓ છે : જ્ઞાનેન્દ્રિયોની તીવ્ર સંવેદના સાથે સતત 'ક્ષણિકતા'નું 'બેકગ્રાઉન્ડ' સંગીત... જાતજાતના અનુભવો સાથે એ અનુભવોથી અલગ રહીને જાત તરફ જોવાનો 'સાક્ષીભાવ'! ક્યારેક આંગળીમાં ચપ્પુનો ઘસરકો લાગી જાય, ત્યારે ચામડી થોડી અલગ પડતી, સૂકાતી જતી જોઈ શકાય, ને આપણે એ જ ચામડી પ્રત્યે 'સાક્ષીભાવ' કેળવાતો અનુભવીએ !

ક્ષણિકતાની અનુભૂતિ સાથે સમગ્ર જીવન, સંબંધો પ્રત્યે વ્યાપક નજર જ માણસને અંદરથી 'વિશાળ' અથવા 'મહાન' બનાવે છે. 'મહાન' વિશેષણ અન્યલક્ષી નથી. આપણને પોતાને આ જીવન દરમ્યાન, જીવનના સંદર્ભે લાગુ પડતો શબ્દ છે. એક હાથી ચાલ્યો જતો હોય, એને રસ્તામાં નાનકડા ખાડાઓ ફસાવી શકતા નથી. જેને ક્ષણિકતાની સતત અને તીવ્ર અનુભૂતિ હોય અને સાથે સાથે પોતા માટે કુદરતે કોઈ 'રોલ' કોઈ 'પાઠ' નિર્ધારિત કર્યો છે એવી સતત પ્રતીતિ હોય, એને નાના ખાડાઓ ફસાવી શકતા નથી. એ 'મહાન' છે.

જ્યારે 'પત્ર' શબ્દ વાપર્યો, ત્યારે પેલો 'અંગત' સ્પર્શ તો આવવાનો જ. મોટી વયના, મારી જેમ જ 'શબ્દ' સાથે સંબંધ રાખનારા, માનઅકરામ, હોકા પામેલા, છાનગપતિયાં અને કાવાદાવામાં નિપુણ છતાં સમગ્ર સમાજમાં 'અજાતશત્રુ' કે 'સૌજન્યમૂર્તિ' કહેવાતા ઓસામા જેવા જ સાંપ્રદાયિક - વડીલોના નજીકના સંબંધમાં આવવાનું બન્યું છે. હું એમને 'ઓળખું' છું એવી ગંધ એમને છેવટ સુધી નથી આવી, તો હું આવાં નિરીક્ષણ મારી જાતના સંદર્ભમાં તપાસું. મને આવી ક્ષુલ્લતાઓમાં રસ નથી પડ્યો... મોટા ભાગના 'સાંપ્રદાયિકો' મારાથી સળગતા કોલસા જેમ દૂર રહે છે : તો જીવનમાં મહત્ત્વનું શું ? આ છાનગપતિયાં, 'સ્ટ્રીટસ્માર્ટનેસ', 'જનસંપર્ક', ગણતરીપૂર્વકના સંબંધો કે સતત 'ક્ષણિકતા'ની અનુભૂતિ ?

મને હમેશા મળતો જવાબ તમારી સાથે વહેંચું - 'શેર' કરૂં. મહત્ત્વની વાત મને સામાજીક છાપ કે ખોખલી 'સૌજન્યમૂર્તિ'ની પ્રતિષ્ઠા નહીં, પણ અંદરનો સંતોષ, પરિણામે મળતી વ્યાપકદૃષ્ટિ અને બધાંની સાથે ચાલતું 'ક્ષણિકતા'નું બેકગ્રાઉન્ડ સંગીત! - લાગ્યાં છે !

*(વધુ માટે જુઓ અનુસંધાન પાનું....૫૮)*

**Postal Authority Please Note : If Undelivered Return To Sender At 33, Mohamadi Minar, 14th Khetwadi, Mumbai - 400004.**

**Printed & Published by :** Pushpaben Chandrakant Parikh on behalf of Shri Mumbai Jain Yuvak Sangh & Published from 385, SVP Rd., Mumbai - 400004. Tel. 23820296 **Printed at** Rajesh Printery, 115, Pragati Industrial Estate, 316, N.M.Joshi Marg, Lower Parel (E), Mumbai - 400 011. Tel. 40032496 / 9867540524. **Editor : Sejal M. Shah**
**Temporary Add.: 33, Mohamadi Minar, 14th Khetwadi, Mumbai - 400004.**